'અભિપ્રાય બંધાયો કે રાગ દ્વેષ થાય! જેનો અભિપ્રાય નહીં તેનો રાગ દ્વેષ નહીં,.

આપણી સાથે ઘટતી વિવિધ પરિસ્થિતિઓને સારી અને ખરાબ તરીકે આપણે જુદી પાડીએ છીએ એના કારણે આપણી અંદર રહેલી માનસિક ઉર્જાઓ ખૂબ વપરાય છે અને સમયાંતરે ઘટતી જાય છે .પરંતુ સ્વીકૃતિભાવ રાખવાથી આપણી અંદર રહેલી માનસિક શક્તિઓનો ગુણાકાર થાય છે, જ્યારે અભિપ્રાયો આપણી માનસિક શક્તિઓનો ભાગાકાર કરે છે. હંમેશા સતત અભિપ્રાયો રાખવાથી આપણે હકીકતને પારખવાની ક્ષમતા કોઈ બેસીને આપણી માનસિક ઉર્જાના સ્તરને નીચું કરી નાખીએ છીએ, જેના કારણે મનની અલ્પ કાર્યક્ષમતા નકારાત્મકના દ્વાર ખોલી નાખે છે. સતત અભિપ્રાય આપનાર વ્યક્તિ પોતાના કામના આયોજનમાં બરાબર ધ્યાન આપી શકતો નથી પરંતુ એના બદલે સ્વ બચાવયુક્ત વિચારોમાં જ પોતાના મગજની કસરત અને ગોઠવણ કર્યા કરે છે. આથી જ એ. એમ. પટેલ કહે છે કે "અભિપ્રાય એ મનનો પિતા છે અને ભાષા એ મનની માતા છે." એટલે કે અંતરમાં અભિપ્રાય સર્જાય અને એને શબ્દરૂપે કે ભાષા રૂપે આપણે જો વ્યક્ત કરીએ તો તુરત જ મનની હારમાળામાં વિવિધ ભાવો ધરાવતી ગ્રંથિનું સર્જન થશે જ અને પરિણામે આપણે સુખ-દુખના નિમિત્તોને આપણા જીવનમાં આવકારવું પડશે.આથી જો વ્યક્તિ માન્યતામાંથી બહાર આવે તો જ આપણે અન્ય વ્યક્તિના સકારાત્મક અને નકારાત્મક પાસાઓ સાથે સાક્ષી ભાવનું મૂલ્યાંકન કરી શકીશું.

જેટલા અન્યો વિશેના આપણા અભિપ્રાયો પ્રબળ થશે એટલું જ આપણું મનોબળ કમજોર થશે. અભિપ્રાયોના કારણે માણસ અતિશય લાગણીશીલતા તરફ ફંટાઈ જાય છે અને પોતાની લાગણીશીલતાને કોઈ બેસે છે.આથી વ્યક્તિએ

અભિપ્રયોમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરવો જોઈએ. અભિપ્રાયરહિત થવું એ માનસિક પ્રાણાયામ સમાન છે, જેના કારણે મન શુદ્ધ થાય છે અને નિયંત્રણમાં રહે છે.

**3.4 સ્વ બચાવ**

'પોતાની વાતનું રક્ષણ કરવું' તે જ મોટામાં મોટી હિંસા છે !

'પોતાની વાત સાચી જ છે એવું ઠસાવવા જાય' એ જ હિંસા છે.

પ્રસ્તુત આપ્તસૂત્રો એ પોતાની વાત કે કાર્ય ને હરેક હાલમા સાચી માનનારને જ્ઞાન આપે છે. ઘણીવાર એવી પરિસ્થિતિઓ પેદા થાય છે કે વ્યક્તિ પોતાનો બચાવ કરવાનો પ્રયાસ કરે છે. મનોવિજ્ઞાનની દ્રષ્ટિએ જોવા જઈએ તો એ 'બચાવ પ્રયુક્તિઓ કહી શકાય. આ બચાવ પ્રયુક્તિઓ વ્યક્તિને એક સંતુલિત જીવન જીવવા માટેનો માર્ગ પૂરો પાડે છે. જીવનમાં પોતાની જાતને બચાવી લેવાનું જરૂરી હોય છે, પરંતુ ઘણીવાર એવું બને છે કે પોતાની જાતનો બચાવ કરવા જતા સામેની વ્યક્તિ દુભાઇ જાય છે અને એના પ્રત્યાઘાત રૂપે બુમરેંગની પરંપરા શરૂ થઈ જતી હોય છે. જેમકે ગૃહસ્થ જીવનમાં આપણે આપણા સંબંધીઓ, સગા, સ્વજનો સાથે થતા ઘણા પ્રસંગોમાં પોતાનો બચાવ કરીએ છીએ. પરંતુ આ દરમિયાન આપણે અજાણતા કે જાણતા એમને દુભાવી દઈએ પણ છીએ.વ્યક્તિ નોકરી કરતો હોય કે ધંધો કરતો હોય તો પોતે આગળ વધવા માટે લુચ્ચાઈપૂર્વક, હરીફથી ચડિયાતી યુક્તિ પ્રયુક્તિ કરે છે. ઘણીવાર વ્યક્તિ જીવનસાથી સાથે પણ કલેશ અને અથડામણ કરી સ્વ બચાવ કરવાનો પ્રયાસ કરે છે. તો આવા ઘણાએ પ્રસંગોમાં આપણે પોતાની જાતને આક્રમકતા અને બચાવના વિષચક્રના માઠા પરિણામથી બચાવવા માટે ઉપાય તરીકે ગુસ્સા પર નિયંત્રણ કરવું જોઈએ, અથવા તો અથડામણ ટાળીને ક્ષમતાભાવે- સાક્ષીભાવે બનેલ ઘટનાને સહર્ષ સ્વીકારી લેવી જરૂરી છે, જેને સાચા અર્થમાં બચાવ કહી શકાય. આપણા પ્રેમાળ અને સાંત્વના ભર્યા શબ્દોથી સામેવાળો વ્યક્તિ પણ વેરભાવ કે નકારાત્મક રાખશે નહીં. આમ બંનેનું હિત આ આપ્તસૂત્રને સમજી આચરણ કરવાથી જળવાઈ શકે છે.

**3.5 સ્વ દોષનું ચિંતન**

'પોતાના ગુના દેખાય' તે સમ્યક દ્રષ્ટિ, અને 'પારકાના ગુના દેખાય' તે મિથ્યા દૃષ્ટિ.

અન્ય વ્યક્તિની ભૂલ શોધવું એ સૌથી સરળ કાર્ય છે .આમેય સાહજિક રીતે આપણો ઉછેર જ એવી રીતે થયો છે કે આપણે બીજાની ભૂલને બરાબર શોધી શકીએ છીએ,પરંતુ બહુ કપરું કામ હોય તો તે પોતાની ભૂલ શોધવાનું. વ્યક્તિ જ્યારે આધ્યાત્મિક પ્રગતિ કરતો હોય તે દરમિયાન અધ્યાત્મિક પથ પર સ્વદોષ ચિંતન કરવું એ સૌથી અગત્યનું છે. જ્યારે કોઈ વ્યક્તિ સાથે છેતરપિંડી, નુકસાની, દુર્ઘટના કે અણગમતી બાબત ઘટિત થાય ત્યારે તે બાબત માટે અન્ય કોઈ દોષિત છે એવું જ વ્યક્તિ માને છે. પરંતુ ખરેખર તો એ ભ્રમ માત્ર છે આપણી સાથે બનતી ઘટનાઓનું કારણ આપણી અંદર રહેલું છે. વ્યક્તિ પોતાના મનમાં ઈર્ષા ,અહંકાર, પીડાઓ, આઘાતો, નકારાત્મકતાઓ સંગ્રહી રાખે છે, જેની નકારાત્મક અસરો તેમના અંગત જીવનમાં પણ થાય છે અને એના કારણે તે આરોગ્યની તકલીફનો શિકાર બને છે. જો વ્યક્તિ સ્વદોષ ચિંતન કરીને પોતાના મનમાં અંતરમાં છુપાયેલ મૂળ કારણ શોધી શકે તો ઘણી બધી તકલીફોમાંથી બચી શકે છે. ઘણીવાર અન્ય આપણું અપમાન કરે, આપણી સાથે અઘટિત વર્તન કરે કે આપણી વિરુદ્ધ ઉશ્કેરણી કરે કે આપણા કાર્યોમાં અડચણ પેદા કરે ત્યારે આપણને હંમેશા સામેવાળાના દોષ દેખાય છે. પરંતુ એની પાછળ રહેલા કારણો કે ભૂતકાળમાં ડોકિયું કરતા આપણે સ્વદોષ દર્શન કરી જાણી શકે કે આ દરેક વ્યવહાર પાછળ કારણભૂત પરિબળ તો આપણા અંદર જ હતું. આપણી સાથે બનતી ઘટનાઓમાં કે વ્યવહારોમાં વધુ દર્શન કરવાની ટેવ રાખીશું તો ઘણી બધી અથડામણો કલેશો ઝઘડાઓમાંથી મુક્ત થઈ શકીશું અને જીવનનો આનંદ પામી શકીશું

**4. સમાપન**

આધ્યાત્મિક જ્ઞાનમાર્ગ દરમિયાન ઘણા ગુરુઓ કે જ્ઞાની વ્યક્તિઓ દ્વારા વ્યક્તિનું સતત માર્ગદર્શન થતું રહે છે.

મહાનુભાવો દ્વારા બોલાયેલા વાક્યોને આપણે અવતરણ તરીકે ટાંકીને હંમેશા પ્રેરણા મેળવતા રહીએ છીએ. એ. એમ. પટેલ કે જેઓ દાદા ભગવાન તરીકે વિખ્યાત છે તેઓએ પોતાના સત્સંગો દરમિયાન પ્રવચનો દરમિયાન અને પ્રશ્નોત્તરી દરમિયાન પહેલા કેટલાય વિધાનો આપતો સૂત્રો તરીકે પ્રચલિત થઈ કેટલાય એના જીવનને પ્રેરણા આપતા રહ્યા છે. ક્યારે સાંસારીક જીવનમાં ગૃહસ્થ જીવનમાં વ્યવસાયિક જીવનમાં કે વ્યવહારિક જીવનમાં વિટમણા અનુભવાય એવા સંજોગો દરમિયાન આવા આપતું સૂત્રો કે જ્ઞાની પુરુષો મહાત્માઓ કે ગુરુશ્રીઓના શબ્દો રૂપે જ્ઞાનરૂપે આશીર્વાદો આપણને હંમેશા માર્ગદર્શન કરતા રહે છે

**સંદર્ભ સૂચિ**

1. https://download.dadabhagwan.org/Books/Gujarati/HTML/BIG/Aptsutra/1.html (Retrieved on 5/9/2023)
2. https://www.jssvitragvignan.org/about-jss (Retrieved on 6/9/2023)
3. https://www.dadabhagwan.in/ (Retrieved on 4/9/2023)
4. https://holisticscience.org/ (Retrieved on 3/9/2023)
5. https://www.ambaschool.org/strengths/akram-science/ (Retrieved on 3/9/2023)
6. https://www.dadabhagwan.org/ (Retrieved on 5/9/2023)
7. https://en.wikipedia.org/wiki/Dada_Bhagwan (Retrieved on 2/9/2023)
8. https://www.dadabhagwan.in/books-media/books/ (Retrieved on 2/9/2023)
9. https://holisticscience.org/events/workshops-seminars-already-held/repository/Gujarati/સર્વાંગી-જીવન-દર્શન-વિજ્ઞાન-(ઉત્તરાર્ધ) (Retrieved on 9/9/2023)
10. https://www.dadabhagwan.in/path-to-happiness/relationship/avoid-clashes-for-a-conflict-free-life/(Retrieved on 6/9/2023)
11. https://www.dadabhagwan.in/path-to-happiness/relationship/adjust-everywhere-key-to-happiness/(Retrieved on 3/9/2023)
12. https://www.dadabhagwan.in/path-to-happiness/self-help/is-god-just-why-ustice/(Retrieved on 4/9/2023)
13. https://www.dadabhagwan.in/path-to-happiness/self-help/who-is-at-fault-why-do-i-suffer/(Retrieved on 5/9/2023)
14. https://www.dadabhagwan.in/path-to-happiness/relationship/learn-conflict-management-in-life/(Retrieved on 2/9/2023)
15. https://www.dadabhagwan.in/path-to-happiness/relationship/problems-in-relationship-stop-fault-finding/(Retrieved on 1/9/2023)
16. https://www.dadabhagwan.in/books-media/books/(Retrieved on 3/9/2023)

# EXPOSING HUMAN VALUES AS FORMULATED BY SANT TUKDOJI MAHARAJ

**Dr. Kalpeshkumar K. Tandel**
*I/C Principal*
*Shrirang Shikshan Mahavidyalay, Bilimora,*
*Antalia, Dist. Navsari, Gujarat.*

***Summary:***

***A revered saint, poet and social reformer from Maharashtra, India, Sant Tukdoji Maharaj left an indelible mark on society through his teachings and profound wisdom. His life was dedicated to spreading values that transcend religious and cultural boundaries, emphasizing the importance of love, compassion, service and spiritual awakening. The purpose of this article is to deepen the human values supported by Sant Tukdoji Maharaj and highlight his basic principles and their importance to form an ethical and harmonious life. Examining his life and philosophy, this article seeks to explain how the teachings of Sant Tukdoji Maharaj inspire individuals and communities to the path of virtue and social improvement.***

**Demonstration:**

Born in 1909 in Maharashtra, India, Sant Tukdoji Maharaj was a versatile luminary who used wisdom, poetry and teachings to uplift society. His teachings revolve around universal human values that transcend borders and religions, emphasizing love, compassion, devotion and spiritual awakening. The purpose of this article is to explore the human values advocated by Sant Tukdoji Maharaj and their timeless relevance in today's life.

**Important human values taught by Sant Tukdoji Maharaj:**

1. **Love and Compassion (Prem and Daya):**
- Sant Tukdoji Maharaj emphasized the importance of love and compassion as the foundation of human values. He believed that love and empathy should guide our interactions with all beings.
- His teachings inspire people to develop a compassionate heart and offer help and kindness to those in need.

2. **Service to Humanity (Seva):**
- Service to humanity was the core of Sant Tukdoji Maharaj's teachings. He advocated selfless service as a means of achieving spiritual growth and social harmony. - His life showed the value of serving others and his teachings encouraged people to do good deeds and community service.

3. **Spiritual Awakening (Atma Jagaran):**
- Sant Tukdoji Maharaj emphasized the importance of spiritual awakening and self-realization. He believed that understanding one's true self was the key to a meaningful and

purposeful life.

- His teachings lead people on a spiritual journey to self-discovery and enlightenment.

**4. Simplicity and Humility (Sadgrah and Vinamrata):**

- Simplicity and humility were virtues close to Sant Tukdoji Maharaj's heart. He advocated a simple life without ego and materialism. - His teachings encourage people to embrace humility and modesty to create harmonious relationships and inner peace.

**Relevance in today's context:**

The teachings of Sant Tukdoji Maharaj have a profound meaning in today's complex and fast-paced world. His emphasis on love, compassion, service and spiritual awakening is a timeless guide for people seeking an ethical and harmonious life. In a society often characterized by materialism and self-interest, his teachings inspire a return to basic human values that promote well-being, unity and social progress.

**Conclusion:**

The teachings of Sant Tukdoji Maharaj provide a universal and enduring guide for individuals and communities who wish to embrace human values in their lives. His emphasis on love, compassion, selfless service, spiritual awakening, simplicity and humility resonates with the basic aspirations of humanity. By applying these values, individuals can contribute to a more virtuous, compassionate and harmonious society, thus honoring the timeless legacy of Sant Tukdoji Maharaj.

**Reference :**

1. https://www.hindujagruti.org/articles/6.html
2. https://en.wikipedia.org/wiki/Tukdoji_Maharaj
3. https://www.scribd.com/Gram-Geeta-By-A-National-Saint-Tukdoji-Maharaj
4. https://testbook.com/mpsc-preparation/rashtrasant-tukdoji-maharaj

**Peer Reviewed Refereed Journal** **ISSN : 2278 – 5639**
**Global Online Electronic International Interdisciplinary Research Journal (GOEIIRJ)**
**{Bi-Monthly} Volume – XII Special Issue – IV October – 2023**

# A STUDY OF HUMAN VALUES DEPICTED IN THE POPULAR PRAYER- JIVAN ANJALI THAJO

**Dr. Gayatri R. Patel**
*Assistant Professor,*
*Shrirang Shikshan Mahavidyalay, Bilimora*

*Abstract*

***Values have always been at the center of Bharatiya education. Moral discipline has been the soul of Bharatiya education since ancient times. Our sages, pundits and scholars have also considered value as an inherent part of human life. A person's character is formed through values and education has the same objective and that is why the concept of education without values is not possible in Bharatiya society. Schools use many different ways to inculcate values in students. One of the effective way is the prayer. Every school starts with prayer and these prayers have lot many values to be taught. In this paper, researcher had tried to study the popular prayer- Jivan Anjali Thajo and values depicted in the prayers.***

**Key words:** Human values, Prayer

## Introduction :

Bharatiya culture is admired all over the world for its values. These values have been the center of Bharatiya education and Indian society. Values have always been at the center of Bharatiya education. Moral discipline has been the soul of Bharatiya education since ancient times. Our sages, pundits and scholars have also considered value as an inherent part of human life. A person's character is formed through values and education has the same objective and that is why the concept of education without values is not possible in Bharatiya society. Rigveda says that education is what makes human character and useful to the world. Yajnavalkaya has said that it is education that makes a man useful to the world. Swami Vivekananda says that education is what builds character. And all these wisdom and teaching of values are preserved in Bharatiya ancient texts like various Upanishads ,Darshan, Purana ,Gita, Ramayana etc. Values have been the foundation not only of education but also of Bharatiya life and culture.

It is the primary duty of a school to shape a man into a human being. Thats why education is considered as a process which transforms a child into a good citizen. This is a long and complex process. Many things are included in it - curricular and co curricular activities. School uses different activities to build a child's character. If we talk about Bharat, with this, it is more important for any school to transform our rich heritage and culture to the next generation. Our Bharat is known for many things like its beautiful architecture, its yoga, its variety of foods, its literary contribution in world's literature. But Bharat is specifically known for its spiritualism, its humanitarian approach in the world. When any human crisis raised in the world, world always looks towards Bharat for its peaceful solutions. Because our country has always been worshipping human values. Human values are in the centre of each activity of our life. Values and cultural roots

are very deeply rooted here.

In Bharat, every school starts with prayers. Prayers are the heart of the school assembly. It is full of with human values. Texts such as the Charaka Samhita of Ayurveda also refer to prayer as an herb for the health of the body. Almost all religions have prayers and hymns which are proof of this. There is no religion in the world that does not have any prayer. Each student connects himself/herself with prayers sung in the school. Prayers are selected from the scriptures. Students learn many values through these prayers. Here the researcher had tried to study one popular prayer- jivan anjali thajo sung in school assemblies, particularly in Gujarat.

**Objective of the study:**

**1.** To study the human values depicted in the prayer – Jivan Anjali Thajo.

**2.** To study the values teaching through the prayer – Jivan Anjali Thajo.

**Questionnaire Question:**

1. What are the human values depicted in the prayer- Jivan Anjali Thajo?

**2.** How the values are inculcated through the prayer – Jivan Anjali Thajo?

**Importance of the study:**

1. This study will be helpful to the teachers, students of education and all people involve in education field to understand the importance of prayers in students' life.

2. It will be helpful to the teachers and students to understand the values inculate through the prayers - Jivan Anjali Thajo, Maitry bhav nu pavitra zarnu, O ishwar bhajiye tane.

**3.** It will also give insights to the acedamician to use the prayers as a teaching tool.

**Research Method:**

As this study falls under the area of Qualitative research, the content analysis method was used. Content analysis is defined as a procedure for the categorization of verbal or behavioral data for the purpose of classification, summarization and tabulation.

**Sample of the Study:**

Sampling poses the most complicated problems in the method of content analysis. The researcher selected the two popular prayers sung in almost all schools for the years.

**Analysis of the Data:**

The researcher had adopted the method of content analysis. According to the method, following stages of content analysis were utilised in the study.

(A) Thought Analysis

(B) Concept Analysis

(C) Linguistic Analysis

**About the prayer:**

**Meaning of the prayer**

'Jivan Anjali Thajo' is a prayer song, very beautiful and emotional, here the poet has expressed the demand that his life should be anjali, useful to others. To be food for the hungry, to

be water for the thirsty, to wipe away the tears of the poor and not to tire of doing the work, is of high quality. To live and benevolent not for oneself but for others – the spirit of the poet shows the range of a high type of saint.

One who follows the path of truth has to face trials and tribulations. The poet expresses his desire to be a flower on the path of the worshipers of such truth. He prays to God to keep the lamp of faith burning as he totters in the worldly ocean.

**Interpretation of the prayer**

This prayer teaches that when a person lives only for himself or herself is a selfish human being. Human being's life is for others, for society. This prayers expresses the demand that his life should become a tribute and be useful to others. To be food for the hungry, to be water for the thirsty, to wipe away the tears of the poor and not to tire of doing the work, is of high quality. It expresses that when somebody around us is in need, it is my first duty to help them. To live not for ourselves and our family but for others and the society – is the centre ideaà of prayer. This prayer also teaches the power of truth in a human being's life. It also expresses that the path of truth is not easy to follow, one who follows the path of truth has to face trials and tribulations. But the poet demands from the almighty to give him courage to follow it. The poet says if I get negativity from other persons , but I will forget it and will give only positivity in return.

**Values teaching through the prayer**

**Anjali (Tribute)**

Here the poet is not only talking about living life but life should be lived in such a way that it should be lived like homage to others and God. Through this word, the poet talks about living life as a tribute. We ask God for many things. Here we pray for a life that is more useful to others than to ourselves.

**Compassion**

The poet says when I see someone hungry, someone thirsty, someone in need of my help, I reach there first. I will never get tired of helping someone, instill in me such compassion.

**Service**

The poet says a human being should always help the needy people, he asks the God that bless me with the unique gifts and skills without expecting anything in return.

**Sat (Truth)**

Here the poet says that we should always speak the truth but the life of one who speaks the truth is like walking on a thorny path, so the poet says through prayer that when we speak the truth, our feet should not move back. We should move forward on the path of truth, and that is a prayer to God.

**Faith** :

Here students also learn very important value - faith. It prays to God to keep the lamp of faith burning as he totters in the worldly ocean. In this we get an overview of the selfless service of the poet. The poet says that in any situation, either in happiness or sadness, I only chant you. May

this my life always be your attainment. May our hearts always be yours. No matter the situation, you stay close to my heart. Whatever I do, it should be for the welfare of the world and the welfare of the entire creation.

**Satsang**

The poet says that if you see a person who is virtuous, do satsang with him, bow to him. The poet asks that give me the understanding to learn from him, bless me to do satsang with a good person, stay with him. Because the poet believes that values can be caught doing satsang with good persons.

**Moreover, apart from the meaning of the prayer, students also...**

- Students learn to close their eyes for few minutes and go within. Students learn the value of peace here.
- During prayers, students have to use Namaste mudra which teaches him discipline.
- Prayers are sung in the school, so it teaches sangh bhavana.
- Consistency, concentration, rhythm and discipline are taught by prayers.

**Discussion:**

Prayers are the source of developing character building. It also teaches us many human values, it makes an individual “a human being”. Here the researcher has studied and tried to show that prayer – jivan anjali thajo has a lot of potential to use as the teaching method for value inculcation.

**References:**

1. Education in values and spirituality, Brahma kumaris educational society, mount Abu, 2004
2. Value Education, Yogeshkumar Singh, Ruchika Singh, APH Publishing Corporation, New Delhi, 2005
3. Value-oriented Education : Initiatives at the Teacher Education level, edited by Dr. Vanaja M., Dr Vijaya Bharathi, Neelkamal Publications Pvt, Ltd Hyderabad, 2008
4. Value Education, Dr. M.S. Singh, Adhayan Publishers and Distributors, New Delhi 2007
5. Value Education, Dr. N. Yenkataiah, APH Publishing Corporation, New Delhi 2005
6. Human Values and Education Aruna Greal and S.L.Greal, Deep & Deep Publications Pvt.Ltd New Delhi 2005
7. https://www.gujaratisongslyrics.in/2021/02/jivan-anjali-thajo-lyrics-gujarati.html

**Peer Reviewed Refereed Journal** **ISSN : 2278 – 5639**
**Global Online Electronic International Interdisciplinary Research Journal (GOEIIRJ)**
**{Bi-Monthly}** **Volume – XII** **Special Issue – IV** **October – 2023**

# ગુજરાતી લોકસાહિત્યમાં નિરૂપિત માનવ મૂલ્યોનો અભ્યાસ

**Dr. Shitalkumari Narsinhbhai Vasava**
*Assistant Professor,*
*ShriRang Shikshan Mahavidyalay, Bilimora*

***Abstract***

*શિક્ષણ ફકત ઔપચારિક કેળવણી દ્વારા જ મળે છે એવું નથી, જીવનના દરેક અનુભવમાંથી શિક્ષણ મળે છે. જીવનલક્ષી શિક્ષણ વ્યકિતને પોતાનાં અનુભવોમાંથી જ મળી રહે છે. વ્યક્તિને જે શિક્ષણ મળે છે તે તેને જીવનમાં ખુબ જ ઉપયોગી થાય છે. મૂળભૂત રીતે શિક્ષણની વ્યવસ્થા વ્યક્તિને સમાજમાં મૂલ્ય પ્રસ્થાપન, મૂલ્ય ધારણ અને મૂલ્ય પ્રસારણનાં હેતુસર કરવામાં આવી છે. શિક્ષણમાં જે મૂલ્યો આવે છે તેનો આધાર લોકજીવન છે. લોકજીવનમાં જે મૂલ્યો આવે છે તેને શિક્ષણમાં સાંકળી લેવામાં આવે છે. સમાજમાં જેમ જેમ પરિવર્તન આવે છે. તેમ તેમ મનુષ્યોના મૂલ્યોમાં પરિવર્તન આવે છે. વ્યકિતએ સમાજમાં રહેવા સૌંદર્ય, કાર્યદક્ષતા, વર્તણૂંક, ધર્મ અને જીવનની રીતિ-નીતિ અંગેના ધોરણો સમાજે માન્ય રાખેલાં છે. તેનું પાલન કરવું, સ્વીકારવું અને તેને જાળવી રાખવાં પ્રયત્નો કરવાં માટે સમાજે યોગ્યાતાનાં ધોરણો નક્કી કરેલ છે અને તે મૂલ્યોને શિક્ષણમાં સમાવવામાં આવે છે.લોકસાહિત્ય દ્વારા જીવન શિક્ષણ, મૂલ્ય શિક્ષણ, વ્યક્તિ વચ્ચેના સંબંધનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. લોકસાહિત્યમાંથી મળતા અનૌપચારિક શિક્ષણને ઔપચારિક શિક્ષણ સાથે આપણે સાંકળીને જે તે સમાજમાં મૂલ્યોનું નિરૂપણ કરી શકીશું.*

**Key Words :** ગુજરાતી લોકસાહિત્ય ,માનવ મુલ્યો

## ૧.૧ પ્રસ્તાવના

શિક્ષણ ફકત ઔપચારિક કેળવણી દ્વારા જ મળે છે એવું નથી, જીવનના દરેક અનુભવમાંથી શિક્ષણ મળે છે. જીવનલક્ષી શિક્ષણ વ્યકિતને પોતાનાં અનુભવોમાંથી જ મળી રહે છે. વ્યક્તિને જે શિક્ષણ મળે છે તે તેને જીવનમાં ખુબ જ ઉપયોગી થાય છે. શિક્ષણ દ્વારા સારો નાગરિકો બનાવી શકાય છે, બાળકોમાં બંધુત્વની ભાવના આપણે વિકસાવીએ તો વિશ્વમાં વસુધૈવ કુટુંબકમની ભાવના વિકસાવી શકાય.

વસુધૈવ કુટુંબકમની ભાવના વિકસાવવા માટે લોકોમાં મૂલ્યનો વિકાસ કરવો જરૂરી છે. મૂલ્યને માનવનિર્માણ કરવા માટેનું શિક્ષણ છે. મૂળભૂત રીતે શિક્ષણની વ્યવસ્થા વ્યક્તિને સમાજમાં મૂલ્ય પ્રસ્થાપન, મૂલ્ય ધારણ અને મૂલ્ય પ્રસારણનાં હેતુસર કરવામાં આવી છે. શિક્ષણમાં જે મૂલ્યો આવે છે તેનો આધાર લોકજીવન છે. લોકજીવનમાં જે મૂલ્યો આવે છે તેને શિક્ષણમાં સાંકળી લેવામાં આવે છે. સમાજ જેમ જેમ પરિવર્તન આવે છે. તેમ તેમ તેનાં મૂલ્યોમાં પરિવર્તન આવે છે. વ્યકિતએ સમાજમાં રહેવા સૌંદર્ય, કાર્યદક્ષતા, વર્તણૂંક, ધર્મ અને જીવનની રીતિ-નીતિ અંગેના ધોરણો સમાજે માન્ય રાખેલાં છે. તેનું પાલન કરવું, સ્વીકારવું અને તેને જાળવી રાખવાં પ્રયત્નો કરવાં માટે સમાજે યોગ્યાતાનાં ધોરણો નક્કી કરેલ છે અને તે મૂલ્યોને શિક્ષણમાં સમાવવામાં આવે છે.

મૂલ્યો વિશે આપણને સાહિત્યમાંથી માહિતી મળે છે. સાહિત્યમાં દર્શાવ્યું હોય છે કે સમાજ કેવો છે સમાજમાં રહેતા લોકો કેવાં છે અને તેમનાંજે તે સમયનાં મૂલ્યો કેવાં હતાં? તે સૌ બાબતોનું આલેખન સાહિત્યમાં થયેલું છે. સાહિત્યમાં આપણાં લોક વારસાનું સંક્રમણ થયેલું હોય છે. આપણાં અમૂલ્ય લોકવારસો, લોકોની ઊર્મિ, ચેતના, જીવાતું, જીવન, પરંપરાગત રૂઢિઓ, માનવ સંસ્કારોનું આલેખન સાહિત્યમાં થયેલ છે. કોઈ સમાજને તેની ઓળખ કરવી હોય તો તે મૂલ્યો દ્વારા સારી રીતે કરી શકાય છે. ભૂતકાળની પ્રજા કેવી હતી? તેઓ કેવી રીતે રહેતા હતા? અને તેમનામાં કયા મૂલ્યો હતા? અને તે પ્રજાને આજના લોકો શા કારણે ઓળખી શકે છે તે બધી જ બાબતો આપણને સાહિત્ય અથવા તો લોકસાહિત્યમાંથી મળી

રહે છે. સંશોધકને વિચાર આવ્યો કે ગુજરાતી લોકસાહિત્યમાં એવા કયા મૂલ્યો માનવ મૂલ્ય હશે કે જે આપણે જાણી શકીએ આ હેતુથી સંશોધકે પ્રસ્તુત વિષય હાથ ધર્યો હતો **"ગુજરાતી લોકસાહિત્યમાં નિરૂપિત માનવ મૂલ્યોનો અભ્યાસ"**

**૧.૨ શબ્દોની સ્પષ્ટતાઃ**

- **ગુજરાતી**

ગુજરાતી ગુર્જર લોકોની ભાષા ગણાય છે. 'ગુજરાતના રહેવાસીની જે ભાષા તે ગુજરાતી.'ગુજરાતી ભાષાની વ્યુત્પત્તિ હેમચન્દ્રાચાર્યે નોંધેલા અપભ્રંશમાંથી ક્રમશઃ વિકાસ પામીને થઇ છે.

ગુજરાતી ભાષામાં "ગુજરાતી " એવો શબ્દપ્રયોગ સૌ પ્રથમ પ્રેમાનંદે આ શબ્દ સવંત ૧૨૮૯ માં વપરાયો હશે એવું ગણવામાં આવે છે. તેને 'ગુજરાતી' એવું વિશષ્ટ નામ ગુર્જરો ઉપરથી મળ્યું છે.

- **લોકસાહિત્ય**

જનતાને કર્ણોપકર્ણ મળેલું સામાન્ય રીતે ગ્રંથસ્થ ન થયું હોય અને જેના રચનારને પણ ખ્યાલ ન હોય તેમ લગભગ સ્વયંભૂકોટિનું હોય તેવુંરસળતું વાડ્મય, 'ફોક લિટરેચર.'

'"લોકોમાં પ્રચલિત કથા વાર્તા કે કવિતારૂપી સાહિત્ય.'

લોકસાહિત્ય એટલે લોકોનું સાહિત્ય જેમાં જનસમુહના સામાન્ય વ્યકિતથી માંડીને શ્રીમંત વ્યકિતની બાબતોને આવરી લેતું સાહિત્ય.

- **ગુજરાતી લોકસાહિત્યઃ**

ગુજરાતી લોકસાહિત્ય સાહજિક છે તે અનાયાસે પ્રગટ થાય છે એનો કોઈ ચોક્કસ સ્થળ કે સમય નથી હતો. વૈવિધ્ય સભર વિધિ-વિધાનો, મેળા,મહોત્સવો જેનો દેહ છે. અને પ્રકૃતિગત રીતે પ્રગટી ઉઠતા સૂરતાલ અને લય જેનો આત્મા છે. એવું લોકસાહિત્ય માનવજીવન સાથે અભિન્ન રીતે જોડાયેલું છે.ગુજરાતી ભાષામાં લખાયેલું લોકસાહિત્ય, જે મોટે ભાગે સંપાદિત સાહિત્ય છે.

- **માનવ મૂલ્યો**

માનવીય મૂલ્ય એ મૂળ મૂલ્ય છે જે આપણા વ્યક્તિત્વનું નિર્માણ કરે છે અને તેને વ્યાખ્યાયિત કરે છે કે આપણે જીવનમાં કેવા કાર્યો કરવાના છે. આ મૂલ્ય મહત્વપૂર્ણ છે કારણ કે આ મૂલ્ય આપણે કોણ છીએ તે દર્શાવે છે.

**૧.3 અભ્યાસના પ્રશ્નો**

લોકસાહિત્યના પ્રારંભિક વાચન બાદ સંશોધને નીચેના પ્રશ્નોના ઉત્તરો મેળવવા માટે વિશ્લેષણ કરવાની જરૂર જણાઇ.

(૧) શિક્ષણનો સમાજ સાથેનો નાતો કેવો છે?
(૨) લોકસાહિત્યમાંથી નીતિનું શિક્ષણ કઇ રીતે મળે છે ?
(3) લોકસાહિત્યમાં કેવા કૌટુંબિક સંબંધોનું આલેખન થયું છે ?
(૪) લોકસાહિત્યમાં સૌંદર્ય વિશેના ખ્યાલો કેવાં છે ?
(૫) લોકસાહિત્યમાં જીવન અને જીવનલક્ષી શિક્ષણને કેવી રીતે લેવામાં
(૬) લોકસાહિત્યમાં જીવનના કેવાં મૂલ્યોનું આલેખન થયું છે ?
(૭) વ્યકિતના જીવનના અનુભવમાંથી મળતાં જ્ઞાનને શી રીતે શિક્ષણ કહી શકાય ?

**૧.૪ અભ્યાસના હેતુ**

(૧) લોકસાહિત્યમાની શૈક્ષણિક નિસબતોનો અભ્યાસ કરવો.
(૨) લોકસાહિત્યમાંથી તારવેલી શૈક્ષણિક નિસબતોનું વર્ગીકરણ કરવું.

(૩) લોકસાહિત્યમાં વ્યકત થતાં જીવનલક્ષી શિક્ષણનો અભ્યાસ કરવો.

(૪) લોકસાહિત્યમાં વ્યકત થતાં સમાજ વ્યવહારનો અભ્યાસ કરવો.

(૫) લોકસાહિત્યમાં વ્યકત થતાં વ્યકિતગત અને સામાજિક મૂલ્યોનો અભ્યાસ કરવો.

(૬) લોકસાહિત્યમાં પ્રાપ્ત થતાં શિક્ષણ વિચારને ઔપચારિક શિક્ષણ સાથે સાંકળવા.

**૧.૫ વ્યાપવિશ્વ**

પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ ગુજરાતી લોકસાહિત્ય છે.

**૧.૬ નમુનો**

પ્રસ્તુત સંશોધનના નમુના તરીકે સૌરાષ્ટ્રની રસધારના ૧ થી ૪ ભાગ છે.

**૧.૭ સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનની પદ્ધતિ તરીકે વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ તેમજ પુસ્તકાલય પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**૧.૮ સંશોધનના તારણો**

લોકસાહિત્યમાંથી પ્રાપ્ત થતાં સાહિત્ય એકમો નૈતિકતા, સંસ્કાર, વચન, મિત્રતા, સૌંદર્ય, એકતા, વીરતા, આતિથ્યભાવ,વફાદારી, જીવન મૃત્યુ. સ્ત્રી રક્ષા, વતન પ્રેમ, જનમ જનમના સંબંધ, રાજાના લક્ષણો, વિયોગ, સાસુવહુના સંબંધ, સંબંધ દર્શન, સ્ત્રીકાર્ય, જેવાં સાહિત્ય એકમોનું અર્થઘટન કરી તેના આધારે તારણો તારો બે પ્રકારના તારણો અહીં રજૂ કરવામાં આવ્યા છે. મુખ્ય તારણો અને વિસ્તૃત તારણો,

- **મુખ્યતારણ**

**(૧) સાહિત્ય મનુષ્યના જીવનલક્ષી આદર્શો સમજવામાં મદદરૂપ થઇ શકે છે.**

**(૨) લોકસાહિત્ય શિક્ષણના સબળ માધ્યમ તરીકે અભિવ્યકત થાય છે.**

**(૩) લોકસાહિત્ય દ્વારા વ્યકિતમાં મૂલ્યનો વિકાસ કરી શકાય છે.**

**(૪) લોકસાહિત્ય વ્યકિતત્વ વિકાસ માટે ભાવાત્મક પીઠબળ પુરુ પાડે છે.**

**(૫) વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિનો પરિચય અને અનૌપચારિક શિક્ષણ મેળવી શકે છે.**

**(૬) લોકજીવન શિક્ષણના સબળ માધ્યમ તરીકે ઉભરી આવે છે.**

**વિસ્તૃત તારણો**

**૧. નૈતિકતા**

નૈતિકતા વિશે લોકસાહિત્ય ખૂબ જ ઊંચી અપેક્ષા રજૂ કરે છે. રજા લેવી પડે, તમારી સત્તા હોય તો બીજાનું પચાવી ન પડાય, જયાં સુધી દેવુ હોય ત્યાં સુધી સુખ ન ભોગવવું, નિર્દોષને મદદ કરવી, ભૂલથી આવેલી વસ્તુ આપી દેવી જોઇએ આ નૈતિકતા વિષયક મૂલ્યો મનુષ્ય માટે આવશ્યક છે આવી અપેક્ષાઓ આજના વિદ્યાર્થીઓને નીતિના પાઠ શીખવી શકે છે.

**૨. સંસ્કાર**

સંસ્કાર વિશે લોકસાહિત્યમાં ઉમદા ખ્યાલ જોવાં મળે છે. મોટાંને માન આપવું, વેરની વસૂલાત ન કરવી, મોતની છેલ્લી ઘડીએ પણ દુશ્મનાવટ છોડી દેવી, પોતાનું કાર્ય પ્રામાણિક્તાથી કરવું આ બાબતો સંસ્કાર વ્યકત કરે છે. આવી અપેક્ષાઓ આજના વિદ્યાર્થીઓ પાસે છે. તેઓ પોતાના સંસ્કાર ન ભૂલે અને કામમાં

પ્રામાણિક્તા રાખે એ પાઠ શીખી શકે છે.

3. વચન

લોકસાહિત્યમાં 'વચન' અત્યંત મૂલ્યવાન ગણ્યું છે વચન ખાતર પત્ની અને બાળકોને પણ છોડી દેવા, જીવનની છેલ્લી ઘડીએ પણ વચન પાળવું, વચન પાળવામાં પીછેહટ ન કરવી. આટલી બાબતો વચનમાં આવશ્યક છે. આના દ્વારા વિદ્યાર્થીઓને પ્રામાણિકતા, વચન પાલન અંગેના પાઠ શીખવી શકાય છે.

૪. મિત્રતા

મિત્રતાને લોકસાહિત્યમાં ખૂબ સન્માનજનક સ્થાન મળે છે. મિત્રતામાં મનમેળ હોય, જીવન પર્યંત મિત્રતા નિભાવવી,દુશ્મન સાથે પણ મિત્રતાથી રહેવું, વનચ પાળવું, આત્મા એક હોવો તે મિત્રતામાં આવશ્યક છે. આવી અપેક્ષાઓ આજના વિદ્યાર્થીઓ પાસે છે. સાચી મિત્રતા, મિત્રની ફરજ, મિત્રતામાં નિઃસ્વાર્થ ભાવના હોય તે પાઠ વિદ્યાર્થીઓ શીખી શકે છે.

૫. સૌંદર્ય

લોકસાહિત્યમાં સૌંદર્યને અમૂલ્ય ગણ્યું છે સૌંદર્યમાં કોમળતાના દર્શન, આંખોને શાંતિ આપનાર સૌંદર્ય, બાહ્ય સૌંદર્ય કરતાં આંતરિક સૌંદર્યને મહત્વ આપવું. આના દ્વારા વિદ્યાર્થીઓને સ્વભાવ, વાણી, વર્તન, બુધ્ધિ વગેરે ગુણો જે વ્યકિતમાં હોય તે ભલે સુંદરતા હોય પણ આ ગુણોને કારણે તે સૌંદર્યવાન છે તે પાઠ શીખી શકે છે.

૬. એકતા

એકતાને લોકસાહિત્ય અનેરૂ, સ્થાન આપે છે મુશ્કેલી સમયે એક થઇને કામ કરવું, એ ભેગાં થઇને આફતનો સામનો કરવો, એકતા માટે આ આવશ્યક બાબત છે આવી અપેક્ષાઓ આજના વિદ્યાર્થીઓ પાસે છે વિદ્યાર્થીઓ એકતાનું મહત્વ જાણી શકેઅને બધાની સાથે એકતા કેળવેએ પાઠ શીખી શકે છે.

૭, વીરતા

વીરતાને લોકસાહિત્યમાં વિશિષ્ટ સ્થાન આપવામાં આવ્યું છે. વીરતાપૂર્વક એકલે હાથે મુશ્કેલીનો સામનો, પોતાની ફરજ બજાવવી, શત્રુનો સામનો બહાદુરી પૂર્વક કરવો આ બાબતો વીરતા માટે આવશ્યક છે. આના દ્વારા વિદ્યાર્થીઓ વિચારો વ્યકત કરવામાં પોતાની સચ્ચાઇ ભરી માંગણીઓ રજૂ કરવામાં, કોઇની મદદ કરવા માટે, દેશની રક્ષા માટે, વીરતાના મૂલ્યનું રક્ષણ કરી શકે છે.

૮. આતિથ્યભાવ

આતિથ્યભાવને લોકસાહિત્ય મૂલ્યવાન ગણે છે. અતિથિને આવકારવા, હેતથી જમાડવું, અતિથિને આગ્રહ કરીને રાખવા. આવી અપેક્ષાઓ આજના વિદ્યાર્થી પાસે છે. આંગણે આવેલ અતિથિને આવકારવાં, તેમને મદદરૂપ થવું, અતિથિ સાથે સારો વ્યવહાર કરવો તે આપણી ફરજ છે એ બાબત વિદ્યાર્થીઓ શીખી શકે છે.

૯. વફાદારી

વફાદારી વિશે લોકસાહિત્યમાં વ્યાપક ખ્યાલ જોવાં મળે છે. ધણી પ્રત્યે વફાદારી, માલિકને બચાવવા

જીવની પરા ન કરવી, અન્ન ખવડાવનારની રક્ષા આવફાદારી વિષયક મૂલ્યો છે. આના દ્વારા આજના વિદ્યાર્થીઓને પોતાના કામ પ્રત્યેની નિષ્ઠા, દેશ પ્રત્યે વફાદારી, પ્રામાણિકતાના પાઠ શીખવી શકે છે.

૧૦ . જીવન મૃત્યુ

લોકસાહિત્યમાં જીવન મૃત્યુ વિશેના ખ્યાલ જોવા મળે છે. મોતની માંગણી, મૃત્યુ pી તત્પરતા, મોતના મુખમાં આગળ વધવું. આ વિચાર દ્વારા વિદ્યાર્થીઓમાંથી મોતનો દૂર કરી શકાય છે. અને જીવનની જેમ મૃત્યુને પણ ઉમળકાથી આવકારવું એ પાદ વિદ્યાર્થીઓને શીખવી શકાય છે.

૧૧. સ્ત્રી રક્ષા

સ્ત્રી રક્ષાને લોકસાહિત્યમાં મહત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. સ્ત્રી રક્ષા માટે અવની પરવા ન કરવી, આશરો આપ્યો હોય તેની રક્ષા કરવી, સ્ત્રી રક્ષા માટે કુંટુબના સભ્યોના બલિદાનની તત્પરતા વગેરે સ્ત્રી રક્ષા વિશેનાં મૂલ્યો છે. આવી અપેક્ષા આજના વિદ્યાર્થીઓ પાસે છે, મનુષ્ય તરીકેની ફરજ બજાવવી, મુશ્કેલીમાં હોય તેને મદદ કરવી, સીરક્ષા કરવી એ પાઠ શીખી શકે છે.

૧૨. વતનપ્રેમ

વતનપ્રેમ વિશે લોકસાહિત્યમાં ઉમદા ખ્યાલ જોવાં મળે છે. વતનની રક્ષા માટે જીવ જતો કરવો, બલિદાન આપવું, વતન માટેની ઝંખના આ સૌ વતનપ્રેમ માટે આવશ્યક બાબત છે. આજના વિદ્યાર્થીઓને દેશની રક્ષા, વ્યકિતની પોતાના વતન પ્રત્યેની ફરજ વિશેના પાઠ શીખવી શકે છે.

૧૩. જનમ જનમના સંબંધ

પતિ પત્નીના સંબંધ વિશે લોકસાહિત્ય, ખૂબ જ ઊંચી અપેક્ષાઓ રજૂ કરે છે. એકબીજા માટે ફના થઇ જવું. જનમો જનમ વિરહ અનુભવવો, પ્રતીક્ષા કરવી અને તીવ્ર સ્નેહભાવ અનુભવવો તે પતિ પત્નીના સંબંધ માટે આવશ્યક છે. આવી અપેક્ષાઓ આજના વિદ્યાર્થીઓને લગ્નજીવનમાં વફાદારીના પાઠશીખવી શકે છે.

૧૪. રાજાનાં લક્ષણો

રાજાના લક્ષણોને લોકસાહિત્ય મહત્ત્વનું સ્થાન આપે છે. જાતે યુધ્ધે ચડવું, પ્રજાને મદદકરવી, સમજાવટથી ઝઘડો પતાવવો, પ્રજાનું રક્ષણ કરવું. આ સૌરાન માટેઆવશ્યક લક્ષણો છે. આના દ્વારા આજના વિદ્યાર્થીઓને સારાં નેતાની ફરજ, નેતાગીરીના લક્ષણોનો વિકાસ, મદદકર્તા સ્વભાવ આ સૌ બાબતો શીખવી શકાય છે.

૧૫. વિયોગ

વિયોગ વિશે લોકસાહિત્યમાં વિશેષ ખ્યાલ જોવાં મળે છે. પતિને પત્નીનો વિયોગ, પત્નીની યાદમાં પતિનું નિસ્તેજ થવું, પતિ વિના પત્નીને ઉંઘ ન આવવી વગેરેમાં વિયોગના ખ્યાલ જોવા મળે છે, આના દ્વારા આજના વિદ્યાર્થીઓને પ્રેમના મહત્વ વિશે તથા જીવનના ભાવાત્મક પાસાનું શિક્ષણ આપી શકાય છે.

૧૬. સાસુ વહુના સંબંધ

સાસુ વહુના સંબંધો વિશે લોકસાહિત્ય અનોખા ખ્યાલ રજૂ કરે છે. સાસુને માતા તરીકે જોવી, વહુને પુત્રી તરીકેનું સ્થાન, સાસુ વહુના ઝઘડાં વગેરે આવે છે. લોકસાહિત્યમાં લોકોના જીવનમાં બનેલી ઘટનાઓ

આવે છે. લોકસાહિત્યમાં જે મૂલ્યો આવે છે તે સાચાં છે જે આજે મૂલ્ય પાળવા માટે આધાર સમાન બને છે. સાસુ વહુના સંબંધમાંથી આજના વિદ્યાર્થીઓ સાંસારિક જીવનમાં સમજદારીનો પાઠ શીખવી શકે છે. સુખ સાથ લોકના લોગીનનો વાવા

**૧૭. સંબંધ દર્શન**

સંબંધ દર્શનને લોકસાહિત્ય મૂલ્યવાન ગણે છે. મુશ્કેલીમાં હોય તેવી વ્યકિતને કરવી, દુશ્મનને પણ મદદ કરવી, અનાથ બાળકનો ઉછેર કરવો, આ સૌ બાબત વ્યક્તિ વ્યક્તિના સંબંધો માટે આવશ્યક છે. આવી અપેક્ષાઓ આજના વિદ્યાર્થીઓને માનવી સાથેના સારા સંબંધ રાખવા, મદદકર્તા સ્વભાવ, માનવી તરીકેની ફરજ બજાવવી આ શીખવી શકાય છે.

**૧.૯ ઉપસંહાર**

લોકસાહિત્યમાં માનવ મૂલ્યો આપણને વધુ જોવા મળે છે જે તે સમયનો સમાજ કઈ રીતે રહેતો હતો તેના મૂલ્યો કેવા હતા? તે બધી જ વસ્તુઓ આપણને લોકસાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. મૂલ્યો વ્યક્તિત્વનું ઘડતર કરે છે, મૂલ્ય દ્વારા જ વ્યક્તિની ઓળખ ઊભી થાય છે. મૂલ્યનું મનુષ્યના જીવનની અંદર ખૂબ જ મહત્વ રહેલું છે. કોઈ વ્યક્તિ સારી છે કે ખરાબ તેની ઓળખ પણ મૂલ્ય દ્વારા જ થાય છે. ભવિષ્યમાં આપણે સારા સમાજનું નિર્માણ કરવું હશે તો પણ ત્યાં મૂલ્ય જ કામ લાગશે. લોકસાહિત્ય દ્વારા જીવન શિક્ષણ મૂલ્ય શિક્ષણ વ્યક્તિ વચ્ચેના સંબંધનો જ્ઞાન પ્રાપ્ત થાય છે લોક સાહિત્યમાંથી મળતા અનૌપચારિક શિક્ષણને ઔપચારિક શિક્ષણ સાથે આપણે સાંકળીને જે તે સમાજમાં મૂલ્યોનું આપણે નિરૂપણ કરી શકીશું

**સંદર્ભ પુસ્તકો**

1) ચંદરવાકર, પુષ્કર (૧૯૮૦). લોકામૃત. શ્રી અલકા પ્રકાશન ગૃહ.
2) લોકદ્વારેથી. ગાંધીનગર: ગુજરાત સાહિત્ય અકાદમી.
3) દેસાઇ, હરિભાઇ અને દેસાઇ, કૃષ્ણકાંત ગોપાલજી (૧૯૮૯). સંશોધન પધ્ધતિઓ અને પ્રવિધિઓ. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ. ચતુર્થ આવૃતિ.
4) પટેલ, રમણભાઇ પી. (૧૯૮૪). લોકસાહિત્ય ચર્ચા. બલદેવ પ્રકાશન.
5) મેઘાણી, ઝવેરચંદ (૧૯૭૨). લોકસાહિત્ય ધરતીનું ધાવણ (ખંડ.૨) અમદાવાદ: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય ગાંધીમાર્ગ બીજી સંવર્ધિત આવૃત્તિ.
6) શાસ્ત્રી, જયેન્દ્ર દવે અને અન્ય (૧૯૯૧-૯૨). ભારતીય શિક્ષણના નૂતન પ્રવાહો અને સમસ્યાઓ. અમદાવાદ: બી.એસ. પ્રકાશન.
7) શાસ્ત્રી, કેશવરામ કા. બૃહદ ગુજરાતની કોશ. (ખંડ ૧ અને ૨). અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ. ત્રિવેદી, જેઠાલાલ અને ત્રિવેદી, મંગલા ગૌરી.(સં.). લોકસાહિત્ય શબ્દકોશ. ગુર્જર ગ્રંથભવન ટ્રસ્ટ પ્રકાશન.

# રંગ અવધૂતના સાહિત્યમાંથી નિષ્પન્ન થતા મૂલ્યો

**ડૉ. ફાલ્ગુની એસ. વાંસિયા**
*આસિસ્ટન્ટ પ્રોફેસર,*
*શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા.*

*સારાંશ*

***આપણા ભારત દેશમાં માનવીઓની સુખાકારી માટે અવારનવાર સંતો ઋષિમુનિઓ અવતાર લેતા રહ્યા છે.સ્વાર્થને ત્યજી પરમાર્થ કાજે પોતાના સમગ્ર જીવનને ઉપયોગી બનાવનારા આવા સંતો અને ઋષિઓને કારણે જ ભારતભૂમિ પર હજુ પણ સાત્વિકતા,મૂલ્યો અને સંસ્કારો ટકી રહ્યા છે. પ્રસ્તુત સંશોધન પેપરમાં આવા જ ઋષિ તુલ્ય સંત રંગ અવધૂત મહારાજના વિવિધ સાહિત્યમાં રહેલા મૂલ્યો પર પ્રકાશ પાડે છે. પરમ પૂજ્ય રંગ અવધૂતજીની દેવભક્તિ, દેશભક્તિ, માતૃભક્તિ, માતૃભૂમિની ભક્તિ, સંસ્કૃતિ પ્રેમ અને તેમાંથી નીકળતા મૂલ્યો જીવનમાં કેળવવાથી અને આત્મસાત કરવાથી સંસ્કારો દ્રઢ અને ચિરંજીવી બને છે. પ્રસ્તુત સંશોધન પેપરમાં શ્રી રંગ અવધૂતના સાહિત્યનું વાંચન અને મનન કરવામાં વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ, ગ્રંથાલય અભ્યાસ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ પરથી નૈતિક, સામાજિક, આધ્યાત્મિક અને માનવીય મૂલ્યો તારવવામાં આવ્યા છે.***

**ચાવીરૂપ શબ્દો:** મૂલ્યનો અર્થ, મૂલ્યના પ્રકારો, નૈતિક મૂલ્ય ,સામાજિક મૂલ્ય, આધ્યાત્મિક મૂલ્ય, વ્યક્તિગત મૂલ્ય

**પ્રસ્તાવના**

માનવ સમાજ એક તરફ સ્વાર્થ, લોભ, ઈર્ષા, પરપીડન, કપટ જેવા નકારાત્મક ગુણોમાં ઓતપ્રોત થયેલો છે ત્યારે જ બીજી તરફ આપણી આ ભારતભૂમિ પર સંતો, ઋષિઓ સદગુરુ અવતરતા રહ્યા છે જેઓ સામાન્ય વ્યક્તિમાંથી શક્તિશાળી મહામાનવ તરીકે ઉભરી આવ્યા છે. જેમના જીવન અને સંદેશે માનવ સમાજની સુધારણામાં અને મૂલ્યોના ઘડતરમાં સિંહ ફાળો આપ્યો છે. ભારતના આ સંતો અને મહાત્માઓ આધ્યાત્મિક મુક્તિ અને સામાજિક પુનરુત્થાનના પણ દૂત  હતા.મહર્ષિ વેદવ્યાસ, આદિશંકરાચાર્ય, સ્વામીવિવેકાનંદ, રવીન્દ્રનાથ ટાગોર, મહર્ષિ અરવિંદ ઘોષ, સર્વપલ્લી રાધાકૃષ્ણન, જે.કૃષ્ણમૂર્તિ, મહાત્મા ગાંધી,શ્રી હરિઓમ મોટા,રંગ અવધૂત મહારાજ, ઓશો રજનીશ, પાંડુરંગ આથવલે, સ્વામી સચ્ચિદાનંદ, પ્રમુખસ્વામી મહારાજ, શ્રી સત્યસાંઈ, શ્રી શ્રીરવિશંકરજી વગેરેને સંત,ઋષિઓ અને સદગુરુઓનીશ્રેણીમાં મૂકવામાં આવ્યા છે.

આ સંતો અને ઋષિમુનિઓનું સમાજમાં અવતરણએ સમગ્ર માનવજાત માટે ખૂબ જ ગૌરવ પ્રદ,આશીર્વાદરૂપઅને આનંદની વાત છે. તેઓ પ્રેરણાના અખૂટ સ્ત્રોત બની રહે છે અને તેમનો મુક્તિનો સંદેશ જીવનની વિવિધ સમસ્યાઓને હલ કરવામાં ખૂબ જ મોટો ભાગ ભજવે છે આજે જ્યારે નૈતિક, રાષ્ટ્રીય, આધ્યાત્મિક અને માનવ મૂલ્યની ઉણપ હોવાની પ્રતીતિ સૌ કોઈને થઈ રહી છે ત્યારે રંગ અવધૂતના સાહિત્યમાંથી નિષ્પન્ન થતા મૂલ્યોનો અભ્યાસ કરવાનો અહીં નમ્ર પ્રયાસ કરવામાં આવ્યોછે.

**અભ્યાસના હેતુઓ**

૧) રંગ અવધૂતના વિવિધ સાહિત્યનો મૂલ્યના અર્થ સંબંધિત અભ્યાસ કરવો.

૨) રંગ અવધૂતના વિવિધ સાહિત્યનો મૂલ્યના પ્રકારો સંબંધિત અભ્યાસ કરવો.

**અભ્યાસના પ્રશ્નો**

૧) રંગ અવધૂતના વિવિધ સાહિત્યમાં સમાયેલી વિષયવસ્તુમાં મૂલ્યનો અર્થ શું થતો હશે?

૨) રંગ અવધૂતના વિવિધ સાહિત્યમાં સમાયેલી વિષયવસ્તુમાં મૂલ્યના કયા પ્રકારોની સમજ આપી હશે?

**અભ્યાસની પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન ગુણાત્મક સ્વરૂપનું છે જેમાં વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ઐતિહાસિક પદ્ધતિ અને ગ્રંથાલય અભ્યાસ પદ્ધતિનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે.

**માહિતીના સંદર્ભ સ્રોતો**

પ્રસ્તુત સંશોધનમાં રંગ અવધૂત રચિત ગુરૂ લીલા મૃત, પ્રશ્નોત્તર ગીતા, અક્ષર ગીતા, ભજનો, સ્તુતિ, ગીતો તેમજ પ્રવચનો અને સંપાદિત ગ્રંથોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**માહિતીનું એકત્રીકરણ અને પૃથક્કરણ**

પ્રસ્તુત સંશોધનમાં માહિતી ગુણાત્મક સ્વરૂપે ઉપલબ્ધ હતી.અભ્યાસ કર્તાએ રંગ અવધૂતના વિવિધ સાહિત્યનું બે વાર વાંચન કર્યું. વાંચન દરમિયાન વિવિધ નોંધો કરવામાં આવી હતી કે જેમાંથી મૂલ્યો વિશેની ખ્યાલાત્મક સમજ પ્રાપ્ત થઈ હતી.

**પ્રાપ્ત થયેલ માહિતીનુંઅર્થઘટન**

**રંગ અવધૂતનાસાહિત્યમાંથી નિષ્પન્ન થતામૂલ્યનો અર્થ**

રંગ અવધૂત માને છે કે દેવત્વની પ્રાપ્તિ કરવી એ જ મનુષ્ય જીવનનું સાર્થક છે. જગત કર્મના નિયમ મુજબ ચલાયમાન છે. જીવનમાં સુખ-દુઃખનું કારણ વ્યક્તિના પોતાના કર્મો છે. વ્યક્તિએ દેવત્વની પ્રાપ્તિ અર્થે ચોક્કસ ધ્યેય વ્રત, તપ અને દ્રઢ મનોબળથી જરૂર રહે છે. તો જ નિશ્ચિત ધ્યેય હાંસલ કરી શકાય. કોઈપણ સારું અને પવિત્ર કર્મ કરવાથી વ્યક્તિને વધારે પ્રેરણા, શક્તિ અને ઉત્સાહ પ્રાપ્ત થાય છે જેનાથી તેનામાં પવિત્ર અને ઉચ્ચ સંસ્કારો નું નિરૂપણ થાય છે.

રંગ અવધૂતના મતે જેમાં મન સહિત ઇન્દ્રિયો વિષયોમાંથી વિમુખ થઈ આત્માભિમુખ થાય, ઈશ્વર તરફ વળે તેજ સાચું સુખ. વ્યક્તિની સમગ્ર નિષ્ઠા અને તેનો આચાર વિચાર ઈશ્વરાભિમુખ હોવા જોઈએ. જેથી મનુષ્યત્વમાંથી દેવત્વ તરફ ગતિ કરી શકાય. શુદ્ધ અને કલ્યાણકારક ઈચ્છા અને કામના એ જ દેવ છે આમ કહી રંગ અવધૂત શુદ્ધ અને કલ્યાણકારક ઈચ્છા અને કામનાને મૂલ્યવાન ગણે છે.

પ્રત્યેક વ્યક્તિ સમાજમાં પોતાનું આગવું સ્થાન અને ઓળખ પ્રસ્થાપિત કરવા માટે પ્રયત્ન કરતા રહે છે. રંગ અવધૂત માને છે કે માનવીએ બને તેટલું પણ એકનિષ્ઠ શ્રદ્ધાથી આચરણ કરીને કલ્યાણ સાધી લેવું જોઈએ.

જો વ્યક્તિ તેના દરેક વિચારને આચરણમાં મૂકે તો અનર્થ થવાનો સંભવ છે. તેથી વિચારોને વિવેકની ચારણીમાંથી ચાળીને આચરણમાં મૂકવાનું તેમણે જણાવ્યું છે.

રંગ અવધૂત જણાવે છે કે વ્યક્તિએ સત્કર્મોની ખેતી કરવી જોઈએ જેથી સદગુણોની પ્રાપ્તિ થાય અને એ સદગુણો જીવનમાં આચરણમાં વણી લેવાના છે. ઈશ્વરે આપેલી બુદ્ધિ અને કર્મ સ્વાતંત્ર્યનો સદ્ઉપયોગ કરી પુણ્ય કાર્ય માટે મનને કેળવવાનું છે.

વ્યક્તિએ શારીરિક અને માનસિક તપનો આશરો લઈ સદાચાર યુક્ત જીવન જીવવાનું છે અને સદવિચાર આચરણમાં ઉતરે ત્યારે જ મૂલ્યની ખીલવણી શક્ય બને છે. મનુષ્યત્વ દેવત્વ તરફ ગતિ કરી શકે છે.

**રંગ અવધૂતના સાહિત્યમાંથી નિષ્પન્ન થતા મૂલ્યનો અર્થ**

મનુષ્યએ દેવત્વની પ્રાપ્તિ માટે પૂર્ણ નિષ્ઠા અને શ્રદ્ધાથી સમષ્ટિ ને કલ્યાણકારી હોય તેવું આચરણ કરવું જરૂરી છે.વ્યક્તિએ શુભ, મંગળ અને કલ્યાણકારક ઈચ્છાઓ અને કામનાઓ સેવવી જોઈએ. મનુષ્યત્વને દેવત્વ ની પ્રાપ્તિ તરફ દોરે તે સાચા અર્થમાં મૂલ્ય છે.

**રંગઅવધૂતના સાહિત્યમાંથી નિષ્પન્ન થતા મૂલ્યોના વિવિધ પ્રકારો**

રંગ અવધૂતના સાહિત્યમાં પ્રગટ મૂલ્ય વિષયક બાબતો અંતર્ગત વિષયવસ્તુ પૃથક્કરણને અંતે નૈતિક, સામાજિક, આધ્યાત્મિક અને માનવીય મૂલ્યો પ્રાપ્ત થયા છે. જે આ પ્રમાણે છે:

**નૈતિક મૂલ્ય**

રંગ અવધૂત કહે છે કે દેવવશાત **જે કંઈ આવી મળે તે બધામાં વહેંચીને ખાતા શીખો.**

પોતાને મળેલું વહેંચીને ખાય તે સંસ્કૃતિ છે.વહેંચીને ખાવાથી વ્યક્તિના જીવનમાં ભાવાત્મકતા અને માનવતાના ગુણ પ્રગટે છે. જો વ્યક્તિમાં માનવતાનો ગુણ પ્રગટે તો વ્યક્તિ- વ્યક્તિ અને સમાજ વચ્ચે જોવા મળતી આંતરક્રિયામાં નૈતિક મૂલ્યની ખીલવણી થાય છે જે વ્યક્તિને ઉચ્ચ પ્રકારની સામાજીકતા તરફ દોરી જાય છે.

રંગ અવધૂત માને છે કે નિયતિએ નિર્માણ કરેલ પોત પોતાની કર્મ ફરજ છોડી જેઓ માત્ર ભગવદ નામનો જ ઉચ્ચાર કરે છે તે પ્રભુનો ગુનેગાર છે.

દરેક વ્યક્તિએ કર્તવ્ય નિષ્ઠ થવું જોઈએ. કુટુંબ, સમાજ, ધર્મ, રાષ્ટ્ર પ્રત્યે સહજ આવી પડેલું કર્મ શ્રેષ્ઠ બને તે માટે વ્યક્તિ કટિબદ્ધ હોવો જોઈએ. રંગ અવધૂત ભગવદ નામ સ્મરણના વિરોધી નથી પરંતુ કર્તવ્ય નિષ્ઠા તેમજ ફરજ પાલનના ભોગે નામ સ્મરણ થાય એની વિરુદ્ધ છે. જીવન કર્તવ્ય કરતાં કરતાં વ્યક્તિએ ભગવદ નામ સ્મરણ કરવાનું ચાલુ રાખવાનું છે.

રંગ અવધૂતના મતવ્યક્તિની બાહ્ય શુદ્ધિ કરતા આંતરિક શુદ્ધિ ખૂબ જ અગત્યની છે આંતરિક શુદ્ધિ અને પવિત્રતા વ્યક્તિને ઉર્ધ્વગમન કરાવે છે. વ્યક્તિના આચાર અને વિચાર બંને પવિત્ર હોવા જોઈએ પરંતુ બાહ્યાચાર દંભ ન બની રહેવો જોઈએ. બાહ્ય શુદ્ધિનું લક્ષ્ય આંતરિક શુદ્ધિ છે. બાહ્ય શુદ્ધિ માટે સદાચાર જરૂરી છે. આચાર વિચાર એક સિક્કાની બે બાજુ જેવા છે.

રંગઅવધૂતના મતે વ્યક્તિના જીવન વિકાસ નો આધાર વ્યક્તિના આચાર વિચાર પર અવલંબિત છે. શુદ્ધ અંતઃકરણ, ચારિત્ર્ય અને સદગુરુ એ બતાવેલ રાહે ચાલવાથી જીવન ધન્ય બને છે.વ્યક્તિનો સમાજમાં પ્રભાવ ચારિત્ર્યથી પડતો હોય છે.

**રંગ અવધૂતનાસાહિત્યમાંથી નિષ્પન્ન થતા** નૈતિક **મૂલ્યનો અર્થ**

ભાવાત્મકતા અને માનવતા થકી જીવન અને ઉર્ધ્વગામી બને છે.મનુષ્યએ કર્તવ્યનિષ્ઠ બનવું જોઈએ જેથી નૈતિકમૂલ્યોનો આવિર્ભાવ થાય અને જેથી સદભાવના, સાહચાર્ય અને સંસ્કારની કેળવણી થાય.ચારિત્ર્ય અને માનવતાએ નૈતિક મૂલ્યના પોષક તત્વો છે. વ્યક્તિના પૂર્ણ વિકાસ માટે નૈતિકતા સહાયક થાય છે તે માટે વિચાર અને આચારની શુદ્ધિ હંમેશા જાળવવી જોઈએ.

**સામાજિક મૂલ્ય**

રંગ અવધૂત જણાવે છે કે કોઈપણ પ્રાણીનો દ્વેષ ન કરો. સત્ય, અહિંસા વગેરે દૈવી ગુણોનું આચરણ કરો. પ્રાણી **માત્ર તરફ પોતાની જાતની માફક જુઓ ને સર્વત્ર કરુણા થી પોતાનું અંતઃકરણ ભરી દો.** ભારતમાં અહિંસાનું મૂલ્ય સનાતન કાળથી ચાલતું આવ્યું છે. અહિંસા એ શાંતિનો અને એકતાનો પાયો છે. પ્રાણી માત્ર પ્રત્યે પરસ્પર પ્રેમ અને અહિંસાથી જ પ્રગતિ શક્ય છે. અહિંસા નિર્ભયતા બક્ષે છે. પ્રાણી માત્ર પ્રત્યે કરુણાનો ભાવ અહિંસા પ્રગટાવી શકે.અહિંસાથી સમાજમાં શાંતિ, પ્રેમ, નિર્ભયતા અને કરુણા પ્રસરે છે. જેનાથી સમાજની માનસિક તંદુરસ્તી જળવાય છે. કોઈપણ દેશ અને કાળ માટે અહિંસાએ મહાવ્રત છે. અહિંસા વિશે રંગ અવધૂતના વિચારો ભારતીય સંસ્કૃતિ અને પરંપરા ને પોષક છે.

સમાજ વ્યક્તિઓનો સમૂહ છે સમાજમાં પ્રવર્તતી સારી-નરસી પરિસ્થિતિ માટે વ્યક્તિ પોતે જવાબદાર છે. કોઈક દુઃખો માટે સામાજિક પરિસ્થિતિ જરૂર જવાબદાર છે પણ એવા સમાજના નિર્માણ અને અસ્તિત્વને નિભાવવા માટે આપણે જ

જવાબદાર નથી શું? આપણે જાતે સુધારીએ, આપણા દોષો દૂર કરીએ તો આ સમાજ જરૂર સુધરે કારણ સમાજ આપણા જેવી વ્યક્તિઓનો બનેલો છે. વ્યક્તિ બીજાની ચિંતા ન કરતા સ્વયં સુધરે તો સમાજ આપોઆપ સુધરે. વ્યક્તિએ પોતાનું ઉર્ધ્વીકરણ સાધવાનું છે જેના માટે સામાજિક મૂલ્ય સંક્રાંત કરવા પડે. સમાજમાં એક નબળો અને બીજો સબળો હોય તો પ્રગટ કે અપ્રગટ શીત કે ઉષ્ણ યુદ્ધનું વાતાવરણ રહે છે. વ્યક્તિ અપરિગ્રહ વૃત્તિ અપનાવે તો યુદ્ધનું વાતાવરણ ટાળી શકાય. તમારી પાસે જે કંઈ હોય એ પરમાત્માને માટે એટલે કે બીજાને માટે વાપરો કારણકે આ બધા પરમાત્માના સ્વરૂપો છે. સૌ ઈશ્વરના સંતાન છે. પોતાની પાસે જે કંઈ હોય તે બદલા ની આશા રાખ્યા વિના બીજાને આપી દેવાની વૃત્તિ રાખો તો જગતમાં દુઃખ,ઉણપ, કમી અને તેને પરિણામે નીપજતા ક્લેશ,ઝઘડા, અશાંતિ ન રહે. સમાજમાં પરસ્પર દેવો ભવની ભાવના પ્રગટ થાય તો દૈવી સમાજ નિર્માણ પામે. વ્યક્તિ અને સમાજ વચ્ચે એકતા અને પ્રેમ કેળવાય.

**રંગ અવધૂતના સાહિત્યમાંથી નિષ્પન્ન થતા સામાજિક મૂલ્યનો અર્થ**

વ્યક્તિએ પ્રાણી માત્ર પ્રત્યે પોતાની જાત સાથે કરે તેવું વર્તન કરવું જોઈએ. સાથોસાથ સત્ય અહિંસા વગેરે દૈવીસંપદાનું આચરણ વ્યક્તિ કરે તો સમાજમાં એકતા, પ્રેમ, શાંતિ જળવાઈ રહે. વ્યક્તિ નિર્માણથી સમાજ નિર્માણ થઈ શકે. વ્યક્તિએ જાતે સુધારવાનું છે.સંગ્રહ વૃત્તિ સ્વસ્થ સમાજ માટે હાનિકારક છે. પરસ્પર દેવો ભવની ભાવના ચરિતાર્થ કરીએ તો દૈવી સમાજનું નિર્માણ સહેલું બને છે.

**આધ્યાત્મિક મૂલ્ય**

રંગ અવધૂત માને છે કે બ્રહ્મચર્યમાં ઇન્દ્રિય નિગ્રહ, શારીરિક તપસ્યા અને મનોનિગ્રહ માનસિક તપસ્યા બંનેનો સમાવેશ થઈ જાય છે.કામશક્તિને આધ્યાત્મિક શક્તિમાં પરિવર્તિત કરવાની આ રીત છે. બધા જ ઉપનિષદો અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે બ્રહ્મચર્યને અગ્રતા આપે છે.

રંગ અવધૂતના મતે ધર્મનું શરીર અને વિચાર એ આત્મા છે. સત્ય,દયા,તપ,પવિત્રતા,શાંતિ,ક્ષમા,આર્જવ, સરળતા અને શ્રદ્ધા ધર્મને પોષે છે. આ મૂલ્યો ધર્મને ટકાવે છે. ભારતીય દર્શન ચાર પુરુષાર્થને સ્વીકારે છે તેમાં ધર્મને પ્રથમ સ્થાન આપીને તેને કેન્દ્રમાં રાખીને અન્ય ત્રણ પુરુષાર્થ સિદ્ધ કરવાના છે. રંગ અવધૂત કહે છે કે પરા પૂર્વથી પરિવારમાં થતી ઈશ્વર ભક્તિ વ્રત, ઉત્સવ, ઉપવાસ વગેરે બંધ કરવાથી વ્યક્તિમાં રાગપ્રધાન કે દ્વેષપ્રધાન વૃત્તિઓ જન્મવાની શક્યતા રહેલી છે. પરા પૂર્વથી ચાલી આવતી પરંપરામાં આવતી ઈશ્વરભક્તિ અને ધર્મ પૂર્ણપણે શ્રદ્ધાપૂર્વક આચાર વિચારમાં મૂકવાથી માનવીની ઈચ્છાઓ,કામનાઓ અને વર્તનને શુદ્ધ કરવાનું કાર્ય કરે છે. ધર્મના આચરણથી જો પરમાત્મા વિશે પ્રેમ પેદા ન થાય તો ધર્મ ફોગટનો શ્રમ જ બની રહે છે. રંગ અવધૂત ઈશ્વરને પ્રાર્થે છે સારા કર્મમાં વિજય આપ કે જેથી તપ અને સ્વધર્મનું આચરણ થઇ શકે.

રંગ અવધૂત જણાવે છે કે કેટલીક ખૂબ જ બળવાન અડચણને લીધે આ જન્મમાં કર્મો અને ઉપાસના નું ફળ ન મળે તો પણ બીજો કોઈ જન્મમાં જરૂર મળશે એવા દ્રઢ ભરોસાથી આખી જિંદગી સુધી તે કરતા રહેવું. અપરિપક્વ દશામાં તેનો ત્યાગ કરવો નહીં. આધ્યાત્મિક વિકાસ એ એક જન્મમાં થતો નથી પરંતુ જન્મોજન્મંતર ની વિકાસ ગાથા છે. પ્રત્યેક જન્મે તે દ્રઢ બને છે. આમ, આધ્યાત્મિક મૂલ્ય સહજ સાધ્ય નથી. ઘણી કઠિન અને લાંબી તપસ્યાને અંતે સિદ્ધ થાય છે.

**રંગ અવધૂતના સાહિત્યમાંથી નિષ્પન્ન થતા આધ્યાત્મિકમૂલ્યનો અર્થ**

વ્યક્તિધર્મનું શ્રદ્ધાપૂર્વક આચરણ કરે તો તે તેને પ્રભુ પ્રેમ અને નિજાનંદ તરફ પ્રેરે છે. તે આધ્યાત્મિક મૂલ્યનું કારણ બને છે. આધ્યાત્મિક મૂલ્યોએ એક જન્મમાં સિદ્ધ થતા નથી. એ અનેક જન્મો પછી સિધ્ધ થતી વિકાસયાત્રા છે. બ્રહ્મચર્ય માનવ જીવનનું અગત્યનું આધ્યાત્મિક મૂલ્ય છે.

**વ્યક્તિગત મૂલ્ય**

રંગ અવધૂત ના સાહિત્યમાં પ્રગટ વ્યક્તિગત મૂલ્યો અંતર્ગત શ્રમ, દ્રઢ નિશ્ચય, આત્મવિશ્વાસ બુદ્ધિ, નિર્ભયતા નો

સમાવેશ થાય છે. રંગ અવધૂત માને છે કે ઈશ્વર પ્રત્યેનો વિશ્વાસએ શ્રદ્ધા છે. શ્રદ્ધાથી વ્યક્તિમાં આત્મવિશ્વાસ પ્રગટે છે. આત્મવિશ્વાસ ઉત્પન્ન થવા માટે જ પરમાત્માનું સ્મરણ કરવાનું છે. ઈશ્વર પરની શ્રદ્ધા અને આત્મવિશ્વાસથી વ્યક્તિમાં પોતે જે કાર્ય કરતો હોય તેને પૂર્ણ કરવાની શક્તિનું નિર્માણ થાય છે. લોકોનો વિશ્વાસ પ્રાપ્ત કરવો એ વફાદારી મૂલ્ય ગણાય છે.

અભય એ મૂલ્ય શિક્ષણનું પાયાનું ઘટક છે.અભયથી માનસિક સ્વાસ્થ્ય પણ સારું રહે છે. જ્યાં અદ્વૈત હોય છે ત્યાં અભયનું મૂલ્ય ખીલે છે સૌના એક દિલ, એક વાત અને એક વર્તન થાઓ.વિચારવાણી અને વર્તનમાં એકસૂત્રતા રાખનારનું માનસિક આરોગ્ય સ્વસ્થ રહે છે. આજના યુગમાં અનેકવિધ તણાવો વચ્ચે માનસિક સંતુલન,વિચાર,વાણી અને વર્તનની એકતા તથા નિર્ભયતાના ગુણ જળવાઈ રહે, પરસ્પર દેવો ભવ,આત્મવત સર્વ ભૂતેષુનું મૂલ્ય પ્રસ્થાપિત થાય તો અભય અને માનસિક આરોગ્ય બંને વસ્તુ પ્રાપ્ત કરી શકાય છે. રંગ અવધૂતનામતે બુદ્ધિ એ વ્યક્તિના જીવન વિકાસનું અગત્યનું પરિબળ છે.ભક્તિએ બુદ્ધિ ઈશ્વરને અર્પણ કરવાની રીત છે અર્થાત સદાચાર માટે સત્કાર્યો માટે બુદ્ધિનો ઉપયોગ કરી બુદ્ધિ પ્રભુના કાર્યમાં વાપરવાની જરૂર છે. મન બુદ્ધિની શક્તિને શુદ્ધ કરવા મૂર્તિ પૂજા કે પ્રકૃતિ પૂજા સહારો પણ લઈ શકાય છે.

રંગ અવધૂત ઉમેરે છે કે એકબીજાના પોષક બનો શોષક નહીં. બોલો થોડું, કરો વધારે. માથું ઠંડું રાખો ગરમી હાથ પગમાં પ્રગટાવો. ખાઓ તો સ્વ મહેનતનું તથા વ્યક્તિએ પોતાને મળેલું કે મેળવેલું અન્ય માટે વાપરવાનું છે. બીજાના તારક બનવાનું છે. આર્થિક બળ ન હોય તો શારીરિક બળથી પણ માંદાની માવજત કરી શકાય. દુઃખીને દિલાસો આપી શકાય. પરસેવાની મહેનતથી કમાયેલા પૈસા જ મહત્વના છે,ભ્રષ્ટાચારનો પૈસો નિરર્થક છે. પરસેવાની કમાણીથી પકવેલ ધાન્યનો સ્વાદ અને આનંદ અનેરો હોય છે. સાથોસાથ આ પૈસાનું શ્રદ્ધાપૂર્વક દાન વ્યક્તિને સંતોષ આપે છે. ઈશકૃપાથી જે કંઈ આવી મળે તે બધામાં વહેંચીને ખાતા શીખો.વહેંચીને ખાવાથી સામાજિક વ્યવસ્થામાં સંતુલન લાવી શકાય છે. વ્યક્તિ વ્યક્તિ વચ્ચે ભાવ અને પ્રેમ વધે છે. સૌના કલ્યાણમાં જ વ્યક્તિનું કલ્યાણ નિહિત હોય છે.

**રંગ અવધૂતના સાહિત્યમાંથી નિષ્પન્ન થતો વ્યક્તિગત મૂલ્યનો અર્થ**

ઈશ્વર પરની શ્રદ્ધા અને આત્મવિશ્વાસથી વ્યક્તિનું કાર્ય સુખપૂર્વક સંપન્ન થાય છેઅને તેનું ઉચિત ફળ પ્રાપ્ત કરી શકાય છે.અભય દૈવી ગુણમાંનો એક મુખ્ય ગુણ છે કે જે મૂલ્ય કેળવવાથી માનસિક આરોગ્ય સ્વસ્થ રહે છે. જીવન વ્યવહાર માટે સ્વ મહેનત અર્જિત ધન કમાવું જોઈએ. તથા વ્યક્તિને પોતાને મળતી પ્રત્યેક વસ્તુ એણે વહેંચવી જોઈએ અને તેનું દાન કરવું જોઈએ.

**સમાપન**

દેવત્વની પ્રાપ્તિ તરફ દોરી જાય તે મૂલ્ય છે. યમ-નિયમોનું શ્રદ્ધાપૂર્વક આચરણ કરીને,ધર્મગ્રંથોનું શ્રવણ મનન ચિંતન અને નિદિધ્યાસન તથા નિષ્કામ કર્મ મનુષ્યને મૂલ્ય પ્રાપ્ત કરાવે છે. માનવતા,ભાવાત્મકતા અને ચારિત્ર્ય માનવજીવનને ઉર્ધ્વગામી બનાવે છે. વ્યક્તિ નિર્માણથી સમાજ નિર્માણ થાય છે. પરસ્પર દેવો ભવની ભાવના સમાજમાં દૈવી સંબંધો પ્રસ્થાપિત કરી શાંતિ આનંદ અને પ્રસન્નતાને સર્જે છે.બ્રહ્મચર્ય માનવ જીવનનું અગત્યનું આધ્યાત્મિક મૂલ્ય છે.વ્યક્તિ નિર્માણથી સમાજ નિર્માણ થઈ શકે જેથી વ્યક્તિએ સતત સ્વની સુધારણા કરવી જરૂરી છે. ચારિત્ર્ય અને માનવતા નૈતિક મૂલ્યના પોષક તત્વો છે. વ્યક્તિનું ધર્મ પ્રત્યેનું શ્રદ્ધાપૂર્વકનું આચરણ તેને પ્રભુ પ્રેમ અને નિજાનંદ તરફ પ્રેરે છે અને તે આધ્યાત્મિક મૂલ્યોનું કારણ બને છે .આધ્યાત્મિક મૂલ્યો અનેક જન્મ પછી સિદ્ધ થાય છે. જીવન વ્યવહાર માટે ધન કમાવું જોઈએ તથા વ્યક્તિએ પોતાને મળતી પ્રત્યેક વસ્તુ ખપપૂરતી રાખી બીજામાં વહેંચવી જોઈએ. સંગ્રહ વૃત્તિ ટાળવી સ્વસ્થ સમાજ માટે ખૂબ જરૂરી છે. ધાર્મિક મેળાવડાઓ લોકોમાં વ્યક્તિગત મૂલ્ય, સામાજિક મૂલ્ય અને

ત્યાગ એટલે માત્ર ગૃહત્યાગ નહીં એમ કહીને ત્યાગનો એક વિશેષ અર્થ શ્રીમદ્દ ભગવદ્દગીતા કરે છે. સંન્યાસીઓએ કર્મ છોડ્યા, એ ત્યાગ કહેવાયો પરંતુ શ્રીમદ્દ ભગવદ્દગીતા કહે છે : જે સત્વયુક્ત થઈને, સંશય રહિત થઈને કુશળ કર્મ કરે છે, છતાં કર્મફળને ત્યાગ કરીને તેમાં આસક્ત નથી થતો તે બુદ્ધિશાળી સાચો ત્યાગી છે. **"યઃ તુ કર્મફલ- ત્યાગી સ ત્યાગીતિ –અભિધિયતે ||"(૧૮-૧૧)** અર્થાત કર્મ નહીં, પરંતુ સર્વ કર્મફળની ઈચ્છાનો જે ત્યાગ કરે છે એ જ સાચો ત્યાગી છે. ત્યાગની આ અજોડ, અદ્દભુત વિભાવના છે. ત્યાગની આ વિભાવના પણ પ્રમુખસ્વામી મહારાજને સહજસિદ્ધ હતી. જનહિતે ઘરબહાર છોડીને એમણે જીવનભર લોક કલ્યાણના કર્મો કર્યા, કુશળતાથી કર્મયજ્ઞ કરતાં રહેવું અને એને નિષ્કામ ભક્તિયોગમાં પરિવર્તિત કરવાની એક આગવી ભક્તિકલા એમની પાસે હતી.

પ્રમુખસ્વામી મહારાજ તેમના સમગ્ર જીવનકાળ દરમ્યાન ત્યાગ-બલિદાનનું મૂલ્ય સમગ્ર સૃષ્ટિને સમજાવતા રહ્યા હતા. જે આવા વિરલ સંતના જીવનમાંથી આપણે પ્રેરણા લઈ આપણાં જીવનમાં પણ બલિદાનની ભાવના કેળવવી જોઈએ.

- **આર્જવમ (સરળતા, નિખાલસતા) નું મૂલ્ય :-**

આર્જવમ એટલે સરળતા, નિખાલસતા. બધા સાથે જેનો વ્યવહાર સરળ છે, જેનામાં કુટિલતાનો સર્વથા અભાવ છે, તે સરળ અને નિખાલસ મહાપુરુષ આર્જવમ અને સંતોષ ગુણના ધારક છે.

યોગીજી મહારાજ કહેતા : "જયાં-ત્યાં, જયારે-ત્યારે, જેવું-તેવું ચલાવી લેતાં શીખવું એ સંતોષ". સંતોષ અને સરળતા પ્રમુખસ્વામી મહારાજનો આજન્મ ગુણ હતો.

સ્વામીશ્રીની સરળતા એમના પરિચયમાં આવનાર કોઇને પણ સ્પર્શી જાય, પણ તેમાંય માણસ અંજાઇ જાય તેવું નહી ! એમની સરળતા એવી હતી કે ગરીબો, આદિવાસીઓ, ગામડાના ખેડૂતો, પીડીતો, શોષિતો સૌ કોઇ એમને મિત્ર બનાવી શક્તા. એક પ્રસંગ જોઇએ..

દક્ષિણ ગુજરાતના જાણીતા ઉદ્યોગપતિ સી.કે.પીઠાવાલાએ અનાયાસે જ લંડનમાં પોતાના મિત્ર હીરાભાઇના વીડીયો કેસેટ પર પહેલી જ વાર મહારાજ સંતના આશીર્વાદ સાંભળ્યા અને આકર્ષાયા. સુવર્ણતુલા જેવા પોતાના ભવ્ય સન્માનના પ્રતિભાવરૂપે પ્રવચન આપતાં સંતશ્રીના શબ્દોમાં જે સરળતા, પવિત્ર ભાવના હતી તે આ પહેલાં તેઓએ ક્યાંય અનુભવી ન હતી. સંતશ્રીના સરળ વ્યક્તિત્વનો ઘેરો પ્રભાવ તેમના જીવન પર છવાઇ ગયો અને સત્સંગનો રંગ લાગી ગયો.

વર્તમાન સમયમાં આપણે સંતશ્રીના વ્યક્તિત્વનો સરળતા, નિખાલસતાનો ગુણ કેળવવાની ખૂબ જ જરૂર છે.

- **ક્ષમાભાવનું મૂલ્ય :**

ક્ષમા એટલે બૂરું ઇચ્છવું, બૂરૂં કરવું, અપમાન કરવું, આઘાત આપવો, અપશબ્દ અને કઠોર શબ્દો કહેવા, નિંદા કરવી, ચાડી ખાવી વગેરે - એવા કોઇપણ પ્રકારનો દ્રોહ કરનાર વ્યક્તિ પ્રત્યે બદલો લેવાની વૃત્તિ ન રાખવી તેનું નામ ક્ષમા. પ્રમુખસ્વામી મહારાજ ક્ષમાના સર્વોચ્ચ શિખરે બિરાજમાન હતા. બાળપણથી જ એમની શાંત-ગંભીર પ્રકૃતિ સાથે

ક્ષમાશીલતા અવિચ્છિન્ન અંગ સાથે જોડાયેલી હતી. કોઇ તેમને વઢે કે મારે, પરંતુ મૂંગે મોં એ સહન કરી લેવાનું એમની પ્રકૃતિમાં બાળપણથી જ સહજ હતું.

વર્તમાન સમયમાં જોઇએ તો આજનો માનવી આધુનિક સમયની દોટમાં જીવતો માનવી પોતાનામાં રહેલ ક્ષમાભાવને જ જાણે ભૂલી ગયો છે ! આજે માનવીને કોઇ બીજી વ્યકિત કાંઇ પણ બોલે કે સંભળાવે તો તે સહન કરી શક્તો નથી અને સામે પ્રત્યુત્તર આપે છે. જેના કારણે માનવી-માનવી વચ્ચે સંઘર્ષ પેદા થાય છે. તો આપણે ભારતના મહાન સંત – પ્રમુખ સ્વામી મહારાજના વ્યક્તિત્વમાંથી પ્રેરણા લેવી જ રહી.

જો આપણે બીજા પ્રત્યે ક્ષમાભાવ આદરીશું , તો ક્યારેય પણ વ્યકિત-વ્યક્તિ વચ્ચે વેરભાવ થવાની સંભાવના જ નથી. આ વાતને આપણે ગળે ઉતારવી જ રહી.

- **ફલિતાર્થ :**

૧. સત્યપરાયણતાના મૂલ્યને જીવનમંત્ર બનાવવુ જોઈએ.

૨. પ્રમુખસ્વામી મહારાજના વ્યક્તિત્વમાંથી માનવીય મૂલ્યોને આપણા જીવનમાં ઉતારવા જોઇએ.

૩. વિરલ સંતના વ્યક્તિત્વમાં જોવા મળતા ક્ષમાભાવના, દયાભાવના, સત્યતાનું મૂલ્ય, સરળતા જેવા ગુણોનું આપણે પાલન કરવું જ જોઇએ.

- **ઉપસંહાર :**

અહીં શોધકે મહાન સંત પ્રમુખસ્વામી મહારાજ ના વ્યક્તિત્વમાં જોવા મળતાં વિવિધ માનવીય મૂલ્યોને ઉજાગર કરવાનો પ્રયત્ન કરેલ છે. જેઓ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના અધ્યક્ષ હતા. છતાં પણ તેમણે તેમના જીવનના દરેક મૂલ્યો માનવીય ગુણોને ઉજાગર કર્યા છે, અને સમગ્ર વિશ્વને એક દ્રષ્ટાંત પૂરું પાડ્યું છે. માટે, આપણે તો એક સામાન્ય માણસ છીએ, તો આપણે કેમ માનવીય મૂલ્યો અપનાવી નહીં શકીએ ?આપણે પણ પ્રમુખસ્વામી મહારાજના માનવીય મૂલ્યોને પોતાના જીવનમાં અપનાવીએ.

- **સંદર્ભ સૂચિ :**

સાધુ અક્ષરવત્સલદાસ,૨૦૦૭, "એવા સંતની બલિહારી જેના ગુણે રીઝ્યા ગિરધારી," સ્વામિનારાયણ અક્ષરપીઠ શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.

**Peer Reviewed Refereed Journal** **ISSN : 2278 – 5639**
**Global Online Electronic International Interdisciplinary Research Journal (GOEIIRJ)**
**{Bi-Monthly}** **Volume – XII** **Special Issue – IV** **October – 2023**

# ભારતીય દર્શનશાસ્ત્ર (હનુમાન ચાલીસા) માં નિરૂપણ થતા માનવીય મૂલ્યો

**Mali Jashoda Prabhuram**
*Trainee of B.Ed. College*
*Shrirang Shikshan Mahavidyalaya, Bilimora .*

*સારાંશ :-*

***માનવીય મૂલ્ય એ વ્યક્તિના વ્યક્તિત્વના ઘડતર નો પાયો છે. મૂલ્યો એ વ્યક્તિના ઘડતરમાં મદદરૂપ થાય છે. માનવીય મૂલ્ય દ્વારા જ માનવીની સિદ્ધિ નક્કી થતી હોય છે. હનુમાન ચાલીસા ના પદોમાં બહાદુરી, સમર્પણ, વિશ્વાસનીયતા, ઉત્સાહ, સાહસ જેવા કેટલાય માનવીય મૂલ્ય જોવા મળે છે. આજના માનવીમાં આ મૂલ્યો ની ઉણપ સર્જાય છે. માનવીય મૂલ્યના સથવારે દરેક વ્યક્તિ પોતાના જીવનના ઉચ્ચ ધયેયોને પ્રાપ્ત કરી શકે છે.***

**ચાવીરૂપશબ્દો:**-મૂલ્યો, સમર્પણ, બહાદૂરી, નિષ્ઠા, ઉત્સાહ

## ❖ પ્રસ્તાવના :-

માનવીય મૂલ્ય એ દરેક વ્યક્તિના રત્નો છે. માનવીય મૂલ્ય ને આધારે વ્યક્તિનું વર્તન, કાર્ય, કારકિર્દી, વ્યવસાય નક્કી થતો હોય છે. ભારતીય સાહિત્યના વાંચન અને શ્રવણ દ્વારા પણ આપણને માનવીય મૂલ્યો વિશે જાણવા મળે છે અને આ મૂલ્યો આપણા વ્યક્તિત્વના ઘડતરમાં મદદરૂપ થાય છે.

હનુમાન ચાલીસા એ ભક્તિની કલાતીત વિધિ છે. શ્રી હનુમાન ભગવાન રામની ભક્તિ માટે પ્રસિદ્ધ છે અને તેમને વિશ્વાસ, શરણાગતિ અને ભક્તિ નું મૂર્ત સ્વરૂપ માનવામાં આવે છે. હનુમાન ચાલીસા ની રચના સંત ગોસ્વામી તુલસીદાસ દ્વારા કરવામાં આવી હતી. તેમાં ચાલિસપદોછે, જે અવધિ ભાષામાં રચાયા છે.

હનુમાન ચાલીસા ના પદોમાં અનેક માનવીય મૂલ્ય જોવા મળે છે. જેમ કે સમર્પણ, ઉદારતા, પ્રેમ, સ્નેહ, બહાદુરી, ઉત્સાહ, જુસ્સો, સાહસિકતા, મિત્રતા,કાર્યનિષ્ઠા, સહયોગીતાવગેરે.માનવી આ મૂલ્યોજીવનમાં કેળવી પોતાના જીવનને શ્રેષ્ઠ બનાવી શકે છે.

## ❖ વિષયવસ્તુ :-

**શ્રીગુરૂ ચરણ સરોજ રજ નિજ મનુ મુકુરૂ સુધારિ |**
**બરનઉં રઘુબર બિમલ જસુ જો દાયકુ ફલ ચારિ ||**

હનુમાન ચાલીસા ના પ્રથમ દોહાથી જ માનવીય મૂલ્યો જોવા મળે છે. આ દોહામાં શિષ્યએ ગુરુપ્રત્યે ના સમર્પણનું મૂલ્ય બતાવાયું છે. ગુરુના ચરણોની ધૂળથી પોતાના મનને પવિત્ર કરવાનું કહેતા તેમાં શ્રેષ્ઠતા માટે ગુરુને પોતાને સમર્પણ કરી પોતાના મનને ગુરુના ચરણોની ધૂળ વડે પવિત્ર કરવાનું કહેતા તેમાં ગુરુને મહાન ગણાવી તેમને માન, આદર, સન્માન આપવાનું કહેવાયું છે. આ દોહામાં શિક્ષક પ્રત્યે વિદ્યાર્થીએ સમર્પણ અને નિષ્ઠાની ભાવનાથી તેમની પાસેથી જ્ઞાન મેળવવું જોઈએ તે દર્શાવવામાં આવે છે.

પોતાની જાતને જ્ઞાન વગરની સમજી શ્રી હનુમાનને સ્મરણ કરવાનું કહેતા તેમાં પોતે અહંકારની ભાવનાથી દૂર જવાનું અને શાણપણ વિના કૃતજ્ઞતાની ભાવના સાથે શ્રી હનુમાન પાસે બળ, બુદ્ધિ, વિદ્યા માંગી આપણી અંદર રહેલા વિકારોનું નાશ કરવાનું સૂચવ્યું છે. આ દોહામાં મુખ્યત્વે સમર્પણ, નિષ્ઠા અને સાદગીના મૂલ્યો જોવા મળે છે. એક વિદ્યાર્થી તરીકે જીવનમાં સમર્પણ, નિષ્ઠા અને સાદગી ના મૂલ્યો હોવા અનિવાર્ય છે. આ મૂલ્યોને પગથિયે તે જીવનના ધ્યેયોને પ્રાપ્ત કરી શકે છે.

**બિધાવાન ગુની અતિ ચાતુર, રામ કાજ કરિબે કો આતુર ||**
**પ્રભુ ચરિત્ર સુનિબે કો રસિયા, રામ લખન સીતા મન બસિયા||**

આ પદમાં શ્રી હનુમાનજી ના ગુણવાન, ચતુરાઈ, ઉત્સાહ, વફાદારી, કાર્યશ્રમ, સદાચાર, અમલીકરણ, સ્વનિયંત્રણ, જીજ્ઞાસુ, સહજતા, જુસ્સો, સન્માન જેવા મૂલ્યો પ્રદર્શિત થયા છે. શ્રી હનુમાનને ભગવાન રામનું ચરિત્ર સાંભળવામાં ઘણી આશક્તિ છે. તેવી જ રીતે એક વિદ્યાર્થીને જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ગુરુની વાણી સાંભળવાની આશક્તિ હોવી જોઈએ. શ્રી હનુમાનને જેમાં ભગવાન રામની છબી નથી તેવી વસ્તુ તેમના માટે નકામી છે. ભગવાન રામ અને માતા સીતા અયોધ્યામાં પાછા આવે છે, ત્યારે માતા સીતા હનુમાનજીની સેવા થી પ્રસન્ન થઈ તેમને મોતી ની માળા આપે છે. શ્રીહનુમાનજી મોતી ને તોડી તોડીને ફેંકે છે ત્યારે અયોધ્યાની સભા દ્વારા તેમને આમ કરવાનું કારણ પૂછવામાં આવે ત્યારે તેઓ જણાવે છે કે આ સંસારમાં જેમાં શ્રીરામની છવી નથી તે દરેક વસ્તુ મારા માટે નકામી છે. ત્યારે તેમને કહેવામાં આવે છે કે તમારી અંદર શું શ્રીરામની છવી છે? શ્રી હનુમાનજી તેમની છાતી ફાડી તેમના હ્રદય પર ભગવાન શ્રીરામ ની છબી બતાવે છે. આ ઘટના પરથી હનુમાનજીની બહાદુરી નિષ્ઠા,સમર્પણ, ભગવાન શ્રીરામ, માતા સીતા અને લક્ષ્મણ પ્રત્યેનો તેમનો આદર, સન્માન, વફાદારી, જેવા મૂલ્યો જોવા મળે છે. વિદ્યાર્થીઓ માટે જ્યાંથી જ્ઞાન પ્રાપ્ત ન થાય તેવી દરેક વસ્તુ તેમના માટે નકામી ગણાવી જોઈએ. એક શિક્ષક પ્રત્યે પૂર્ણ નિષ્ઠા, આદર, સન્માન, વફાદારી સાથે તેમની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ.

**સૂક્ષ્મ રૂપ ધરિ સિયહિં દિખાવા, બિકટ રૂપ ધરિ લંક જરાવા||**
**ભીમ રૂપ ધરિ અસુર સહારે, રામચંદ્રકેકાજ સવારે ||**

આ પદમાં હનુમાનજીની બહાદુરીનું ગુણ જોવા મળે છે. તેમણે નાનામાં નાનું રૂપ ધરી માતા સીતા ને શ્રીરામનો સંદેશો આપયો હતો. વિકરાળ અને મહાભયંકર રૂપ ધરી લંકાને બાળી, ત્યાંના રાક્ષસોનું સંહાર કર્યો હતો. આ પરથી શ્રી હનુમાન નું કાર્યનિષ્ઠ મૂલ્યજોવા મળે છે. આમ શ્રીરામ દ્વારા તેમને સોપાયેલ કાર્ય સિદ્ધ કર્યું હતું. આ પરથી તેમને કાર્યનિષ્ઠા અને સમર્પણ જેવા મૂલ્ય તેમનામાં જોવા મળે છે.દરેક માનવી પોતાના કાર્ય પ્રત્યે પૂર્ણ નિષ્ઠા દાખવી પોતાના કાર્યને શ્રેષ્ઠ બનાવી શકે છે. આમ જીવનના ઉચ્ચ ધ્યેયોને પ્રાપ્ત કરી જીવન ને શ્રેષ્ઠ બનાવી શકે છે.

**લાય સજીવન લખન જિયાયે, શ્રીરઘુબીર હરષિ ઉરલાયે ||**
**રઘુપતિ કીન્હી બહુત બડાઈ, તુમ મમ પ્રિય ભરતહિ સમ ભાઈ||**

આ પદમાં શ્રી હનુમાન દ્વારા અકલ્પનીય રીતે સંજીવની બૂટી લાવી લક્ષ્મણના પ્રાણ બચાવવામાં આવ્યા છે. તે ઘટનાનું સ્મરણ કરાવતા તેમનો જુસ્સો અને બહાદુરીના મૂલ્યો જોવા મળે છે. આ કાર્યને કારણે ભગવાન રામે શ્રી હનુમાનને માન, સ્નેહ, પ્રસંશા આપી અને હનુમાનજી ને તેમના ભાઈ ભરત જેટલોજ પ્રિય ગણાવી ભગવાન રામની ઉદારતા, સંભાળ, સ્નેહ જેવા મૂલ્યો બતાવવામાં આવ્યા છે. ઉદારતા, સંભાળ, બહાદુરી, જુસ્સો જેવા મૂલ્યો દરેક માનવીને તેની કારકિર્દીની ઘડવામાં ખૂબ મદદરૂપ થાય છે.દરેક માનવીએ પોતાના હાથ નીચે કામ કરતા માણસોને સહકાર, સંભાળ, પ્રેમ, ઉદારતા જેવા મુલ્યો વડે પોતાનાં વ્યવસાય માં પ્રગતિ કરી શકે છે.

**તુમ ઉપકાર સુગ્રીવહિ કિન્હા, રામ મિલાયે રાજ પદ દિન્હા ||**
**તુમ્હારો મંત્ર બિભીષન માના, લંકએસ્વ ભએ સબ જગ જાના ||**

આ પદમાં મિત્રતા, સહકાર, ઉદારતા, વિશ્વાસ જેવા મૂલ્યો જોવા મળે છે સુગ્રીવના મિત્ર શ્રી હનુમાનજીએ તેમની સહાયતા માટે ભગવાન શ્રીરામ પાસે મદદ માંગે છે ત્યારે ભગવાન શ્રીરામ સહજ પણ અચકાયા વગર તેમને મદદ કરવા તૈયાર થાય છે. આમ, ભગવાન રામની ઉદારતા શ્રી હનુમાનની સુગ્રીવ સાથેની મિત્રતા, સહાયતા જેવા મૂલ્યો જોવા મળે છે. વિશ્વાસ નું મૂલ્ય પણ જોવા મળે છે. રાવણનો ભાઈ બિભીષન જે શ્રી હનુમાન ની વાત માની ભગવાન

શ્રીરામના શરણમાં જાય છે. આમ, બિભીષન જે શ્રી હનુમાન અને ભગવાન શ્રીરામ પર અતૂટ વિશ્વાસ રાખે છે તે જોઈ શકાય છે. આપણે વિશ્વાસ જેવા મૂલ્યોમાં ક્યાં કાચા પડીએ છીએ તે વિશે ધ્યાન આપવું જોઈએ. દરેક માનવીએ મિત્રતામાં અટૂત વિશ્વાસ અને મિત્રને સહાયરૂપ થવા જેવા મૂલ્યો કેળવવા જોઈએ.

**જુગ સહસ્ત્ર જોજન પર ભાનૂ, લીલ્યો તાહિ મધુર ફલ જાનૂ ||**

આ પદમાં શ્રી હનુમાનજીના બાળપણની રમુજી, ઉત્સાહિત, નાદાની જેવા મૂલ્યો જોવા મળે છે. જે સૂર્યને ફળ સમજી ગ્રહણ કરવા માટે સૂર્યથી પૃથ્વી સુધીનું અંતર કાપે છે. આ પદમાં તેમના સાહસ નું મૂલ્ય સ્પષ્ટ પણે જોઈ શકાય છે. હાલના સમયમાં બાળકોની સાહસ કરવાની પ્રેરણા પણ દાખવે છે. આ પદમાં સંત તુલસીદાસ દ્વારા જે સચોટ રીતે સૂર્યથી પૃથ્વીનું અંતર બતાવવામાં આવ્યું છે તે પરથી હનુમાન ચાલીસા નું વૈજ્ઞાનિક મૂલ્ય પણ ધરાવે છે.

હનુમાન ચાલીસા માં આપણને સાહસ, બહાદુરી, સમર્પણ, શ્રદ્ધા, નિષ્ઠા, પ્રેમ, વિશ્વાસ, મિત્રતા, સહકાર વગેરે જેવા અનેક માનવીય મૂલ્ય ઉદાહરણ સહિત જોવા મળે છે. હનુમાન ચાલીસા એ વિજ્ઞાનિક મૂલ્ય ધરાવતું સંત તુલસીદાસ દ્વારા રચિત ચાલીસ પદોની રચના છે.

❖ **તારણો :-**

➢ બહાદુરી, સમર્પણ, વિશ્વાસ, કાર્યનિષ્ઠા, જુસ્સો, ઉત્સાહ, સાહસ, મિત્રતા જેવાઅનેક મૂલ્યો આપણને શ્રીહનુમાન જીનાજીવન માંથીશીખવામળે છે.

➢ પ્રેમ, ઉદારતા, સહકાર, વિશ્વસનીયતા, પરોપકારજે વામૂલ્યોઆપણને ભગવાન શ્રીરામના જીવન દર્શન દ્વાર હનુમાન ચાલીસા માંથી શીખવા મળે છે.

➢ અતૂટ વિશ્વાસનિયતા અને સમર્પણ નુંમૂલ્યબિ ભીષનના જીવન માંથીશીખવામળે છે.

❖ **ફલિતાર્થ :-**

વિદ્યાર્થીના જીવનમાં સમર્પણ, બહાદુરી, વિશ્વાસનીયતા, કાર્યનિષ્ઠા, મિત્રતા જેવા મૂલ્યો ખૂબ મહત્વનું સ્થાન ધરાવે છે, આ મૂલ્યો ને આધારે વિદ્યાર્થી તેને જીવનના અનેક ધ્યેયોની પ્રાપ્તિ કરી તેના જીવનને શ્રેષ્ઠ બનાવી શકે છે.દરેક માનવીના જીવનમાં પ્રેમ, ઉદારતા, પરોપકાર, સહાયતા, જેવા મૂલ્યો પરથી માણસની શ્રેષ્ઠતા જાણી શકાય છે. સારા મિત્ર તરીકે વિશ્વાસનિયતા, સહકાર, મિત્રતા, પરોપકાર જેવા મૂલ્ય હોવા ખૂબ જરૂરી બને છે.

❖ **ઉપસંહાર:-**

હનુમાન ચાલીસા ના દરેક પદમાં આપણને અનેક માનવીય મૂલ્યો જોવા મળે છે. આ મૂલ્યો દ્વારા માનવી પોતાના જીવનને શ્રેષ્ઠ બનાવી શકે છે. માનવીય મૂલ્ય એ વ્યક્તિના જીવનના અમૂલ્ય આભૂષણો છે. મૂલ્યોના આભૂષણોથી સુશોભિત માનવી શ્રેષ્ઠ માનવી તરીકેનું ઉદાહરણ પૂરું પાડે છે. જે હનુમાન ચાલીસા ના પદોમાં આપણે સ્પષ્ટ પણે જોઈ શકીએ છીએ.

❖ **સંદર્ભ :-**

સંતતુલસીદાસ, શ્રીહનુમાન ચાલીસા, ગીતાપ્રેસ, ગોરખપુર - ૨૭૩૦૦૫
https://gujjucafe.com/hanuman-chalisa-with-gujarati-meaning/
https://swaminarayanworld.net/en/node/1325
https://www.artofliving.org/in-en/hanuman/hanuman-chalisa-lyrics-meaning
https://www.scienceofpeople.com/core-values/

**Peer Reviewed Refereed Journal** **ISSN : 2278 – 5639**
**Global Online Electronic International Interdisciplinary Research Journal (GOEIIRJ)**
**{Bi-Monthly} Volume – XII Special Issue – IV October – 2023**

# પંચતંત્રમાં માનવીય મૂલ્યો

**Jeel Jayantilal Prajapati**
*Trainee of B. Ed. College*
*Shrirang Shikshan Mahavidyalay,Bilimora.*

***સારાંશ:-***

*આપણે અહીં પંચતંત્રની વિવિધ કથાઓને આધારે સારૂં કે નરશુ તથા યોગ્ય કે અયોગ્ય કર્મ કોને કહેવાય તથા, હકારાત્મક મૂલ્યો અને નકારાત્મક મૂલ્યોની ઓળખ તથા માનવ વર્તન પરથી તે સારી રીતે જાણી શકાય છે. જો વ્યક્તિનું સારૂં વર્તન હોય તો પ્રસન્નતા તરફ દોરી જાય છે, અને ખરાબ વર્તન હોય તો દુ:ખના ભાવો ઉભા થાય છે.અર્થાત પંચતંત્રના કથા પાત્રો માનવ જેવું જ વિચારે છે કે વર્તન કરે છે. આથી આ વિવિધ પાત્રો વચ્ચે કેવો સંઘર્ષ થાય છે તથા તે સંઘર્ષના પરિણામ કેવા આવતા હોય છે તેનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરીને સંઘર્ષ સર્જાતિ વિવિધ સમસ્યાઓ તેમાં પણ નૈતિક મૂલ્યોને ખાસ લગતી સમસ્યાઓ અને તેના ઉકેલને અહીં શોધવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. અહીં વાર્તા ના પાત્રો એ માત્ર એ એક માધ્યમ છે જેના દ્વારા માનવજીવન ઉત્તમ લક્ષ્ય શું છે તથા નૈતિક ચરિત્ર કોને કહેવાય તથા તેનું નિર્માણ કઈ રીતે કરી શકાય તેનો અભ્યાસ કરવા માટે નું જરૂરી મૂલ્ય મળી રહે છે.*

**Key words:-** ક્રોધ, લાલચ, સ્વભાવ, કપટ

**પ્રસ્તાવના:-**

પંચતંત્રની વાર્તાઓ ના વિભાગોને સાથે સાંકળના તત્વો છે "કથા મુખ" છે. જેમાં પાત્રની પણ ઘણી જ બધી વિવિધતા જોવા મળી છે. જેટલી કથાઓ છે તે બધી જ કથાઓ રસપ્રદ છે. આ પંચતંત્રની કથામાં બોધ જન્યો બધી જ કથાઓમાં કોના મુખમાં કયો બોધ છે તેમ જ કહ્યું પાત્ર ભય અનુભવે છે કોણ રાજા છે તથા કોણ સેવક છે આ બધા જ પાત્રો પોતાના પાત્રને ટકાવી રાખવા માટેના પ્રયત્નો કરે છે. તેમજ પંચતંત્રની વાર્તાઓમાં ત્રણ પ્રકારના દુઃખની વાત કરી છે. જે નીચે પ્રમાણે છે.

**આધ્યાત્મિક** :- એટલે કે પોતાના આંતરિક કારણોને લીધે ઉપજતા દુઃખો.

**આધિભૌતિક:-** એટલે કે બીજા કોઈના વર્તન કે વાતોથી લાગતું દુખ.

**આધિદૈવિક**:- એટલે કે કોઈ કારણસર થતું દુખ દા.ત ભૂખ, તરસ

આપણે આ પ્રકારના દુઃખો મૂલ્યોના એક વિચારને કેન્દ્ર સાથે રાખીને પંચતંત્રમાં જોવા મળતા વિવિધ કથા પાત્રો કે જે મોટાભાગે માનવ પાત્રો નથી હોતા તેમ છતાં માનવ વાણી જ બોલતા હોય તેવું લાગે છે. તેમજ પ્રાણીઓ તેના જીવનમાં કઈ રીતે સંઘર્ષ કરતા હોય છે તે જાણીએ તો તેના પરથી માનવ સમાજમાં માનવીયે કેવા પ્રકારની પરિસ્થિતિમાં કેવા સંઘર્ષ કરવા પડે છે તેનો ખ્યાલ આવતો હોય છે. તેમજ માનવી પોતાના સામાજીક વર્ગો વચ્ચેના સંઘર્ષ જેમ કે જૂથ વચ્ચેનો સંઘર્ષ, તેમાં આવતી નકારાત્મક લાગણીની અસર એટલે કે માનવી પર તેના સંઘર્ષની સારી કે ખરાબ અસર કઈ રીતે થઈ શકે તે જાણી શકાય છે. આપણે પંચતંત્રની વિવિધ વિભાગો જોવા મળતી કથાઓ કયા કયા પાત્રો વચ્ચે કઈ પરિસ્થિતિમાં સંઘર્ષ સર્જાય છે તેને આપણે વિભાગો દ્વારા જાણવાનો પ્રયત્ન કર્યો છે.

**વિષયવસ્તુ:-**

**૧. સાપની કપત વિદ્યા વાર્તા:- (કપટ)**

આ પંચતંત્રની વાર્તા પરથી કપટ ના ભાવની વાત કરવામાં આવી છે. આજકાલના જમાનામાં કોઈપણ વ્યક્તિ ઉપર જલ્દીથી વિશ્વાસ કરો એ સત્ય નથી કારણ કે આ યુગ એ સ્પર્ધાત્મક યુગ છે. બધા જ માનવી અવલ બનવા અને વધુ પૈસા દર બનવા માંગે છે. એટલે કે માનવીનો સ્વભાવ લાલચથી ભરેલો હોય છે. માનવી પોતે પ્રસિદ્ધ થવા અને ઊંચો અધિકારી બનવા કે મેળવવા માટે છલ,કપટ કરે છે જેનાથી તે પોતાના અહમને સંતોષે છે. હવે ના વ્યક્તિએ ભૂલી ગયો છે કે એક જૂથ શું છે તે જૂથમાં કેવું કામ થાય છે જૂથનું મૂલ્ય શું છે. આ બધી જ બાબતે જાણતો નથી બસ તે

પોતાની પ્રસિદ્ધિ અને પોતાના વ્યક્તિગત સમસ્યાને વધુ મહત્વ આપતો થઈ ગયો છે સ્વાર્થીપણાનો ભાવ લાલચ ઈર્ષા ક્રોધ આ બધી તામશિક કારણોને અસર ને કારણે માનવી કપટી બનતો જાય છે.

૨. ભરાંડ પક્ષીની વાર્તા:- (ક્રોધ)

પંચતંત્રની વાર્તા ભારંડ પક્ષી વાર્તા દ્વારા ક્રોધ દ્વારા થયેલા પક્ષીના મૃત્યુ ની વાત કરવામાં આવી છે. આ વાર્તામાં ક્રોધ દ્વારા થતા નુકસાન વિશે વાત થઈ છે આ જ પ્રમાણે માની કોઈક વસ્તુ કે કોઈક નિષ્ફળતાથી ક્રોધિત થાય છે. તે ક્રોધમાં પોતાનો આપો ખોવાઈ ગઈ છે. ક્રોધ કરતી વખતે મામી પોતાની સમજશક્તિ ગુમાવી દેય છે. જેના કારણે તે પોતાની આસપાસ તે નકારાત્મક ભાવના અનુભવે છે અને તેનું મન ચંચળ બની જાય છે તેની વિચાર ક્ષમતા ક્રોધના કારણે નકારાત્મક બનતી જાય છે જેના કારણે તે કોઈપણ સારા વિચારો તે અનુભવતો નથી તેના કારણે તે પોતાના સંબંધો સમાજ સાથેના સંબંધો કે તેનું કાર્ય અસફળ થઈ જાય છે અને આ બધી જ વસ્તુઓના અંતમાં તેને પોતાને નુકસાન થાય છે. કારણ કે તે ગુસ્સામાં તેને સારા નશા કામો કે વાતોની સમજ હોતી નથી બસ તે બદલાની ભાવના રાખે છે અને અંતે પોતાની નુકસાનના કારક કાર્ય કરી બેસે છે.

૩. મંદસપિણી જૂની વાર્તા:- (સ્વભાવ)

માનવીની પોતાની પહેલી ઓળખ તેનો સ્વભાવ હોય છે. માની નો સ્વભાવ તે વ્યક્તિના વર્તન ચલણ અને કાર્યની ઓળખ બતાવતું હોય છે. જગતમાં બધા જ માનવીનો એક જેવો વિચાર કે એક સરખો સ્વભાવ હોતો નથી વ્યક્તિગત રીતે બધા જ માનવી કોઈને કોઈક રીતે પોતાના સ્વભાવથી વર્તનથી જુદા પડતા જ હોય છે. માનવી પોતાના સ્વભાવમાં નમ્રતા ધરાવતો હોય તો તે માનવીની નમ્રતાપૂર્વક કાર્ય કરતો હોય છે, અને ચોક્કસ પ્રમાણમાં યોગ્યતા ધરાવતો હોય છે. તે જ પ્રમાણે માનવીના સ્વભાવ ચંચળ ક્રોધ હતાશા પ્રસંતા આ બધા જ સ્વભાવ તેના કાર્ય વિચાર અને તેની લાગણીઓ ઉપર તેની અસર થતી જોવા મળે છે. કોઇ પણ માનવી તેના સ્વભાવને કારણે તે પોતાના સામાજિક સંબંધ કે પોતાની આસપાસના વાતાવરણને નકારાત્મક કયાતો સકારાત્મક બનાવી શકે છે. માનવીનો સ્વભાવજ તેને ઓળખ આપતો હોય છે.

૪. ટીટોડાની વાર્તા:- (અભિમાન)

અભિમાન એક એવો સ્વભાવ છે જેના દ્વારા માની પોતાના સર્વોપરી સ્વ શક્તિ પોતાની જાતને ઉંચો ગણે છે,અને તેને એના કરતા બીજા બધા નીચા એટલે કે તું જ લાગે છે. પરંતુ આ બધું જ શું વ્યક્તિના સ્વભાવ ને સારો બનાવે છે અભિમાનમાં માની પોતાની જાતને સર્વ પરિમાને છે અને તે બધું જ કરવા માટે સક્ષમ છે એ માની લે છે તે કોઈપણ કાર્ય કરી શકે એવું તેને લાગે છે.પોતાને શક્તિશાળી માને છે, પરંતુ આ અભિમાન માનવી પોતાની નુકસાન પહોંચાડે છે . માનવી અભિમાનમાં આવીને એ પોતાની જાતને ઉચ્ચ અને સર્વોચ્ચ માનીને જે સારા કામો તરફ કરતા નરસાકામાં કરવા લાગી જાય છે અને પોતાને શ્રેષ્ઠ વ્યક્તિનો દરજ્જો આપે છે અંતમાં જ્યારે તેના આ અભિમાન તૂટે છે ત્યારે તે પોતાના બ્રહ્મ માંથી પડી ભાંગે છે અને તેનું જીવન નિરંથક બની જાય છે.

૫. શેયચલ્લી બહ્મણની વાર્તા :- (લોભ)

આજના યુગમાં વ્યક્તિઓ એકબીજાના દેખાદેખી થી વધુ ચાલતા હોય છે. માનવી વધુ પૈસા કે ધન પામવાની તેઓ ખોટા રસ્તે કે ખોટા વિચારને માન્ય આપતા થઈ જાય છે અને તેઓ લાલચમાં પોતાની જાતને વાસ્તવિકતા થી દૂર કરીને ભવિષ્યની ચિંતા કરી ને તેઓ ધન દોલત કમાવા આડા રસ્તે કમાવા જાય છે. લોભ ના કારણે માની બીજા માનવીને દુઃખ પણ પહોંચાડતો હોય છે પરંતુ તેણે આપેલું દુઃખ તેના કર્મોમાં સમાય છે અને તે કર્મ તેને આગળ જતા ભારે પડે છે. લાલચ લાલચમાં આજકાલના માંડી પોતાની જરૂરિયાતની સંતોષી પૂરી કરી શકતો જ નથી બસ તે જેટલું મળે છે તેનાથી વધુ મેળવવાની લાલચ રાખતો હોય છે. પરંતુ આ લોક કે લાલચ એ માનવીને છોડ કઠોળ અને તેના સ્વભાવને બદલીને સ્વાર્થી બનાવવાની દિશામાં દોરી જાય છે અને તેને કાર્ય દ્વારા તે પોતાના અહમને સંતોષ તો હોય છે.

**તારણો:-**

- સ્વાર્થીપણાનો ભાવ લાલચ ઈર્ષા ક્રોધ આ બધી તામશિક કારણોને અસર ને કારણે માનવી કપટી બનતો જાય છે.
- માનવી ગુસ્સામાં તેને સારા નશા કામો કે વાતોની સમજ હોતી નથી બસ તે બદલાની ભાવના રાખે છે અને અંતે પોતાની નુકસાનના કારક કાર્ય કરી બેસે છે.
- માનવીનો સ્વભાવજ તેને ઓળખ આપતો હોય છે.
- સારા વિચારો અને સારા મૂલ્યો વિકસાવતા માંગી પોતાના જીવનમાં સફળ અને શ્રેષ્ઠ વ્યક્તિનો દરજ્જો મેળવી શકે છે.
- વધુ ધન સંપતિ કે વસ્તુને મળે છે તેના કરતાં વધુ મેળવવાની ઈચ્છા રાખનાર માનવીને લોભી કહેવાય છે.

**ઉપસંહાર:-**

પંચતંત્રની વાર્તાઓ ભલે નાની હોય પણ ખૂબ જ રસપ્રદ હોય છે તેઓ જીવનમાં ક્યાંક ને ક્યાંક ઉપયોગી બની પડે છે. પંચતંત્રની આ મૂલ્યોની વાર્તાઓ બાળકોમા મૂલ્યનો બીજ વાવી શકે છે. માનવીના રોજિંદા જીવનમાં થતા બનાવો કે સંઘર્ષ નું મૂલ્ય બતાવવામાં આવે છે જીવન મા આજનો સમાજ માનસિક તણાવ અને હિંસા અંધકારમાં જઈ રહ્યો છે, ત્યારે આ પંચતંત્રની વાતો દ્વારા તે પ્રાણીઓના પાત્રોથી ઘડાયેલા કથાઓના વાંચન રીતે થોડા સમય માટે પ્રસન્નતા અને તેમાંથી મળતા બોર્ડને પોતાના દૈનિક જીવન માં અમલમાં મૂકે તો તેના જીવન મા પરિવર્તન પણ આવે છે આમ પંચતંત્રની કથા દ્વારા અભ્યાસક્રમ પણ રસપ્રદ અને બોધમય બનાવી શકાય છે. જેના દ્વારા વિદ્યાર્થીઓને માનવીય મૂલ્યો ની સમજણ નું જ્ઞાન પ્રાપ્ત કરાવી શકાય. આજના યુગમાં મૂલ્ય ભૂલતા જાય છે એટલે તેની જાળવણી કરવી ખૂબ જરૂર છે.

**સંદર્ભસૂચિ:-**

પટેલ વિનુભાઈ એ (૨૦૧૨) “પંચતંત્રની વાર્તાઓ” એમ.એમ. સાહિત્ય પ્રકાશન,આણંદ.
https://amarkathao.in/panchtantra-ni-varta-in-gujarati-pdf/
https://www.britannica.com/topic/Panchatantra-Indian-literature
https://gu.m.wikipedia.org/w/index.php?title=Patrick_Olivelle&action=edit&redlink=1

**Peer Reviewed Refereed Journal** **ISSN : 2278 – 5639**
**Global Online Electronic International Interdisciplinary Research Journal (GOEIIRJ)**
**{Bi-Monthly} Volume – XII Special Issue – IV October – 2023**

# વિવેકાનંદનોશૈક્ષણિક વિચારઅનેઆજનાસમયનું શૈક્ષણિક સિસ્ટમ

**Patel Jinalben Chhaganbhai**
*તાલીમાર્થી*
*શ્રીરંગશિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા*

***સારાંશ:***

*સ્વામીવિવેકાનંદ કહે છે,"અમેતેશિક્ષણ ઈચ્છીએ છીએ જે ચારિત્ર્યથીમનની રચનાથાય છે. બુદ્ધિ વધે છે, અને વ્યક્તિપોતાના પગ પર ઉભો રહી શકે છે. શિક્ષણ નો હેતુ આત્મસાત કરવાનું જ નથી, પરંતુ માનવ મૂલ્યનો છે. તેથી જ* ***માનવ મૂલ્ય સાથે વ્યવહાર કરતા મૂલ્યો આધારિત શિક્ષણને ફરીથી ઉજાગર કરવાની જરૂર છે. સ્વામી વિવેકાનંદના શૈક્ષણિક વિચારને ગ્રહણ કરી ખૂબ જ સારી રીતે વ્યક્તિ પોતાના જીવનને સફળ બનાવી શકે છે. આપણે જાણીએ છીએ, તે માત્ર એક સમાજ સુધારક જ નહીં પણ કેળવણીકાર પણ હતા આધુનિક ભારતના જાગૃતિમાં તેમનું*** *યોગદાનવિવેચનાત્મક છે.****આપણે તેના યોગદાન પરથી જાણી શકીએ છીએ કે, જો શિક્ષણને સામાજિક પરિવર્તનના સૌથી શક્તિશાળી સાધન તરીકે જોવામાં આવે તો શિક્ષણને સાર્થક બનાવી શકીએ.***

**ચાવીરૂપશબ્દો :** વિવેકાનંદના શૈક્ષણિક વિચારો, વિવેકાનંદ અનુસાર શિક્ષણના ઉદ્દેશ, આજનું શિક્ષણ, શિક્ષણ સુધારણાનો વિચાર.

**પ્રસ્તાવના :**

સ્વામી વિવેકાનંદ નો જન્મ સન ૧૮૬૩ માં કલકત્તા ખાતે ભદ્ર કાપ્સ્થ પરિવારમાં થયો હતો. પ્રાચીન ભારતના શિક્ષણ એ માનવતાની એકતા અને સંવાદિતા સ્થાપિત કરી, જ્યારે વર્તમાન સમયમાં શિક્ષણનો હેતુ માત્ર વિદ્યાર્થીઓને ડોક્ટર, વકીલ, અથવા એન્જિનિયર બનાવવા માટે ઉચ્ચ ગુણ મેળવવાનો છે. અથવા અન્ય વ્યવસાય માટે વધુ પૈસા કમાવાનો છે. હાલના સંજોગોમાં જ્યાં આપણે રહીએ છીએ, તે સમાજ પોતાના ભૌતિક લાભો અને નફાને સૌથી વધુ મહત્વ આપે છે. વિજ્ઞાન અને ટેકનોલોજી ના આ યુગમાં નૈતિકતા સિવાયની બધી જ વસ્તુઓ શિખરે પહોંચી ગઈ છે. અને માનવીય મૂલ્યો ભૂગર્ભમાં ગયા છે. માનવ અસ્તિત્વ અને તેનું ભવિષ્ય નિરાશા જનક અને અંધકારમય લાગે છે. શિક્ષણને ત્યારે જ સિદ્ધ થયેલું કહી શકાય જ્યારે તે રાષ્ટ્ર પ્રત્યેનો પ્રેમ, પરંપરા, સંસ્કૃતિ, સામાજિકતા, નૈતિકતા વગેરે જેવા અનેક ઉચ્ચ મૂલ્યોનું જ્ઞાન જીવનમાં માત્ર સમજે નહીં, પરંતુ જીવનમાં જીવી બતાવે.

**અભ્યાસનાઉદ્દેશો:**

1. સ્વામી વિવેકાનંદના શૈક્ષણિક વિચારો અને તેમના અર્થોને સમજવા.
2. મનુષ્ય માટે ખાસ કરીને વિદ્યાર્થી માટે વિવેકાનંદ ના શૈક્ષણિક વિચારની આવશ્યકતા શોધવા.
3. વિવેકાનંદનાશૈક્ષણિકવિચારના પરિબળો શોધવા જે મૂલ્ય શિક્ષણના નિર્માણમાં મદદ કરે છે.

**સ્વામીવિવેકાનંદનાશૈક્ષણિક વિચાર :**

વિવેકાનંદએકમહાનશિક્ષકઅને મહાનશિક્ષણવિદપણહતા. તેમના મતે શિક્ષણ એજ્ઞાન, તથ્યો નહીં પરંતુ મૂલ્યોનું છે. મનુષ્ય સતત ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ રહે છે. જેમાં શાંતિ, સુખ, સમૃદ્ધિ અને પૂર્ણતાની અનુભૂતિ. સ્વામી વિવેકાનંદે સમજાવ્યું છે કે, માણસને અને રાષ્ટ્રને મહાન બનાવવા માટે ત્રણ બાબત જરૂરી છે.

1. ભલાઈનીશક્તિઓનીપ્રતીતિ
2. ઈર્ષ્યા અને શંકાની ગેરહાજરી
3. જેઓસારાબનવાનો પ્રયાસ કરી રહ્યા છે તેઓને મદદ કરવી

તેમના માટે શિક્ષણ સતત ચાલતી પ્રક્રિયા છે. જે જીવનના બધા જ પાસાઓને આવરી લે છે. સ્વામી વિવેકાનંદની શૈક્ષણિક ફીલસુફી તેમના સામાન્ય જીવન પર આધારિત છે.તેઓવેદાંતવાદીશિક્ષણવિદહતા. તેમણે અદ્વૈટવાદમાંવિશ્વાસ દર્શાવ્યો છે. તેમણે અનંત અને નિરાકાર, અનંત અસ્તિત્વ અનંત જ્ઞાન અને અનંત આનંદને સમજાવ્યું છે.

તેમણે કહ્યું છે કે, જીવોની સેવા દ્વારા ભગવાનનું સાક્ષાત્કાર કરી શકાય છે. " જીવોની સેવા એટલે ભગવાનની સેવા." તેમને વર્તમાન શિક્ષણ પ્રણાલીની ટીકા કરી છે. તેમને માનવ નિર્માણ શિક્ષણની હિમાયત કરી હતી. તેમણે કહ્યું છે કે, વ્યક્તિ જ્ઞાન શોધે છે. પરંતુ તે જ્ઞાન વ્યક્તિમાં છે જ તેને જેને જરૂર છે. જેને ઓળખવાની અને પોતાના જાતને સમજવાની જરૂર છે. તેમના મતે શિક્ષણ એ આંતરિક આત્માની શોધ છે. માત્ર માહિતીનો જથ્થો એ શિક્ષણ નથી. પરંતુ શ્રેષ્ઠ જીવનનું નિર્માણ એ શિક્ષણ છે. તેઓ કહે છે કે શિક્ષણમાં બધી જ તાલીમ માનવ નિર્માણની હોવી જોઈએ. તેઓ નૈતિક શિક્ષણ અને ચારિત્ર નિર્માણનાશિક્ષણ પર ભાર મૂકે છે.તેઓવ્યક્તિનાબૌદ્ધિક, શારીરિક, સામાજિક, માનસિક, નૈતિક, સૌંદર્ય લક્ષી જેવી અનેક બાજુઓથી શિક્ષણને જુએ છે. તેઓ જૂના ગુરૂકુળને પુનર્જીવિત કરવા માંગતા હતા. તેઓ આંતરિક જ્ઞાનની શોધ પર ભાર મૂકે છે.

**વિવેકાનંદ અનુસાર શિક્ષણના ઉદ્દેશો :-**

- **પૂર્ણતાસુધી પહોંચવું**

શિક્ષણનો ઉદ્દેશ્ય માણસમાં પહેલેથી જ વ્યાપક પૂર્ણતા પ્રાપ્ત કરવાનો છે. માનવીના જે જ્ઞાન પહેલેથી જ અજ્ઞાનના પડદામાં ધોકાયેલું છે, જેને શિક્ષણ દ્વારા બહાર લાવી શકાય છે

- **આત્મવિશ્વાસ બનાવવો**

વ્યક્તિમાં ઘણા બધા ગુણો રહેલા છે. જેને શિક્ષણ દ્વારા બહાર લાવવું,તેઓકહે છે કે, ઉઠો જાગો અને જ્યાં સુધી તમારું જીવનનું લક્ષ્ય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી રોકાશો નહીં.

- **વિવિધતામાં એકતા**

વ્યક્તિએ પોતાના આંતરદ્રષ્ટિનો વિકાસ કરવો જોઈએ. અને "વસુદેવ કુટુંબકમ" ભાવના થકી વિવિધતામાં એકતાનો અહેસાસ કરવો જોઈએ.

- **નૈતિક આધ્યાત્મિક વિકાસ**

કોઈપણ રાષ્ટ્રની મહાનતા તેના સંસદીય પ્રવૃત્તિઓ દ્વારા મપાતી નથી. પરંતુ તે રાષ્ટ્રના નાગરિકોની મહાનતા દ્વારા આપી શકાય છે. માટે નૈતિક અને આધ્યાત્મિક શિક્ષણને મહત્વ આપવું જોઈએ.

**આજનો શિક્ષણ:-**

આજે વિશ્વ અનેક બાજુએથી ભારે કટોકટીનું સામનો કરી રહ્યું છે. ગુનાઓ, સંઘર્ષ, ભૂખમરો,બેરોજગારી, ગરીબી, પર્યાવરણનું પ્રદૂષણ, આતંકવાદ, વગેરે, આ બધું શાંતિ માટે ગંભીર ખતરો છે. વિવેકાનંદનાસમયમાં સર્જાયેલી કટોકટી કરતા વર્તમાન સમયની કટોકટી મોટી છે. આજનો શિક્ષણ આપણને ભૌતિકવાદની દિશામાં ભટકાવે છે. જે લોકોના વિભાજનનું કારણ બને છે. આધુનિક ભૌતિકવાદીસમાજમાં મૂલ્યનો કોઈ યોગ્ય સ્થાન નથી. શિક્ષણમાં પણ રાજકીય વ્યવસ્થા પક્ષ જોવા મળે છે. આપણી ન્યાયિક વ્યવસ્થામાં "બધા સમાન છે.પરંતુ કેટલાક વધુ સમાન." અન્ય પ્રણાલીની જેમ આપણી શૈક્ષણિક પ્રણાલી પણ નૈતિકતા અને મૂલ્યોથી વિચલિત છે. આપણી પાસે સ્વતંત્રતા અને પહેલ માટે ઓછો અવકાશ છે. શિક્ષણનો હેતુ વ્યવસાયિક કોલેજોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો અને તેઓને ફક્ત વિષય જ શીખવાનો નહીં પરંતુ, વાસ્તવિક મૂલ્યનું હોવું જોઈએ.

**સ્વામી વિવેકાનંદનાશિક્ષણ અંગેના તારણો**

1. જો લોકોને મદદ કરવાનું શીખવવામાં ન આવે તો વિશ્વની તમામ સંપત્તિ એક નાનકડા ભારતીય ગામનેમદદ કરી શકે નહીં. આટલું કાર્ય મુખ્યત્વે શૈક્ષણિક નૈતિક અને બૌદ્ધિક બંને હોવું જોઈએ.
2. જનતાને શિક્ષિત કરો અને ઉછેર કરો અને આ રીતે જ રાષ્ટ્ર શક્ય છે.
3. શિક્ષણએમાણસમાંપહેલેથીજરહેલીપૂર્ણતાનોઅભિવ્યક્તિછે.
4. શિક્ષણનાપ્રસારવિના,જ્ઞાનનોઉદયવિના, દેશનીપ્રગતિકેવીરીતે થઈ શકે?
5. જો ગરીબ છોકરો શિક્ષણમાં આવી શકતોનથી, તો શિક્ષણ તેની પાસે જવું જ જોઈએ.
6. દરેક પડકારમાં તક છુપાયેલી હોય છે જો તમે તમારા મનને યોગ્ય રીતે દિશામાન કરશો તો તમે હંમેશા વિજય થશો.
7. તમારા જીવનને બનાવવા અથવા નાશ કરવા માટે મનને યોગ્ય રીતે દિશામાન કરશો તો તમે હંમેશા વિજય થશો .
8. એક સમયે એક કામ કરો અને તે કરતી વખત તમારા આખા આત્માને તેમાં મૂકી દો.

**વિવેકાનંદનોસુધારણાનોવિચાર**

વિવેકાનંદ ના સુધારણા ની વિશેષતા એ છે કે, તમે સન્યાસી નો આંતરિક અર્થ સમજ્યો. વ્યવહારિક રીતે સંન્યાસી એટલે 'સમર્પિત.' જેનું લક્ષ્ય આત્મ - સાક્ષાત્કાર અથવા ભગવાન સાક્ષાતકાર છે. પરંતુ સ્વામીજીએ પોતાને સમર્પિત કર્યા સમાજ માટે. તેમનોહેતુ લોકોની સેવા કરવાનો હતો. સામાન્ય લોકોના દુઃખમાં તેમના ભગવાનનું અસ્તિત્વ હતું. વિવેકાનંદનીસુધારણાનીવિભાવના અને તેની પદ્ધતિ નવલકથા છે. તેમના અનુસાર સુધારણા છે રચનાત્મક તે એક 'વૃદ્ધિ' છે. તે કાંઈ પણ પ્રકારની સુધારણકેવિનાશમાંમાનતો નથી. તેને સુધારણાના ગુણની અનુભૂતિ થાય છે. તે ધીરજવાન સહાનુભૂતિ પૂર્ણ અને આશાવાદી હોવા જોઈએ.

લેખ 'મારી ઝુંબેશ યોજના' ત્યાં તે કહે છે કે, માણસે વસ્તુનાખૂબ જ આધાર સુધી ખૂબ જ મૂળ સુધી જવું જોઈએ. આ બાબત જેને તેઓ "અમૂલ સુધારણા"કહે છે. તેમની પહેલી તીવ્ર ઈચ્છા સમાજમાં દલિત લોકોના દુઃખ દૂર કરવાની, સમાજની દુષ્ટતાઓ, સામાજિક રીતો, ગરીબી, આંસુમાં વિધવાઓ, અજ્ઞાનતા, નબળાઓ અને સત્તા પર જુલમ અને અસ્પુસ્તાઆ બધા દૂષણને દૂર કરવા અને બીજું માનવીના સાંસ્કૃતિક વિકાસને આગળ લઈ જવા માટે સૌપ્રથમ લોકોને શિક્ષિત કરવાની ફરજ છે.

**વર્તમાન દિવસોમાં વિવેકાનંદના શૈક્ષણિક વિચારોનું મહત્વ શિક્ષણ**

ટેકનોલોજીના કારણે વિશ્વ ગ્લોબલ વિલેજ બની રહ્યું હોવાથી વિદ્યાર્થીઓ સક્ષમ બને તે જરૂરી છે. ટેકનોલોજીની સૂક્ષ્મતા પ્રાપ્ત કરવાની જરૂર છે. સાથે સાથે એકબીજા સાથે રહેવાનું, શીખવાનું અને સાર્વત્રિક ભાઈચારામાં સ્વામી વિવેકાનંદ આ વિચારોની સમજ આપે છે.શિક્ષકોના વ્યાપક વિચારની જાગૃતિ ખાસ મહત્વપૂર્ણ છે. કારણ કે બધા યુવાનોને શિક્ષિત કરવાની જવાબદારી શિક્ષકની છે. શિક્ષકો અને શિક્ષણવિદોએતેમના પર ચિંતન કરવું જરૂરીછે. કે પોતે શીખવે છે અને પોતાને પૂછે છે હું મારા વિદ્યાર્થીઓને શીખવું છું, એ કેવી રીતે શીખવું છું? હું મારા વિદ્યાર્થીઓને કહ્યું શૈક્ષણિક કૌશલ્ય આપું છું? કે જે તેમને નવી પરિસ્થિતિઓને અનુકૂલિત કરવામાં મદદ કરે છે. હું મારા વિદ્યાર્થીઓને અન્ય લોકો સાથે સફળતાપૂર્વક સંબંધ બાંધવા માટે કઈ ટકો આપું છું ? હું મારા વિદ્યાર્થીઓને યોગ્ય ચિંતન કર્યા પછી યોગ્ય પસંદગી કરવા સક્ષમ બનાવવા માટે શું માર્ગદર્શન આપી રહ્યો છું? આ સ્વામી વિવેકાનંદ દ્વારા આપવામાં આવેલ શિક્ષણનો ખ્યાલ પહેલા કરતાં વધુ મહત્વપૂર્ણ લાગે છે.

વિવેકાનંદનોશૈક્ષણિક વિચાર આજે ખૂબ જ મહત્વપૂર્ણ છે. જે વેદાંત પર આધારિત છે. જેને વેદાંતને સરળ

બનાવ્યું છે કે, એક સામાન્ય વ્યક્તિ પણ રોજિંદા જીવનમાં વેદાંતની શરતોને સરળતાથી ઓળખી શકે છે. અને તેને સાંકળી શકે છે. તેમના મતે માણસ એ પ્રાણીત્વ, માનવતા અને દેવત્વનું સંયોજન છે. શિક્ષણનો ઉદ્દેશ્ય હોવો જોઈએ તેને સ્વ. - પ્રયત્નો આત્મ અનુભૂતિ અને યોગ્ય તાલીમ દ્વારા પ્રાણી માંથી દેવી અવસ્થામાં વૃદ્ધિ કરવામાં મદદ કરો. આજે આપણા 21મી સદીમાં જીવીએ છીએ. આ શોધનો યુગ છે. અને નવીનતાઓકરે છે. સ્વામીજીના શૈક્ષણિક વિચારો આજે ખૂબ જ જરૂરી છે. કારણ કે આધુનિક શિક્ષણ કો માનવ જીવનના મૂલ્યો સાથેના ઘણું ખરું સંબંધ ગુમાવી દીધો છે. તેમણે સુચવ્યું છે કે, શિક્ષણ મગજમાં હકીકતો ભરવા માટે ન હોવું જોઈએ પરંતુ, માનવ જાતને સુધારવાનો હેતુ હોવો જોઈએ.

**સ્વામી વિવેકાનંદનામૂલ્યો**

સ્વામીવિવેકાનંદનીદરેક વાતમાં સાચા મૂલ્યો રહેલા છે. પરંતુ તેમના મૂળ મૂલ્યોમાં સ્વાધર્મ,આત્મ નિર્ભયતા, યોગ, ધ્યાન, સેવા, પ્રેમ, અને માનવતાની ઊંચ માન્યતાઓ નો સમાવેશ થાય છે. તેમણે આત્મશ્રદ્ધા સ્વાધર્મનું પાલન અને માનવતાની સેવા માટેસંદેશઆપ્યોછે.

- **પ્રેમ અને દયા**

સ્વામી વિવેકાનંદ માં રહેલા પ્રેમ અને દયાના ગુણ મનુષ્યોમાટે ખૂબજ મોટું ઉદાહરણ છેકે તેદુઃ ખીઅને આવશ્ય તાઓની સાથે રહીને મદદ કરી તેમની દયા નું પ્રમુખ ઉદાહરણ તે છે કે, તે અનન્ય પ્રકારે ગરીબો, દીન - દુ:ખીઓ અને સાથે રહ્યો અને તેમને સહાય કરી .પ્રેમનું ઉદાહરણ તે છે કે, તે સમાજને શિક્ષણ અને પ્રેમથી જોડવામાં આવ્યો અને વ્યક્તિને પ્રેમથી પ્રેરિત કર્યા છે.

- **સખત મહેનત**

સ્વામી વિવેકાનંદ તેઓ પ્રતિદિન અને પ્રયાસપૂર્વક મેડીટેશન અને ધ્યાનની પ્રક્રિયામાં મગ્ન રહેતા. અને સખત મહેનતથી આત્મજ્ઞાન અને આધ્યાત્મિક પ્રગતિનો માર્ગ જોઈને આત્માની મહત્વની મૂલ્યો અને સાંત્વના પ્રાપ્ત કરવામાં સફળ રહ્યો.

- **ધ્યાન**

સ્વામી વિવેકાનંદનામતે ધ્યાન મૂળરૂપે એક માનસિક અને આધ્યાત્મિક અભ્યાસ છે. જેનો મુખ્ય ઉપદેશ આત્મજ્ઞાન અને મોક્ષ પ્રાપ્તિ છે. ધ્યાન તત્વને જાગૃત કરવામાં સહાયક છે. અને આત્માને દિવ્યતા અને પરમાત્માની મોક્ષ સાથે જોડી દેવામાં મદદ કરે છે. ધ્યાનના મૂળ મૂલ્યોમાં સ્વાધ્યાય, મનન અને માનવતાની સેવા પણ સમાવેશ છે. કારણ કે ધ્યાન સારી રીતે આત્મિક વિકાસ અને સમાજની સેવા ને સમર્થન કરે છે.

- **પ્રામાણિકતા**

સ્વામી વિવેકાનંદ ના જીવન ચરિત્ર આપણે જોઈ જોતા ખ્યાલ આવે છે કે, પ્રામાણિકતાનો ગુણ તેમણે તેમના જીવનમાં કેટલી સુંદર રીતે અપનાવ્યો છે. અને તેના થકી તેઓ ઉચ્ચ સિદ્ધિને પ્રાપ્ત કરી શક્યા છે.ups

**ઉપસંહાર**

આપણો ઇતિહાસ અનેપૌરાણિક કથાઓ આપણને ઉત્તમ મૂલ્યનું શિક્ષણ શીખવ્યું છે. પરંતુમૂલ્યોપ્રદાન કરવાનો મહત્વ જોતા આજે શિક્ષણની આવશ્યકતા અનુભવાય છે. કારણ કે વર્તમાન શિક્ષણ પ્રણાલી સામાજિક વિકાસ કે વ્યક્તિ માટે વધુ ફાળો આપી શકતી નથી. નિષ્કર્ષ પર એવું કહી શકાય કે, વિવેકાનંદે વિવેકાનંદનું અનુમાન કર્યું છે કે, માનવજાત એ એક કટોકટીથી પસાર થઈ રહ્યું છે. આદર્શ રીતભાત અને આદતોનોસંઘર્ષ વાતાવરણમાં વ્યાપી રહ્યો છે. જૂની વસ્તુઓનો અનાદર અને નવી વસ્તુઓ ફેશનનો ઉપયોગમાં વધારોજોવામળેછે.વિવેકાનંદના શિક્ષણના વિચારમાં વિચારના વિશ્લેષણ પરથી સ્પષ્ટ થાય છે કે, ઉત્થાન યોગ્ય શિક્ષણ દ્વારા જ જનતા સત્ય છે. જેમણે શિક્ષણક્ષેત્રેક્રાંતિ કરી જેના વેદાંતનાશાશ્વત સત્યના પ્રભાવથી ભારતીય યુવાનોને શિક્ષણના ક્રાંતિકારી વિચારની પ્રેરણા મળી છે. તેમણે રાષ્ટ્રીય

રક્તમાં એક નવો જોશરેડ્યોછે. તેમણે રાષ્ટ્રીય તજ અને રાષ્ટ્રીય સાંસ્કૃતિક પરંપરા પર આધારિત શિક્ષણ પર જોરદાર હિમાયત કરી છે.

❖ **સંદર્ભ સૂચિ**


1. "ભારતના યુવાનો માટે સ્વામી વિવેકાનંદનો સમાજ સેવાનો સંદેશ." 'http://rbalu.wordpress.com/2011/02/12/swamivivekananda'%E280%99s-massage-of-social-
યુવાનો–માટે – ઓફિન્ડિયા/
2. કુમાર સૈનગુપ્તા સ્વામી વિવેકાનંદ ની ફિલોસોફી પ્રોગ્રેસિવ પબ્લિસર્સ કોલકાતા-73
3. ઘોષ ડો. ચિન્મયકુમાર, 21મી સદીમાં સ્વામી વિવેકાનંદ ની પ્રાસંગિક શિક્ષણ પરના તેમના વિચારોનો સંદર્ભ. ડાયરેક્ટર્સ, ડિસ્ટન્સ, એજ્યુકેશનIGNOU

## सरदार वल्लभभाई पटेल का दिखाएं गए मानवीय मूल्य

**Jha kalpna Kumari Rambabu**

*श्री रंग शिक्षण महाविद्यालय, बिलिमोरा*

***सारांश***

***सरदार वल्लभभाई पटेल के आदर्श मानवीय मूल्यों में तथ्यों ,कथनों, अध्ययनों एवं विवरणों के आधार पर हम कह सकते हैं कि राष्ट्रीय एकता अखंडता एवं समानता के लिए सांप्रदायिकता की भावना भारतीय राष्ट्रीय आंदोलन में एक गंभीर तथा जटिल समस्या थी जो भारत की एकता ,अखंडता तथा विकास को प्रभावित कर रही थी देसी रियासतों को भारतीय संघ में विलय की प्रक्रिया इतनी जल्दी पूर्ण होने से लोह पुरुष सरदार पटेल की विवेकपूर्ण, शक्ति, कर्म निष्ठा तथा दूरदर्शिता रही है अतः हम कह सकते हैं कि सरदार वल्लभ भाई पटेल नवीन एकता के निर्माता, राष्ट्रीय एकता के बेजर शिल्पी कार थे आने वाली पीढ़ियां उनको आधुनिक एकता ,राष्ट्र निर्माता तथा राष्ट्रीय एकता के प्रतीक के रूप में याद करती रहेगी***

**मुख्य शब्द :** राष्ट्रीय एकता तथा अखंडता, देसी रियासतों, भारतीय राष्ट्रीय आंदोलन, सांप्रदायिकता, विविधता , निरपेक्ष

### प्रस्तावना

वास्तव में सरदार वल्लभभाई पटेल राष्ट्रीय एकता और अखंडता के प्रतीक थे क्योंकि भारत एक विशाल एवं विविध संस्कृतियों वाला देश है जहां अनेक भाषाओं धार्मिक संस्कृतियों तथा समुदाय के लोग निवास करते हैं स्वतंत्रता प्राप्ति के समय सबसे बड़ी समस्या एकता और अखंडता था सरदार पटेल ने अखंड भारत की राजनीति मानचित्र को एकता के सूत्र में बंद डाला डाला तथा राष्ट्रीय एकता , अखंडता तथा देशी रियासतों के एकीकरण में महत्वपूर्ण भूमिका निभाई.

सरदार पटेल ने अखंड भारत के निर्माण में जो भूमिका निभाई उसकी तारीफ करते हुए मैनचेस्टर गॉर्जियसने कहा था कि सरदार पटेल सिर्फ स्वतंत्रता संग्राम के संगठक थे बल्कि संग्राम खत्म होने के बाद वह एक नए राष्ट्र निर्माण के वास्तुकार भी थे जिसमें उनका यस न केवल देश में अपितु पूरे विश्व में एकता के मिसाल कायम की.

सामान्य अर्थ में यह कहा जा सकता है कि राष्ट्रीय एकता एवं अखंडता का तात्पर्य विविधता को समाप्त करना ही नहीं बल्कि व्यवस्था में एकता स्थापना करने का था अतः हम कह सकते हैं कि राष्ट्रीय एकता और अखंडता का आशय नागरिकों की निष्ठा राष्ट्र के प्रति निर्मित करना है

### पद्धति एवं साहित्य

राष्ट्रीय एकता और अखंडता के लिए देसी रियासतों के निर्माण में सरदार पटेल की भूमिका का परीक्षण करना आदि, राष्ट्रीय एकता एवं समानता के लिए भारतीय आंदोलन में सरदार पटेल की भूमिका को जानना.

### परिणाम

सरदार पटेल ने गृह मंत्री के रूप में राष्ट्रीय एकता और अखंडता का सबसे महत्वपूर्ण कार्य देसी रियासतों के एकीकरण का था यह कार्य उन्होंने भारत के गृह सचिव पी.वी. मेनन के साथ मिलकर किया था 15 अगस्त 1947 के बाद सरदार पटेल ने भारत में 562 से अधिक छोटी बड़ी रियासतों को भारत में मिलने का कार्य तीन चरणों में पूर्ण किया. जिसके प्रथम चरण में 21 देसी रियासतों को उन प्रांत में मिला दिया गया जो भौगोलिक रूप से उनके निकट था . दूसरे चरण में 61 देसी रियासतों को केंद्र शासित क्षेत्र के रूप में परिवर्तित कर दिया गया . तीसरे तथा अंतिम चरण में अनेक राज्यों के समूह का विलय करके राज्यों का निर्माण किया गया जिसके अंतर्गत सौराष्ट्र, कोचिंग वह 275 देसी रियासतों का मिलाकर पांच संघीय राज्यों का निर्माण किया गया था . 1956 में राज्य पुनर्गठन आयोग द्वारा इन चारों श्रेणियां एबीसीडी को समाप्त करते हुए भारत में 16 बड़े राज्यों तथा 3 केंद्र शासित प्रदेशों की स्थापना की गई थी.

रियासतों के एकीकरण में सर्वप्रथम समस्या उड़ीसा और छत्तीसगढ़ रियासतों में उत्पन्न हुई थी उसे समय उड़ीसा राज्य में कुल 26 रियासतें तथा छत्तीसगढ़ राज्य में 15 रियासत थी जिसमें सबसे बड़ी रियासत बस्तर तथा सबसे छोटी रियासत शक्ति

थी. 14 दिसंबर 1947 को सरदार पटेल ने छोटे बड़े राजाओं के साथ बैठकर रियासतों के विलय पत्रों पर तथा 15 अगस्त 1947 को पटेल नागपुर पहुंचकर छत्तीसगढ़ के राजाओं से भेंट कर भारतीय संघ में विलय के लिए उन्हें राजी करते हैं और मध्य प्रदेश में विलीन हो जाते हैं

भारत में देशी रियासतों के एकीकरण के समय सरदार पटेल ने 14 जनवरी 1949 को राजस्थान के उदयपुर के भाषण में कांग्रेस कार्यकर्ताओं को संबोधित करते हुए कहा कि हमें आपसी मतभेद बुलाकर एक होकर देश हित के लिए कार्य करना चाहिए भारत को अंतर्राष्ट्रीय क्षेत्र में अपना उचित स्थान प्राप्त करने के लिए राष्ट्रीय एकता अनिवार्य है हमें जाति पूर्वाग्रह तथा सांप्रदायिक भावनाओं का त्याग करना होगा हम सब में भाईचारे की भावना का विकास करना होगा भाषण के अंत में सरदार ने कहा कि आप लोग अपने को भाग्यशाली समझे कि आप एक ऐसे क्रांतिकारी परिवर्तन के समय रह रहे हैं जहां आपका भविष्य सुरक्षित है अर्थात उन्होंने अपने प्रिय जनता को सामाजिक समरसता , भाईचारे तथा एक नए अखंड भारत निर्माण का संदेश दिया था सरदार पटेल हिंदू मुस्लिम एकता अखंडता को एक बनाए रखने के पक्ष में थे. 3 जून 1947 को माउंटबेटन योजना घोषित हुए जिसमें भारत विभाजन के सिद्धांत को स्वीकृति दी गई थी इस योजना को कांग्रेस तथा मुस्लिम लोगों ने स्वीकार कर लिया था सरदार पटेल ने इस विभाजन की स्वीकृति दी क्योंकि वह जानते थे कि भारत को संयुक्त रखने के लिए भारत एवं पाकिस्तान का विभाजन हो जाना चाहिए अन्यथा एक अखंड भारत की कल्पना करना व्यर्थ होगी 20 मार्च 1948 को राजस्थान मत्स्य संघ का उद्घाटन करते हुए एम.बी.गाड़लिंग में कहां की यदि महात्मा गांधी हमारी स्वतंत्रता के निर्माता है तो सरदार पटेल भारतीय संघ के विश्वकर्मा है

**चर्चा**

कभी हार ना मानना. क्योंकि असफलता जीवन का हिस्सा है और कोई भी उस से भाग नहीं सकता यह आपकी पसंद है कि या तो असफलता से बहादुरी से निपटे या उसे पर रोए.

**निष्कर्ष**

उपरोक्त, तथ्यों,कथनों , अध्ययनों एवं विवरणों के आधार पर हम कह सकते हैं कि राष्ट्रीय एकता अखंडता के लिए सांप्रदायिकता की भावना भारतीय राष्ट्रीय आंदोलन में भूमिका तथा देशी रियासतों का एकीकरण एक गंभीर तथा जटिल समस्या थी जो भारत की एकता अखंडता तथा विकास को प्रभावित कर रही थी देसी रियासतों के भारतीय संघ में विलय की प्रक्रिया इतनी जल्दी पूर्ण होने में लोह पुरुष सरदार वल्लभभाई पटेल की विवेकपूर्ण शक्ति, कर्म निष्ठा तथा दूरदर्शिता रही है अतः हम कह सकते हैं कि सरदार पटेल नवीन भारत के निर्माता राष्ट्रीय एकता के शिल्पिकर थे

**प्रसंग**

1. कुमार रविंद्र, सरदार पटेल के प्रमुख निर्णय कल्पाज पब्लिकेशन, दिल्ली 2014
2. वर्मा शिवांगी,भारत के निर्माता सरदार वल्लभभाई पटेल,स्टार प्रिंट ओ विंड पब्लिकेशन दिल्ली 2015

**Peer Reviewed Refereed Journal** **ISSN : 2278 – 5639**
**Global Online Electronic International Interdisciplinary Research Journal (GOEIIRJ)**
**{Bi-Monthly}** **Volume – XII** **Special Issue – IV** **October – 2023**

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અને ભારતીય ગ્રંથોના મૂલ્યો

**Lad Rinkalkumari Hemantbhai**
*B.Ed Trainee*
*Shrirang Shikshan Mahavidhyalay, Bilimora*

*સારાંશ*

***રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 એ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ, જવાબદાર અને નૈતિક નાગરિક બનાવવા માટે શિક્ષણમાં માનનીય મૂલ્યોનો સમાવેશ કરવો જરૂરી માને છે. જેમાં શિક્ષણ માતૃભાષામાં અપાય, અભ્યાસક્રમ, શિક્ષણશાસ્ત્ર વગેરે શિક્ષણના વિવિધ પાસા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. ભારતીય સંસ્કૃતિના સંવર્ધન અને પ્રસાર માટે ભારતીય ગ્રંથો ખૂબ ઉપયોગી બનશે. ભારતીય ગ્રંથોથી પરિચિત થાય અને તેમાં રહેલ જ્ઞાનની સમજ પ્રાપ્ત કરે. ભારતીય ગ્રંથોમાં રહેલ વિવિધ માનવીય મૂલ્યો જેવા કે પ્રામાણિકતા, બલિદાન, પ્રેમ, કરુણા, નિષ્ઠા, ફરજ, કૃતજ્ઞતા, સત્ય, અહિંસા, સેવા વગેરેને શિક્ષણમાં સમાવવાથી વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ સાથે સંસ્કૃતિની જાળવણી, સંશોધન અને પ્રચાર થશે. તેની સાથે સર્વ ધર્મ સમાન, વૈશ્વિક નાગરિકત્વની ભાવના જાગશે. તેમજ વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિને સમજે તેમાં રહેલ મૂલ્યો જાણે. ગ્રંથોમાં રહેલ માનવીય મૂલ્યો દ્વારા વાસ્તવિક જીવનની પરિસ્થિતિઓમાં તેનો ઉપયોગ કરતા શીખશે. આમ, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના શાળાકીય અભ્યાસક્રમમાં પહેલેથી જ માનવીય મૂલ્યો જેવા કે આદર, સહાનુભૂતિ, સહિષ્ણુતા, માનવ અધિકાર જાતિગત સમાનતા, વૈશ્વિક નાગરિકત્વ, સમાવિષ્ટતા અને સમાનતા વગેરે પર ભાર મૂકવામાં આવ્યો છે. જેના માટે આપણી પાસે રહેલ વિવિધ ધર્મના શાસ્ત્રો અને ભારતીય ગ્રંથોનો સહારો લેવામાં આવે છે.***

**ચાવીરૂપ શબ્દો :** માનવીય મૂલ્યો, ભારતીય ગ્રંથો, શિક્ષણ, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, સંસ્કૃતિ

**પ્રસ્તાવના**

માનવજાતની શરૂઆતથી શિક્ષણ કોઈને કોઈ સ્વરૂપમાં અસ્તિત્વ ધરાવે છે. પ્રાચીન ભારતમાં આશ્રમશાળાની વ્યવસ્થા હતી. ભારત દેશના આઝાદ થવા બાદ વિવિધ શિક્ષણ નીતિઓ અમલમાં આવતી ગઈ તેમજ તેમાં સમયે સમયે બદલાવ થતો ગયો. પરંતુ શિક્ષણમાં હંમેશા લખવા-વાંચવા અને પરીક્ષા પદ્ધતિ પર જ વધારે ભાર મૂકવામાં આવ્યો હતો. તેથી વિદ્યાર્થીઓ પર ભણતરનો ભાર હંમેશા વધતો જ જોવા મળ્યો છે. શિક્ષણની પરિભાષા પહેલા કરતાં બદલાવા લાગી અને સમજના બદલે ગોખણપટ્ટી તરફ આગળ વધતું ગયું.

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 અમલમાં આવ્યા બાદ ફરી ક્રિયા દ્વારા શિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો છે. તેમજ ભારતની સંસ્કૃતિ, ભારતના ગ્રંથો/ શાસ્ત્રો વગેરે અનેક બાબતોની જાળવણી અને સંવર્ધનને પણ આવરી લેવાય તે રીતે આ શિક્ષણનીતિની રચના કરવામાં આવી છે. તેની સાથે વિવિધ માનવીય મૂલ્યનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે જે દેશના વિકાસમાં મહત્વનો ભાગ ભજવશે.

અહીં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 માં ભારતીય ગ્રંથોના મૂલ્યો કઈ રીતે અભ્યાસક્રમમાં સાંકળવામાં આવ્યા છે, તેના દ્વારા ભારતીય સંસ્કૃતિને સમજવામાં કઈ રીતે મદદ કરશે અને વારસાને પુનર્જીવિત કરવા અને પ્રોત્સાહન આપવાનું કામ કરશે, તેમ જ વાસ્તવિક જીવનની પરિસ્થિતિમાં સામનો કરવા માટે સક્ષમ બનાવશે તેનો ઉલ્લેખ કરવામા અવ્યો છે. તેના દ્વારા તેમના નૈતિક મૂલ્યોનો વિકાસ થશે. આવી અનેક બાબતોનો સમાવેશ વિદ્યાર્થીને ધ્યાનમાં રાખી કરવામાં આવ્યો છે. જે હવે ધીરે ધીરે સમગ્ર દેશમાં 2040 સુધીમાં આ પ્રમાણે શિક્ષણ આપવામાં આવશે. સત્ય સાંઈબાબા દ્વારા મૂલ્ય શિક્ષણ માટે કહ્યું છે કે, " માનવીના મૂલ્યોનું સંવર્ધન એ જ શિક્ષણ છે. "

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020**

માનવીના જીવન વિકાસમાં શિક્ષણ અત્યંત મહત્વનો ભાગ છે. માણસની આર્થિક, સામાજિક, માનસિક પરિસ્થિતિ તેના શિક્ષણ પર આધાર રાખે છે. તેથી શિક્ષણને મૂલ્યો અને નૈતિકતા વિના આપવામાં આવે તો તેના દ્વારા મળતું જ્ઞાન અધૂરું કહેવાય.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 જ્યારે 29 જુલાઈ 2020 ના રોજ અમલમાં મૂકવામાં આવી ત્યારે તેમાં માત્ર શૈક્ષણિક જ્ઞાન જ નહીં પરંતુ મૂલ્યો અને નૈતિક વિકાસનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જાહેર કરેલ પરિપત્રમાં મુદ્દો 6: સમાન અને સર્વ સમાવેશક શિક્ષણમાં પેટા મુદ્દો 6.20 અને મુદ્દો 11: સર્વાંગી અને બહુ વિદ્યાશાખાકીય શિક્ષણ તરફમાં પેટા મુદ્દો 11.8 માં માનવીય મૂલ્યની વાત કરવામાં આવી છે. નીચે દર્શાવેલ મુદ્દાઓ માનવીય મૂલ્યોને શિક્ષણમાં લાવવા માટે ઉપયોગી બનશે :

- બહુ શાખાકીય અભિગમ
- સંસ્કૃત અને સાહિત્ય ભાષાઓ
- સાંસ્કૃતિક અને નૈતિક મૂલ્યો
- પરંપરાગત જ્ઞાનનું એકીકરણ
- સંશોધન અને જાળવણી
- કલા અને સંસ્કૃતિનો પ્રચાર

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 મુજબ શિક્ષણ વ્યવસ્થાના પાયામાં ભારતીય સંસ્કૃતિ હોય. તેની સાથે વિદ્યાર્થીઓને માનવીય મૂલ્યો શીખવવાથી તેમના કર્તવ્ય જાણી શકશે અને દેશના નાગરિક તરીકેની પૂરતી ભૂમિકાઓ નિભાવશે. આ શિક્ષણ પણ માતૃભાષામાં અપાવું જોઈએ તેમ કહેવાયું છે. જેથી તેમની સમજશક્તિ વધે. વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય તે ખૂબ જરૂરી છે.

" विद्या ददाति विनयं विनयाद्याति पात्रताम्।
पात्रत्वाद्धनमाप्नोति धनाद्धर्मं ततः सुखम्॥ "

જેનો અર્થ આ મુજબ છે : જ્ઞાનથી નમ્રતા આવે છે, નમ્રતાથી પાત્રતા આવે છે, પાત્રતાથી સંપત્તિ આવે છે, સંપત્તિથી ધર્મ આવે છે અને ધર્મથી સુખ આવે છે.

ઉપરનું વાક્ય જણાવે છે કે જ્ઞાનથી નમ્રતા કે જે માનવીય મૂલ્ય છે તે આવે છે અને અંતે સુખ પ્રાપ્ત થાય છે. તેથી આ દર્શાવે છે કે જો અભ્યાસક્રમમાં રહેલ જ્ઞાનને માનવીય મૂલ્ય સાથે જોડવામાં આવે તો ભારતીય ગ્રંથોનું મૂલ્ય પણ સચવાશે અને સાથે માનવીય મૂલ્ય પણ આપી શકાશે. ભારતીય ગ્રંથો જેવા કે વેદ, ઉપનિષદ, ભગવત ગીતા, પુરાણો, રામાયણ, મહાભારત, ધર્મ શાસ્ત્રો, જૈન આગમ, ગુરુ ગ્રંથ સાહેબ વગેરેમાં રહેલ વિવિધ મૂલ્યોને અભ્યાસક્રમમાં સમાવવાથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 માંની બાબતો આવરી શકાશે.ભારતીય શાસ્ત્રો ધર્મ, સત્ય, અહિંસા, સેવા, યોગ, અપરિગ્રહ, કૃતજ્ઞતા, સંતોષ, દયા, મૈત્રી વગેરે મૂલ્ય પર ભરોસો કરે છે. આમાંથી ઘણા મૂલ્યોનો હાલમાં નૈતિક મૂલ્યોમાં સમાવેશ થાય છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ એ શિક્ષણ અને મૂલ્યોને એક જ પ્રણાલીમાં લાવવાનું લક્ષ્ય ધરાવે છે. સાથે સાથે ભારતની સંસ્કૃતિના સંવર્ધન પર પણ ભાર મૂકે છે. ભારતની સંસ્કૃતિ સાથે ગ્રંથો પણ જોડાયેલા છે તેથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 દ્વારા અભ્યાસક્રમમાં વેદ ગ્રંથોના સમાવેશ થકી વિદ્યાર્થીઓને માનવીય મૂલ્યો શીખવશે અને સાથે સંસ્કૃતિનું સંવર્ધન પણ કરશે.

**ભારતીય ગ્રંથના મૂલ્યોને શિક્ષણમાં લાવવા માટેના રસ્તાઓ :**

**→ ભારતીય ગ્રંથોને અભ્યાસક્રમમાં દાખલ કરવાથી :**

ભારતીય ગ્રંથનું મહત્વ સમજાવવા અને માનવીય મૂલ્યો શીખવવા તેને અભ્યાસક્રમમાં દાખલ કરવો એ પ્રથમ પગલું છે. અન્ય દેશોની વિષયવસ્તુ અભ્યાસક્રમમાં મુકવા કરતા ભારતીય ગ્રંથોમાં રહેલ વિષયવસ્તુ આપણા જીવન વ્યવહાર સાથે

સુમેળતા ધરાવતી હોવાથી શીખનારને શીખવામાં પણ સરળતા રહે છે. દરેક ધોરણમાં વિદ્યાર્થીની વય કક્ષા અનુસાર પ્રસંગો, વાર્તા, શ્લોક વગેરે સ્વરૂપમાં તેને અભ્યાસક્રમમાં દાખલ કરી શકાશે.

**→ શિક્ષક તાલીમ દ્વારા :**

વિદ્યાર્થીઓને શીખવનાર શિક્ષકો પાસે જો માનવીય મૂલ્ય ને લગતી પૂરતી સમજ ન હોય તો સાચી સમજ વિદ્યાર્થીઓ સુધી પહોંચી ન શકે. તેથી વિદ્યાર્થીઓને માનવીય મૂલ્યો શીખવતા પહેલા શિક્ષકોને તે માટેની તાલીમ આપવી ખૂબ જરૂરી છે. તાલીમ દ્વારા શિક્ષક માનવીય મૂલ્યોને ઊંડાણપૂર્વક સમજી શકશે અને તેનું મહત્વ જાણશે. તેથી શિક્ષક સરળતાથી વિદ્યાર્થીઓને વિવિધ પદ્ધતિ અને પ્રવૃત્તિ દ્વારા માનવીય મૂલ્યો શીખવી શકાશે.

**→ ધાર્મિક સંસ્થાઓ સાથેના જોડાણથી :**

સામાન્ય મનુષ્ય કરતાં ધાર્મિક સંસ્થાઓ સાથે જોડાયેલ મનુષ્ય પાસે ધાર્મિક ગ્રંથોની સમજ વધુ હોય છે. તેથી ધાર્મિક સંસ્થાઓ સાથે જોડાવાથી ગ્રંથોને લગતી સમજ, તેમાં રહેલ મૂલ્યો અને તેનું મૂલ્ય તેઓ સરળતાથી અન્યને સમજાવી શકે છે. જીવનના વ્યવહારૂ ઉદાહરણ દ્વારા તેઓ શિક્ષકોને તાલીમ તેમજ વિદ્યાર્થીઓને સમજ આપી શકે છે. જેથી વાસ્તવિક જીવનમાં આવતી સમસ્યાઓનો કેવી રીતે સામનો કરવો તે શીખવે છે.

**→ વિવિધ પ્રવૃત્તિઓ થકી :**

ભારતીય ગ્રંથોમાં રહેલ ઘટનાઓને નાટક, સંગીત વગેરે પ્રવૃતિઓ દ્વારા તેમાં રહેલ મૂલ્યોને સરળતાથી વિદ્યાર્થીઓ સુધી પહોંચાડી શકાશે. પ્રવૃત્તિ કરાવવાથી વિદ્યાર્થીઓને શીખવામાં રસ પણ ઉત્પન્ન કરી શકાશે. તેમજ તેઓ જાતે પણ તેમાં રહેલા મૂલ્યો પ્રાપ્ત કરશે. ઉદાહરણ તરીકે, શ્રીરામ અને શબરી મિલાપ પર જો નાટક કરાવવામાં આવે તો તેના દ્વારા પ્રેમ, વિશ્વાસ, પરિશ્રમ, આદર, ધાર્મિકતા વગેરે અનેક મૂલ્યો આપી શકાય.

**∆ ફલિતાર્થો :**

+ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના ઉદ્દેશો સિદ્ધ કરી શકાશે.
+ ભારતીય ગ્રંથો દ્વારા વિદ્યાર્થીઓમાં માનવીય મૂલ્યનું રોપાણ કરી શકાશે. જેથી વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થશે.
+ વિદ્યાર્થીઓને મૂલ્યો શીખવવાથી વિવિધ ધર્મ પ્રત્યેની સમાનતાની ભાવના કેળવી શકશે.
+ વિદ્યાર્થીઓમાં ભારત દેશ પ્રત્યેના મૂળભૂત ફરજો અને મૂલ્યો તેમજ આદર ભાવના વિકસાવી શકાશે.
+ અભ્યાસક્રમમાં ભારતીય ગ્રંથોના સમાવેશ કરવાથી ભારતીય સંસ્કૃતિની જાળવણી કરી શકાશે.
+ ભારતીય ગ્રંથોમાં રહેલ મૂલ્યો આપવા માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે જેથી વિદ્યાર્થીઓ પોતાનામાં રહલા કૌશલ્યોને હસ્તગત કરી શકશે.

**ઉપસંહાર**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 દ્વારા ભારતીય સંસ્કૃતિના સંવર્ધન થકી અભ્યાસક્રમમાં ભારતીય ગ્રંથોનો સમાવેશ કરી ગ્રંથોનું મહત્વ પ્રસ્થાપિત કરશે અને તેના દ્વારા તેમાં રહેલ વિવિધ માનવીય મૂલ્યો શીખવવામાં આવશે. જેથી વિદ્યાર્થીઓમાં નૈતિકતાના મૂલ્યોનો વિકાસ કરી શકાશે. તેમજ વિદ્યાર્થીઓમાં દેશ પ્રત્યેની લાગણી ઉત્પન્ન થશે. આમ, વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ કરી શકાશે.

**સંદર્ભસૂચિ**

બોરીચા સંદીપ (2021), શિક્ષણમાં દ્રષ્ટિકોણ, અમોલ પ્રકાશન, અમદાવાદ
https://www.educationjournal.info/article/68/2- 2-11-965.pdf
https://www.scribd.com/document/346292813/Human-Values-in-Indian-Scriptures
https://www.education.gov.in/
https://brah.ma/shlok/vidya-dadati-vinayam-vinayadyati-patratam

**Peer Reviewed Refereed Journal** **ISSN : 2278 – 5639**
**Global Online Electronic International Interdisciplinary Research Journal (GOEIIRJ)**
**{Bi-Monthly} Volume – XII Special Issue – IV October – 2023**

# ચાણક્ય નીતિમાં રહેલા માનવીય મૂલ્યો

પટેલ માનસીબેન રવજીભાઈ
*તાલીમાર્થી*
*શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા.*

*સારાંશ:*

***ભરત પાસે જે શાસ્ત્રો કે ગ્રંથોનો ખજાનો છે, તે ભાગ્યેજ કોઈ દેશ પાસે હશે! માનવ જીવનને શ્રેષ્ઠ અને ઉત્કૃષ્ટ બનાવવાના અનેક મૂલ્યો આપણને આપણા પ્રાચીન ગ્રંથોમાંથી મળી રહે છે. ચાણક્યએ ત્રીજી થી ચોથી સદીમાં આપેલા ઉપદેશો આજે21મી સદીમાં કઈ રીતે સુસંગત છે તે જાણવા શોધકર્તાએ અહીં ચાણક્ય નીતિ માં રહેલા માનવ જીવનને ઉત્કૃષ્ટ બનાવનાર કેટલાક મૂલ્યો શોધવાનો પ્રયત્ન કર્યો છે. આજના વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં કોઈપણ વાતની માહિતી કે તેના માટેનું પૂરતું જ્ઞાન હોવું અતિ આવશ્યક છે. જો કોઈ વાતનો પૂરતું જ્ઞાન આપણાને હોય તો એ વાતનો આપણાને ભય લાગતો નથી. કટોકટીના સમયમાં વિદ્યા જ આપણું સર્વશ્રેષ્ઠ ધન બની રહે છે. જ્ઞાન વિના મનુષ્યાવતર નકામો છે. આજના યુગમાં ડગલે ને પગલે સાવચેતી રાખવી ખૂબ જ જરૂરી છે. થોડી પણ ચૂક થતા ગંભીર પરિણામો ભોગવવાનો વારો આવી શકે છે. કોઈપણ કાર્ય કાળજીપૂર્વક તેમજ સમજી વિચારીને કરવું જોઈએ. આપણે જેવું કાર્ય કરીશું તેવું જ ફળ આપણાને મળશે. આ ઉપરાંત જરૂરી છે કોઈ પણ કાર્ય કરવામાં નિયમિતતા. જે સમયનું મૂલ્ય સમજે છે અને એ પ્રમાણે કામ કરે છે તે ચોક્કસપણે પોતાના કાર્યો સરળતાથી અને સારી રીતે પૂર્ણ કરી શકે છે. આમ, ચાણક્ય નીતિ માંથી વિદ્યા,જ્ઞાન,કર્મ, નિયમિતતા, સમય જેવા મૂલ્યો મળી આવે છે.***

**ચાવીરૂપ શબ્દો :** વિદ્યા ,જ્ઞાન ,કર્મ , નિયમિતતા , સમય

**પ્રસ્તાવના :**

મૌર્ય વંશના પ્રથમ સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્ય ના ગુરુ અને મુખ્યપ્રધાન જેઓ ચંદ્રગુપ્તને રાજા બનાવવામાં મદદરૂપ બન્યા , ચણકના પુત્ર અને કુટિલનીતિના ઉપદેશ કે જેમણે રાજકીય ગ્રંથ અર્થશાસ્ત્રની રચના કરી છે એવું મહાન વ્યક્તિત્વ એટલે "ચાણક્ય". તેમનું સાચું નામ વિષ્ણુગુપ્ત હતું. તેમની કૌટિલ્ય પણ કહેવામાં આવે છે. ભારતીય જીવન પરંપરામાં ચાણક્યનું સ્થાન એક રાજનીતિક વિદ્વાન મહાન પંડિત તરીકે અદ્વિતીય છે.

ચાણક્યએ આપેલા ઉપદેશો , નીતિવચનો , સુવાક્યો કે સૂત્રો નો સંગ્રહ કરતુ પુસ્તક એટલે "ચાણક્ય નીતિ". જીવનને સુનિયોજિત કઈ રીતે બનાવી શકાય તે ચાણક્ય નીતિ માંથી જાણવા મળે છે. આ નીતિઓનું પાલન કરવાથી જીવનમાં ક્યારેય નિષ્ફળતા મળતી નથી.

શોધકે આ પુસ્તકમાંથી મળતા "માનવીય મૂલ્યો" શોધવાનો પ્રયત્ન કર્યો છે. સાંપ્રત સમયમાં તેની સુસંગતતા , ઉપયોગીતા તથા મહત્વ જાણવાનો પ્રયત્ન કર્યો છે.

**હેતુ :** ચાણક્ય નીતિમાં રહેલા માનવીય મૂલ્યોનો અભ્યાસ.

**તારણો:** ચાણક્ય નીતિ માંથી નીચે મુજબના માનવીય મૂલ્યો મળી આવે છે :

**જ્ઞાનનું મૂલ્ય :**

ચાણક્ય નીતિમાં રહેલા જ્ઞાનનું મૂલ્ય દર્શાવતા સૂત્રો તથા ઉપદેશો આ મુજબ છે:

न संसार भयं ज्ञानवताम्। - જ્ઞાનીઓને સંસારનો ભય હોતો નથી.

विज्ञान दीपेन संसार भयं निवर्तते। - જ્ઞાનના દીવાથી સંસારનો ભય દૂર થાય છે.

**धनहीनो न च हीनश्च धनिक स सुनिश्चयः।**

**विद्या रत्नेन हीनो यः स हीनः सर्ववस्तुषु।। -**

ધન હીન વ્યક્તિ હિન ન કહેવાય તેને ધનવાન જ સમજવો જોઈએ. જે વિદ્યા રત્નથી હિન છે આખરે તે જ બધી વસ્તુઓમાં હિન છે.

**शुनः पुच्छमिव व्यर्थ जीवितं विद्यया विना।**
**न गुहवगोपने शक्तं न च दंशनिवारणे ।। -**

જે રીતે કૂતરાની પૂંછડીથી ન તો તેના ગુપ્ત અંગ છુપાય છે , અને નાતે મચ્છરોને કરડતાં રોકી શકે છે , એ જ રીતે વિદ્યા વિનાનું જીવન પણ વ્યર્થ છે . કારણકે વિદ્યાહીન મનુષ્ય મૂર્ખ હોવાના કારણે ન પોતાની રક્ષા કરી શકે છે ન પોતાનું ભરણપોષણ.

ચાણક્યના આ ઉપદેશો પરથી જાણી શકાય છે કે , મનુષ્યના જીવનમાં જ્ઞાનનું મહત્વ કેટલું વધુ છે. માણસે હંમેશા જ્ઞાન પ્રાપ્ત કરવા , વિદ્યા પ્રાપ્ત કરવા તત્પર રહેવું જોઈએ. વિદ્યાજ મનુષ્યનું શ્રેષ્ઠ ધન છે. જ્ઞાન વિના મનુષ્ય પાંગળો છે. આપણને કોઈપણ વાતનો ભય ત્યારે જ લાગે છે જ્યારે એ વિષય વિશે આપણને સંપૂર્ણ જ્ઞાન હોતું નથી. જો આપણે તેના વિશે જ્ઞાન મેળવી લઈએ , તેને ઊંડાણથી સમજવાનો પ્રયત્ન કરીએ તો આપણો તે વિષયનો ભય દૂર થાય છે. જ્ઞાન થકી કોઈપણ સમસ્યા સરળતાથી ઉકેલી શકાય છે. કટોકટીના સમયમાં જ્ઞાન જ આપણાને મુશ્કેલીમાંથી બહાર કાઢી શકે છે. વિજ્ઞાન અને ટેકનોલોજી ના આ યુગમાં જ્ઞાન અતિ આવશ્યક છે. જ્ઞાન મનુષ્યના જીવનને શ્રેષ્ઠતમ બનાવવામાં મદદરૂપ બને છે. વિદ્યા પ્રાપ્ત કર્યા વગર મનુષ્યનું જીવન નકામું છે. શિક્ષકે વિદ્યાર્થીઓને નવું જ્ઞાન પીરસવા તથા વિદ્યાર્થીઓએ નવું જ્ઞાન મેળવી પોતાના જીવનને ઉત્કૃષ્ટ બનાવવા વિદ્યા પ્રાપ્તિ માટે હંમેશા તત્પર રહેવું જોઈએ.

**કર્મનું મૂલ્ય:**

ચાણક્ય નીતિમાં રહેલા કર્મના મૂલ્ય દર્શાવતા ઉપદેશો આ મુજબ છે :

**दृष्टिपूतं न्यसेत् पादं वस्त्रपूतं जलं पिबेत्।**
**शास्त्रपूतं वदेद् वाक्यं मनः पूतं समाचरेत्।। -**

આંખોથી સારી રીતે જોયા પછી પગ મુકવો જોઈએ,

જળ વસ્ત્રથી ગાળીને પીવું જોઈએ , શાસ્ત્રો પ્રમાણે જ વાત કહેવી જોઈએ તથા જે કામને કરવા મન આજ્ઞા આપે તે જ કરવું જોઈએ.

**स्वयं कर्म कोत्यात्मा स्वयं तत्फलमश्नुते।**
**स्वयं भ्रमति संसारे स्वयं तस्माद्विमुच्यते।।-**

પ્રાણી પોતે કર્મ કરે છે અને પોતે જ તેનું ફળ ભોગવે છે. જાતે જ સંસારમાં ભટકે છે અને જાતે જ આનાથી મુક્ત થઈ જાય છે.

આજના યુગમાં શું કરવું અને શું ન કરવું એની સમજ હોવી અતિ આવશ્યક છે. સાંપ્રત સમયમાં ડગલે ને પગલે સાવચેતી રાખવાની ખૂબ જ જરૂર છે. જો કોઈ કાર્ય કરવામાં થોડી પણ ચૂક થઈ જાય તો આપણા ને ગંભીર પરિણામો ભોગવવા પડી શકે છે. ચાણક્ય નીતિ ના આ ઉપદેશો આપણાને સમજ આપે છે કે આપણે કોઈપણ કાર્ય સમજી વિચારીને કરવું જોઈએ . આપણે જેવું કર્મ કરીએ છીએ તેવું જ ફળ આપણા ને મળે છે.

**નિયમિતતા તથા સમયનું મૂલ્ય:**

ચાણક્ય નીતિ માંથી સમયના મૂલ્યને દર્શાવતા આ મુજબના સૂત્રો મળી આવે છે :

श्व कार्यमद्य कुर्वीत्।- કાલનું કામ આજે જ કરી લેવું જોઈએ.

आपराहिनकं पूर्वाहत एवं कर्तव्यम्। - બપોર નું કાર્ય પરોઢિયે જ કરી લો.

कालवित् कार्य साधयेत्। - સમયના મહત્વને સમજનાર ચોક્કસ જ પોતાનું કામ પૂર્ણ કરી શકે છે.

કોઈપણ વ્યક્તિના જીવનમાં નિયમિતતા હોવી અતિ આવશ્યક છે, અને વિદ્યાર્થીઓ તથા શિક્ષકો માટે તો તેનું મૂલ્ય હજી વિશેષ છે. સમય અમૂલ્ય છે. જો આપણે કોઈપણ કાર્ય કરવામાં આળસ કરીએ અથવા આજનું કામ કાલ પર છોડીએ તો સમય જતા આપણી પાસે કામોનો ઢગલો થઈ જશે. અને કોઈ કાર્ય સારી રીતે પૂર્ણ થઈ શકશે નહીં. જે વ્યક્તિ સમયનું મહત્વ સમજે છે , પોતાના કામોમાં નિષ્ઠા રાખે છે અને સમય પહેલા જ પોતાનું કાર્ય કરી દેવા ની ભાવના રાખે છે , તે વ્યક્તિ ચોક્કસપણે પોતાનું કોઈ પણ કામ સરળતાથી અને શ્રેષ્ઠ રીતે પૂર્ણ કરી શકે છે. ચાણક્ય નીતિ માંથી સમય અને નિયમિતતા ને દર્શાવતા આ મૂલ્યો મળી આવે છે.

**પરિણામો:**

મનુષ્યના જીવનમાં રહેલા જ્ઞાનનું મહત્વ આપણને ચાણક્ય નીતિ માંથી જાણવા મળે છે. જ્ઞાન જ સાચું ધન છે, જ્ઞાન થકી સંસારના તમામ ભય દૂર કરી શકાય છે. જ્ઞાન મેળવી , તેનો સમજી વિચારીને વ્યવહારમાં ઉપયોગ કરવો જોઈએ . કોઈપણ કાર્ય કરવા પહેલાં વિચારવું જોઈએ. એકવાર વીતી ગયેલો સમય ક્યારેય પાછો આવતો નથી તેથી સમયનું મહત્વ સમજી આપણા કાર્યો સમય પૂર્વે જ પૂર્ણ કરી શકીએ તેવું કરવું જોઈએ. ચાણક્યએ કહેલી વાતો , તેના ઉપદેશો સારા મનુષ્ય જીવન માટેનો માર્ગ ચીંધી જાય છે. દરેક વ્યક્તિઓ માટે તેમાં પણ વિશેષ વિદ્યાર્થીઓ માટે અતિ મહત્વના એવા જ્ઞાન ,વિદ્યા , કર્મ , સમય અને નિયમિતતા જેવા મૂલ્યો આપણાને ચાણક્ય નીતિ માંથી મળી આવે છે.

**સંદર્ભ:**

1. મિશ્ર આચાર્ય રાજેશ્વર (2016) ,
" ચાણક્ય નીતિ ", ડાયમંડ પોકેટ બુક પ્રા.લી. , નવી દિલ્હી - 110020
2. Digital media Wikipedia
https://en.m.wikipedia.org/wiki/Chanakya
https://en.m.wikipedia.org/wiki/Chanakyaniti
3. Aarushi book Enterprise (2021) , "Chanakya neeti with sutras"

# THE JOURNEY OF HUMAN VALUES FROM INDIAN ANCIENT SCRIPTURES TO NEP-2020

**Nilpa R. Patel**
*Trainee of B. Ed. College*
*Shrirang Shikshan Mahavidyalay, Bilimora.*

*Abstract :-*

***The fundamental elements list of human society would be incomplete without the ethics and moral values. Onecan refer that values are the roots and backbone of our living world.But in the present scenario world is facing some serious problems in which one of is of"lack of human values".Today's "homosapiensapien" is enriched with technology and knowledge. Though there are crises of various emotions,values and quality of "vasudevkutumbam" in it and due to that society is facing these serious problems.Although it is possible to overcome all these hurdles with our values unity and kindness.***

**Keywords:-** Human values, Scriptures,NEP 2020, Society,Bhagvad gita.

**Introduction :-**

In simple terms " Human values" can be defined as the quality or behavior of an individual with other people and society.To elaborate this it includes attitude, behavior and wisdom of human being. The values of an individual reflects in it's activities.

This values are ongoing from one generation to next generation since human being has started to live in society. Indian Ancient Scriptures contain the treasure of values and ethics. Thus, it had provided a structural support to human being for making human society. This values are necessary for society without it, therewould be no culture and human will be not less than a wild animal.

Due to this values, human society has an definite orientation. Love, truth, wisdom, peace, dignity, kindness, gratitude, equit are various kind of values. These are essential for welfare of humanity.

This paper is describing about values in Ancient Scriptures and how it has drived us to shape our future society.

**Human values in indian ancient scriptures:- Bhagavad Gita**

"Bhagavad gita" is one of the oldest Bhartiya scripture.It dictate the conversation between Arjuna and Lord Krishna.It convey the message to mankind about how to live there life greatly. It reflects many ethics and values which are crucial for mankind.

**Precious values in Bhagvad Gita :-**

ધૃતરાષ્ટ્ર ઉવાચ ।
ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે સમવેતા યુયુત્સવઃ |
મામકાઃ પાણ્ડવાશ્ચૈવ કિમકુર્વત સંજય || ||૧||

This verse describe about how one should not differentiate on basis of mine and others. It teaches about developing the sense for equality. One should believe in whole universe is one

family.

તસ્ય સંજનયન્હર્ષં કુરુવૃદ્ધઃ પિતામહઃ |
સિંહનાદં વિનદ્યોચ્ચૈઃ શઙ્ખં દધ્મૌ પ્રતાપવાન્ || ૧૨||

This verse insight one to develop courage and alwaysfight against injustice. It teaches that one should never bow down to wrong and take forward step to figt for justice.

કાર્પણ્યદોષોપહતસ્વભાવઃ પૃચ્છામિ ત્વાં ધર્મસમ્મૂઢચેતાઃ |
યચ્છ્રેયઃ સ્યાન્નિશ્ચિતં બ્રૂહિ તન્મે શિષ્યસ્તેઽહં શાધિ માં ત્વાં પ્રપન્નમ્ || ૭ ||

It instruct about the importance of guru. One should always learn from the guru by giving themrespect,dignity and gratitude. Also obey theinstruction given by guru. Then only one can find correctpath in life.

દેહિનોસ્મિન્યથા દેહે કૌમારં યૌવનં જરા |
તથા દેહાન્તરપ્રાપ્તિર્ધીરસ્તત્ર ન મુહ્યતિ || ૧૩ ||
વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય નવાનિ ગૃહ્ણાતિ નરોપરાણિ |
તથા શરીરાણિ વિહાય જીર્ણા ન્યન્યાનિ સંયાતિ નવાનિ દેહી || ૨૨ ||

It teaches about acceptance. One should always evolve with changes in present world. Without forgetting ethics and roots one should be ready to learn new things and accept the changes.

કર્મણૈવ હિ સંસિદ્ધિમાસ્થિતા જનકાદયઃ |
લોકસંગ્રહમેવાપિ સંપશ્યન્કર્તુમર્હસિ || ૨૦ ||
યદ્યદાચરતિ શ્રેષ્ઠસ્તત્તદેવેતરો જનઃ |
સ યત્પ્રમાણં કુરુતે લોકસ્તદનુવર્તતે || ૨૧ ||

This verse teaches about the importance of equity. To work for the welfare of society. It enlighten about the true service is to serve for mankind and living world without any expectation of recognization.

It also teaches that people will follow the path of their leaders. Therefore it is responsibility of one yo live peacefully and always be reasonable behind every step it take. To serve better for mankind.

**NEP 2020 on Human Values:-**

NEP 2020 has major focus on qualitiesof curriculum. In the guidelines of NEP-2020 it is mentioned that education should not only develop the child's mental abilities but also develop it’s overall factors which includes physical, mental, critical thinking, reasoning, ethics and values like courage, social responsibility, kindnes, equality and so on.

The importance of Indian Culture, Arts and Languages is highlighted in this draft. Thus policy is not only working for education, but also has longer vision on every aspects of learning and teaching.

Through NEP-2020 it is able to move towards our culture and take pride on it. Also it direct mankind towards the vast cultural heritage of Bharat and it’s values.

**Findings**:-

- "Human Values " are backbone of mankind.
- Without human values society become directionless.
- Today's people are lacking their ethics and values and therefore they are getting stress, depression, anxiety and trauma.
- Roots of values are our scriptures and social ethics.
- Through implement of this various value base concept in education, it can make healthy society.
- Value based education is necessary for modern society.
- NEP-2020 has direct the education system to work on different aims of education.

**Conclusion:-**

Bhartiya Scriptures has a vast knowledge of values and it depicts the importance of it in human life. Today's society is going into the darkness of mental stress and violence. But through our values and culture stillwe can move towards enlightenment with the help of ancient Scripture and implementing them in our life.

**Reference:-**

1. BhattK. C.(2005), "GeetaAacharan", Spectra Graphics, offset printers, bilimora.
2. Shah Gunvant, "કૃષ્ણનુંજીવનસંગીત",R. R. Sheth Company, Mumbai-400002
3. Android Application, "Bhagavad Gita"

**Peer Reviewed Refereed Journal** **ISSN : 2278 – 5639**
**Global Online Electronic International Interdisciplinary Research Journal (GOEIIRJ)**
**{Bi-Monthly}** **Volume – XII** **Special Issue – IV** **October – 2023**

# ગાંધીજીના વિચારોમાં માનવીય મૂલ્યો

**પટેલ અમિષાકુમારી મૂકેશભાઈ**
*B.Ed તાલીમાર્થી*
*શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય,બીલીમોરા*

***સારાંશ :-***

***આજના આધુનિક સમયમાં સમાજમાં નવી પેઢી માટે મૂલ્ય શિક્ષણ ખૂબ જ મહત્વ ધરાવે છે.કારણ કે,મૂલ્ય શિક્ષણ આપણને યોગ્ય દિશા બતાવવામાં મદદ કરે છે.મૂલ્ય શિક્ષણ આપણને વિવેચનાત્મક અને જવાબદારી સાથે કામ કરવાનું શીખવે છે.આ માટે એક શોધક તરીકે ગાંધીજીના સત્યપ્રયોગ આત્મકથામાં જોવા મળેલા માનવીય મૂલ્યો કેવા હોય શકે તે માટે આ પુસ્તકમાં ઘણાં પ્રસંગો જોવા મળે . જેમાંથી કેટલા પ્રસંગની અહી વાત કરવામાં આવી છે. એક પ્રસંગમાં ધર્મની ઝાંખીમાં ધર્મ એટલે આત્મજ્ઞાન થવું છે.એટલે કે આપણને પોતાને જ્ઞાન હોવું જરૂરી છે.વર્તમાન સમયમાં ધર્મના નામે ખૂબ જ ઢોંગ જોવા મળે છે.ધર્મનું યોગ્ય રીતે પાલન કરવામાં આવતું નથી.જેમકે,સ્વામિનારાયણ સંપ્રદાય છે જેમાં અમુક સંતો ચુસ્તપણે આચરણ કરતા હોય છે જયારે અમુક સંતો પાલન કરતા નંબર હોય.આપણે કોઈ પણ કાર્ય હાથ લીધું હોય ત્યારે તેને સંપૂર્ણ ન્યાય આપી પોતાની જવાબદારીથી કાર્ય સંપન્ન કરવું જોયે.પોતાની કંઈક ભૂલ થઈ જાય તો પોતાની ભૂલનો સ્વીકાર કરવું જોયે.પ્રામાણિકતાનું મૂલ્ય આપણા જીવનનમાં મહત્વ આપવું જોયે કે જેથી આપણે કોઈ બીજા વ્યક્તિનું અહિત કે ખોટું ના કરી શકીયે.ત્યાર પછી મિત્રતાનું મૂલ્ય શું છે ? એક સારો મિત્ર કેવો હોય શકે ? મિત્ર એવો હોવો જોયે કે જે આપણને આપણી ભૂલ હોય તો ત્યાં અટકાવેને યોગ્ય દિશા બતાવે.નહી કે ખોટા માર્ગ તરફ ધ્યાન દોરે.બધાની સામે પોતાના મિત્રની ભૂલ ના કેતા એકલા હોય ત્યારે ભૂલ ક્યાં થઈ છે.તે અંગે આપણું ધ્યાન દોરે.પછી સાદગીનું મૂલ્ય ગાંધીજી માટે ખૂબ જ મહત્વ ધરાવે છે.તેવી જ રીતે આપણે અત્યારે જોયે તો કોઈ પણ વ્યક્તિ સાદગીમાં જોવા મળતું નથી.ભાગ્યે જ સંજોગો મુજબ જોવા મળે છે.હાલના સમયમાં બાળકોથી શરૂઆત કરીને વૃદ્ધ વ્યક્તિ પણ જોવા ન મળે.***

**ચાવીરૂપ શબ્દો :-** ગાંધીજી, ભાષા,ધર્મ,પ્રામાણિકતા,મિત્રતા

**પ્રસ્તાવના : -**

આ સત્યના પ્રયોગ આત્મકથા પુસ્તકમાં ગાંધીજીએ બાલ્યવસ્થાથી શરૂઆત કરીને 1920 સુધીના તેમને કેવા અનુભવ થયા તેમને કેટલા પ્રસંગોમાં સત્યના પ્રયોગો હાથ ધર્યા છે તેની આલેખન અહીં કરવામાં આવ્યું છે. આ પુસ્તક નવજીવન પ્રકાશન મંદિર અમદાવાદ દ્વારા સૌ પ્રથમ 1927 માં પ્રકાશિત કરવામાં આવ્યું હતું. આ આત્મકથા વિશ્વમાં શ્રેષ્ઠ આત્મકથા ગણવામાં આવી છે.વિશ્વમાં પ્રથમ સ્થાન ધરાવે છે.

"તમે માનવતામાં વિશ્વાસ ના ખોવો,
માનવતા સાગરની જેમ છે.
જો સાગરની થોડીક બૂંદો ખરાબ છે,
તો સાગર ખરાબ નથી થઈ જાતો."

- મહાત્મા ગાંધીજી

આ વિચારમાં ગાંધીજી એ કહ્યું છે કે, માનવીય મૂલ્ય પર વિશ્વાસ તૂટી ન જવો જોઈએ કારણ કે માનવતાનુ મૂલ્ય સાગર જેવું વિશાળ છે.જો સાગરમા અમુક પાણીના ટીંપા ખરાબ આવી જાય તો સાગરનું પાણી ખરાબ તો નહીં થઈ જવાનું તો આપણે પણ કયારેય માનવતાના મૂલ્ય પર વિશ્વાસ ખોવું ન જોઈએ. જેમકે,એક વ્યક્તિ આપણને બાહ્ય સ્વરૂપ જોઈએ તો તે આવું જ હશે એમ ન માની શકાય પણ તેની ઊંડાણપૂર્વક તેના વિશે માહિતી પ્રાપ્ત કરવી પડે છે.

આ આત્મકથા પુસ્તકમાં ગાંધીજીએ તેમના નાનપણથી 1920 સુધીના જે પ્રસંગો થયા અને તેમાં જે તેમણે અનુભવ મેળવ્યો તેમાં જે સત્યના પ્રયોગ કર્યા છે.તેમાં એક સંશોધક તરીકે મને આમાં ઘણા માનવીય મૂલ્યો જોવા મળ્યા છે જે આધુનિક સમયમાં ખૂબ જ ઉપયોગી સાબિત થશે.જેમાં અહીં ભાષા,પ્રામાણિકતા,સત્ય,અહિંસા,સાદગી વગેરે મૂલ્યોની વિગતે ચર્ચા કરીશું.

**ભાષા :-**

આ આત્મકથામાં ગાંધીજીના હાઈસ્કૂલ નામના પ્રસંગનું વાત કરવામાં આવી છે જેમાં ગાંધીજીને તેના મિત્રો વાત કરતા હતાં કે ફારસી ભાષાનો શિક્ષક ખૂબ જ સારા છે જેટલું શીખે એમાં સંતોષ પ્રાપ્ત કરે છે.તેથી ગાંધીજીને લાલચ આવી અને સંસ્કૃતનો વર્ગ છોડીને ફારસી ભાષાના વર્ગમાં બેસી ગયો.આ વાત સંસ્કૃતના શિક્ષકને ખબર પડી અને મને બોલાવ્યો અને કહ્યું કે તારા ધર્મની ભાષા હોવા છતાં કેમ નહીં શીખવું. આ સમજ મળ્યા બાદ ગાંધીજીને શરમ લાગી અને વર્ગમાં બેઠા.મને કૃષ્ણાશંકર માસ્તરનો આભાર માનું છું કે જેમને મને સંસ્કૃત શીખવ્યું જેનાથી હું સંસ્કૃત શાસ્ત્રોમાં રસ લઈ શકું છું.હિંદુ ધર્મના વ્યક્તિ એ તો આ ભાષા શીખવી જ જોઈએ. ભારતમાં ઉચ્ચ અભ્યાસક્રમમાં સ્વભાષા સિવાય હિન્દી, સંસ્કૃત, ફારસી, અરબી અને અંગ્રેજીને સ્થાન હોવું જોઈએ.આટલી ભાષા જોઈને ડરવાનું કઈ કામ નહીં.જયારે આપણે આપણી સ્વભાષા જો પદ્ધતિ પ્રમાણે શીખી જાયે ત્યારે અન્ય ભાષા શીખવામાં વધારે સમય ન લાગે. જેમકે ગુજરાતી,હિન્દી અને સંસ્કૃત એક જ ગણાય છે તેવી જ રીતે અરબી અને ફારસી પણ એક જ ગણાય છે.જો કે ફારસી એ સંસ્કૃત સાથે સંબંધિત છે અને અરબી એ હિબરૂં સાથે સંબંધિત છે જેમાં ઇસ્લામ ધર્મમાં બંનેવ એકબીજા સાથે પૂરક સબંધ ધરાવે છે.ગાંધીજીએ ઉર્દૂ ભાષાને અલગ ગણી નથી કારણ કે ઉર્દૂના વ્યાકરણો સમાવેશ હિન્દીમાં થાય છે. તેના શબ્દો તો અરબી અને ફારસી જ છે.ઉંચા પ્રકારનું ઉર્દૂ જાણનારને અરબી અને ફારસી જાણવું પડે છે જયારે ઉંચા પ્રકારનું ગુજરાતી,બંગાળી,હિન્દી,મરાઠી જાણનારને સંસ્કૃત ભાષાને જાણવું અનિવાર્ય બને છે.

આ પ્રસંગમાં મને ભાષાનું આપણા જીવનમાં આપણી માતૃભાષા કેટલું મહત્વ ધરાવે છે એ શીખી શકી જેમાં આપણે કોઈ પણ એક ભાષા શાસ્ત્રીય્ રીતે પદ્ધતિ પ્રમાણે શીખીએ તો કોઈ પણ ભાષા શીખવવામાં મુશ્કેલી ન પડે.આપણે પોતાની ભાવના,લાગણી,વિચારો અને અનુભવ એકબીજા સાથે જણાવી શકીએ.જયારે આ બધી લગાણી, વિચારો આપને અંગ્રેજીમાં વ્યક્ત કરીયે તો પોતાનપણુંનો અભાવ જોવા મળે છે.આપણને ગુજરાતી ભાષા આવડી જાય તો હિન્દી અને અંગ્રેજી સરળ લાગે છે. તેવી જ રીતે ફારસી આવડે તો અરબી ભાષા પણ આવડી જાય છે.જો કે, ફારસી એ સંસ્કૃતને લગતી છે અને અરબી એ હિબરુંને લગતી છે.છતાં પણ બંનેવ ભાષા ઇસ્લામ પછી જોવા મળી છે,તેથી આ બંને વચ્ચે પૂરક સબંધ કહી શકાય કારણ કે આ બંને ભાષા સિક્કાની બે બાજુ છે એમ કહી શકાય છે.

**ધર્મ :-**

આ આત્મકથામાં તેમના ધર્મની ઝાંખી અંગેના પ્રસંગમાં ધર્મની વાત કરવામાં આવી છે કે જયારે તેઓ 16 વર્ષના થયા ત્યાં સુધી ધર્મનું કઈ પણ જ્ઞાન ન થયું જયારે મારા પિતાજીને અનેક ધર્મના લોકો મળવા આવતા હતા ત્યારે મને બધા ધર્મો પ્રત્યે સમાનતાનો ભાવ ઉત્પન્ન થયો.જયારે શાળામાં અભ્યાસ કરતા તે સમયે એક ખ્રિસ્તી ગુરૂ એ હિંદુ ધર્મની ટીકા કરતો હતો અને એક ભાઈ ખ્રિસ્તી બનીને દારૂ પીવું અને ગાયનું માસ ભોજન તરીકે લેતા હતા. આવું જોતા મને ખ્રિસ્તી ધર્મ પ્રત્યે અનાદારનો ભાવ ઉત્પન્ન થયો.જયારે હું પિતાજીની લાયબ્રેરીમાંથી મનુસ્મૃર્તિ પુસ્તક વાંચ્યા બાદ કોઈ વ્યક્તિ આપણી સાથે આપકાર કરે તો તેનો બદલો ઉપકારથી કરવું તે ગાંધીજીના જીવનનું લક્ષ્ય બની ગયું હતું.

ધર્મ એટલે શું ? ધર્મ શું છે? આ બધા પ્રશ્નનો આજના સમયમાં ઉત્પન્ન થતા નથી કારણ કે,હવે પાઠ્યપુસ્તક જેમકે,સામાજીક વિજ્ઞાન,ગુજરાતી,હિન્દી જેવા વિષયોમાં જોવા મળે જ છ.ખાસ કરીને ધોરણ -6 ની સામાજિક વિજ્ઞાન પુસ્તકમાં વિવિધતમાં એકતા પાઠ દ્વારા તેમાં ધર્મ,જાતિ, સંસ્કૃતિ વગેરે ભારતના લોકોનું ઉલ્લેખ કરવામાં આવ્યું છે જેમાં વિધાર્થી હિંદુ, ખ્રિસ્તી,ઇસ્લામ,પારસી,જૈન ધર્મના વિશે માહિતી પ્રાપ્ત હોય છે.આજના સમયમાં તો એક જ શાળામાં સમાવેશી શિક્ષણ

મુકવામાં આવ્યું છે કે જેથી એ શાળામાં કોઈ પણ ભેદભાવ રાખ્યા વગર કોઈ પણ ધર્મના કોઈ પણ જાતિના તેમજ દૃષ્ટિખામી હોય બોલવામાં તોતણાપણુ જેવા બાળકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.આના કારણે વિધાર્થી અન્ય ધર્મના લોકો વિશે જાણે,તેમનું ધર્મ કેવું છે તે વિશે જ્ઞાન પ્રાપ્ત કરે તેમજ મિત્રતા બંધાય છે.

**પ્રામાણિકતા :-**

આ પ્રસંગમાં ગાંધીજીના વિવાહ પહેલાના સમયની વાત કરી છે જેમાં તેમને તેમના કાકાને અને અન્ય લોકોને બીડી પીતા જોયા તો તેમને પણ બીડી પીવાની ઈચ્છા જાગી પણ બીડી લેવા માટે પૈસાની હતાં તો તેના કાકા બીડીના ઠુંઠા ફેંકી દે તેની ચોરી કરવાનું શરૂ કર્યું.આવા ભેગા કરતા કરતા સંતોસની મળ્યો તો ખબર પડી કે એક છોડ આવે તેના પાનની બીડી બનાવવામાં આવે તો તે સળગે અને તે પી શકાય.અમે તે મેળવીને પીતા થયા.પણ પછી સંતોષની મળ્યો કારણ કે,અમે વડીલોને જાણ કરવા વગર આ કાર્ય કર્યું તો દુઃખ થઈ રહ્યું છે.અને ખૂબ જ કંટાળી ગયાને આપઘાત કરવાનો વિચાર આવ્યો.આપઘાત કઈ રીતે કરાય એ વિચાર કરવા લાગ્યા.પછી એમ થાય છે કે આપઘાત કરતા બચી ગયા તો મૃત્યુનો શું લાભ થાય.આ ટેવ ભૂલી ગયા પણ મોટા થયા પછી બીડી પીવાની ઈચ્છા ન થઈ,આ આદત હાનિકારક છે એ મે હંમેશા માન્યુ છે.પણ આ બીડી પીવાનો શોખ કેમ હશે એ વિચાર આવ્યો.ત્યાર પછી બીડીના ઠુંઠા ચોરી કરવું એ દોષના કરતાં બીજો એક ચોરીનો દોષ જે મારાથી થઈ ગયો એ વધારે ગંભીર બાબત માનું છું.બીજી ચોરી 15 વર્ષની ઉંમરે કરી હતી કારણ કે ત્યારે મારા ભાઈના સોનાના કદાણા કાકડાની હતી. આ વાત અસહ્ય લાગી અને ચોરી ન કરવાનું નિશ્ચય કર્યું. પણ આ વાત પિતાજી પાસે આ ભૂલ કેમકે સ્વીકાર કરું એ મુંઝવણ હતી તો વિચાર કર્યો કે કેવા જવા તો માર પડશે ગુસ્સો કરશે તેમ છતાં ભૂલ માનવા વગર ચાલે નહીં એ માટે ચિઠ્ઠી લખી ન જાણ કરવાનું નક્કી કર્યું. ચિઠ્ઠી લખીને પિતાજીના હાથમાં મુકીને સામે જ બેસી ગયો પિતાજીએ ચિઠ્ઠી વાંચી પછી આંખમાંથી આંસુ આવ્યા મે વિચાર્યું કે ગુસ્સો કરશે,માર પડશે સાયદ માથુ ફોડી નાખશે પણ ખુ જ શાંતિથી ક્ષમા આપી.પરંતુ પિતાજીનુ શાંત સ્વભાવ કેમ ઉગ્ર ન બન્યો કારણ કે મે મારી ભૂલનો પ્રામાણિકતાથી સ્વીકાર કર્યો. જે વ્યક્તિ પોતાના અધિકારી સામે પોતાની ભૂલ સ્વીકારી કરી લે છે તે સાચા હૃદયથી પ્રાશ્ચિત કરે છે.મારા પ્રત્યેનો તેમનો મહાપ્રેમમાં વધારો થયો હોય એમ જાણવા મળ્યું.

**" સફળતા તે લોકોની સૌથી નજીક રહે છે,**
**જેમની કોશિશ ઝડપી અને પ્રમાણિક છે."**

- મહાત્મા ગાંધીજી

ગાંધીજીના આ વિચારમાં પ્રમાણિકતાની વાત કરી છે કે,જો સફળતા એ વ્યક્તિની નજીક હોય છે જે વ્યક્તિ સતત પ્રયત્નશીલ હોય અને એકબીજા પ્રત્યે પ્રામાણિકતાથી વર્તનવ્યવહાર કરતો હોય એ વ્યક્તિ સફળતાની ખૂબ જ નજીક હોય છે.

ગાંધીજીના આ પ્રસંગમાં પ્રમાણિકતાનું મૂલ્ય જોવા મળ્યું છે.જેમાં તેઓ પોતાની ભૂલનો સ્વીકાર પિતાજી સમક્ષ કરી શક્યા હતાં. જેમકે, આપણે બસમાં મુસાફરી દરમિયાન કોઈ વૃદ્ધ વ્યક્તિને જોઈ આપણે જગ્યા આપવાનું, કોઈ વ્યક્તિ સાથે પ્રમાણિકતાથી વર્તનવ્યવહાર કરવું જોઈએ, કોઈ જગ્યા એ નોકરી કરતા હોય અને આપણી ભૂલ હોય તો અધિકારી સામે પોતાની ભૂલનો સ્વીકાર કરવું જોઈએ તેમજ પ્રાશ્ચિત કરવું જોઈએ.એક શિક્ષક તરીકે બાળકને પ્રામાણિકતાનું મૂલ્ય શું છે તે સમજણ આપવી જોઈએ. કોઈનું આપણા કારણે અહિત ન થાય તેનું ધ્યાન રાખવું જોઈએ.

અહીં મારી સાથે બનેલ એક પ્રસંગની વાત કરવી મને ગમશે,મારી મિત્ર વૈશાલી મારી પુસ્તક એની બેગમાં એની સમજી લઈ ગઈ હતી અને બીજા દિવસે જયારે વર્ગમાં એની જરૂર પડી ત્યારે એણે મને કહ્યુ કે ભૂલથી મારી પુસ્તક સમજી લઈ ગઈ હતી. પરત પાછી આપી હતી મને એમાં એનું પ્રામાણિકતા જોવા મળી હતી.

**મિત્રતા :-**

આ સત્યપ્રયોગમાં ગાંધીજીના દુઃખદ પ્રસંગમાં કેટલા પાપ કર્યા છે જેમાં માંસાહાર અને વેશ્યાવૃત્તિ વગેરેને

સમાવેશ કર્યું છે.એક વાર ગાંધીજી ઉંડાણપૂર્વક જણાવે છે કે મિત્ર કેવો શોધવો જોઈએ.એક સારો મિત્ર તમારી ભૂલની સમજ આપે અને નહીં કે ખરાબ રસ્તો બતાવે તેની વાત કરી છે.

એક સંશોધક તરીકે,મને એવો વિચાર આવે છે કે એક સારો મિત્ર એ છે કે જે બીજાની વાતમાં ન આવી જાય્ અને મિત્રતા તોડી નાખે છે.તેમજ એક સારો મિત્ર સલાહકાર હોય શકે, માર્ગદર્શન પૂરું પડી શકે, જ્યા આપણી ભૂલ થાય ત્યારે એકલામાં પોતાની ભલની સમજણ આપે બધાની સામે તમને ખરાબ ન વિચારવા દે એવો હોવો જોઇએ.

**તારણ :-**

(1) ભાષાનું જતન અને સંવર્ધન કરવું જોઈએ.

(2) આપણે આપણી સંસ્કૃતિ અને ધર્મનું રક્ષણ કરવું જોઈએ.

(3) કોઈ પણ કાર્ય પ્રામાણિકતાથી કરવું જોઈએ.

(4) મિત્ર એવો રાખવો જોઈએ કે,જે આપણને સાચો માર્ગ બતાવે નહીં ક ગેરમાર્ગ તરફ ધ્યાન દોરે.

**સમાપન :-**

આમ, આ પુસ્તકમાં ગાંધીજીના ઘણાં પ્રસંગો દર્શાવવામાં આવ્યા હતાં જેમાં મને હાઈસ્કૂલ,ધર્મની ઝાંખી,ચોરી અને પ્રાશ્ચિત,અને દુઃખદ પ્રસંગ જે હતાં તેમાં મને જે મૂલ્ય જોવા મળ્યા છે તેમાં હું એક સશોધક તરીકે,ધર્મનું મૂલ્ય,પ્રામાણિકતાનું મૂલ્ય,મિત્રતાનું મૂલ્ય સાદગી ,બ્રહ્મચર્ય, શાંતિનું મૂલ્ય સત્યનું મૂલ્ય વગેરે જોવા મળ્યા છે.વર્તમાન સમયમાં અહિંસા ખૂબ જ વધી રહી છે.અત્યારના સમયમાં કોઈ સત્ય બોલે તો બે ત્રણ વ્યક્તિ ભેગા થઈને બોલે તો એ જૂઠ પણ સત્યમાં બદલાય જાય છે. અને સત્ય જૂઠમાં ફેરવાય જાય છે.બેકારી અને ગરીબીમાં રોજે રોજ વધારો જોવા મળે છે.ધર્મોના નામે ઘણો પાખંડ થઈ રહ્યો જોવા મળે છે.લોકોને ધર્મના નામે લૂંટવામાં આવી રહ્યા છે.લોકો કોઈની મદદ કરવામાં માનતા નથી પણ દેખાડો કરવા માટે દાન સ્વરૂપ પૈસા આપે છે.જેમની ખરેખર જરુર હોય તેમને આપી શકતા નથી.ત્યારે આ બધી સમસ્યા દૂર કરવા માટે ગાંધીજીના વિચારો ખૂબ જ અગત્યતા ધરાવે છે.

**સંદર્ભસૂચિ :-**

(1) ગાંધી મોહનદાસ કરમચંદ (1927),સત્યના પ્રયોગો અથવા આત્મકથા,નવજીવન ટ્રસ્ટ,અમદાવાદ.

(2) https://gujarati.matrubharti.com/novels/1499/satya-na-prayogo-by-mahatma-gandhi

(3) https://www.gujaratilexicon.com/book-summary/biography/autobiography-of-mahatma-gandhi

**Peer Reviewed Refereed Journal** **ISSN : 2278 – 5639**
**Global Online Electronic International Interdisciplinary Research Journal (GOEIIRJ)**
**{Bi-Monthly} Volume – XII Special Issue – IV October – 2023**

# ગાંધીજીની આત્મકથા "સત્યના પ્રયોગો" માંથી પ્રાપ્ત થતા માનવીય મૂલ્યો

**Priyalkumari Ramanbhai Patel**
*Trainee of B.Ed.College*
*Shrirang Shikshan Mahavidyalay, Bilimora.*

*સારાંશ*

*મહાત્મા ગાંધીજીની આત્મકથા "સત્યના પ્રયોગો"માંદર્શાવેલા તેમના જીવનના અનુભવો અને મૂળભૂત માનવ મૂલ્યો વચ્ચે ગહન જોડાણ જોઈ શકાય છે.સત્ય પ્રત્યે ગાંધીજીનીઅતુટ પ્રતિબધતા પાયાના સિદ્ધાંતો તરીકે પ્રામાણિકતા ,અખંડિતતા અને નૈતિકતાને પ્રકાશિત કરે છે. અહિંસા તેમના ફિલસુફીના કેન્દ્રીય સ્તંભ તરીકે ઉભરી આવે છે. વિશેષ રૂપે આત્મનિર્ભરતા અને આધ્યાત્મિકતા જેવા મૂલ્યો તેમની જીવન શૈલીને ખૂબ પ્રભાવિત કરે છે. આ ઉપરાંત તેમના સાદગી ભર્યા જીવનમાંથી સાદગીનું મૂલ્ય, સ્વશિસ્તનું મૂલ્ય,સમાનતા,સેવા, સહાનુભૂતિ અને કરુણા, હિંમતઅને બલિદાન, પરિશ્રમ તથા વિવિધતા માટે આદર વગેરે જેવા મૂલ્યો પણ પ્રાપ્ત થાય છે. આમ ગાંધીજીનો આ સ્થાયી વારસો વ્યક્તિઓને આવા વિવિધ મૂલ્યોને સ્વીકારવા માટે તથા અપનાવવામાટે પ્રેરણા આપે છે.*

**ચાવીરૂપ શબ્દો:** સત્ય,અહિંસા,આત્મનિર્ભરતા,મૂલ્ય,પ્રમાણિકતા,પરોપકાર,કર્મનિષ્ઠા, આધ્યાત્મિકતા ,સાધગી.

**પ્રસ્તાવના:**

મહાત્માગાંધીજી ૨ઓક્ટોબર, ૧૮૬૯ના રોજ ભારતના પોરબંદરમાં જનમ્યાહતા. બ્રિટિશ શાસનથી ભારતની સ્વતંત્રતાની લડતમાં તેઓ અગ્રણી નેતા હતા. તેમની જીવન શૈલી ખૂબ જ ઉચ્ચ હતી અને તેમણે તેમના જીવનમાં ઘણા બધા મૂલ્યો અપનાવ્યા હતા જેમકેસત્ય,અહિંસા,પ્રમાણિકતા,સ્વશિસ્ત,આત્મનિર્ભરતા, આધ્યાત્મિકતા,સેવા વગેરે....

વર્તમાન સમયમાં કેટલાક લોકો ગાંધીજીના સત્ય અહિંસા જેવા સિદ્ધાંતો અને મૂલ્યોથી ઊંડે પ્રેરિત રહે છે, જ્યારે કેટલાક લોકો મૂલ્યવાનજીવન જીવતા નથી અને ગાંધીજીની જેમ જીવનમાં વિવિધ મૂલ્યો અપનાવતા નથી. આજના આધુનિક યુગમાં માનવીય મૂલ્યો અપનાવી જીવન જીવવું જરૂરી બન્યું છે. ગાંધીજી ની આત્મકથા"સત્યના પ્રયોગો"એ ગાંધીજી જેવા જીવનમૂલ્યો પ્રાપ્ત કરવા માટેનું ઉત્તમ પ્રાપ્તિસ્થાન છે.. આ પુસ્તકમાં દર્શાવેલ ગાંધીજીના જીવનના વિવિધ કિસ્સાઓમાંથી વિવિધ પ્રકારના મૂલ્યો પ્રાપ્ત થઈ શકે છે. જે ઉત્તમ જીવન જીવવા માટે ખૂબ જ ઉપયોગી છે.

**વિષયવસ્તુ:**

ભારતના રાષ્ટ્રપિતા અને વિશ્વને સત્ય તેમજ અહિંસાની શક્તિનું દર્શન કરાવનાર મહાત્મા ગાંધીના જીવનના બાળપણથી માંડીને ઈ.સ.1921 સુધીના સમયગાળાના સારા નરસા પ્રયોગોને આવરી લેતું પુસ્તક એ "સત્યના પ્રયોગો". ૧૯૨૫થી ૧૯૨૯નાસમયગાળા દરમિયાન "નવજીવન" માં સાપ્તાહિક રૂપે પ્રકાશિત થયેલી આત્મકથામાં ગાંધીજીના જીવનના રાજકીય કરતા આધ્યાત્મિક અને નૈતિક અનુભવો પર વધુ ભાર મુકાયો છે. સમગ્ર પુસ્તકમાં તેમણે અપનાવેલા સત્ય,અહિંસા,આધ્યાત્મિકતા,બ્રહ્મચર્ય,આત્મજ્ઞાન, આત્માનિર્ભરતા,પ્રામાણિકતા, પરોપકાર જેવા વિવિધ મૂલ્યો ની વાત કરવામાં આવી છે.

ગાંધીજીની આ આત્મકથા "સત્યના પ્રયોગો"પાંચ ભાગમાં લખાયેલી છે. તેની શરૂઆત ગાંધીજીના બાળપણના પ્રસંગોથી થાય છે.પહેલાભાગમાંદર્શાવેલ પ્રસંગ કે જેમાં શાળામાં ઇન્સ્પેક્શન સમયે માસ્તર ના કહેવા છતાં ગાંધીજી ચોરી કરતા નથી તેમના આ કિસ્સામાંથી આપણે પ્રામાણિકતા અને સત્યપાલન જેવા મૂલ્યો પ્રાપ્ત થાય છે. અન્યાય કિસ્સામાં ગાંધીજી તેમના મિત્રોના"ડરપોક" ના મહેણા સાંભળીને બહાદુરી દેખાડવા માસ-મદિરાનું સેવન બીડી પીવાનું વ્યસન અને દેવું ભરપાઈ કરવા સોનાની ચોરીના પ્રસંગની નિખાલસ રજૂઆત કરે છે.આમ આ કિસ્સામાં ગાંધીજી ખુલેઆમ પોતાની

ભૂલ સ્વીકારે છે. તેથી તેમાંથી પ્રામાણિકતા અનેસ્વસુધારણા જેવા મૂલ્યો પ્રાપ્ત થાય છે.. બીજા એક પ્રસંગમાં ફક્ત 13 વર્ષની કુમળી વયે લગ્ન થતાં અણસમજને લીધે લગ્ન જીવનમાં પડેલી મુશ્કેલીઓ અંગે પણ તેમણે લખ્યું છે. તે પ્રસંગમાંથી આપણને સ્થિતિસ્થાપકતા,સહનશીલતા અને સમાવેશન જેવા મૂલ્યો શીખવા મળે છે. પિતાના મૃત્યુ પછી વકીલાતનું ભણવા વિદેશ ગમન પ્રસંગે માતાને આપેલ માનસાહાર,મધ્યપાન અને પરસ્ત્રીનો સંગ ન કરવાના વચનનું પાલન તેમણે આજીવન કર્યું હોવાનું જણાય છે. તેમના આ આચરણમાંથી પ્રામાણિકતાનું મૂલ્ય પ્રકાશિત થાય છે.

આ પુસ્તકના બીજા વિભાગમાં મુખ્યત્વે તેમના દક્ષિણ આફ્રિકાના અનુભવોના કિસ્સા દર્શાવવામાં આવ્યા છે. તેઓ એક કેસ લડવા માટે જ્યારે દક્ષિણ આફ્રિકા ગયા ત્યારે પ્રિટોરીયામાં તેમને થયેલો રંગભેદ નો ખૂબ જાણીતો અનુભવ પુસ્તકમાં દર્શાવેલ છે. છતાં પણ તેઓ વકીલાત કરતા સત્યનો માર્ગ ચૂક્યા નહીં. અહીં તેમણે ભારતીયોને થતા અન્યાય સામેની તેમની અહિંસક લડત ઉપાડી હતી. તેમના આ પ્રસંગોમાંથી સત્યપાલન,કર્મ પ્રત્યે નિષ્ઠા,દેશભક્તિ,બહાદુરી,અખંડિતતા જેવા મૂલ્યો પ્રાપ્ત થાય છે.

પુસ્તકના ત્રીજા વિભાગમાં તેમના બ્રહ્મચર્ય ને લગતા પ્રયોગની વાત કરવામાં આવી છે.1896માં તેઓ ટૂંક સમય માટે ભારત આવે છે અને ગોપાલ કૃષ્ણ ગોખલે સાથે રહે છે. અહીં તેમની રાજનીષ્ઠા અને નાનામાં નાના કામ પ્રત્યે લગનનો ભાવ જોવા મળે છે. જેમાંથી કર્મનીષ્ઠા અને સમર્પણ જેવા મૂલ્યો પ્રકાશિત થાય છે. થોડા સમય બાદ દક્ષિણ આફ્રિકાથી મદદ માટે કહેણ આવતા ગાંધીજી ફરી ત્યાં જાય છે જેમાં તેમના સહાનુભૂતિ,પરોપકાર અને ઉદારતા જેવા મૂલ્યોના દર્શન થાય છે.

ચોથો વિભાગ તેમની દક્ષિણ આફ્રિકાની સરકારની અન્યાયીનીતિની સામે સખત લડતને સમર્પિત છે. સાથે સાથે આમાં આહારને લગતા તેમના કેટલાક પ્રયોગોની તેમજ બ્રહ્મચર્ય અને આત્મસંયમ ને લગતા તેમના વિચારોનું આલેખન . તેમાંથી આપણે બ્રહ્મચર્ય અને આત્મસંયમ જેવા મૂલ્યો શીખી શકીએ છીએ.

પાંચમા વિભાગમાં ગાંધીજી ભારતમાં અંગ્રેજોની અન્યાયી નીતિ સામેની અહિંસક એવી અસહકારની લડત ચલાવે છે.આ કિસ્સામાંથી અહિંસાનું મૂલ્ય પ્રકાશિત થાય છે. આ ઉપરાંત ગાંધીજીના ઘણા બધા જીવન અનુભવોમાંથી અહિંસા નું મૂલ્ય પ્રકાશિત થાય છે.

આ ઉપરાંત આ પુસ્તકમાં મહાત્મા ગાંધીની સ્વદેશીની વિભાવના તેમના આત્મનિર્ભરતા પરના ભારને દર્શાવે છે. સ્વદેશી એ વિદેશી આયાત પર નિર્ભરતા ઘટાડવા અને સ્વનિર્ભરતાને પ્રોત્સાહન આપવાના માર્ગ તરીકે સ્થાનિક રીતે બનાવવામાં આવતા માલસામાનને પ્રોત્સાહન આપવા અને તેનો ઉપયોગ કરવાનો સિદ્ધાંત છે. ગાંધીજીએ લોકોને આર્થિક આત્મનિર્ભરતા વધારવા અને બ્રિટિશ સંસ્થાન વાદી આયાત પર નિર્ભરતા ઘટાડવા માટે સ્થાનિક રીતે બનાવેલી વસ્તુઓ અને કપડા(ખાદી)નો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કર્યા. આ ખ્યાલ તેમની ફિલસુફીના મુખ્ય સિદ્ધાંતો તરીકે આત્મનિર્ભરતા અને આત્મનિર્ભરતા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આમ તેમના જીવન ચરિત્ર પરથી આત્મનિર્ભરતા જેવા વિશેષ મૂલ્યો પ્રાપ્ત થાય છે.

આત્મનિર્ભરતાની સાથે સાથે આધ્યાત્મિકતાના મૂલ્યના દર્શન પણ આપણે ગાંધીજીની જીવનશૈલી માંથી કરી શકીએ છીએ. જ્યારે તેઓ દક્ષિણ આફ્રિકામાં રહેતા હતા ત્યારે તેમના અનુભવોમાં તેમની સાદી અને સન્યાસી જીવનશૈલી અને આત્મસુધારણા માટેના સાધન તરીકે પ્રાર્થના અને ધ્યાનનો તેમનો ઉપયોગ વગેરેમાં આપણને તેમની આધ્યાત્મિકતા ના દર્શન થાય છે.

**તારણ અને પરિણામ:**

આમ આપણને ગાંધીજીની આત્મકથા"સત્યના પ્રયોગો"માંથી ઘણા બધા મૂલ્યો પ્રાપ્ત થાય છે. જેમ કે..

સત્ય:-સત્ય બોલવું અને પ્રામાણિક જીવન જીવવું.

અહિંસા:-હિંસા નો ત્યાગ.

સાદગી:- સાધુ જીવન અને ઉચ્ચ વિચારો દ્વારા પ્રકૃતિ સાથે સુમેળ બાંધી સાદગી ભર્યું જીવન જીવવું.સ્વશિસ્ત:-પોતાની ઈચ્છાઓને નિયંત્રિત કરવી.

સેવા:-માનવતા પ્રત્યે પ્રેમ અને કરુણા વ્યક્ત કરવાના માર્ગ તરીકે સેવાનું મૂલ્ય અપનાવવું જોઈએ. સહાનુભૂતિ અને કરુણા:-આ મૂલ્ય આપણને આપણી આસપાસના લોકોની પીડા અને સંઘર્ષો સાથે જોડાવાનુંઅને દયાથી કાર્ય કરવાનું શીખવે છે.

હિંમત અને બલિદાન:-આપણા સિદ્ધાંતો માટે ઉભા રહેવા માટે વ્યક્તિગત બલિદાન અને હિંમતની જરૂર પડે છે તેના માટે હિંમત અને બલિદાન નું મૂલ્ય અપનાવવું.

આત્મનિર્ભરતા:-વિદેશી આયાત પર નિર્ભરતા ઘટાડી સ્વદેશી વસ્તુઓ અપનાવવી.

આધ્યાત્મિકતા:-જીવનને સફળ બનાવવા માટે તથા આત્મસુધારણાના સાધન તરીકે આધ્યાત્મિકતાનું મૂલ્ય અપનાવવું જોઈએ.

**ઉપસંહાર:**

આમ ગાંધીજીની આત્મકથા સત્યના પ્રયોગો માંથી આપણને ઉચ્ચ અને મૂલ્યવાન જીવન જીવવાનો મહાવરો મળી રહે છે. કારણ કે આ પુસ્તકમાં ગાંધીજીના જીવનના પ્રસંગોનું વર્ણન કરવામાં આવેલ છે અને તેમાં ગાંધીજીના આચરણ માંથી ઘણા બધા માનવીય મૂલ્યો પ્રકાશિત થાય છે.

**સંદર્ભ સૂચિ:**

M.K.Gandhi(1925)"સત્યનાપ્રયોગો", Navajivan trust, અમદાવાદ.M.K.Gandh

https://gandhianphilosophy201501043.wordpress.com/2018/03/30/satya-na-prayogo-gandhijis-autobiography/

https://www.gujaratilexicon.com/book-summary/biography/autobiography-of-mahatma-gandhi/

M.K.Gandhi(2021)"truth is God", Namaskar books publisher.

# પતંજલિ યોગશાસ્ત્રમાં માનવીય મૂલ્યો

**પટેલ રિયાકુમારી ઉત્તમભાઈ**
*તાલીમાર્થી*
*શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બિલિમોરા*

*સારાંશ*

***પતંજલિ યોગશાસ્ત્ર માનવને આત્મચિંતનનું માર્ગ પ્રદાન કરે છે. આત્મચિંતન માટે યોગ એક પ્રમુખ સાધના છે. યોગશાસ્ત્ર માનવીય માનસિક શાંતિમાં મદદ કરે છે. યોગનું અભ્યાસ સારવાર અને સહમેલવુંની ભૂમિકા રાખે છે. આત્મચિંતન અને યોગદર્શન સારવારની મદદ કરે છે. યોગનું અભ્યાસ શરીરને સ્વાસ્થ્ય અને તંદુરસ્ત રાખવામાં મદદ કરે છે. તેમજ સ્વાસ્થ્ય માટે યોગનું અભ્યાસ વિચારણીય છે. યોગની તકનીકો સમજદારી અને સમજદાર સમાજની બનાવટ માં મદદરૂપ છે. પતંજલિ યોગશાસ્ત્રમાં આત્મજ્ઞાનનો મહત્વ અને માનવીય મૂલ્યો પર વિશેષ મહત્વ આપ્યો છે. પતંજલિયોગશાસ્ત્રનું માનવીય મૂલ્યોમાં મહત્વપૂર્ણ ભૂમિકા છે અને આત્મચિંતન, શાંતિ, સારવાર, સ્વાસ્થ્ય, સમજદારી, અને આત્મજ્ઞાનને સુધારવામાં મદદ કરે છે. આવી યોગની તકનીકો માનવીય જીવનને સુખમય અને સમૃદ્ધિપૂર્ણ બનાવવાની મદદ કરે છે.***

**ચાવીરૂપ શબ્દો :** માનસિક શાંતિ, આધ્યાત્મિક વિકાસ, સ્વાસ્થ્ય, આત્મચિંતન. સામાજિક સહમેલવું

**પ્રસ્તાવના**

**योगश्चित्तवृत्तिनिरोधः|**

આપણી ભારતીય પરંપરામાં યોગો નું સ્થાન અજોડ છે. મહર્ષિ પતંજલિએ આપેલ યોગશાસ્ત્રથી યોગ માટે આધારભૂત ગ્રંથ છે. તેનુ અધ્યયન વર્ષોથી ભારતની ભૂમિમાં મહાન વિદ્વાનો તથા ઋષિમુનિઓ દ્વારા થતું આવ્યું છે. આપણી દૈનિક જીવનશૈલીમાં યોગને કેવી રીતે પ્રસ્થાપિત કરવો તે આ ગ્રંથ દ્વારા સમજાવવામાં આવ્યું છે.

**મહર્ષિ પતંજલિ**ને વિશ્વના પ્રથમ યોગગુરૂ માનવામાં આવે છે, જેમણે યોગોમાં **195** સુત્રો એકત્રિત કર્યા અને સામાન્ય લોકો માટે સરળ બનાવ્યા.

પતંજલિ યોગશાસ્ત્ર માનવીય મૂલ્યો પર ભૂતકાળ સફળતા અને સારવારનો માર્ગ સૂચવવામાં આવ્યો છે. આ ગ્રંથ યોગનું **અધ્યાત્મિક** અને **શારીરિક** વિકાસ પ્રાપ્ત કરવાનું માર્ગ આપે છે, અને મન, શરીર, અને આત્માને સંતુલિત રાખવામાં મદદ કરે છે. યોગશાસ્ત્રમાં માનવીય મૂલ્યો જેવાં કે આદર, સત્ય, અહિંસા, તપસ્યા, અને આત્મચિંતનનું મહત્વ મળે છે અને માનવજીવનમાં શાંતિ, સાંત્વના, અને સંતોષનો માર્ગ સૂચવે છે. પતંજલિનો યોગશાસ્ત્ર આજના દિને પણ વિવિધ યોગા અભ્યાસમાં મહત્વપૂર્ણ છે અને માનવીય મૂલ્યો પર આધાર રાખે છે. પતંજલિ યોગશાસ્ત્ર એ એક પ્રમુખ યોગસૂત્રોનો સંકલન છે, જે યોગનું માર્ગ અને યોગના **પ્રતિક્રિયાઓ** પર વિચાર કરે છે.

પતંજલિ યોગશાસ્ત્ર સંગ્રહીત છે, અને તેમનું લાગુ પરંપરાગત યોગ સિસ્ટમ છે, જેમણે આષ્ટાંગ યોગ યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, અને સમાધિ અને સમાધિપાદ મુકન્દ પર આધાર રાખે છે. પતંજલિ યોગશાસ્ત્ર પ્રાચીન સંસ્કૃત ગ્રંથ છે, અને તેમનું સરળ અને માનવીય માન્યતા મેળવ્યો છે.અને આજના દિને પણ યોગના અધ્યાત્મિક અને શારીરિક અભ્યાસમાં વપરાય છે.

પતંજલિ યોગશાસ્ત્ર માનવીય મૂલ્યો પર વિચાર કરવાનો માર્ગ પ્રદાન કરે છે, અને તેમનું મહત્વ ભવિષ્યમાં પણ રહેશે. **યોગશાસ્ત્ર માનવ જીવનને શાંતિ, સાંત્વના, અને આત્મચિંતનની દિશામાં મદદ કરે છે, અને આવનારા સમયમાં પણ માનવીય મૂલ્યોની આદર્શ રાહ બતાવી શકે છે.**

યોગના અભ્યાસથી માનવીય સારી સાંત્વના, તપસ્યા, અને સહનશીલતા વિકસાવી શકે છે, જે ભવિષ્યમાં પણ માનવ

સમાજની આવશ્યકતાઓ હોઈ શકે છે. યોગનો અભ્યાસ માનવીય માન્યતાને સાથે લઇ શકે છે અને માનવીય મૂલ્યોની વાત કરે છે, જે ભવિષ્યમાં પણ મહત્વની રહેશે.

**વિષયવસ્તુ**

**પતંજલિ યોગશાસ્ત્રમાં માનવીય મૂલ્યોની સમજ:**

1. **યમ (મોરલ ડેવેલોપમેન્ટ):** યમ માનવ આચારણોને વધુ સજીવ અને સમજદાર રીતે પ્રગતિ કરવાનું માર્ગ આપે છે. તેનામાં આદર, સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય (સંયમ) અને અપરિગ્રહનો સમાવેશ થાય છે.
2. **નિયમ (સોશિયલ ડેવેલોપમેન્ટ):** નિયમ સમજને સંશોધન, આત્મ-વિકાસ અને સામાજિક સંબંધોમાં સુધારવાનું પ્રાપ્ત કરવાનું માર્ગ આપે છે. તેનામાં શૌચ (શુદ્ધિ), સંતોષ, તપ (પેનનું ત્યાગ), સ્વાધ્યાય (આત્મચિંતન), અને ઈશ્વરપ્રણિધાનનો સમાવેશ થાય છે.
3. **આસન (શરીરિક અભ્યાસ):** આસન યોગિને અવાસનીય સ્થિતિઓમાં શરીરનો યોગદાન કરે છે, અને તેનામાં સ્થિરતા, સુખ, અને સુખમય આત્મચિંતન સાથે શરીરનો પ્રશાંતિપૂર્ણ અને સારાનું વિકાસ થાય છે.
4. **પ્રાણાયામ (શ્વાસનિયમ):** પ્રાણાયામ શ્વાસના નિયમને સાર્થક અને વિચાર સાથેજોડવા માન્ય છે, અને પ્રાણોને નિયમિત નિયંત્રણ અને પ્રાણાયામના મુદ્રાઓનો અભ્યાસ દ્વારા માનવીય આત્મચિંતનમાં મદદ મળે છે.
5. **પ્રત્યાહાર (ઇન્ટરનલ સેન્સ કોન્ટ્રોલ):**પ્રત્યાહાર માનવને પોતાની ઇન્દ્રિયોની અંદરની તરફ આંતરિક ચેતના તરફ વાળે છે.
6. **ધારણા (મેન્ટલ ફોકસ):** ધારણા માનવને મનને એક વિશેષ વસ્તુ અને ચિંતનામાં એકાગ્રતાને કેન્દ્રીત કરવાનું માર્ગ આપે છે.
7. **ધ્યાન (મેન્ટલ સ્કેનિંગ):** ધ્યાન માનવને એક નિર્મળ માનસિક અનુભવ, ચિંતન, અને આત્મચિંતનનું માર્ગ આપે છે.
8. **સમાધિ (એકાત્મતા):** સમાધિ માનવને આત્માની પૂર્ણ સારાણી, આનંદ અને યોગનો અનુભવ કરવાનું માર્ગ આપે છે.

   પતંજલિનો યોગશાસ્ત્ર આ આધ્યાત્મિક અને શારીરિક આત્મવિકાસનું માર્ગ આપે છે અને માનવીય મૂલ્યોની આદર્શ પરંપરાગત અને ભવિષ્યમાં પણ મહત્વનું રહેશે. આ યોગશાસ્ત્રનો અભ્યાસ માનવ આત્મવિકાસ અને માનવીય સમાજમાં શાંતિ અને સાંત્વનાની દિશામાં સહાયક થશે.

**પતંજલિ યોગશાસ્ત્રનું માનવીય મૂલ્યો પર મહત્વ:**

પતંજલિ યોગશાસ્ત્ર માનવીય મૂલ્યો અને જીવનને આધ્યાત્મિક, માનસિક, અને શારીરિક રૂપે સુધારવામાં મહત્વનો ભાગ ભજવે છે. તેનુ મહત્વ નીચે આપેલ છે:

1. **આધ્યાત્મિક વિકાસ:** પતંજલિ યોગશાસ્ત્ર આધ્યાત્મિક વિકાસનું મહત્વ આપે છે. તે માનવને આત્મચિંતન, આત્મજ્ઞાન, અને આત્મસાક્ષાત્કારમાં મદદ કરે છે.
2. **માનસિક શાંતિ:** યોગશાસ્ત્ર માનવીય માનસિક શાંતિને અને માનસિક સ્વાસ્થ્યને લાવવામાં મદદ કરે છે.
3. **સારવાર:** યોગનું અભ્યાસ માનવોને સારવાર, માનવીય સમાજ, અને પ્રકૃતિ સાથે સંબંધ બનાવવામાં મદદ કરે છે.
4. **સ્વાસ્થ્ય:** યોગનું અભ્યાસ શરીરને સ્વાસ્થ્ય અને તંદુરસ્ત રાખવામાં મદદ કરે છે.
5. **સમજદારી:** યોગશાસ્ત્ર માનવીય સમજદારીને મહત્વ આપે છે અને સામાજિક સમજદારી પ્રાપ્તિની દિશા મોકલે છે.
6. **સાંત્વના:** યોગની ધારણા અને ધ્યાન માનવે તણાવનો સામ્ય અને સાંત્વનાને પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.

પતંજલિ યોગશાસ્ત્ર માનવીય મૂલ્યો અને જીવનને સુધારવાની પ્રાચીન અને અદ્વિતીય એક પ્રયાસ છે. જે માનવીય જીવનમાં સુખ, શાંતિ, આત્મચિંતન, અને સમજદારીનું મહત્વ સ્પષ્ટ કરે છે. યોગશાસ્ત્ર એ માનવીય મૂલ્યોને અને જીવનને સમૃદ્ધિપૂર્ણ અને શાંતિપૂર્ણ બનાવવાનો એક અદ્વિતીય માર્ગ પ્રદાન કરે છે.

**પતંજલિ યોગશાસ્ત્રમાં માનવીય મૂલ્ય ના ફાયદા:**

1. **માનસિક શાંતિ:** યોગશાસ્ત્ર માનવને માનસિક શાંતિ અને સારાંશની સ્થિતિઓમાં પહોચવાનું માર્ગ આપે છે.
2. **શરીરિક સ્વાસ્થ્ય:** યોગના આસનો અને પ્રાણાયામ શરીરને સ્વસ્થ અને સાંત્વનામય રાખવામાં મદદ કરે છે.
3. **માનવીય મૂલ્યો પર વિચાર:** યોગશાસ્ત્ર માનવીય મૂલ્યોની મહત્વની સમજણ અને તેમની આદર્શ પરંપરાનો અદ્ભુત સ્રોત છે.
4. **આત્મચિંતન:** યોગની વિવિધ પ્રકારની અભ્યાસની મદદથી માનવે આત્મચિંતન અને આત્મજ્ઞાનમાં પ્રગતિ કરી શકે છે.
5. **સમજદારી:** યોગશાસ્ત્ર માનવીય સારવારને સમજદારી અને મિત્રતાનો માર્ગ પ્રદાન કરે છે.
6. **સાંત્વના અને તણાવ પ્રબંધન:** યોગની ધારણા અને ધ્યાન માનવમાં સાંત્વના અને તણાવને પ્રબંધન કરવામાં મદદ કરે છે.
7. **આત્મસમર્પણ:** યોગ આત્મસમર્પણની દિશામાં મદદ કરે છે, અને માનવ દિવ્યતાને અનુભવી શકે છે.
8. **સામાજિક સહાય:** યોગની અભ્યાસ સામાજિક સંબંધોમાં સામાજિક સહાયની ભૂમિકા રાખી શકે છે.

તમે પતંજલિનો યોગશાસ્ત્રનો અભ્યાસ કરીને માનવીય મૂલ્યોની સારવાર અને આત્મવિકાસમાં સુધાર લાવી શકો છો.

**પતંજલિ યોગશાસ્ત્રની માનવીય મૂલ્ય પર અસર:**

પતંજલિ યોગશાસ્ત્ર માનવીય મૂલ્યો પર અસર ધરાવે છે કે માનવીય સમાજમાં માટે એક પ્રશંસનીય માર્ગ પ્રદાન કરે છે. યોગશાસ્ત્રના માર્ગ અને અભ્યાસો માનવને માનવીય મૂલ્યોની દિશામાં મદદ કરે છે અને નીતિઓ બનાવવાની મદદ કરે છે. નીચે આપેલ છે કે કેમ પતંજલિ યોગશાસ્ત્ર માનવીય મૂલ્યો પર કેવી રીતે અસર ધરાવે છે:

1. **માનસિક શાંતિ:** યોગશાસ્ત્રના અભ્યાસો માનસિક શાંતિને અને ચિંતનને શાંત અને સમજદારીની દિશામાં મદદ કરે છે.
2. **દિવ્યતાનું અનુભવ:** યોગના અભ્યાસથી માનવે આત્મચિંતન અને દિવ્યતાનું અનુભવ કરી શકે છે.
3. **સામાજિક સહાય:** યોગ સમાજમાં સહમેલવું, સાથે આવવું અને સમજદારીની ભૂમિકા પ્રદાન કરે છે.
4. **સ્વાસ્થ્ય:**યોગશાસ્ત્રના આસનો અને પ્રાણાયામ શરીરને સ્વાસ્થ્ય અને સારાંશની સ્થિતિમાં રાખવામાં મદદ કરે છે.

પતંજલિ યોગશાસ્ત્ર માનવીય મૂલ્યોનો પ્રમુખ માધ્યમ છે જે માનવ આત્મચિંતન, શાંતિ, સાંત્વના, અને સમજદારીમાં મદદ કરે છે. તેનો અભ્યાસ કરવાથી માનવ આત્મવિકાસ અને માનવીય મૂલ્યોની સાચી પ્રાપ્તિ થાય છે.

**પતંજલિ યોગશાસ્ત્રનો માનવીય મૂલ્યો ઉપર ભવિષ્યમાં અસર:**

પતંજલિ યોગશાસ્ત્ર માનવીય મૂલ્યો ભવિષ્યમાં સતત અસર કરતુ રહેશે. યોગનું અભ્યાસ આજના સમયમાં પણ મહત્વપૂર્ણ છે અને ભવિષ્યમાં પણ માનવીય જીવનને સુધારવામાં મદદ કરી શકે છે. યોગશાસ્ત્રની પ્રક્રિયાઓ અને તકનીકો માનવે **આત્મચિંતન, સ્વાસ્થ્ય, શાંતિ, સમજદારી, અને સારવારને** સુધારવામાં મદદ કરે છે.

આ મૂલ્યો ભવિષ્યમાં માનવીય સમાજમાં **શાંતિ, સામાજિક સહમેલવું, અને આત્મચિંતનનો માર્ગ પ્રદાન કરે છે.** યોગનો અભ્યાસ માનવનું માનસિક સ્વાસ્થ્ય અને શારીરિક સ્વાસ્થ્ય સુધારે છે અને તેમજ આત્મજ્ઞાન પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. આનંદ અને સારવારનો સુખ માનવે પતંજલિ યોગશાસ્ત્રથી સુધાર્યો છે અને આ માનવીય મૂલ્યો ભવિષ્યમાં પણ આનંદને વધારે લાવી શકે છે.

**ઉપસંહાર**

પતંજલિ યોગશાસ્ત્ર માનવીય મૂલ્યો પર એક અદ્વિતીય અને મહત્વપૂર્ણ પ્રકારે અસર કરે છે. આ ગ્રંથ માનવને આત્મચિંતન, આત્મજ્ઞાન, માનસિક શાંતિ, સ્વાસ્થ્ય, સામાજિક સમજદારી, અને આત્મજ્ઞાન આપતો છે. પતંજલિ યોગશાસ્ત્રમાં આપેલા માનવીય મૂલ્યો આધ્યાત્મિક અને શાંતિપૂર્ણ જીવનને સુધારવાનું માર્ગ પ્રદાન કરે છે અને માનવીય સમાજને

સમજદારી, સારવાર, અને આત્મજ્ઞાનમાં મદદ કરે છે. આ માનવીય મૂલ્યો માનવને આત્મચિંતન, સાંત્વના, સમજદારી, અને સ્વાસ્થ્યમાં સુધારવામાં મદદ કરે છે.

**સંદર્ભ સૂચિ**


- ઉપાધ્યાય વિક્રમ,,ઠાકર નેહા ,જોશી પારુલબેન (2022),DYS-1 મહર્ષિ પતંજલિ:યોગદર્શન ,ડૉ. બાબાસાહેબ ઓપન યુનિવર્સિટી

# ધોરણ-૯ના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ મૂલ્યો

**ચૌધરી સરસ્વતીબેન બકુલભાઈ**
બી.એડ
શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય બીલીમોરા

*સારાંશ*

***શિક્ષણથકી જ મનુષ્ય પ્રગતિના શિખરેપહોંચે છે .બાળકના ચારિત્ર્યઅને વ્યક્તિ વિકાસ માટે સામાજિક, સંસ્કૃતિજેવાં મૂલ્ય શાળાના પાઠ્યપુસ્તકોમાં સમાવિષ્ટ થયા છે. આ મૂલ્યનો અભ્યાસ હાથ ધરવાનો લ્હાવો શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય બીલીમોરા, દ્વારા પૂરો પાડવામાં આવ્યો હતો. જેની તક ઉપાડી લઈ માધ્યમિક કક્ષાએ ધોરણ-૯નાગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળમાં વ્યક્તિ માટે આવશ્યક એવા કયા કયા મૂલ્યો સમાવિષ્ટ થયા છે? તેના ઉપર સંશોધન પત્ર તૈયાર કર્યું છે. પ્રસ્તુત સંશોધન પત્રમાં કુલ સાત મૂલ્યો જૂથોનો સાંકળીને હેતુઓ તૈયાર કરવામાં આવ્યાછે. જેમાં ધોરણ-૯નાપાઠ્યપુસ્તકમાં કુલ ૨૪ પ્રકરણ અનેપૂરકવાચનમાં કુલ ૪પ્રકરણમાં વિષયવસ્તુ સાથે જોવા મળતા મૂલ્યોનો સમાવેશ થાય છે.***

**ચાવીરૂપ શબ્દ:-**મૂડી,માનવીય મૂલ્ય, સમાવિષ્ટ

## ૧. પ્રસ્તાવના

**' આપણી વાસ્તવિક મૂડી અને મિલકત આપણા મૂલ્યો જ છે.'**

આપણે નિષ્ઠાપૂર્વક એમનું જતન કરીશું તો નવા વિશ્વનું નિર્માણ થશે. શિક્ષણમાં માનવીય મૂલ્યો દ્વારા વ્યક્તિ, સમાજ,દેશ, વિશ્વનો સર્વાંગી વિકાસ મૂલ્ય દ્વારા શક્ય બને છે."જેને મનુષ્ય પોતાની જીવંત દ્રષ્ટિને અનુરૂપ પસંદગી ને પાત્ર ગણે છે તે મૂલ્ય".દરેક માનવીની જીવન શૈલી ઉપર તેનો વારસોઅનેવાતાવરણ અસર કરે છે. આ ઉપરાંત સામાજિક મૂલ્યો,સાંસ્કૃતિક મૂલ્યો, અને આધ્યાત્મિક મૂલ્યોઅસર કરે છે.

## ૨. 'મૂલ્ય'શબ્દનીવ્યુત્પત્તિ

મૂલ્યશાસ્ત્રનેઅંગ્રેજીમાં Axiology કહેવાયછે. ગ્રીકશબ્દAxiousપરથી આ શબ્દબનેલોછે. તેનોઅર્થ 'ધરી' કે 'ધોરણ' એવોથાયછે. એ જ રીતેઅંગ્રેજીશબ્દ value એ valeoપરથીબનેલોછે. તેનોઅર્થ 'જેલાયકકેયોગ્યછેતે' એવોથાયછે.

## 3. મૂલ્યની વ્યાખ્યા

"સંસ્કૃતિએટલે સૈદ્ધાંતિકરીતેઅને વ્યવહારિકરીતે મૂલ્યોનો સાક્ષાતકાર કરવાનો પ્રયત્ન." - શ્રીબી.એસન્યાલ

## ૪. સમસ્યાકથન

શાળા કક્ષાએ વિદ્યાર્થીઓને શીખવવામાં આવતા વિવિધ વિષયો પૈકી ગુજરાતી વિષયમાં ક્યાં મૂલ્યનો સમાવેશ થયેલ છે? તે જાણવાના પ્રયાસના ભાગ રૂપે તાલીમાર્થી દ્વારા અહીં જણાવેલ શીર્ષક સંદર્ભે એક નાનકડો અભ્યાસ હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

## ૫. અભ્યાસનાહેતુઓ

(૧) ધોરણ-૯ના પ્રવર્તમાન ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકમાં સમાયેલ પ્રકરણના વિષય વસ્તુ માં સમાવિષ્ટ મૂલ્યોની જાણકારી મેળવવી.

(૨) ધોરણ-૯ના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તક માં સમાયેલા પ્રકરણમાં થતા મૂલ્યો

- વ્યક્તિગતમૂલ્યો
- સામાજિકમૂલ્યો

- વૈશ્વિકમૂલ્યો
- નૈતિકમૂલ્યો
- આધ્યાત્મિકમૂલ્યો
- રાજકીયમૂલ્યો
- શારીરિક મૂલ્યોનો અભ્યાસ કરવો.

**૬. અભ્યાસનાપ્રશ્નો :**

**પ્રસ્તુત અભ્યાસ દરમ્યાન તાલીમાર્થી દ્વારા નીચે દર્શાવેલ પ્રશ્નોના ઉત્તરો મેળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો** હતો.

(૧) ધોરણ-૯ના પ્રવર્તમાન ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકમાં સમાયેલ પ્રકરણોમાં કયા પ્રકારના વ્યક્તિગત મૂલ્યોનો સમાવેશ થયેલ છે?

(૨) પાઠ્યપુસ્તકમાં સમાયેલા પ્રકરણોમાં વ્યક્તિગત , સામાજિક, વૈશ્વિક, નૈતિક ,આધ્યાત્મિક, રાજકીય, શારીરિકમૂલ્યના સમાવેશ થાય છે?

**૭. અભ્યાસનુંમહત્વ**

પ્રસ્તુત અભ્યાસમાં "ગુજરાતરાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ ગાંધીનગર" દ્વારા તૈયાર કરવામાં આવેલ ધોરણ-૯ના ગુજરાતી વિષય માંકયાકયાભ પ્રકારના મૂલ્યોજો વામળે છે તેની માહિતી મદદરૂ પબની રહેવાની સંભાવના ધરાવે છે. પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ વિષયવસ્તુમાં કયા કયા મૂલ્યો કેવી રીતે વણી લેવામાં આવ્યા છે? તેની જાણકારી મળી રહેવાની સંભાવના રહેલી છે. આ મૂલ્યદ્વારા ધોરણ-૯માં ગુજરાતી વિષય શીખવતા શિક્ષકોને વિષયવસ્તુસાથે મૂલ્યોશી ખવવા માટે મદદરૂ પથાય છે.

**૮. અભ્યાસનુંસીમાંકન :**

દરેક અભ્યાસ કેટલાક પ્રકારના સીમાંકન કે મર્યાદા સહીત હાથ ધરાતો હોય છે. પ્રસ્તુત અભ્યાસ પણ અહીં જણાવેલ સીમાંકન સાથે હાથ ધરવામાં આવ્યો હતો.

(૧) આ અભ્યાસ ગુજરાત રાજ્યનાં ધોરણ-૯માં ભણાવવામાં આવતા વિષયો પૈકી માત્ર ગુજરાતી વિષયમાં સીમિત નથી પરંતુ બીજા વિષયોમાં પણ મૂલ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(૨) પ્રસ્તુત અભ્યાસમાં સાત મૂલ્ય જૂથો વ્યક્તિગત મૂલ્ય, સામાજિક મૂલ્ય, સાંસ્કૃતિક મૂલ્ય, નૈતિક મૂલ્ય અને આધ્યાત્મિક મૂલ્યનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો.

(3) આ અભ્યાસ સપ્ટેમ્બર-૨૦૨૩, દરમ્યાન હાથ ધરવામાં આવ્યું. જેથી એ સમય દરમ્યાન શાળાઓમાં ભણાવવામાં આવતા ધોરણ-૯ ના ગુજરાતી પાઠ્યપુસ્તકનોજ સમાવેશ પ્રસ્તુત અભ્યાસમાં કરવામાં આવ્યો હતો.

**૯.' મૂલ્ય' શબ્દની વ્યુત્પત્તિ**

મૂલ્યશાસ્ત્રને અંગ્રેજીમાં **Axiology**કહેવાય છે. ગ્રીક શબ્દ**Axious**પરથી આ શબ્દ બનેલો છે. તેનો અર્થ 'ધરી' કે 'ધોરણ' એવો થાય છે. એ જ રીતે અંગ્રેજી શબ્દ **value**એ **valeo**પરથી બનેલો છે. તેનો અર્થ 'જે લાયક કે યોગ્ય છે તે' એવો થાય છે.

**૧૦. મૂલ્યનીવ્યાખ્યા**

"સંસ્કૃતિ એટલે સૈદ્ધાંતિક રીતે અને વ્યવહારિક રીતે મૂલ્યોનો સાક્ષાતકાર કરવાનો પ્રયત્ન." - શ્રીબી.એસન્યાલ

**મૂલ્યના પ્રકારો**

➢ વ્યક્તિગતમૂલ્યો

- સામાજિક મૂલ્યો
- વૈશ્વિક મૂલ્યો
- આધ્યાત્મિક મૂલ્યો
- નૈતિક મૂલ્યો
- સામાજિક મૂલ્યો
- આર્થિક મૂલ્યો
- જૈવિક મૂલ્યો
- રાજકીય મૂલ્યો
- શારીરિક મૂલ્યો.

**૧૧. અભ્યાસની પદ્ધતિ**

પ્રસ્તુત અભ્યાસ ધોરણ-૯ ના ગુજરાતી વિષયનાપાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ મૂલ્યો ગુણાત્મક પ્રકારના અભ્યાસ અંતર્ગત સમાવેશ કરવામાં આવેલ છે.

**૧૨. વિષયવસ્તુ**

**ધોરણ-૯નાપાઠ્યપુસ્તકમાં સમાયેલા પ્રકરણોમાં જોવા મળતા મૂલ્યો.**

**(૧) પાઠ્યપુસ્તકમાંસમાયેલાપ્રકરણોમાંફલિતથતાવ્યક્તિગતમૂલ્યસંબંધીતારણો.**

- ધોરણ-૯ના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકમાં નિસ્પંદ થતા વ્યક્તિગત મૂલ્ય પૈકી ઉદારતા,સ્વશિસ્ત, સખત મહેનતપ્રકરણ: ૪.ગોપાળ( નવલકથા ખંડ) માં જોવા મળે છે.
- વ્યક્તિગત મૂલ્ય સાથે સુસંગતસખત મહેનત,સંસ્કાર,સ્વચ્છતા,સ્વનિર્ભરતા, સ્વમાનની રખે વાળી વગેરે મૂલ્યો પ્રકરણ: ૮છાલ, છોતરા અને ગોટલા (હાસ્ય નિબંધ) માં જોવા મળે છે
- વ્યક્તિગત મૂલ્યસાથેજોડાયેલસુસંગત સાંસ્કૃતિકમૂલ્યો,સંસ્કાર,વ્યક્તિનાકુટુંબીકવારસા,પ્રકરણ:૯ .પુત્રવધુનુંસ્વાગત(ગીત)માંજોવામળેછે.
- વ્યક્તિગત મૂલ્યસાથે જોડાયેલ સાંસ્કૃતિક મૂલ્યો, સંસ્કાર પ્રકરણ:૧૦ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ(નિબંધ) માં જોવા મળે છે.
- વ્યક્તિગત મૂલ્યજૂથમાં સમાવેશ પામતું સાહસિક મૂલ્ય,જુસ્સોપ્રકરણ: 11 મરજીવ્યા (સોનેટ)માંજોવામળેછે.
- વ્યક્તિગત મૂલ્યજૂથમાં સમિષ્ઠપામતું સાહસિક મૂલ્ય, મનુષ્યની અડગખુમારીપ્રકરણ:૧૩રસ્તો કરી જવાના( ગઝલ)માં જોવા મળે છે.
- વ્યક્તિગત મૂલ્ય સાથે સુસંગત પશુ-પંખી જનાવરોની સૃષ્ટિ પ્રકરણ:૧૪ વાડી પરનાં વહાલાં (નિબંધ) માં જોવા મળે છે.
- વ્યક્તિગત મૂલ્યજૂથ સાથે જ સંકળાયેલકુદરતી રીતે કામનો મહિમા વર્ણવાયો છે સાથે પુણ્યકર્મ પ્રકરણ: ૧૬કુદરતી (એકાંકી) નાટકમાં જોવા મળે છે.
- વ્યક્તિગત મૂલ્ય સાથે સુસંગત રીતે સંકળાયેલ સ્ત્રીના વીરત્વનું મહત્વપ્રકરણ:૨૧તેજમલ(લોકગીત)માં જોવા મળે છે.

**પૂરકવાચન**

- વ્યક્તિગત મૂલ્યજૂથસાથે સંકળાયેલ સાહસિકતાના મૂલ્યો, આત્મીયતાપ્રકરણ:૨ એકલો જાને રે (કાવ્ય)માં જોવા મળે છે.

- ❖ વ્યક્તિગત મૂલ્ય સાથે સુસંગત પુરુષાર્થ મૂલ્યો,જુસ્સો, સંસ્કાર,પ્રકરણ:૪ ઉપયોગી ટાંકણી લઈ લઈએ (નિબંધ) જોવા મળે છે.

**(૨) પાઠ્યપુસ્તકમાંસમાયેલાપ્રકરણોમાંફલિતથતાસામાજિકમૂલ્યસંબંધીતારણો.**

- ❖ ધોરણ-૯ના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ થતા સામાજિક મુલ્ય સાથેસુસંગતમાર્કંડીનેસૌંદર્ય, મૈત્રી, સહકારપ્રકરણ:૧૨સખીમાર્કંડી(પ્રવાસનિબંધ) માંજોવામળે
- ❖ સામાજિક મૂલ્ય પૈકી માતૃત્વના સીમાના મૂલ્યોપ્રકરણ:૧૫ ગોદ માતની ક્યાં? (ઊર્મિકાવ્ય)માંજોવા મળે છે પૂરકવાચન
- ❖ સામાજિક મૂલ્ય સંબંધિત જીવનની કરુણતાપ્રકરણ :૧પંડ્યાના (લઘુકથા) માં જોવા મળે છે.
- ❖ સામાજિક મૂલ્યો સાથે સુસંગત વ્યક્તિગત મૂલ્યો પ્રકરણ: કાશીમાની કુતરી (ટૂંકી વાર્તા) માં જોવા મળે છે.

**(3) પાઠ્યપુસ્તકમાંસમાયેલાપ્રકરણોમાંફલિતથતાવૈશ્વિકમૂલ્યસંબંધીતારણો.**

- ધોરણ-૯નાગુજરાતી વિષયનાપાઠ્યપુસ્તકમાં સામાયેલ પ્રકરણમાં ફલિત થતા વૈશ્વિક મૂલ્ય,આધ્યાત્મિક મૂલ્યો, સંગીત
  પ્રકરણ:૧ સાંજસમયેશામળિયો(ગીત-કાવ્ય) માં જોવા મળે છે.

**(૪) પાઠ્યપુસ્તકમાંસમાયેલાપ્રકરણોમાંફલિતથતાનૈતિક મૂલ્યસંબંધીતારણો.**

- ધોરણ-૯ના પાઠ્યપુસ્તકમાંસમાયેલા પ્રકરણોમાં નૈતિક મૂલ્યસંબંધિતપ્રામાણિકતા સંયમ,ચારિત્ર્ય,સ સતયાચરણ, અહિંસાના મુલ્ય પ્રકરણ:૨ચોરી અને પ્રાયશ્ચિત(આત્મકથા ખંડ) માં જોવા મળે છે.
- સામાજિકમૂલ્યસાથેસુસંગતમાર્કંડીનેસૌંદર્ય, મૈત્રી, સહકારપ્રકરણ:૧૨સખીમાર્કંડી(પ્રવાસનિબંધ) માંજોવામળેછે

**(૫) પાઠ્યપુસ્તકમાંસમાયેલાપ્રકરણોમાંફલિતથતાઆધ્યાત્મિકમૂલ્યસંબંધીતારણો.**

- ધોરણ-૯ના પાઠ્યપુસ્તકમાં સમાયેલા પ્રકરણોમાં આધ્યાત્મિકમૂલ્ય સંબંધિત સમભાવ, પ્રભુ ભક્તિ, આત્મીયતા ના મૂલ્ય પ્રકરણ:૧૭ મારા સપનામાં આવ્યા હરિ(ઊર્મિગીત) કાવ્યમાં જોવા મળે છે.

**(૬) પાઠ્યપુસ્તકમાંસમાયેલાપ્રકરણોમાંફલિતથતારાજકીયમૂલ્યસંબંધીતારણો.**

- ધોરણ-૯નાપાઠ્યપુસ્તકમાંસમાયેલાપ્રકરણોમાંરાજકીયમૂલ્યસંબંધિતસ્વદેશ પ્રેમ, માતૃત્વની ભાવના પ્રકરણ:૫ ગુર્જરીના ગૃહકુંજે (ગીત) કાવ્યમાં જોવા મળે છે

**(૭)પાઠ્યપુસ્તકમાંસમાયેલાપ્રકરણોમાંફલિતથતાશારીરિકમૂલ્યસંબંધીતારણો.**

- ધોરણ-૯નાપાઠ્યપુસ્તકમાં સમાયેલા પ્રકરણોમાં શારીરિકમૂલ્ય સંબંધિત સ્વાસ્થ્ય, માતૃત્વની ચરમસીમાનો સમાવેશ પ્રકરણ :ડલોહીની સગાઈ (ટૂંકી વાર્તા)માં જોવા મળે છે.

**૧૩. ઉપસંહાર**

આમ, શિક્ષણ જગતમાં મૂલ્યોવ્યક્તિના જીવંત તત્વનું ઘડતર કરે છે.શિક્ષણ દ્વારા સંસ્કાર, સંસ્કૃતિ, સામાજિક નૈતિક ,રાજકીય આધ્યાત્મિક, વૈશ્વિક ,શારીરિક જેવા મૂલ્યોવ્યક્તિ ,સમાજ દેશ, રાષ્ટ્ર અને વિશ્વનાં વિકાસમાં પ્રત્યાયી રોપણ, નવું નવું જાણવું, સમજવું, આચરણમાં મૂકવું વગેરે મૂલ્યો વિદ્યાર્થીઓ દ્વારાહસ્તાંતરિત કરવામાં આવે છે.

**૧૪. સંદર્ભસૂચિ**

- ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

# APPROACH OF HUMAN VALUES IN THE PRESENT CURRICULUM OF IITE UNIVERSITY

**Patel Mehul & Pandey Rohit**
*B.ed Semester-3*
*Shrirang Shikshan Mahavidyalay, Bilimora*
*Indian Institute of Teacher Education.*

***Abstract:***

***Human Society may not significantly sustain without Human value. Curriculum announcement 1st page the Emblem of Indian Institute of Teacher Education (IITE) best source of Human value.Curriculum conduct Philosophy, goals and human value of education. Culture of India best and rich source of human values. Good personality developed by education of human values. Transmission of values is inherent in the Curriculum theory of all round development of human personality which is a prominent aim of IITE education. IITE various courses available so broad spectrum of Curriculum which can be introduced. Now present Paper sample size covered with 2 years Bed course Curriculum & study was analyze the Human value-oriented curriculum content of university and to develop an appropriate measurement secondary sources of collect data Perspectives of their Human value oriented environment. The Paper Provides rationale in support of human values in Present Curriculum.Society to achieve its educational goals, it needs a functional and relevant curriculum. Curriculum and co-curricular activities, the qualities of leadership, self-discipline, co-operation, team work etc. can be easily developed & new dimensions can be given to the personalities of the students. IITE Curriculum included LPC & EPC important role achieve the Human value.***

**Key words:** Human values, Curriculum, Society,Education, IITE.

## Introduction:

Indian Institute of Teacher Education Gandhinagar (IITE) A State Public University established by Govt of Gujarat Act No. 8 of 2010. Presently work on teacher education. One and Only one university in state of Gujarat dedicated to teacher education.

There is available a multiplicity of concept of curriculum since educationists give their own different interpretations of the content and functions of curriculum. In history, the term curriculum is derived from the latin word **"currere"** which means run or run-way or a running course. thus curriculum means a course to be run for gain a certain goal.

Curriculum "as a plan for action, or a written document, which includes strategies for achieving desired goals or ends." _Tyler and Hilda Taba.

Curriculum merely as the educational program consisting of three important elements, such as studies, activities and guidance._ Albert Oliver

Curriculum is a tool in the hands of the artist (the teacher) to mould his material (the pupil) according to his ideal (objective) in his studio (the school). The material is highly self-active, self-

determining human being who reacts and responds consciously. _ Cunningham.

IITE curriculum is one of the most important items in the educative process. The curriculum, in fact, is the fundamental problem which determines the basis of the process of education. What to do and how to do is the extremely essence of curriculum.The curriculum sets the base of any academic institution/college, without it, the institution would be a lost Principle. As the curriculum would be commonly applied to the affiliated institutes across the state of Gujarat, we have concrete objectives of the system to apply. It has defined set of aims and objectives for the curriculum that we have planned for our students. which is useful to move toward a better academic future in our nation.

"Clarity on reality of Nature and humane goals is essential to give direction to one's effort. It fosters creativity and innovation in the true sense. True innovation produces sustainable and long-lasting solutions. Innovation without clarity of humane goals may produce exciting shortterm solutions, but these may have undesirable side effects in the long term. Today see that Problems all Around us which are an indicator of effort for goals that are not humane, not consistent with the reality existential and well-being to all" _ Dr. Abhay Jere.

Values are defined in many ways and different things to different people. As a matter of fact, it is so confusing semantically. 'Value', it came from a Latin word 'valere', which means precious or valuable or feeling fullness.

"Values are the ideals, beliefs, or norms which a society or the large majority of a society's members hold." _Kane (1962)

Human values are not abstract principles developed by academics or preachers, but life-embedded ideas and precepts, along with their various justifications. Though human values are not divinely ordained rules of behavior or commandments set in stone, they are related to differing cultures, unique persons and situations and are developed and expressed in human definations for the human aims that they collectively represent.Civilization of India is a best example of human value. It has been an ongoing effort for the wellbeingof all It sees the whole of humanityas one human family **"Vasudhaiva Kutumbakam".**Culture of India best and rich source of human values. Educationcan beprovide an exposure to essence in the context of the whole humanity or human value first. Then we can take a representative cross-section of all cultures as expressions of this element.



Curriculum announcement 1st page the Emblem of IITE best source of Human value.Panchkosh also important role in Human Valuesits play a very leading role in Present Educational Institutions. Human values are now withering very fast for which we humans are most liable. Value based education should be emphasized ranging from Balvatika to University or higher level of education.

**Why is the human value relevant to IITE curriculum?**

- To understand Self & mutual developments.
- To understand Inclusive & sustainable growth and Smooth function.
- To build Confidence & mould themselves.
- To understand relationship & environment.

**Aim &Objectives of Study:**

- Understand the concept of Human values Present Curriculum of IITE University.
- Need of Human values Peacefully Fostering Culture, Creative thinking among students for reconstruction of Knowledge.
- Understand the Need and Important of Human values in Teachers & other Profession.

**Area of research:** Present research area is 'Human Value.'

**Type of research:** Present research type is 'Qualitative research.'

**Sample Size:** Present research sample size is 2 year B.Ed. course ofCurriculum IITE University

**Limitation of research:**

In our study, focused on the Humanvalue Present in 2 year B.Ed. course Curriculum of IITE University. Other than only secondary sources of data may be used.

**Study Method:** Qualitative analysis Method was used for Present Study.

**Data Collection and Analysis:**

The data Collected through Secondary sources like Books, Magazines, Journals, Newspapers, Websites, Self-observation… was than Subjected to Qualitative Analysis.

**Result &Discussion:**

The aim of this study was analyze the Human value-orinated curriculum content of university and to develop an appropriate measurement secondary sources of collect data Perspectives of their Human value oriented environment.IITE university one and only one university in Gujarat to dedicated on teacher education so that curriculum made NCFTE more and more human value introduced and learn for students,society and nations. Now, this paper study only 2 years Present B.Ed. course curriculum may be covered as per sample size. In two year B.Ed. course Human value concept maybe involved each and every segments for new thinker.

According latest curriculum of IITE taken due care of the objectives, goals and Human values as set by NCFTE 2009 and guiding principles of NEP 2020. In 2022 year 4 Language Proficiency and curriculum subject introduced.Peacefully education is meaningful and more effective which is adopted to the social, cultural context and the needs of our country. It should be enriched by its spiritual and cultural values together with its Universal human values (UHV). Teachers Balvatika to university & higher educations are today faced with the problem of

imparting functional type of education to encourage &Promote human values.Some Brief introduction each and every subject Learnabout that curriculum base as on Human value as follows:

1. Psychological of learner subject learn to human growth, development and imply theories of intelligence, Personality and creativity.
2. Perspective in education learn about understanding the education system in India and education envisioned by Indian thinkers.
3. Mathematics and science subject appreciate values and recognize correlation to human being.
4. Microteaching and stimulation useful for teacher in classroom but also useful in daily life to communicate other Persons.
5. Developing self-subject understanding of concept of self and self-identity. Inclusive education all needs or human value including in educations.
6. ICT in curriculum understanding of concept & aspects of ICT. Learner of ICT subject how to involve with society in 21st century.
7. Value in education subject understand the concept of various value and analyses it.

Curriculum include yoga in education learn about various asana and Pranayama& power of meditation etc. Co-Curricular activity Promate human value through Prayer, daily attendance, Library work, general rules, Internship work, Any educations base institute visit, ICT role of Human value, education movies, education tour(Tourism) etc.

IITE curriculum Humanvalue concept in order to move from ‘I’ to ‘WE’, but various factor for lacking of human value in today`s world like…

- ➢ Wealth Without Work
- ➢ Pleasure Without Conscience
- ➢ Knowledge Without Character
- ➢ Commerce Without Ethics
- ➢ Science Without Humanity
- ➢ Politics Without Principles

This situation Human Effort for Wellbeing of All Since time immemorial, human beings have made effort for living with fulfilment in continuity. The Universal Human Value (UHV) effort is in continuation of this tradition of self-inquiry, self-exploration, self-discovery and self-evolution. What we have understood is that for living with continuous fulfilment, the three essential requirements are:

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1 | Understanding of relatedness | undividedness | connectedness | co-existence | Truth(satya) |
| 2 | Feeling of relatedness | undividedness | connectedness | co-existence | Love (prem) |
| 3 | Living with relatedness | undividedness | connectedness | co-existence | Compassion (karuna) |

Human value different kind may expressed such as bliss, peace, satisfaction, happiness, fulfilment, salvation, contentment, enlightenment, liberation, independence, self-actualization, ecstasy, divinity …This seems to be the running thread (essence) of meaningful outcomes of all human effort.

**Conclusion:**

Human value Present Curriculum of IITE University expected outcome by the end of the course, Students are expected to become more aware of themselves, and their surroundings family, society, nature.They would be a more importance in life and handling situation & problems with sustainable solutions, while keeping relationships in human with human value & human nature in mind. They would also become responsive to their dedication to wards what they have understand human values human relationship, human society.

Human values may be treated as keys to the solution of the global problems., IITE universities Curriculum prescribed human values and moral values B.Ed. course for improve the humanity of the students and future teachers .It's a great achievement to present and next society and educational institution.

**References:**


- Ahmad gul, B.S.(2017) Teacher and value education: An exploratory study.Vol-37,ISSN: 0974-8997
- Kanyakumari, S. (2021) Relevance of human values in the higher education; International Journal of applied research.7(12), ISSN: 2394-7500. www.allresearch.journal.com
- Patel, C.H (Register IITE) (2020) Curriculum framework Bachelor of education (Two year), 1-128; IITE. www.iite.edu.in
- NCTE (2014) B.Ed. New regulation, The gazette of India: Extraordinary [Part-III Sec-4]
- Sahasrabudhe, D.A (Chairman of AICTE) (2020) Universal human value, AICTE New delhi.3-15; 21-30. www.aicte-india.org
- Oeschger, P.T., Makarova, E., Doring, K.A (2022) Value in the school curriculum from teacher`s perspective: A mixed –method study. International journal of educational research open. www.elsevier.com
- Das, A. (2018) Present scenario of current 2 years curriculum of B.Ed. course.Vol-5, Issue-3; ISSN: 2349-5138. www.ijrar.org
- Kothari, D.S. Education and values, report of orientation course-cum-workshop on education in human values. New Delhi.
- Raveendran, R., Gtanjali, B., Manikandan, S. (2012) A practical approach to P.G.Dissertation; 2ndedition,PharmamedpressHyderabad.ISBN: 978-93-81075-65-4.
- EC 16 Minutes 23/09/2021 iite.pdf (Annual Report 2020-2021).

# ગાંધીજીના મહાવર્તો થકી જીવન ઉપયોગી મૂલ્યો

**Ujalaben Ramubhai Bhagariya**
*Trainee of B.ed. college*
*Shrirang Shikshan Mahavidyalaya, Bilimora*

સારાંશ:-

**જીવનરૂપી નાવમાં મૂલ્યો એ પાયારૂપી આધાર છે. જેમ વ્યક્તિના જીવનમાં તેમના મૂલ્યોરૂપી સાગરથી ભરાય છે. જીવનમાં હંમેશા સાચું બોલતાં રહવું જોઈએ. કોઈ પણ કાર્યો માં જાત મહેનત કરવી જોઈએ જેથી કોઈ પણ પ્રકારની મુશ્કેલી નો સામનો કરી શકાય. દેશને આત્મનિર્ભર બનાવવું જોઈએ. હંમેશા સ્વદેશી વસ્તુઓનો જ આગ્રહ રાખવો જોઈએ અને દેશમાં બનતી ચીજ વસ્તુઓનો ઉપયોગ કરવો જોઈએ. મૂલ્યો જીવનનું અમૂલ્ય અંગ છે.**

ચાવીરૂપશબ્દો :-સત્ય, જાતમહેનત,સ્વદેશી, મુલ્યો

**પ્રસ્તાવના:**

મોહનદાસ કરમચંદ ગાંધી આજે વિશ્વના સૌથી પ્રભાવશાળી અને પ્રેરણાદાયી વ્યક્તિત્વોમાંના એક છે. શાંતિ અને અહિંસાના પ્રચારક તરીકે પ્રખ્યાત, ગાંધીજીનો જન્મ ભારતના ગુજરાત રાજ્યના દરિયાકાંઠાના શહેર પોરબંદર ખાતે 2જી ઓક્ટોબર, 1869ના રોજ એક મધ્યમ વર્ગના પરિવારમાં થયો હતો. ગાંધીજીના મતે જીવનમાં ઉપયોગી મૂલ્યોરૂપી છે. તેમણે મંગલપ્રભાત પુસ્તક માં મહાવ્રતોં વિશે જાણવામાં આવ્યું છે. જે જીવનમાં હંમેશા આગળ વધવાની પ્રેરણારૂપ બની જાય તેવા છે.ગાંધીએ ભારતની આઝાદી માટે અથાક મહેનત કરી, અને પોતાની જાતને મોટી કિંમત ચૂકવી. તે એક ચિહ્ન છે જેને સમગ્ર વિશ્વમાં લોકો દ્વારા પ્રેમ અને આદર આપવામાં આવે છે. તેમણે અંગ્રેજોના શાસનમાંથી રાષ્ટ્રની આઝાદી માટે અથાક કામ કર્યું એટલું જ નહીં પરંતુ મહાત્મા ગાંધીના ઉપદેશોએ બાળકો સહિતની પેઢીઓને પ્રેરણા આપી છે.આપણે આપણા જીવનમાં આ વ્યક્તિત્વનું ઉદાહરણ આપવું જોઈએ. મહાત્મા ગાંધી માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વમાં આપણામાંથી ઘણા લોકો માટે પ્રેરણાનું નામ છે. તેમની મહાન વિચારધારા અને નૈતિક મૂલ્યો ઇતિહાસમાં એક સીમાચિહ્નરૂપ બની ગયા છે.

**વિષયવસ્તુ:-**

"તમારી માન્યતાઓ તમારા વિચારો બની જાય છે,
તમારા વિચારો તમારા શબ્દો બની જાય છે,
તમારા શબ્દો તમારા કાર્યો બની જાય છે,
તમારી ક્રિયાઓ તમારી આદતો બની જાય છે,
તમારી આદતો તમારા મૂલ્યો બની જાય છે,
તમારા મૂલ્યો તમારું ભાગ્ય બની જાય છે."

મહાત્મા ગાંધીજી એ સત્યો અને મૂલ્યો અત્યંત મહત્વપૂર્ણ ગણાવ્યા છે. જેને તેમણે ૧૧ મહાવ્રતો તરીકે દર્શાવ્યા છે.

૧. **સત્ય** :- " મારો ધર્મ સત્ય અને અહિંસા પર આધારિત છે. સત્ય મારો ભગવાન છે, અને અહિંસા તેને મેળવાનું સાધન.".

ગાંધીજી.

સત્ય એ જ પરમેશ્વર છે, ને તે સિવાય બીજુ કશું નથી. ગાંધીજી હંમેશા સત્યનું આચરણ કરતાં, હંમેશા સાચું બોલતાં. સત્ય એ તો પારસમણિ છે.ગાંધીજીનું સત્ય અને આદર્શ મૂલ્ય તેમનાં જીવનનાં મૂળભૂત આધાર તરીકે હતાં.આ આધારોને ગાંધીજીએ પોતાની આત્મકથા " સત્યના પ્રયોગો "માં દર્શાવ્યું છે જેમાં સત્યથી ભિન્ન મનાતા અહિંસા, ઈત્યાદિ નિયમોના

પ્રયોગો જણાવ્યા છે. તેઓ કહે છે કે " સ્વતંત્ર ચિરસ્થાયી સત્ય એટલે કે પરમેશ્વર જ." તેમના સત્યોના મુલ્યો માનવતા, સહાનુભૂતિ, સાહિત્ય, નૈતિકતા, અહિંસા, સ્વતંત્રતા, અને સંઘર્ષનાં મૂલ્યો પર આધાર રાખે છે. ગાંધીજી દ્વારા આપેલી સત્ય અને અહિંસાના મૂલ્યો આજની દિને પણ મહત્વપૂર્ણ છે અને તેમ વ્યક્તિગત અને સામાજિક સ્થિતિઓમાં સાચું પરિપાલ્યું છે. આ મૂલ્યોનો પાલન કરતી જીવનશૈલી અને કાર્ય ગાંધીજીની જીવનનો એક મહત્વનો અંશ બન્યો છે.

**" હંમેશા સાચું બોલવું જોઈએ."**

**૨. જાતમહેનત:-**

ભગવદ્ ગીતામાં પણ કહ્યું છે કે " યજ્ઞ કર્યો વિના જે ખાય છે, તે ચોરીનું અન્ન ખાય છે." યજ્ઞનો અર્થ જાતમહેનત. બાઇબલમાં પણ કહ્યું છે કે " તારી રોટી તું તારો પસીનો રેડીને કમાજે ને ખાજે." આપણે જાણીએ છીએ કે જીવનમાં સંઘર્ષો તો હોય છે, પણ જીવનરૂપી માર્ગને આગળ લઈ જવા માટે જાતમહેનત કરવી જ પડે છે. જાતમહેનત એ જીવનનું અમૂલ્ય અંગ છે. જેમકે કોઈ વ્યક્તિ કામ કરીને પોતાનું જીવન ચલાવતો હોય છે, જેમ કે દરજી દરજી કામ કરીને, વણાટ કામ કરી, સુથારી કામ કરીને, વગેરે લોકો જાતમહેનત કરી પોતાનું જીવન ચલાવે છે.

**3. સ્વદેશી:-**

ગાંધીજીના મતે હંમેશા સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરવો જોઈએ. સ્વદેશી વસ્તુઓ દ્વારા આપણે આપણા દેશની ગુણવતા સભર બનાવી શકાય. મનુષ્ય સર્વશક્તિમાન છે. દેશમાં જે વસ્તુનું ઉત્પાદન થતું હોય તેનો ઉપયોગ કરવો અને વિદેશી વસ્તુ નો ઉપયોગ ટાળવો જોઇએ. હંમેશા સ્વદેશી વસ્તુઓ નો આગ્રહ રાખીએ. આજના સમયમાં લોકો સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરતા થાય તેવી જાગૃત લાવી શકાય અને દેશના ભંડોળમાં વધારો લાવી શકાય. તેથી કહી શકાય સ્વદેશી વસ્તુઓનો હંમેશા આગ્રહ રાખવો જોઇએ.તેમણે ચરખાનો ઉપયોગ કરીને ખાદીનું ઉત્પાદન કર્યું જેણે આપણને આત્મનિર્ભર બનતા શીખવ્યું.

**" સ્વદેશી વસ્તુઓ અપનાવીએ દેશને સમૃદ્ધ બનાવીએ.**

**સમાપન:-**

આપણા જીવનમાં ઉપયોગી મૂલ્યો શીખવાડે છે. વ્યક્તિ ઘડતર માં મૂલ્યો એ પાયારૂપ ગણવામાં આવ્યા છે. મૂલ્યો એ તો પારસમણિ છે. જીવનમાં નવું નવું જાણવા માટે આગળની દિશા તરફ લઈ જાય છે. ગાંધીજી મતે મૂલ્યો એ તો જીવનનો આધાર છે. ગાંધીજીના મતે હંમેશા સત્ય વાણી વર્તન રાખવું. પોતાના કામ જાતે જ કરવા, બધાં ધર્મને સમાન ગણવા. આમ મૂલ્યો એ તો જીવનની અમૂલ્ય ભેટ છે.

**સંદર્ભ સૂચિ:**

Malinar, Angelika (2019). "Chapter 30 : Mohandas Karamchand Gandhi: [An Autobiography or The Story of My Experiments with Truth]". માં Wagner-Egelhaaf, Martina (સંપાદક). Handbook of Autobiography / Autofiction. De Gruyter Handbook. Berlin, Boston: De Gruyter. પૃષ્ઠ 1703–1718. Doi:10.1515/9783110279818-141. ISBN 978-3-11-038148-1.[હંમેશ માટે મૃત કડી]

Suhrud, Tridip (2011). "Gandhi's key writings: In Search of Unity". માં Brown, Judith; Parel, Anthony (સંપાદકો). The Cambridge Companion to Gandhi. Cambridge University Press. પૃષ્ઠ 71–92. ISBN 978-1-139-82484-2.

Suhrud, Tridip (November–December 2018). "The Story of Antaryami". Social Scientist. 46 (11–12): 37–60. JSTOR 26599997.

# સ્વામી વિવેકાનંદના વ્યક્તિત્વમાં માનવીય મૂલ્યો

**ટંડેલ વિશાખા દિનેશભાઈ**
*બી.એડ. તાલીમાર્થી*
*શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા,નવસારી*

***સારાંશ:***

***સ્વામી વિવેકાનંદ ભારતના અગ્રણી એવા ફિલસૂફ , સમાજસુધારક અને આધ્યાત્મિક નેતા હતા. એમના વ્યક્તિત્વ અને વિચારોમાંથી ઘણા એવા માનવીય મૂલ્યોઉપસી આવે છે. એમાં જોઈએ તો સ્વામી વિવેકાનંદએકતામાં માનનારા હતા, તેમના મત અનુસાર બધા જ ધર્મ સરખા અને બધા સાથે હળીમળીનેરહેવું એમાં જ એ માનતા હતા. એમનુંવ્યક્તિત્વ નિ:સ્વાર્થ ભાવે સેવા કરવાનું હતું. સ્વામી વિવેકાનંદનાજીવનમાં એવા ઘણા પ્રસંગો છે, જેમાંથી આપણને શક્તિ અને આત્મવિશ્વાસ ,હિંમત અને નિર્ભયતા,કરુણાઅને પ્રેમ , અને સ્વીકૃતિ જોવા મળે છે. સ્વામી વિવેકાનંદ શિક્ષણ અને જ્ઞાનને પણ એટલું જ મહત્વ આપતા હતા, તેમના મત અનુસાર વ્યક્તિગત અને સામાજિક ઉત્થાનમાં જો કોઈ શક્તિશાળી સાધન હોય તો તે શિક્ષણ છે .સ્વામી વિવેકાનંદ ના વ્યક્તિત્વ પરથી સાદગીઅને અલગતા નું મૂલ્યદેખાયઆવે છે, તેમણે સરળ અને અલગ જીવનશૈલીની હિમાયત કરી છે. સ્વામી વિવેકાનંદ આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ ઘણાપ્રખર હતા.આપણને પણ આધ્યાત્મિક ક્ષેત્રેવાળવાનો પ્રયાસ કર્યો છે.વિવેકાનંદ માનતા હતા કે વ્યક્તિએ સમાજમાં પોતાનુંયોગદાન અવશ્ય આપવું જોઈએ. સ્વામી વિવેકાનંદ ના વ્યક્તિત્વ એ આપણા માટે પ્રેરણાદાયકછે,એમના જીવન અને વિચારોમાંથી આપણને ઘણો એવો બોધ અને શીખવાનું મળે છે.***

**ચાવીરૂપશબ્દો:** અધ્યાત્મિક, નિર્ભયતા, એકતા, સ્વીકૃતિ, સફળતા.

**પ્રસ્તાવના:**

સ્વામી વિવેકાનંદ નો વ્યક્તિત્વ એ આપણા માટે પ્રેરણાદાય અને એમના પરથી ઘણું શીખી શકાય એવું એનું જીવન છે. એમના નાના નાના પ્રસંગો માંથી પણ ઘણા બધા એવા બોધ આપણને મળી રહે છે.એમાંજોઈએ તો હિંમત,નિર્ભરતા ,સાહસ ,આધ્યાત્મિકતા, પ્રેમ ,કરુણા કે પછી ધર્મ હોય કે સમાજ નેલગતાબધા જ મૂલ્યો એના ચરિત્રમાંથીછલકાઈ આવે છે.

**વિષયવસ્તુ:**

સ્વામી વિવેકાનંદ, એક અગ્રણી ભારતીય ફિલસૂફ અને આધ્યાત્મિક નેતા, તેમના ઉપદેશો અને વિચારોમાં કેટલાક મુખ્ય માનવીય મૂલ્યો પર ભાર મૂકે છે. આમાંના કેટલાક મૂલ્યો છે .

**એકતા :**

સ્વામી વિવેકાનંદે તમામ જીવોમાંએકતાનો વિચાર આપ્યો છે . સ્વામી વિવેકાનંદ બધા ધર્મોનેએકસમાનગણતા હતા . તેઓ એવું માનતા હતા કે આપણે જો એક સાથે મળીને કાર્ય કરીએ તો એ કાર્ય અવશ્ય સફળ થાય છે . હાલના સમયે આપણે જોયું કે કરોના કાળ દરમિયાન એમાં જાતપાત ભેદભાવ વગર સૌ સાથે મળીને કાર્ય કર્યું, ત્યારે એમાં આપણને સફળતા મળી. એવી જ રીતે આપણે જો એક સાથે મળીને કામ કરીએ તો આપણા દેશનો પણ એટલો જ વિકાસ આપણે કરી શકીએ છીએ.

**અન્યોનીસેવા:**

વિવેકાનંદ નિઃસ્વાર્થ સેવામાં માનતા હતા. તેમણે લોકોને સમાજના ભલા માટે કામ કરવા અને જરૂરિયાતમંદોને મદદ કરવા પ્રોત્સાહિત કર્યા. બીજાની સેવા કરવી એમાં જ આપણો ધર્મ છે. બધા માનવીઓને ઈશ્વર

સ્વરૂપ જુઓ તમે કોઈને મદદ કરી શકો નહીં, તમે તો માત્ર સેવા કરી શકો. વિશ્વનું કલ્યાણ કડવું એ આપણું ઉદ્દેશ્ય છે, બીજાની સેવા માં જ આપણું સુખ રહેલું હોય છે જો આપણે ફક્ત આપણા વિશે જ વિચારીશું તો આપણને એમાં સુખ મળવાનું નથી આપણે બધાને સાથે લઈને ચાલીશું તો જ આપણને સુખ મળશે. બીજાની સેવામાં જ સુખ રહેલું છે.

- **શક્તિઅનેઆત્મવિશ્વાસ:**

તેમણે શારીરિક અને માનસિક શક્તિના વિકાસ પર ભાર મૂક્યો. તેમનું માનવું હતું કે વ્યક્તિઓએ તેમના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે તેમની ક્ષમતાઓમાં વિશ્વાસ હોવો જોઈએ. મારા બહાદુર બાળકો! મહાન કાર્ય કરવા માટે તમે સર્જાયા છો એવી શ્રદ્ધા રાખો. કુતરાભસભસ કરે તેથી બીતા નહીં, અરે !આકાશ તૂટી પડે તો પણ શું ? ટટ્ટાર ખડા રહો અને કામ કરો. તમારા દેશ ને વીરો ની જરૂર છે, મર્દ બનો. પોતાના પર વિશ્વાસ રાખો, ઊભા થાઓ, હિંમત ધરો, મજબૂત બનો. વ્યક્તિઓએજીવનનાપડકારોનો હિંમતભેર સામનો કરવા માટે આધ્યાત્મિક શક્તિ અને આત્મવિશ્વાસ કેળવવો જોઈએ. આપણામાં આત્મવિશ્વાસ હશે તો જ આપણે કોઈપણ કાર્ય કરી શકીશું.

- **સહિષ્ણુતાઅનેસ્વીકૃતિ:**

સ્વામી વિવેકાનંદે ધાર્મિક સહિષ્ણુતા અને વિવિધ માન્યતાઓની સ્વીકૃતિની હિમાયત કરી હતી. તેમનું માનવું હતું કે વિવિધ ધર્મોનું સન્માન કરવાથી વૈશ્વિક સંવાદિતા આવશે. આપણી માન્યતાઓ આપણા રિવાજો આ બધામાં કંઈક ને કંઈક રહસ્ય છુપાયેલું હોય છે એનું ધાર્મિક મહત્વ હોય છે એનો સ્વીકાર કરવો જોઈએ.વિવેકાનંદનાઆ ઉપદેશોનું કેન્દ્રમાંમાનવતાનીએકતાનો ખ્યાલ હતો. તેમનું માનવું હતું કે, મૂળમાં, બધા મનુષ્યો એકબીજા સાથે જોડાયેલા છે અને એક સમાન સાર વહેંચે છે. એકતાનો આ વિચાર સ્વાભાવિક રીતે સહનશીલતા અને અન્યની સ્વીકૃતિ તરફ દોરી જાય છે.

- **શિક્ષણઅનેજ્ઞાન:**

"જ્ઞાન સ્વયંમાં વર્તમાન છે. મનુષ્ય માત્ર એમનો આવિષ્કાર કરે છે."

તેમણે શિક્ષણને વ્યક્તિગત અને સામાજિક ઉત્થાન માટે એક શક્તિશાળી સાધન તરીકે જોયું. તેમણે પોતાની જાતને સશક્ત બનાવવા માટે જ્ઞાન પ્રાપ્ત કરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. આપણે જો શિક્ષણ પ્રાપ્ત કરીશું ત્યારે જ આપણો અને સમાજનો ,દેશનો કલ્યાણ કરી શકીશું. જ્ઞાની વ્યક્તિ કડી પીછે હટ કરતો નથી.

- **નિર્ભયતાઅનેહિંમત:**

વિવેકાનંદે લોકોને ભય પર કાબુ મેળવવા અને જીવનનાપડકારોનો સામનો કરવાની હિંમત રાખવા માટે પ્રોત્સાહિત કર્યા. તેમનું માનવું હતું કે નિર્ભયતા એ સફળતાની ચાવી છે.સ્વામીવિવેકાનંદે 1893 માં શિકાગોમાં વિશ્વના ધર્મોનીસંસદને સંબોધિત કર્યું, જ્યાં તેમણે નિર્ભયતાથીહિન્દુ ધર્મનો સંદેશ અને ધાર્મિક સહિષ્ણુતા અને સંવાદિતાનો વિચાર રજૂ કર્યો. આ ઐતિહાસિક ભાષણે આંતરધર્મસંવાદને પ્રોત્સાહન આપવામાં તેમની હિંમત દર્શાવી હતી.

- **કરુણાઅનેપ્રેમ:**

તેમણે અન્ય લોકો સાથેની ક્રિયાપ્રતિક્રિયામાં કરુણા અને પ્રેમના મહત્વ પર ભાર મૂક્યો. તેઓ માનતા હતા કે પ્રેમ એ તમામ ધર્મોનો સાર છે.સ્વામી વિવેકાનંદને જાતિ, સંપ્રદાય અને રાષ્ટ્રીયતાનાઅવરોધોને પાર કરીને સમગ્ર માનવતા માટે ઊંડો પ્રેમ હતો.

**સાદગીઅનેઅલગતા :**

સ્વામી વિવેકાનંદે સરળ અને અલગ જીવનશૈલીની હિમાયત કરી હતી. તેમનું માનવું હતું કે ભૌતિક સંપત્તિઓ વ્યક્તિના જીવનનું કેન્દ્રબિંદુ ન હોવું જોઈએ.એવો એમનો વિચાર હતો.વિવેકાનંદ સાદું અને તપસ્વી જીવન જીવતા હતા. તેણે તપસ્યાનું જીવન જીવવા માટે ભૌતિક સંપત્તિ અને સાંસારિક સુખ-સુવિધાઓનો ત્યાગ કર્યો. તેમની ન્યૂનતમ જીવનશૈલીએ બાહ્ય સંપત્તિ કરતાં આંતરિક વૃદ્ધિના મહત્વ પર ભાર મૂક્યો હતો.

- **આધ્યાત્મિકવિકાસ:**

તેમણે માનવ જીવનના અંતિમ ધ્યેય તરીકે આધ્યાત્મિક વિકાસના વિચારને પ્રોત્સાહન આપ્યું. તેમનું માનવું હતું કે વ્યક્તિઓએ આત્મ-સાક્ષાત્કાર અને પરમાત્મા સાથેના જોડાણ માટે પ્રયત્ન કરવો જોઈએ. માનવી જ્યારે જગત નો મોં છોડી આધ્યાત્મિક ક્ષેત્રમાં આગળ વધે છે, તો એને પરમાત્મા સાથેનો સંબંધ થાય છે એને અંતરનું સુખ મળે છે.

- **સામાજિકજવાબદારી:**

વિવેકાનંદ માનતા હતા કે વ્યક્તિઓ પર સમાજમાં સકારાત્મક યોગદાન આપવાની જવાબદારી છે. તેમણે સામાજિક અને માનવતાવાદી કાર્યોમાં સક્રિય સંડોવણીને પ્રોત્સાહન આપ્યું. તેમણે તેમના અનુયાયીઓને બદલામાં કંઈપણ અપેક્ષા રાખ્યા વિના સમાજના કલ્યાણ માટે કામ કરવા પ્રોત્સાહિત કર્યામાનવી એક સામાજિક પ્રાણી છે, એમને સમાજમાં રહેવું જ પડે છે. સમાજમાં સામાજિક કાર્ય કરવા અને જવાબદારી નિભાવવું ખૂબ જ જરૂરી છે.

આ માનવીય મૂલ્યો, જેમ કે સ્વામી વિવેકાનંદ દ્વારા હિમાયત કરવામાં આવી છે, લોકોને તેમની વ્યક્તિગત અને આધ્યાત્મિક યાત્રાઓમાં પ્રેરણા અને માર્ગદર્શન આપવાનું ચાલુ રાખે છે, જીવન પ્રત્યે સુમેળભર્યા અને કરુણાપૂર્ણઅભિગમને પ્રોત્સાહન આપે છે.

**પરિણામ/તારણો:**

સ્વામી વિવેકાનંદ નો વ્યક્તિત્વ એટલે પ્રેરણાનો સમુદ્રછે. એમના વિચારોમાંથી ઘણી એવી બાબતો શીખવા મળી.

એકતા:એકતામાં એટલી બધી શક્તિ રહેલી છે કે આપણે કોઈપણ કાર્ય કરી શકીએ છીએ.

નિસ્વાર્થ સેવા: બધા જ મનુષ્ય ઈશ્વરની સમાન હોય છે તેથી આપણે બધાની સેવા કરવું જોઈએ

આત્મવિશ્વાસ: આત્મવિશ્વાસ હશે તો જ આપણે આપણા ગોલ્ડ સુધી પહોંચી શકીએ છીએ.

પ્રેમ અને કરુણા: પ્રેમ અને કર્ણ હશે તો જ આપણે એકબીજા સાથે હળી મળીને રહી શકીએ છીએ.

આધ્યાત્મિકતા: આપણને મનની શાંતિ અને સાચું સુખ જોઈતું હોય તો આધ્યાત્મિકતાના માર્ગે વળવું જોઈએ.

**ઉપસંહાર:-**

માનવીના વ્યક્તિત્વને ઘડવામાં કોઈને કોઈ મહાન પુરુષોનો ફાળો અવશ્ય રહેલો હોય છે. આજના આધુનિક માનવમાં માનવીય મૂલ્ય નેઘડવા માટે આપણા મહાન પુરુષોએ એમના જીવન ચરિત્રમાં કેટલાક વિચારો ,ઉદ્દેશ આપણા સમક્ષ પ્રસ્તુત કર્યા છે.સ્વામીવિવેકાનંદ નાની ઉંમરમાં એનું વ્યક્તિત્વ નિખરીઆવે છે. એમની નાનું ઉંમરમાં એવું વ્યક્તિત્વ જોઈને આજના માનવી પ્રેરાય છે, એમના વિચારોમાંથી પ્રોત્સાહન મેળવી માનવી આજે પોતાનામાં બદલાવ લાવવાનો પ્રયત્ન કરે છે.

**સંદર્ભ સૂચિ:**

1. સ્વામીવિવેકાનંદ'યુવાનોનેસ્વામીવિવેકાનંદ',સ્વામી સર્વસ્થાનંદ અધ્યક્ષ, શ્રી રામકૃષ્ણ આશ્રમ.
2. પ્રો.થાનકીજ્યોતિબહેન'યશસ્વી વિદ્યાર્થી જીવન અને સ્વામી વિવેકાનંદ' સ્વામીસર્વસ્થાનંદ અધ્યક્ષ,શ્રી રામકૃષ્ણ આશ્રમ.

## WHAT BHAGAVAD GITA TEACHES US!

**Vrutika Jikesh Patel**
*Student*
*Shrirang Shikshan Mahavidyalaya*
*Bilimora, Navsari*

***Abstract:***

***This research paper explores the enduring wisdom of the Bhagavad Gita, a sacred Hindu scripture, and its relevance in contemporary society. By analyzing key principles such as dharma, detachment, and the paths of yoga, the study aims to elucidate how the Gita's teachings offer valuable insights for individuals navigating the complexities of modern life. The present paper underscores the universal applicability of the Gita's philosophical concepts and their potential impact on ethical decision-making, personal well-being, and spiritual growth.***

**Keywords :** Bhagavad Gita, Dharma, Detachment, Yoga, Self-Realization, Ethics, Modern Life, Spirituality, Wisdom, Philosophy.

**Introduction:**

The Bhagavad Gita is a timeless guide that provides profound insights into what it means to be human. This study aims to determine whether the Gita's teachings are still applicable to dealing with today's problems in a time of rapid change and complexity. The Gita offers a complex tapestry of philosophical ideas that can guide moral decision-making and promote personal and spiritual development, from the idea of virtuous obligation (dharma) to the paths of yoga and the significance of detachment.

**Learnings from the Bhagavad Gita:**

**Dharma and Ethical Decision-Making:**

"It is better to perform one's own duties imperfectly than to master the duties of another. By fulfilling the obligations he is born with, a person never comes to grief." (Chapter 18, Verse 47)

This verse underscores the importance of embracing one's responsibilities and duties, even if imperfect, as it aligns with one's innate nature. People try to achieve what others have achieved, neglecting their personal achievements. An individual has his/her own capabilities and skills, it is not possible to do what someone else has done as every individual is different. One must embrace his own capabilities and be satisfied with what he has achieved. In today's rapidly changing world, this teaching encourages individuals to prioritize authenticity in their actions and decisions, promoting a sense of purpose and moral grounding amid societal shifts.

**Detachment and Inner Equilibrium:**

"You have the right to work, but never to the fruit of work. You should never engage in action for the sake of reward, nor should you long for inaction." (Chapter 2, Verse 47)

This verse advocates for performing actions without attachment to their outcomes. In today's competitive and result-oriented world, it advises individuals to focus on the process and effort rather than becoming overly attached to success or failure.People often want theproduct or

result of their actions immediately, in this fast pacing world quick results have made people impatient, making them restless to achieve their goal, leading towards stress and depression.Thus, people must develop an attitude to be dedicated towards their work and not worry about the results, as right deed will always lead to the fruit of their actions. This principle promotes resilience, a healthy perspective on achievements, and the ability to face challenges without succumbing to undue stress.

**Paths of Yoga:**

"Even among those who meditate, that man or woman who worships me with perfect faith, completely absorbed in me, is the most firmly established in yoga." (Chapter 6, Verse 47)

This verse emphasizes the unity of the self with the divine through different paths of yoga. In a pluralistic society, it encourages individuals to pursue their unique spiritual journeys while fostering respect for diverse paths to self-realization. If one believes to attain self-realization through paths of knowledge, devotion or act, it is to be respected by every other individual irrelevant of their personal path of self-realization. The relevance lies in promoting inclusivity, tolerance, and a shared understanding of diverse spiritual practices, contributing to social harmony.

**Equality and Non-Discrimination:**

"Those who possess this wisdom have equal regard for all. They see the same Self in spiritual aspirant and an outcaste, in an elephant, a cow and a dog." (Chapter 5, Verse 18)

This verse promotes the idea of viewing all beings with equanimity. In the context of today's diverse and interconnected world, it advocates for inclusivity, respect, and understanding irrespective of social or cultural differences. This verse describes that no matter which caste, creed or religion a person belongs to, whether human or animal, everyone should be treated equally. No discrimination must prevail amongst the living, and one must respect and treat everyone with love and care. This principle encourages societies to embrace diversity, fostering a sense of unity and shared humanity.

**Mind Control and Mental Well-Being:**

"To those who have conquered themselves, the will is a friend. But it is the enemy for those who have not found the Self within them" (Chapter 6, Verse 6)

This verse underscores the significance of mastering the mind for mental well-being. In the modern era, with increased stress and distractions, it highlights the importance of cultivating a disciplined and focused mind for a balanced and healthy life. Individuals who have developed a still mind can progress beyond limits.The relevance lies in promoting mindfulness, resilience, and emotional intelligence to navigate the complexities of modern living.

**Facing Challenges with Courage:**

"This is how Arjuna, the great warrior, spoke to Shri Krishna. With the words, "O Krishna, I will not fight," he fell silent." (Chapter 2, Verse 9)

"Fulfil all your duties; action is better than inaction. Even to maintain your body, Arjuna, you are obliged to act." (Chapter 3, Verse 8)

These verses depict Arjuna's inner conflict and Krishna's counsel to face challenges with

courage. In the modern context, they guide individuals to confront difficulties with resilience and determination, emphasising the importance of taking responsible action in the face of adversity. Individuals often fear the outcomes of new avenues and withdraw from moving forward in their life, staying at the same position throughout their life, obstructing their own progress. The relevance lies in fostering a proactive and responsible mindset amid the uncertainties and challenges of contemporary life.

**Conclusion:**

In conclusion, the Bhagavad Gita's teachings transcend temporal and cultural boundaries, offering profound insights that are still relevant in the contemporary world. From ethical decision-making to spiritual growth and mental well-being, the Gita provides a holistic guide for individuals seeking purpose and wisdom in the face of modern challenges. By embracing the timeless wisdom of the Gita, individuals can navigate the complexities of life with a sense of purpose, ethics, and inner harmony.

**References:**

1. Gita Press. (2018). Shrimad Bhagavad (Gujarati version). Gita Press.
2. Easwaran, E. (2019). The Bhagavad Gita (2nd ed.). Nilgiri Press.

GoEIIRJ

# ભારતીય સોળ સંસ્કારોના રહેલાં માનવીય મૂલ્યો

**ભાનુશાલી શ્રદ્ધા મહેન્દ્રભાઈ**
*બી.એડ તાલીમાર્થી*
*શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા*

***સારાંશ:-***

***હિંદુ ધાર્મિક ગ્રંથોમાં જન્મથી મૃત્યુ સુધી સોળસંસ્કાર વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવીછે. એવું માનવામાં આવે છે માનવીના વ્યક્તિત્વના ઘડતરમાંસોળમૂલ્યોનું વિશેષ મહત્વ છે. હિંદુ ધર્મમાં જીવનનું દરેક પાસું પવિત્ર છે અને કોઈ પણ પ્રવૃત્તિની શુભ શરૂઆત પહેલા ઉજવણી દ્વારા કરવામાં આવે છે. જેથી સંસ્કારો એ સમુદાયના મૂલ્યો ,માન્યતાઓ અને પરંપરાઓને પ્રતિબિંબિત કરેં છે. વિવિધ સંસ્કારો એ માનવીના જીવનની મહત્વપૂર્ણ ઘટનાઓને ચિન્હિત કરેં છે. જેમ કે જન્મ ,લગ્ન તથા મૃત્યુ. તેથી ધાર્મિક વિધિઓ સામાજિક વ્યવસ્થા અને વંશવેલો સ્થાપિત કરવામાં અને જાળવવામાં મદદરૂપ બને છે. તેથી સંસ્કારો એ માનવીની ધાર્મિક અને આધ્યાત્મિક પ્રથા સાથે જોડે છે.***

**ચાવીરૂપશબ્દો:-** સંસ્કૃતિ, સંસ્કાર, મુલ્યો, ધાર્મિક, અધ્યાત્મિક

**પ્રસ્તાવના:-**

ભારતીય સંસ્કૃતિની સંસ્કારીતાનાકારણેસમાજમાં આગવું અને મોભાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.દરેક દેશની સંસ્કૃતિ તેની ભાષા, કલા, ધર્મ ,સામાજિક રીતરિવાજો ,આદતો તથા રાજનૈતિક, આર્થિક સંગઠનોનામાધ્યમ દ્વારા વ્યક્ત થાય છે. સંસ્કૃતિ માનવ જીવનના આદર્શો અને સિદ્ધાંતોને ઉજાગર કરેં છે.સંસ્કૃતિએ સંસ્કાર ને દોરી લાવે છે. અને આસંસ્કારમાનવીનાવર્તનમાંપ્રતિબિંબથાયછે.પરંતુ આધુનિક સમયની સાથે માનવી પણ આધુનિક બનવા પ્રયત્ન કરતો રહ્યો છે. જેના કારણે તેણે પોતાના સંસ્કાર અને મૂલ્યોને પાછળ છોડી દીધા છે.જો માણસને મૂલ્યવાન બનવું હોયતેને આ સોળ સંસ્કાર સમજવા અને જીવનમાં પચાવવા પડે.

**વિષય વસ્તુ:-**

સંસ્કૃતિ સંસ્કારથી શોભે છે અને
સંસ્કાર સંસ્કૃતિમાં પાંગરે

સંસ્કૃતિ એટલે સંસ્કારોનું સિંચન ,જીવન જીવવાની રીત. માનવીના જીવનની વિકાસગાથા ગાતું અને સમાજનું અસ્તિત્વ ધરાવતું વાસ્તવિક ચિત્ર એટલે સંસ્કૃતિ.સમાજને એક તાંતણે બાંધી રાખતી આસંસ્કૃતિ જ છે . આ સંસ્કૃતિ આપણને આપણા ઋષિમુનિઓ દ્વારા મળેલ છે.વેદ,ઉપનિષદો ,પુરાણો, ગીતા, રામાયણ, મહાભારત વગેરેનો ઉલ્લેખ આપડી સંસ્કૃતિના પ્રાચીનકાળથી થતો આવ્યો છે.

ભારતીય સંસ્કૃતિ પણ તેની આગવી ઓળખ ધરાવે છે. ભારતીય સંસ્કૃતિની આગવી ઓળખ માટે ઘણાં પરિબળો જવાબદાર છે તે પૈકીનું એક પરિબળ સોળ સંસ્કાર છે.સંસ્કાર શબ્દનો અર્થ 'સારી ટેવ' અથવા 'સારી વર્તણૂક' એવું કરવામાં આવેછે. સંસ્કાર એટલે 'જીવનું સંસ્કરણ' કરેં તે,'અંત:કરણને શુદ્ધ' કરેતેનું નામ સંસ્કાર.આજ સોળસંસ્કારોનું ધાર્મિક , અધ્યાત્મિક અને સામાજિક મૂલ્ય ઘણુ છે .મનુ મહારાજે આસંસ્કાર વિશે કહ્યું છે કે"આશરીરના સંસ્કાર છે અર્થાત્ શરીરની શુદ્ધિ કરનાર છે". માટેજ સમાજના દરેક નાગરિકે સોળ સંસ્કાર વિશે વિસ્તૃત સમજ કેળવવાની આવશ્યકતા છે.

**ગર્ભધાન સંસ્કાર:-.**

માનવ જીવનનો આ સૌથી પહેલો સંસ્કાર છે. પતિ પત્નીના મનમાં સંતાન પ્રાપ્તિનીઇચ્છા થાયત્યારેગર્ભધાન સંસ્કાર કરવો જોઈએ.વંશવેલો ટકાવી રાખવા માટે સંસ્કાર અનિવાર્ય ગણાવ્યોછે. જે બાળકના સર્વાંગી વિકાસને

પ્રોત્સાહનઆપેછે.ગર્ભાવસ્થા સંસ્કારએ સકારાત્મક મૂલ્યો, ગુણો અને સાંસ્કૃતિક ઉપદેશો કેળવવાના મહત્ત્વ પર ભાર મૂકે છે. ગર્ભસંસ્કાર દ્વારા માતા અને બાળક બંનેમાં આંતરિક શાંતિ અને સંતુલનની ભાવના સ્થાપિત કરવા માટે પ્રાર્થના, મંત્ર, ધ્યાન કરવાથીઅધ્યાત્મિક મૂલ્ય સાથેનું જોડાણ વધે છે.

**પુંસંવન સંસ્કાર:-**

ગર્ભધારણના ત્રીજા મહિને આ સંસ્કાર કરવામાં આવતો હોય છે. આ સંસ્કારનો મુખ્ય હેતુ ગર્ભમાં રહેલા બાળકને આકાર આપવાનો છે .મોટાભાગે પુસંવન સંસ્કાર ભારતીય સમાજમાં પુત્ર પ્રાપ્તિની ઘેલછાનો છે.પરંતુ હકીકતમાં આસંસ્કારનું સ્વાસ્થ્ય મૂલ્ય ખૂબ ઊંચું છે. આ સંસ્કારથી વંશાનુંગત રોગોના જનીન દ્રવ્યોનો પ્રભાવ દૂર કરી સ્વસ્થ જનીનદ્રવ્ય પ્રભાવી બને, જેથી વારસાગત રોગોથીબાળકનેબચાવી શકાય.આમ આવનાર બાળક વધુ સ્વાસ્થ્ય અને તંદુરસ્ત જન્મે છે.

**સીમંતોન્નયન સંસ્કાર:-**

આજ સંસ્કાર પાછળ ધાર્મિક ,શારીરિક અને આધ્યાત્મિક મૂલ્યોનું દર્શન થાય છે. ગર્ભવતી સ્ત્રીને અમંગલકારી શક્તિઓથી બચાવવા માટે આ સંસ્કાર ગર્ભાવસ્થાના આઠમા મહિનામાં કરવામાં આવે છે. જેમાં ગર્ભવતી સ્ત્રીને માનસિક શક્તિ પ્રદાન કરવામાં આવે છે. તેને સકારાત્મક વિચારોથી પણ ભરપૂર કરવામાં આવી છે .આપણે સૌ જાણીએ છીએ કે બાળક જ્યારે ગર્ભમાં હોય ત્યારે માતા જેપ્રકારનું વાંચન કે શ્રવણ કરેતે જ પ્રકારની બાળકની માનસિક સ્થિતિ થાય છે.તેથીજ ભક્ત પ્રહ્લાદને નારદજીએ આ દિવસોમાં જ માતા ક્યાંધુને ભક્તિનો ઉપદેશ આપેલો તેમજ અભિમન્યુ પણ આજ સમયમાં યુદ્ધકળા માંના પેટમાંથી શીખ્યો હતો.

**જાતકર્મ સંસ્કાર :-**

આસંસ્કાર બાળકના જન્મ બાદ કરવામાં આવે છે.બાળકને કોઈ પણ પ્રકારનો રોગ લાગુ ન પડે તે માટે અને બાળકની સુરક્ષાતથાકલ્યાણકારીબાબતોબનેતે માટે જાતકર્મ સંસ્કાર કરવામાં આવતો હોય છે.શિશુના જન્મ પછી થોડા સમય બાદ અને નાળ છેદન પહેલા શિશુના મુખમાં ગાયનું ઘી અને મધ શ્રેષ્ઠ ઔષધી તરીકે મૂકવામાં આવે છે. બાળક બુદ્ધિશાળી, મજબૂત, સ્વસ્થ અને લાંબા આયુષ્યસાથેમૂલ્યવાનજીવનપ્રાપ્ત કરે તેમાટેપ્રાર્થના કરવામાં આવે છે.

**નામકરણ સંસ્કાર:-**

બાળકના જન્મના દસમાં અથવા બારમા દિવસે આ સંસ્કાર કરવામાં આવે છે. જેમાં શિશુનુંનામ નક્કી કરવાનું હોય છે. શિશુનું નામ ગુણ આધારિત, પ્રકૃતિ આધારિત અથવા દેવી- દેવતાઓના નામને લગતું રાખવું જોઈએ. નામનો અર્થ જ ન થતો હોય તેવું નામ ન રાખવુંજોઈએ. આપણી ભારતીય સંસ્કૃતિમાં એવું માનવામાં આવે છેકેનામનો પ્રભાવ જીવનમાં જોવા મળે છે.જ્યારે બાળકનું નામ ધાર્મિક અને આધ્યાત્મિક રીતે વિચારી સમજીને રાખવામાં આવે છે બાળકના વર્તન પર પણ તેની અસર જોવા મળે છે. બાળક તેનાનામના આધારે જ શૌર્યવાન, બહાદુર અને મૂલ્યવાન બનતો હોય છે.

**નિષ્ક્રમણ સંસ્કાર:-**

બાળકના જન્મના ચોથા માસે તેની પહેલી વખત ઘરમાંથી વિધિપૂર્વક બહાર લાવીને સૂર્યદર્શન કરવામાં આવે તે સંસ્કારને નિષ્ક્રમણ સંસ્કાર કહેવાય છે. આ સંસ્કારદેવલોકથી લઈને ભૂલોક સુધી તે લાભદાયક, સુખદ અનેશુભવિચારફેલાવેછે.સૂર્યપ્રકાશદ્વારા બાળક માંઅખંડિતત, સાતત્યનું મૂલ્ય પ્રસ્થાપિત થાય છે. આ સંસ્કારમાં વડીલો અને પરિવારના સભ્યો બાળકને સ્વસ્થ અને સમૃદ્ધ જીવન માટે આશીર્વાદ આપે છે.સદભાવના, કરુણા અને બાળકના ભવિષ્ય માટે સકારાત્મક દૃષ્ટિકોણના માનવ મૂલ્યને પ્રતિબિંબિત કરે છે

**અન્નપ્રાશન સંસ્કાર :-**

બાળકછ મહિનાનું થાય ત્યારે પહેલી વખત તેને અનાજ આપવાની શરૂઆત કરવામાં આવે છે.અનાજનું મહત્વ માત્ર શારીરિક વૃદ્ધિ પુરતો જ નથી, પરંતુ શ્રેષ્ઠ વિચારોપર પણ અન્નની અસર થાય છે એટલા માટે આપણે ત્યાં કહ્યુંછે કે“જેવુંઅન્ન તેવું મન ”.આમબાળકની શારીરિક વૃદ્ધિ યોગ્ય રીતે અને યોગ્ય સમયે થાય તે માટે આ સંસ્કાર કરવામાં આવે છે.

**ચૌલકર્મ સંસ્કાર:-**

આ સંસ્કાર બાળકના જન્મના પહેલાથી ત્રીજા વર્ષ ની વચ્ચે કરવામાં આવતો.આ સંસ્કાર બાળકના માથાના બધા વાળ મુંડાવી ફક્ત શિખા રાખવામા આવતી. બાળકનું મુંડન કરાવવાની વિધિ એટલે ચૌલકર્મ સંસ્કાર. આસંસ્કારનો મુખ્ય હેતુ વ્યક્તિને માનસિક રીતે સ્વસ્થ બનાવવાનું અને સકારાત્મકતા વિચાર તથા મૂલ્ય સાથે તેનો અર્થપૂર્ણ ઉપયોગ કરવાનું છે. આ સંસ્કાર બાળકની ઝડપી વૃદ્ધિ તરફ દોરી જાય છે.

**કર્ણવેધ સંસ્કાર:-**

આ સંસ્કાર બાળકને જન્મના ત્રીજા કે પાંચમાં વર્ષ ની વચ્ચે કરવામાં આવે છે. સારાવૈદ્યપાસે વિધવામાં આવેછે. રોગ વગેરેથી રક્ષણ કરવા તથા અલંકાર પહેરાવવા માટે બાળકનો કર્ણવેધ કરાવવો તે કર્ણવેધ સંસ્કાર. જે ઘણી સંસ્કૃતિઓમાં પેઢીઓથી પસાર થઈ છે તે સાંસ્કૃતિક પ્રથા, માન્યતાઓ અને મૂલ્યોને જાણવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવેછે.ધાર્મિક અથવા આધ્યાત્મિક માન્યતા પ્રણાલી ધરાવતા લોકો માટે કર્ણવિધ આધ્યાત્મિક મહત્વ ધરાવે છે. તેને ભક્તિના કાર્ય તરીકે અને બાળક માટે આશીર્વાદ અને રક્ષણ મેળવવાની રીત તરીકે જોવામાં આવે છે.

**વિદ્યારંભ સંસ્કાર:-**

વિદ્યા આરંભવિધિ એ એક પરંપરાગત હિન્દુ વિધી છે. જે બાળકના ઉચ્ચારી કે શિક્ષણની શરૂઆત ને ચિન્હિત કરે છે. આ વિધિ બાળકને નૈતિક મૂલ્યો આપવા સાથે ગાઢ રીતે જોડાયેલીછે.સાથે સાથે શિક્ષકો , વડીલો પ્રત્યે આદર અનેઋણી જીવન જીવવાના સાધન તરીકે શોધ જીવન મૂલ્યો કેળવવા માટે કરે છે. વિદ્યારંભ ધાર્મિક વિધિ માત્ર શિક્ષણની ઔપચારિક શરૂઆત તરીકે જ નહીં પરંતુ વ્યક્તિની વ્યક્તિગત અને સામાજિક વિકાસ માટે અભિન્ન એવા આવશ્યક માનવમૂલ્યોના પ્રસારણ માટેના એક સાધન તરીકે કામ કરેછે.

**ઉપનયન સંસ્કાર:-**

આ સંસ્કારને યજ્ઞોપવીત સંસ્કારતરીકે પણ ઓળખવામાં આવે છે. લગભગ બાળક 8 વર્ષનું થાય ત્યારે આ સંસ્કાર કરવામાં આવતો હોય છે. જેનો અર્થથાય છે,“ ગુરૂની નજીક લઈજવું” જેમાંઅંતરિકવૃદ્ધિઅનેસ્વજાગૃતિ જેવા મુલ્યો ઉપર ભાર મુકતા આધ્યાત્મિક જ્ઞાનઅનેઆત્માસાક્ષાત્કારની નજીક જઈ પહોંચી છે.ઘણીવાર ભિક્ષા આપવા અને દાનના કાર્ય કરવા જેવા ધાર્મિક વિધિઓનો સમાવેશ થાય છે આનાથી સામુદાયિક સેવા અને અન્ય પ્રત્યે કરુણા સંબંધિત મૂલ્યો પ્રસ્થાપિત થાય છે. આમ આ સંસ્કારથી બાળક સદાચાર, બ્રહ્મચર્ય, સાદગી અને શ્રમ જીવા સંસ્કાર અને મૂલ્યો શીખવામળેછે.

**વેદારંભ સંસ્કાર:-**

ઉપનયના સંસ્કાર 1 વર્ષ બાદ ગાયત્રી મંત્ર ને દીક્ષાની સાથેવૈદિક સ્વાધ્યાયનો આરંભ થાયછેજેનેવિદારંભ સંસ્કાર કહેવાય છે. તે ભાષા મૂળાક્ષરો અને પાયાનું યોગદાન મેળવે છે. આ પછી તેમની ક્ષમતા અને ગુણોના આધારે તેમને ગુરૂકુળમાં મોકલવામાં આવે છે.

**સમાવર્તન સંસ્કાર:-**

આ સંસ્કારને દીક્ષાંત સંસ્કાર તરીકે પણ ઓળખવામાં આવે છે. બ્રહ્મચર્યાશ્રમની સમાપ્તિ અને અધ્યયન બાદ

**Peer Reviewed Refereed Journal** **ISSN : 2278 – 5639**
**Global Online Electronic International Interdisciplinary Research Journal (GOEIIRJ)**
**{Bi-Monthly} Volume – XII Special Issue – IV October – 2023**

ગુરુને ત્યાંથી ઘર તરફ પાછા ફરતું અને વ્રત નિયમોમાંથી બ્રહ્મચારી મુક્ત થતો તેને સમાવર્તન સંસ્કાર તરીકે ઓળખવામાં આવેછે . જેમાં બાળક ગુરુ પાસે રહીને સમગ્ર મૂલ્યોનું સિંચન કરીનેઘેર પાછા ફરે છે.ત્યાં બાળકસાથેસાથે કોઈ ને કોઈ એક આર્થિક પ્રવૃત્તિપણશીખતો જાય છે. તેથી બાળકમાં આર્થિક મૂલ્યનો પણ ઘડતર થાય છે.

**વિવાહ સંસ્કાર:-**

આ સંસ્કાર હિંદુ ધર્મમાંઆ એક મહત્વપૂર્ણ સંસ્કૃતિ અને ધાર્મિક પ્રસંગ છે.જેમાવિવિધ રિવાજો અને પરંપરાઓ સામેલછે. જેમાનવ મૂલ્યોને પ્રતિબિંબિત કરેં છે. આ સંસ્કાર ગૃહસ્થાશ્રમનો પ્રવેશ કરવાનું મહત્વપૂર્ણ સંસ્કાર છે.જેમાંઅગ્નિની સાક્ષીએ વર અને વધુ બંને આજીવન એક સૂત્રે એક તાંતણે બંધાઈને રહેવાની પ્રતિજ્ઞા કરેં છે.કન્યાના પિતા દ્વારા કન્યાદાન આપવામાં આવે છે

**અંત્યેષ્ટી સંસ્કાર:-**

આ સંસ્કારજીવનનો અંતિમ સંસ્કાર છે . જે મૃત્યુ બાદ કરવામાં આવે છે. જીવનનો અંત અને મરણ પછીની છેલ્લીક્રિયાને અંત્યેષ્ટી સંસ્કાર કહે છે. અંત્યેષ્ટી ધાર્મિક વિધિઓ આદર, કરૂણા આધ્યાત્મિકતા અને જીવનની અસ્થાયીતાની સ્વીકૃતિ જેવા ઉડા બેઠેલા માનવ મૂલ્યોનું પ્રતિબિંબ છે. તેઓ માત્ર મૃતકોને વિદાય આપવા નામાર્ગતરીકે નહીં પરંતુ માનવ અસ્તિત્વને માર્ગદર્શન આપતા મૂલ્યોની સ્મૃતિપત્ર તરીકે પણ સેવા આપે છે.મૃત્યુ થાય ત્યારે મૃતદેહના કાનમાં ઓમનો ઉચ્ચારઅને ગંગાજળ પીવડાવવામાં આવે છે.મૃત્યુ બાદ ધાર્મિકક્રિયા, દાનોપૂર્ણ કરવાથી જીવની ગતિ ધાર્મિકઅનેઅધ્યાત્મિકમૂલ્યદિશામાં થાય છે.

**તારણો/ પરિણામો**

૧) સંસ્કારલાંબા આયુષ્ય સાથે તંદુરસ્ત મજબૂત બાળકને જન્મ આપવા માટે કરવામાં આવે છે.

૨) સંસ્કારદ્વારા નૈતિકમુલ્યો સાથે બુદ્ધિશાળી અને ન્યાયીબાળ કનેજન્મઆપવાજરૂરી છે.

૩) સંસ્કારએ બાળકોનેઘરથીદૂરજઈ આશ્રમ વ્યવસ્થામાં પ્રવેશે છે. જ્યાં તેના માંઘણા મુલ્યો કેળવાયછે.

૪) નામકરણ સંસ્કાર વખતેબાળકને ધાર્મિક નામ આપીતેને શક્તિશાળી બનવાની પ્રથાના કરવામાં આવેછે.

**ઉપસંહાર :-**

સંસ્કાર એ હિન્દુઓના જીવનનુંએક અનિવાર્યઅંગમનાયછે.પરંતુ આપણે જોઈએછીએકેવર્તમાન કાળમાંઆસોળ સંસ્કારમાંથી ઘણા સંસ્કારો ખૂબ પ્રચલિત છેજેવાકે સીમંત, ઉપનયન, વિવાહ, અંત્યેષ્ટિ સંસ્કાર વગેરે…જ્યારે અન્ય ગૌણ સંસ્કારો લુપ્ત થઇ ગયા છે.જેને જીવંત કરવાનું કાર્ય અત્યાર ના નવયુવાનોનુંછે. આમ, સંસ્કારો એ માનવીને મૂલ્યવાન અને જીવન જીવવાને યોગ્ય દિશા આપે છે. સંસ્કારોઆપણી સંસ્કૃતિ, ઉત્સવ ,બોલી, એકતા, વિવિધતા, ટેવો, આચારવિચાર, ધાર્મિકપરંપરા, રહેણીકરણી અને જીવનના આદર્શો વગેરે ભારતીય સંસ્કૃતિની આગવીઓળખ ઉભી કરવા માટે મહત્વનો ફાળો છે.

**સંદર્ભ:-**

1) વસાવાશીતલ (૨૦૧૩/૧૪) શ્રીરંગમ, શ્રીરંગશિક્ષણ મહાવિદ્યાલય , બીલીમોરા

2) પટેલ જીજ્ઞેશભી (૨૦૨૦) shikshan darshan – A paper reviewed journal

# શ્રીમદ્ ભગવદગીતામાં રહેલા માનવીય મૂલ્યો

**Tandel Ankitaben Rajanikant**
*તાલીમાર્થી*
*શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા*

**સારાંશ:**

***ગીતા સંપૂર્ણ જીવનનું દર્શન છે અને તેનું પાલન કરનાર વ્યક્તિ શ્રેષ્ઠ બને છે.ભગવત ગીતાનો મર્મ સ્વયં ભગવદગીતામાં જ વ્યક્ત થયો છે.તે આ પ્રમાણે છે: જો આપણે કોઈ ખાસ દવા લેવાની હોય તો આપણે લેબલ પર લખેલી સુચનાઓનું પાલન કરવું પડે આપણે આપણા મનના તરંગ પ્રમાણે કે મિત્રનાં સુચનો અનુસાર દવાનું સેવન કરી ન શકીએ. દવાની ઉપર લખેલા સુચનો અનુસાર અથવા ડોક્ટર આપેલાં સુચનો પ્રમાણે જ દવાનું સેવન કરવાનું હોય છે.તેવી જ રીતે, ભગવતગીતા તેના ઉદ્ગાતા જે પ્રકારે કહેલી 'તે પ્રમાણે તેનું અર્થઘટન કરવું જોઈએ તથા તેનો સ્વીકાર કરવો જોઈએ..ભગવાન શ્રીકૃષ્ણ ભગવદગીતાના ઉદગાતા છે.ભગવદગીતાનો દરેક પૃષ્ઠ ઉપર તેમનો ઉલ્લેખ પૂર્ણ પુરુષોત્તમ પરમેશ્વર' ભગવાન તરીકે થયો છે. ભગવાન કૃષ્ણ ગીતામાં ઉપદેશ આપે છે કે જ્યારે કોઈ વ્યક્તિ શારીરિક રીતે સંસારમાં કર્તવ્યનું પાલન કરે છે પરંતુ મનને ભગવાનના અનુરકત રાખે છે તેને કર્મયોગ સમજવા માટે કહે છે શ્રીમદ્ ભગવદ ગીતામાં કર્મ ઉપરાંત ભક્તિ નું મૂલ્ય અને ધર્મનું મૂલ્ય પણ સમજાવવામાં આવ્યું છે.***

**ચાવીરૂપ શબ્દો :** કર્મયોગ , ભક્તિયોગ, પુરુષાર્થ, પરમેશ્વર , જીવન.

**પ્રસ્તાવના:**

પાંચ હજાર વર્ષ પૂર્વે મહાભારત યુદ્ધના આરંભે કુરુક્ષેત્રના મેદાનમાં શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદરૂપે પ્રગટેલી શ્રીમદ્ ભગવદગીતા માત્ર હિન્દુ પરંપરા નહીં પરંતુ સમસ્ત માનવ જાતિ માટે આધ્યાત્મ અને જીવન વ્યવહારની દીક્ષા આપતો એક અદભુત ગ્રંથ છે.ભગવત ગીતાનો આવું જ્ઞાન વાસ્તવમાં લાભપ્રદ છે.અને જીવનના ઉદ્દેશને પૂર્ણ કરવામાં માનવ સમાજના કલ્યાણ માટે તે પ્રમાણભૂત જ્ઞાન છે. ભગવદ ગીતામાં કહ્યું છે કે પોતાની ભૌતિક ઈન્દ્રિયો ને તુપ્ત કરવા કરતા એણે ભગવાનની ઇન્દ્રિયોને સંતુષ્ટ કરવાનો પ્રયાસ કરવો જોઈએ આજ જીવનની સર્વોચ્ચ સિદ્ધિ છે. વર્તમાન સમયમાં ભગવત ગીતાને સમજવી અથવા વાંચવી ખૂબ જ જરૂરી છે ભગવદ્ ગીતાના મૂલ્યો કે ગુણોને જીવનમાં લાવવાથી જીવન સરળ બની જશે.

**વિષયવસ્તુ:**

ગીતા સંપૂર્ણ જીવનનું દર્શન છે. અને તેનું પાલન કરનાર વ્યક્તિ શ્રેષ્ઠ બને છે. ભગવાન કૃષ્ણ ગીતામાં કહ્યું હતું. કે સંજોગો ગમે તેટલા ખરાબ હોય પણ હંમેશા એક જેવા નથી રહેતા જો તમે પણ તમારા જીવનમાં પરિવર્તન અને પ્રગતિ લાવવા માંગો છો તો ભગવદ ગીતાનું જ્ઞાન ખૂબ જરૂરી છે.

**કર્મનું મૂલ્ય :**

नियंत कुरु कर्म त्वं कर्म ज्यायो ह्यकर्मणः।
शरीरयात्रापि च ते न प्रसिद्‌ध्येदकर्मणः ।।

તું તારું નિયત કર્તવ્યકર્મ કર,કારણ કે કર્મ નહીં કરવા કરતાં કર્મ કરવું વધુ સારૂં છે કામ કર્યા વિના મનુષ્ય પોતાના દેહનું નિર્વાહ પણ કરી શકતો નથી. કર્મયોગ તેમના માટે જેમની વૃદ્ધિ કર્તવ્ય પારાયણ હોય છે. મનુષ્ય કેવળ ન તો કર્મથી વિમુખ રહીને કર્મ ફળમાંથી મુક્તિ મેળવી શકે છે કે ન તો કેવળ શારીરિક સન્યાસ લઈને જ્ઞાનની સિદ્ધાવસ્થા પ્રાપ્ત કરી શકે છે.

કોઈપણ મનુષ્ય એક ક્ષણ માટે પણ કર્મ કર્યા વિના રહી શકતો નથી કર્મયોગી એ છે કે મનને ભગવાનના આશક્ત રાખીને સંસારના કર્તવ્યનું પાલન કરે છે.આવો કર્મયોગી બધા જ પ્રકારના કર્મો કરતો હોવા છતાં કર્મ બંધનમાં બંધાતો નથી આમ થવાનું કારણ એ છે કે કર્મના સિદ્ધાંત અનુસાર મનુષ્ય માટે જે બંધન કરતા છે તે કર્મ નથી પરંતુ તે કર્મોના ફરો પ્રત્યેની આશક્તિ છે અને કર્મયોગીને કર્મના પર પ્રત્યે કોઈ આશક્ય હોતી નથી.

"મન હરિ મેં તન જગતમેં, કર્મયોગ તેહિ જાન.
તન હરિ મેં મન જગતમેં, યહ મહાન અજ્ઞાન."

જ્યારે કોઈ વ્યક્તિ શારીરિક રીતે સંસારમાં કર્તવ્યનું પાલન કરે છે પરંતુ મનને ભગવાનના અનુરક્ત રાખે છે તેને કર્મયોગ સમજો .જ્યારે કોઈ વ્યક્તિ શરીરથી આધ્યાત્મિકતામાં વ્યસ્ત રહે છે પરંતુ મનને સંસારમાં આ શબ્દ રાખે છે ત્યારે તેને પાખંડી માનો.

**ભક્તિનું મૂલ્ય :**

यस्मानौद्विजते लोको लोकानौद्विजते च यः।
हर्षॉमर्षभयोद्देगैर्मूको यः स च मे प्रियः ।।

જે કોઈને કષ્ટ આપતો નથી અને જે અન્ય કોઈના કારણે અસ્વસ્થ થતો નથી,જે સુખ તથા દુખમાં,ભય તથા ચિંતામા સમભાવયુક્ત રહે છે., એવો એ ભક્ત મને બહુ પ્રિય હોય છે.

પરમ સત્યના સાક્ષાત્કારની વિભિન્ન પદ્ધતિઓમાં ભક્તિ યોગ અર્થાત ભક્તિમય સેવા સવોત્કૃષ્ટ છે. જો કોઈને પૂર્ણ પુરુષોત્તમ પરમેશ્વરનું સાનિધ્ય જોઈતું હોય તો તેણે ભક્તિમય સેવા અપનાવી જોઈએ. "હું સર્વ પ્રાણીઓ માટે સમાન છું મારા માટે કોઈ દ્વેષપાત્ર નથી કે કોઈ પ્રિય નથી. તેમ છતાં મને જે ભક્તિથી ભજે છે તેઓ મારામાં છે અને હું તેમનામાં છું"

**ધર્મનું મૂલ્ય:**

ભગવત ગીતા દ્વારા ખરેખર સત્ય ધર્મનું હાર્દ શું ? તો સત્ય ધર્મનું હાર્ડ આત્માને અમરતાની હૃદયસ્ય શ્રદ્ધા, જેમાં પરમ જ્ઞાન , પરમ ભક્તિ, પરમ કર્મ અને પરમ યોગની આંતર સાધના દ્વારા માણસની પરમચેતનમાં રહેલી શુદ્ધ બુદ્ધિની ભાવના અને શુદ્ધ સંકલ્પ જ્યારે પરમ તત્વ જેવા તત્વો સાથેએકરૂપ થાય તકાદાર થાય, અને પરમ ગતિને પામે તેનું નામ સત્ય ધર્મ છે.

**ફલિતાર્થ :**

૧) માનવીએ આજના યુગમાં કર્મ નું મૂલ્યને સમજવું ખૂબ જ જરૂરી છે. કેવા કર્મ કરવું જોઈએ કેવા કર્મ ન કરવું જોઈએ. એની જાણ માનવીને હોવી જોઇએ. સારા કર્મ કરવું એ દરેક માનવીનું કર્તવ્ય છે.

૨) માનવીએ ભક્તિ એવી કરવી જોઈએ જે ભગવાનને ગમે છે. વિના સ્વાર્થે ,પ્રેમ , દ્વેષ ભાવ વિનાનો , સુખ અને દુંખમાં સમતા રાખનારો હોવો જોઈએ.

**ઉપસંહાર :**

આમ, ગીતા એટલે જીવનનો સાર છે. જીવનનો માર્ગદર્શક છે.અને જીવનને યોગ્ય માર્ગે લઈ જાય છે. ગીતામા , કર્મનું મૂલ્ય ,ધર્મનું મૂલ્ય, ભક્તિનું મૂલ્ય, આધ્યત્મિક નું મૂલ્ય સમાવેશ કરવામાં આવેલ છે.

**સંદર્ભ સૂચિ**

Darshan satvichar , શ્રીમદ ભગવદ ગીતા,march-2021
गीताप्रेस , गोरखपुर २७३००५, गोबिन्दभवन कार्यालय, कोलकाता का संस्थ
કૃષ્ણકૃપાભૂર્તિ (શ્રી શ્રીમદ એ.સી ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદ )માર્ચ 2017.

# મીરાંબાઈના જીવનમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યો

**ચૌધરી તરૂણભાઈ અશ્વિનભાઈ**
*તાલીમાર્થી*
*શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા*

**સારાંશ:**

મીરાંબાઈ નું જીવન એ પ્રેમ, ભક્તિ, અને આધ્યાત્મિક છે.તેમણે પ્રભુ ભક્તિ માટે અનેક કાવ્યો અને ભજનો ની રચના કરી છે. તેઓ નાનપણ થી ભગવાન શ્રી કૃષ્ણ ના ભક્તિમાં લીન થઈ ગયા હતા. પોતાના ભૌતિક સુખો ને ત્વજીને તેમણે પ્રભુની ભક્તિ કરી હતી. તેમના જીવન માંથી પ્રાપ્ત થતાં મૂલ્યો અંગે ચર્ચા કરવામાં આવી છે. તેમના જીવન વિશે વાંચતા કેટલાક મૂલ્યો નોંધાયા છે. જેમાં ભક્તિ નું મૂલ્ય,આધ્યાત્મિક મૂલ્ય,ત્યાગ નું મૂલ્ય જેવા વિવિધ મૂલ્યો મળ્યા છે.

**ચાવીરૂપ શબ્દો:**આધ્યાત્મ,ધાર્મિક,અહિંસા, ભક્તિ, ભજનો, પ્રતિષ્ઠા

**પ્રસ્તાવના:**

મીરાબાઈ નો જન્મ સવંત 1498માં વી જોધપુરમાં મેડતા નજીક આવેલા કુટકી ગામમાં (હાલના રાજસ્થાનના પાલી જિલ્લામાં) થયો હતો. તેમના પિતા રતનસિંહ ઉદય પુરના સ્થાપક રાઠોડના વંશજ હતા. મીરાંબાઈ ના માતા નું નામ વીર કુમારી હતું. મીરાંબાઈ નાનપણથી જ ભગવાન શ્રી કૃષ્ણ સાથે લગાવ હતો. મીરાંબાઈના લગ્ન ચિતોડ ના મહારાણા કુમાર ભોજરાજજી સાથે થયા હતા. લગ્નના એક બે વર્ષ પછી 1521માં મહારાણા સાંગા અને મુઘલ શાસક બાબર વચ્ચે થયું હતું. જેમાં રાણા સાંગા અને તેના પુત્ર ભોજરાજ નું મૃત્યુ થયું હતું. ભગવાન કૃષ્ણની ભક્તિને જ પોતાના જીવનનુ સર્વસ્વ માનનાર મમીરાંબાઈ ના પદોમાં નિરંતર ભક્તિરસ વરસ્યા કરે છે. મીરાંબાઈ નું જીવન વાંચતા લાગે છે કે એક રાજઘરાનાની સ્ત્રી પણ જીવન ની ભૌતિક સુખો ત્યજીને ભક્તિમય જીવનને ખુશી પૂર્વક સ્વીકારી તેને વધુ ઉજ્જવળ અને તેજોમય બનાવે છે.

**વિષયવસ્તુ :**

કૃષ્ણભક્ત મીરાંબાઈ ના જીવન માંથી મુખ્યત્વે ભક્તિ,પ્રેમ,ધાર્મિક અને ત્યાગ ના મૂલ્યો પ્રાપ્ત થાય છે. તેમની ભક્તિ અને મનોબળ સમાજમાં પ્રચલિત થયા છે. તેમણે રચેલી કવિતાઓ અને ભજનો ભક્તિમાં રત્નો સમાન છે. જે આત્માને સાત્વન અને પ્રેમ ની અનુભૂતિ કરાવા મદદ કરે છે. મીરાંબાઈ નું જીવન જ તેમની પ્રતિષ્ઠા નું પ્રતિનિધિત્વ કરે છે. તેમણે રચેલા ભજનો અને કવિતાઓ જ્યારે સંગ્રહ કરીએ ત્યારે મીરાંબાઈ ના જીવનમાં ધાર્મિક, ઈશ્વર પ્રત્યેનો પ્રેમ અને જીવન ના આદર્શો સ્પષ્ટ થાય છે.

તેમણે રચેલી કવિતાઓ અને ભજનો વ્યક્તિગત આત્માની વાત કરે છે. મીરાંબાઈ નું જીવન અને કાવ્યો ભક્તિ માં એક મહત્વપૂર્ણ યોગદાન છે. તેમના જીવન વિશે વધુ જાણતા કરેલા ત્યાગ વિશે માહિતી મળી. મીરાંબાઈ ના નાની ઉંમરમાં જ ચિત્તો ના મહારાણા કુમાર ભોજરાજજી સાથે થયા હતાં. પરંતુ થોડા વર્ષો બાદ પતિ ના મૃત્યુ પછી તેમણે ચિતોડ નો ત્યાગ કરવાનો નક્કી કર્યું. તેમણે એક રાજઘરની ભૌતિક સુખોનો ત્યાગ કરીને પોતાનું જીવન ભક્તિમય રીતે જીવન જીવવાનું નિર્ણય કર્યો હતો. આમ, ત્યાગ નું મૂલ્ય મળે છે.

મીરાંબાઈનું જીવન મૂલ્યોનો સતત સ્રોત છે. મીરાંબાઈ ના જીવનમાંથી વિવિધ મૂલ્યો અને આદર્શો મળી આવે છે. જેમાથી કેટલાક મૂલ્યો નીચે મુજબના છે.

**1. ભક્તિનું મૂલ્ય:**

મીરાંબાઈની ભક્તિ એ મૂલ્યો નો સૌથી મોટો આધાર છે. મીરાંબાઈ શ્રીકૃષ્ણ ના ભક્ત હતા. તેઓ નાનપણ થી જ

તેમના દાદા દુદાજી સાથે શ્રીકૃષ્ણ ની ભક્તિ કરતાં હતાં. એક સાધુ એ તેમણે ભગવાન કૃષ્ણની મૂર્તિ આપી હતી. મીરાંબાઈ દરરોજ તે મૂર્તિ ને શણગારતા ની પૂજા કરતા. ક્યારેક મૂર્તિ સાથે વાત કરતા .

**2. આધ્યાત્મિકતાનું મૂલ્ય:**

મીરાંબાઈ ના જીવન માંથી આધ્યાત્મિકતા નું મૂલ્ય પ્રાપ્ત થાય છે .મીરાંબાઈ વધારે સમય શ્રીકૃષ્ણ ની ભક્તિમાં લીન થઈ ને ભજનો ગાતા. તેમના મહેલ માં અનેક સાધુ સંતો આવતા. મીરાંબાઈ ખૂબ આધ્યાત્મિક હતા. કેટલીક વાર તેમને મારી નાખવાનો પણ પ્રયત્ન થયો હતો પરંતુ તેમના પ્રભુ પ્રત્યેની ભક્તિ ના કારણે તેમનું જીવન સુરક્ષિત હતું.

**3. ત્યાગનું મૂલ્ય:**

મીરાંબાઈ એ કૃષ્ણ ભક્તિ માટે પોતે રાજઘરની હોવા છતાં ચિતોડ ના કિલ્લા નો ત્યાગ કર્યો હતો. તેમણે જીવનની ભૌતિક સુવિધાઓ નો ત્યાગ કરીને ભક્તિમાં લીન થઈ ગયા હતા. તેમણે ભગવાન ની ભક્તિ કરવા માટે રાજમહેલ નો ત્યાગ કર્યો હતો. બધાં સુખો છોડી ને મીરાંબાઈ એ ભક્તિ અને ધાર્મિક માર્ગ અપનાવ્યો હતો.

**4. ધાર્મિક અને અહિંસાનું મૂલ્ય:**

મીરાંબાઈનું આખું જીવન ધાર્મિક હતું.તેમણે મૃત્યુ સુધી ભગવાન ગિરિધરની ભરતી કરી હતી.તેમણે રચેલા કેટલાક કાવ્યોમાંથી અહિંસાનું મૂલ્ય પ્રાપ્ત થાય છે.

**5. પ્રતિષ્ઠા:**

કૃષ્ણ ભક્ત મીરાંબાઈ ના જીવન અને ભક્તિ તેમની પ્રતિષ્ઠા માં એકત્રિત થયું છે. તેમણે પોતાની ભક્તિ ભગવાન કૃષ્ણ ને અર્પણ કરી છે. આજે તેમને મહાન ભક્ત તરીકે યાદ કરવા માં આવે છે. આવી પ્રભુ ભક્તિ ના કારણે તેમના જીવનમાંથી પ્રતિષ્ઠા નું મૂલ્ય પ્રાપ્ત થાય છે.

**તારણો:~**

- મીરાંબાઈ ના જીવન માંથી વિવિધ પ્રકારના મૂલ્યો પ્રાપ્ત થાય છે.
- તેમનું આખું જીવન ભક્તિમય હતું.
- તેમની ગણતરી મહાન ભક્તોમાં થાય છે તેઓ ભગવાન વિષ્ણુના ભક્ત હતા.
- મીરાંબાઈ એ રચેલી સાહિત્યકૃતિઓ આજની પેઢી માટે પ્રેરણા સ્વરૂપ છે.
- જીવન નો થોડો સમય ભગવાનની ભક્તિ માટે આપવો જોઈએ.
- મીરાબાઈના જીવનમાંથી આધ્યાત્મિક મૂલ્ય પ્રાપ્ત થાય છે જેથી આપણે પણ પોતાનું જીવન આધ્યાત્મિક દિશામાં વાળવું જોઈએ.
- મીરાંબાઈ ની ભક્તિ અને પ્રેમનો વિશાળ ભાગ તેમણે રચેલા ભજનો,કવિતાઓ અને ગીતો માંથી પ્રત્યક્ષ રીતે પ્રાપ્ત થાય છે.

**:ઉપસંહાર**

અહીં મીરાંબાઈ ના જીવન વિશે માહિતી પ્રાપ્ત કરી. એમના ભક્તિ જીવન વિશે પણ માહિતી મળી. મીરાંબાઈ નું આખું જીવન ભક્તિ મય હતું. તેમના જીવનમાંથી આપણે વિવિધ મૂલ્ય પ્રાપ્ત થયા છે. ભક્તિ,પ્રતિષ્ઠા,આધ્યાત્મિક,પ્રેમ જેવા મૂલ્યો પ્રાપ્ત થાય છે.તેના વિષે આપણને માહિતિ મળી છે.

સંદર્ભ :-

1. https://competitivegujarat.in/mirabai-in-gujarati/
2. શાંતિ.ના શાહ(2017), 'મીરાંબાઈ' "વસુંધરા પ્રકાશન" અમદાવાદ-1

# શ્રીમદ્ ભગવદ્-ગીતામાં સ્થિત કર્મ, જ્ઞાન અને ભક્તિનું મૂલ્ય

**પટેલ સોનાલી પી.**
*બી.એડ તાલીમાર્થી*
*શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા. જિ. નવસારી*

*સારાંશ:*

***અધ્યેતાએ શ્રીમદ્ ભગવદ્-ગીતામાં આવતા કર્મ, જ્ઞાન અને ભક્તિનાં મૂલ્ય વિશે ચર્ચા કરી છે. શ્રીમદ્ ભગવદ્-ગીતાએ તો મૂલ્યોનો ભંડાર છે. તેમાં ભગવાન શ્રીકૃષ્ણ ઉપદેશ આપે છે કે મનુષ્યે પોતે કરવાનુ કર્મ આસક્તિ રાખ્યા વગર કરવુ જોઈએ. હંમેશા ધર્મના માર્ગ પર ચાલવુ જોઈએ. જે માણસ સત્ય અને અસત્યનું જ્ઞાન પ્રાપ્ત કરી લે તો તે ક્યારેય કર્મનાં બંધનમાં બંધાતા નથી. અર્જુનનુ ભક્તિ પરાયણ થઈ શ્રીકૃષ્ણને સમર્પિત થવુ અને તેને જીવનનો સાચો માર્ગ મળે છે. તેવી જ રીતે મનુષ્યે જ્યારે મુશ્કેલીમાં મુકાય ત્યારે ભગવાન પર બધુ છોડી દઈને કર્મ કરતાં રહેવુ જોઈએ. ફળ આપવા ભગવાન બેઠો જ છે. આમ્ આવા અનેક મૂલ્યો આપણને ગીતામાંથી શીખવા મળે છે. ભગવદ્ ગીતાનો આશ્રય લઈને માત્ર તેનું પઠન કરવાથી પણ ઘણો અલૌકિક અને શાંતિદાયક ભાવ સ્ફુરિત થાય છે.***

**ચાવીરૂપ શબ્દો:** જ્ઞાન, કર્મ, ભક્તિ, આસક્તિ,ધર્મ, વિષાદ

**પ્રસ્તાવના:**

શ્રીમદ્ ભગવદ્ ગીતા ગ્રંથને ઉપનિષદ કહ્યો છે.તે મૂળ એના સ્વરૂપની વિશેષતા ઉપર ધ્યાન ખેંચે છે. उप+नि+सत्- 'પાસે નિશ્ચિતપણે બેસવુ' ઉપરથી ઉપનિષદ્ શબ્દ બન્યો છે.અહીં એક ગુરુ અને એક શિષ્ય અથવા તો ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુન-બે મિત્રો હૃદયમાં હૃદય મેળવીને રજૂ થયેલા છે. આવા હૃદયમિલનમાંથી નીકળતી વાતો સાધારણ વાતો જેવી નથી પરંતુ તે અસાધારણ છે. જેમાં જીવનમાં અને જગતમાં પ્રવર્તેલુ પરમ અને ગહન સત્ય સમાયેલુ છે. ગીતા એ ગવાયેલી છે, વાળી તે માત્ર ગીત નથી પણ **भगवद् गीत-** ભગવાનથી ગવાયેલું છે. માટે અલૌકિક છે. ભગવાન હંમેશા **શ્રીમત્** છે. શ્રીયુક્ત છે. તેથી તેમનુ આ ગીત પણ શ્રીમત્ એટલે કે પરમસુંદર છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતા એ ખૂબ જ પવિત્ર ગ્રંથ છે. એમાં સાધકને માટે ઉપયોગી બધી સામગ્રી મળે છે. ભલે તે કોઈ પણ સમુદાયનો, કોઈપણ વર્ણ નો કે કોઈપણ આશ્રમનો કેમ ન હોય, એનુ કારણ એટલુ જ છે કે તેમાં કોઈ પણ સમુદાય વિશેષની નિન્દા કે પ્રસંશા નથી પરંતુ વાસ્તવિક તત્વનુ જ વર્ણન છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાનો ઉપદેશ મહાન તથા અલૌકિક છે. એના પર કેટલીક ટીકાઓ થઇ ગઇ, અને કેટલીક ટીકાઓ થતી ચાલી રહી છે. તો પણ સંત, મહાત્માઓ, વિદ્વાનોનાં મનમાં ગીતા માટે નવા-નવા ભાવો પ્રગટ થતા રહે છે. આ ગંભીર ગ્રંથ પર કેટલા પણ વિચાર કેમ ન કરાય પણ તેમ છતાં તેનો પાર પામી શકાય તેમ નથી. એમાં જેમ-જેમ ઊંડા ઉતરતા જઈએ તેમ તેમ તેમાંથી ઊંડી વાતો મળતી જાય છે. જેમ કોઈ સારાં વિદ્વાનોના ભાવોનો જલદીથી અંત થતો નથી. તો આતો શ્રીભગવાન્ દ્વારા કહેવાયેલું જ્ઞાન છે. એનો અંત કઈ રીતે થઈ શકે. ભગવદ્ ગીતાનો સંદેશ કેવળ એક ઐતિહાસિક લડાઈને જ સંદર્ભિત નથી પરંતુ સત્ય અને અસત્ય વચ્ચે લૌકિક સંઘર્ષની પણ સંદર્ભિત કરે છે. અને મનુષ્યને માનવતાનો ધર્મ શીખવે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં અનેક મૂલ્યોની વાત થયેલી છે.જેમાંથી મુખ્ય ત્રણ મૂલ્યો: કર્મ,જ્ઞાન અને ભક્તિની વાત આ લેખમાં કરવામાં આવી છે.

**કર્મનુ મૂલ્ય:**

અર્જુન જ્યારે સામેની સેનામાં પોતાના સ્વજનોને જૂએ છે ત્યારે તે શોકમાં ડૂબી જાય છે. અને શ્રીકૃષ્ણને કહે છે

દીનતારૂપી દોષ વડે નાશ પામેલા સ્વભાવવાળો અને ધર્મની બાબતમાં મૂઢ બની ગયેલા ચિત્તવાળો હું આપને પૂછું છું: જે નિશ્ચિત શ્રેય હોય તે મને કહો. હું આપનો શિષ્ય છું; તમારે શરણે આવેલા મારા પર શાસન કરો. शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम्।આ પ્રમાણે શ્રીકૃષ્ણને કહી 'હું યુદ્ધ નહિ કરું એમ જણાવી અર્જુન મુંગો થઈ ગયો. બંને સેનાની વચ્ચે વિષાદ કરતાં તે અર્જુનને શ્રીકૃષ્ણ હસતા હસતા આ વચન કહેવા લાગ્યા.

अशोच्यानन्वशोत्तस्त्वं प्रज्ञावादांश्च भाषसे।
गतासूनगतासूश्च नानुशोचन्ति पण्डिताः।।

અર્થાત્, "તું શોક નહિ કરવા યોગ્યનો શોક કરે છે અને ડાહ્યા માણસોનાં જેવી વાણી બોલે છે. પણ પંડિતો તો મરેલાનોં કે જીવતાનો શોક કરતા નથી." તુ આ આત્માને નિત્ય જન્મનારો અને મરનારો માને તો પણ તું આનો શોક કરવા યોગ્ય નથી.અને આગળ સમજાવતા શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે,

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।
मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि।।

કર્મમાં જ તારો અધિકાર છે, ફળની બાબતમાં કદી નથી; તું કર્મફળના હેતુવાળો ન થા; તેમજ કર્મ ન કરવામાં તારી આસક્તિ ન થાઓ. ઘણી ગહેરાય છે ગીતાના જ્ઞાનમાં , શ્રીકૃષ્ણએ એમ નથી કહ્યુ કે તું ચુપ થઈને બેસી જજે અને હું લડાઈ લડીશ. આપણા જીવનની ડોર લઈને ભગવાન બેઠા છે પણ યુદ્ધ આપણે જ કરવાનું છે. ઈશ્વરને યાદ કરવાનું છે કે હે! ઈશ્વર શક્તિ આપજે, મને સમજ આપજે, મને બુદ્ધિ આપજે, જેથી હું જીંદગીની બધી લડાઈઓ જીતી શકું. હું જીંદગીમાં સાચા માર્ગ પર ચાલી શકું. પરંતુ તમારે તમારી લડાઈ પોતે જ લડવી પડે છે. આળસુ માણસને જોઈને તો ભગવાન પણ ગભરાઈ જાય છે કે આતો કંઈ ન કરશે. ભગવાને બુદ્ધિ આપી છે, સમજ આપી છે. ભગવાન તમને પ્રેરણા આપે છે, શક્તિ આપે છે. પરંતુ તમારે તમારી રક્ષા જાતે જ કરવી પડશે. તમે એ ન કરો જે બધા કરે છે, પણ તે કરો જે તમારા માટે સારું છે. स्वधर्मं निदनं श्रेय परधर्मो भयावह। શ્રીકૃષ્ણએ અર્જુનને કહ્યુ જે તારું કર્તવ્ય છે, જે તારા માટે સારું છે, જે તારે કરવું જોઈએ. તું તે કર. તું ક્યારેય પણ તે કામ ન કર જે દુનિયા કરે છે કેમ કે અર્જુન શ્રીકૃષ્ણને કહેવા લાગ્યો કે એવા ભયંકર યુદ્ધમાં પડવાથી સારું છે કે મેં સન્યાસી બની જાઉ. શ્રીકૃષ્ણએ કહ્યું કે એ તારું કામ નથી. તુ ક્ષત્રિય છે. તારું કર્મ ધર્મનુ રક્ષણ કરવાનુ અને અધર્મનો નાશ કરવાનુ છે. એવી જ રીતે દરેક માણસનુ એક અલગ કર્તવ્ય હોય છે, એક અલગ માર્ગ હોય છે. તું ક્યારેય પણ તે માર્ગ પર ન જતો જ્યાં બધી ભીડ જાય છે. ક્યારેક પણ એ કામ ન કરતો જે દુનિયા કરે છે. આજકાલ આ ટ્રેન્ડ થઈ ગયો છે, આ ફેશન થઈ ગઈ છે. જે લોકો કરે છે એટલે અમે પણ કરીએ છીએ પણ તમારે એ કરવુ જોઈએ જે તમારી પ્રતિભાને યોગ્ય છે તો તમે બધાથી અલગ તરી આવશો.

જીંદગીમાં ડગો પોતાના જ આપશે. કારણ કે તેમને તમારી કમજોરી ખબર હોય છે. આ કળિયુગ છે એમાં બહારનાં લોકોથી નહિ પણ જે આપણા પોતાના છે એનાથી જ સાવધાન રહેવુ જોઈએ. મહાભારતના યુદ્ધ બે અલગ રાજાઓમાં નહિ થયું. પરંતુ એક જ પરિવારના બે ભાઇઓમાં થયુ હતુ. ન જાણે કેટલી વાર દુર્યોધને પાંડવોને જાનથી મારવાનો પ્રયત્ન કર્યો. તે તેનો પારકો ન હતો, તેનો ભાઈ હતો. બધી લડાઈ ઘરની અંદર જ થાય છે. તેથી આસક્તિ રહિત થઈને કર્મ કરતો માણસ પરમપદને પામે છે. ભગવાન અર્જુનને આગળ સમજાવતાં જણાવે છે કે, શ્રેષ્ઠ મનુષ્ય જે જે આચરણ કરે છે તેને બીજા મનુષ્યો આચરે છે; વાળી તે જેને પ્રમાણ કરે છે, તેને લોકો અનુસરે છે. તેથી લોક સંગ્રહ કરવા ઈચ્છતા વિદ્વાન પુરુષે અનાસક્ત થઈને કર્મ કરવું.

આ સંસારમાં માણસ સતત કર્મથી વીંટાયેલા છે. એક ક્ષણ પણ તે કર્મ કર્યા વગર રહી શકતો નથી. न हि कस्चित् क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत्। કર્મ પણ જાત જાતનાં હોય છે. કેટલાક કર્મો બહારથી આકર્ષક લાગે પણ પરિણામે વિષ જેવા હોય છે. કેટલાક કર્મ જરાય આકર્ષક ન હોય, છતાં કરવાં જેવા, કેમકે તેનુ પરિણામ સુખદ હોય.

કેટલાક કર્મો કરવાં જેવા લાગતાં હોય,પણ બીજાને માટે કરવાં જેવાં હોય, આપણે માટે નહિ.

આમ્ બધા જ કાર્યો અમુક વ્યક્તિને માટે કર્મ હોતાં નથી. કર્મના અમાપ મહાસાગરમાંથી માણસે પોતાનાં કર્મો-પોતાને કરવા યોગ્ય કર્મો પોતાના સ્વધર્મ શોધી લેવા પડે છે. વ્યક્તિ તરીકે, કુટુંબના સભ્ય તરીકે, દેશવાસી તરીકે, સમાજના ઘટક અંશ તરીકે તથા તત્કાલ ઊભી થતી. અનિવાર્યતાની રીતે દેશકાળની દ્રષ્ટિએ માણસનો સ્વધર્મ નક્કી થાય છે. સામાન્ય રીતે માણસ ઈન્દ્રિયોને આકર્ષે તેવાં કર્મો પ્રત્યે પ્રેરાતો હોય છે, એ કર્મ દરેક વખતે તેનાં સ્વધર્મ હોતાં નથી. સ્વધર્મની શોધ અઘરી છે. આજના સમયમાં જોઈએ તો ઘણા લોકો પોતે નહિ કરવા યોગ્ય કર્મ કરે છે અને જે ખરેખર કરવું જોઈએ તે કાર્ય કરતા નથી. આજનો મનુષ્ય અનેક વિટંબણાઓની માયાજાળમાં ફસાયેલો છે તેને ખબર નથી કે મારે કેવું કર્મ કરવુ જોઈએ. શ્રીમદ્ ભગવદ્ ગીતા એ તે સમય પુરતુ મર્યાદિત જ્ઞાન આપતી નથી પરંતુ આજ સુધી કેટલાય વિદ્વાનો ગીતાનો આસરો લઈ પોતે કયું કર્મ કરવું જોઈએ તેની સાચી સમજ મેળવી ઉચ્ચ સિદ્ધિને પ્રાપ્ત કરે છે. શ્રીકૃષ્ણની વાતમાં કર્મનુ મૂલ્ય જોવા મળે છે.

**જ્ઞાનરૂપી મૂલ્ય:**

न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते।

“જ્ઞાન જેવુ પવિત્ર આ જગતમાં કંઈ નથી.”

શ્રીકૃષ્ણ અર્જુનને જણાવે છે કે દ્રવ્યમય યજ્ઞ કરતા જ્ઞાનમય યજ્ઞ વધારે સારો છે. કેમ કે હે પાર્થ સર્વ સંપૂર્ણ કર્મોની સમાપ્તિ જ્ઞાનમાં થઈ જાય છે. જે જાણીને તુ ફરી આમ મોહ નહિ પામે અને જે જ્ઞાન વડે સર્વ ભૂતોને તું પ્રથમ પોતાનામાં અને પછી મારામાં રહેલા જોઈશ. જો તુ બધા પાપીઓમાં પણ વધારે પાપ કરનારો હોઈશ, તો પણ જ્ઞાનરૂપી વહાણ વડે સર્વ પાપને તરી જઈશ. શ્રદ્ધાવાન, તત્પર અને સંયમિત ઈન્દ્રિયોવાળો પુરુષ જ્ઞાન મેળવે છે; જ્ઞાન પામીને તરત જ પરમ શાંતિ પામે છે. પરંતુ અજ્ઞાની તથા શ્રદ્ધા વિનાનો મનુષ્ય, સંશયો કર્યા કરનારો નાશ પામે છે. જ્ઞાન વડે જેના સંશયો કપાયા હોય, એવા આત્મનિષ્ઠ પુરુષને કર્મો બાંધી શકતા નથી.

ભગવાને જ્ઞાનને સૌથી પવિત્ર કહ્યુ છે. અને તેમણે કહ્યુ છે કે મારી અનન્ય ભાવે ભક્તિ કરનાર અને હંમેશા નિષ્કામ બુદ્ધિથી વર્તનાર જ્ઞાની ભક્ત ઉત્તમ છે. તેમણે વધુ જણાવતાં કહ્યુ કે જ્ઞાની તો મારો આત્મા જ છે. જે મનુષ્ય સત્ય અને અસત્યનું જ્ઞાન પ્રાપ્ત કરી લે તો તે ક્યારેય કર્મોના બંધનમાં બંધાતો નથી અને અંતિમ લક્ષ્ય એવા મોક્ષને પ્રાપ્ત કરે છે. આપણે પણ આ પૃથ્વી પર શું કાર્ય કરવાનુ છે. એનુ જ્ઞાન પ્રાપ્ત થઈ જાય તો આપણે પણ આ માયારૂપી સૃષ્ટિને તરી જઈ શકીએ. અને જ્ઞાન વડે આપણામાં રહેલા અજ્ઞાનને દૂર કરી શકીએ છીએ. અને શ્રેષ્ઠ પદ પામી શકીએ. આ રીતે અહીં જ્ઞાનનુ મૂલ્ય જોવા મળે છે.

**ભક્તિનું મૂલ્ય:**

શ્રીકૃષ્ણ અર્જુનને જણાવતા કહે છે કે, મારું યજન કરનારા મને પામે છે. હું સર્વની ઉત્પત્તિનું કારણ છું અને મારાથી સર્વ પ્રવર્તે છે, એમ સમજી ભાવયુક્ત ડાહ્યા માણસો મને ભજે છે. મારામાં ચિત્તવાળા સદા સંતોષ પામે છે. તથા આનંદ કરે છે. ભગવાન અર્જુનને ઉત્તમ ભક્ત કોને કહેવાય તે સમજાવે છે. સાચો ભક્ત કોઈ પ્રાણી પ્રત્યે દ્વેષ કરતો નથી. તે સર્વ તરફ મૈત્રી રાખે છે. તે દયાળુ, મમત્વ વિનાનો, અહંકાર રહિત, સુખદુઃખને સરખા માનનારો, ક્ષમાશીલ, સંતોષી, યોગી, પોતાની જાતને વશમાં રાખનાર, માત્રમાં અર્પણ કરેલ મન અને બુદ્ધિવાળો હોય છે. આવા ભક્તથી લોકો ઉદ્વેગ પામતા નથી કે તે લોકોથી ઉદ્વેગ પામતો નથી. તે હર્ષ, ક્રોધ, ભય અને ઉદ્વેગથી મુક્ત હોય છે. તે શુભ-અશુભનો ત્યાગ કરનાર છે. ભક્ત હંમેશા શત્રુ અને મિત્ર, માન-અપમાન, શીત-ઉષ્ણ, સુખદુઃખમાં સત્તા રાખનારો, નિંદા-સ્તુતિને સરખાં ગણનારો અને સ્થિર બુદ્ધિવાળો હોય છે. શ્રદ્ધાવાન, મત્પરાયણ, ધર્મામૃતને સેવનાર ભક્તો મને પ્રિય છે એમ ભગવાન કહે છે.

પાંડવોમાં જોઈએ તો દરેક પાંડવો ઉપર દર્શાવેલા ભક્તના ગુણો ઘણા અંશે ધરાવતા હતા અને હંમેશા સત્યના

માર્ગે ચાલ્યા ભગવાનના ઉપદેશ મુજબ ચાલ્યા તેથી અંતે વિજય તેમનો જ થયો. તેવી જ રીતે આપણે પણ આપણા જીવનમાં ક્યારેક આવી પરિસ્થિતિ આવી પડે તો હંમેશા ધર્મનો માર્ગ અપનાવી સામે કોઈ પણ હોય લડી લેવું જોઈએ. જો આપણે સત્ય સાથે, ધર્મ સાથે ઊભા રહી લડશું તો જીત અપાવવા ભગવાન સ્વયં સાથ આપશે.

**તારણો:**

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં આપણને નીચે મુજબની બાબતો શીખવા મળે છે.

- વ્યક્તિએ કોઈ પણ કર્મ અનાસક્તભાવથી કરવું જોઈએ.
- કોઈ પણ વાતનો શોક કરવો જોઇએ નહિ.
- આપણે કોઈ પણ કાર્ય ફળની ઈચ્છા વગર કરવુ જોઈએ.
- આપણે હંમેશા પોતાના કર્તવ્યનું પાલન કરવુ જોઈએ.
- સાચા જ્ઞાન થકી પણ આપણે પરમ પદની પ્રાપ્તિ કરી શકીએ.
- અંતિમ તત્વનાં પ્રાપ્તિનાં માર્ગ તરીકે આપણે નિઃસ્વાર્થ ભાવે ભગવાનની ભક્તિ કરી શકીએ છીએ.

**ફલિતાર્થો:**

- વ્યક્તિએ હંમેશા આસક્તિ ત્યજીને નિઃસ્વાર્થ ભાવે કર્મ કરવું જોઈએ.
- વ્યક્તિએ હંમેશા સર્વ જીવો પ્રત્યે દયાભાવના રાખી સર્વની અંદર પરમાત્મના દર્શન કરવું જોઈએ.
- વ્યક્તિએ હંમેશા સત્ય અને ધર્મનો જ સાથ આપવો જોઈએ.
- આપણે આપણી બધી ચિંતા ઈશ્વર પર છોડી ભગવાનને શરણે જઈ ભગવાનની ભક્તિ કરવી જોઈએ.
- આમ, કર્મ, ભક્તિ અને જ્ઞાનના મૂલ્યને આપણે જીવનમાં ઊતારીને આપણા જીવનના પંથને યોગ્ય માર્ગે દોરવું જોઈએ.

**ઉપસંહાર:**

આમ ઉપર દર્શાવ્યા અનુસાર અનેક મૂલ્યોનું પ્રતિપાદન શ્રીમદ્ ભગવદ્ ગીતા કરે છે. આવી રીતે દરેક મનુષ્યે ગીતા જેવા બહુમૂલ્ય પુસ્તકો છે તેનું વાંચન અવશ્ય કરવું જોઈએ અને તેમાં મળતા સારને પોતાના જીવનમાં ઉતારવો જોઈએ. અને યુવાનોએ તો ખાસ વાંચવુ જોઈએ. કારણ કે ગીતા એ મનુષ્યને નવી તાજગી અને સત્ય સાથે ઊભા રહેવાની પ્રેરણા આપે છે. આવા લેખો પણ લખતાં રહેવું જોઈએ જેના થકી લખનાર છે તેને તો ખરું જ પણ વાંચનાર છે તેને પણ માનવીય મૂલ્યોની સમજ મળે અને તેને પોતાના જીવનમાં ઉતારે, જેથી કરીને તે ધર્મની રક્ષા કરવામાં સમર્થ બને.

**સંદર્ભ:**

1. શ્રી વિષ્ણુપાદ પરમહંસ પરિંવ્રાજકાચાર્ય, (અનુવાદક: પ્રજાપતિ મગનલાલ, “ભગવદ્-ગીતા તેના મૂળ સ્વરૂપે”, ભક્તિ વેદાંત બુક ટ્રસ્ટ પ્રકાશક.
2. “શ્રીમદ્ ભગવદ્ ગીતા”, (2011-12),શાહ અશ્વિન બી.,સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ પ્રકાશક.

**Peer Reviewed Refereed Journal** **ISSN : 2278 – 5639**
**Global Online Electronic International Interdisciplinary Research Journal (GOEIIRJ)**
**{Bi-Monthly} Volume – XII Special Issue – IV October – 2023**

# શ્રી રંગ અવધૂત મહારાજ રચિત દત્તબાવની માંથી મળતા માનવીય મૂલ્યો

**Jinisha Gaurang Pandya**
*Trainee of B. Ed. College*
*Shrirang Shikshan Mahavidyalaya, Bilimora.*

*સારાંશ*

***માનવીય મૂલ્યો એ એવા વિચારો, નીતિઓ અને ગુણો છે જે માનવ સમાજમાં જીવન સંકલ્પનાને સ્થાપિત કરે છે. આવા જ માનવીય મૂલ્યોઆપણા ભારતીય દર્શનશાસ્ત્ર ના એક નાનકડોભાગ તરીકે શ્રીરંગ અવધૂત મહારાજદ્વારા રચિતદત્તબાવની ની 52 લીટીઓમાંથી પ્રગટ થાય છે. આ 52લીટીઓમાંથીઆપણને ઘણા બધા માનવીય મૂલ્યો જોવા મળે છેજેવા કે ભક્તિ, વિશ્વાસ, શ્રદ્ધા, સેવાવગેરેજેવા. અને આ માનવીય મૂલ્યો દ્વારા વ્યક્તિને એક શ્રેષ્ઠ, સફળ માનવી બનવા માટેની સહાય પૂરી પાડે છે.***

**ચાવીરૂપ શબ્દો :** મૂલ્યો, ભક્તિ, વિશ્વાસ, ધાર્મિકતા, શક્તિ, સેવા, પ્રાર્થના, સકારાત્મક

**પ્રસ્તાવના**

સંવત૧૯૯૧ના મહાસુદ એકમ તારીખ૪/૨/૧૯૩૫ ને સોમવારના રોજ કલોક તાલુકાના સઈજગામમાં આવેલ સિધ્ધનાથ મહાદેવના મંદિરમાં બેસીને પ . પૂ. શ્રી રંગ અવધૂત મહારાજ એ દત્તબાવની ની રચના કરી હતી. **દત્તનો અર્થ** થાય છે વિદાય આપવી, ભગવાન વિષ્ણુએ પોતે અત્રિય પુત્રને આપ્યો તેથીદત્ત **બાવની એટલે** 52 છે.જેનાઘણાઅર્થોછે, એકએટલેવર્ષમાં 52 અઠવાડિયાછે, વર્ષમાં 52 ગુરુવાર ,"ઉરુચરિત્રમાં 52 શ્લોકછેઅનેસંસ્કૃતમાં 52 સ્વરોઅનેવ્યંજનછે, "દેવીઅંબાની 52 શક્તિપીઠછે. સરખેજ નિવાસી રંગભક્ત શ્રી કમળાશંકર ત્રિપાઠી એકવાર વડોદરા ગયા હતા. ત્યાંપ.પૂ .બાપજીના દર્શન કર્યા અને પ.પૂ.બાપજી ને પોતાના ઘરે સરખેજ પધારવા વિનંતી કરી. શ્રી કમળાશંકર ભાઈ નો ભાવ સભર પ્રેમ જોઈને બાપજીએ હા પાડી અને કહ્યું કે "તને જ્યારે નોકરી મળશે ત્યારે હું તારા ઘરે આવીશ" .પ.પૂ. બાપજીના આશીર્વાદથી કમળાશંકર ભાઈ ઘરે આવ્યા ત્યારે શિક્ષક તરીકે એની નિમણૂકનો પત્ર આવી પડ્યો હતો. શ્રી કમળાશંકરભાઈ ને સઈજ ગામે શિક્ષક તરીકેની નોકરી મળી . તેથી ભક્ત ના આમંત્રણ ને માન આપીને પૂ .બાપજી તેમના ઘરે પધાર્યા અને સઈજમાં આવેલ સિદ્ધનાથ મહાદેવના મંદિરે મુકામ કર્યો. કમળાશંકર ભાઈના ધર્મપત્ની પિશાચ પીડા થી પીડાતા હતા અને તબિયત એ અસ્વસ્થ હતા. કમળાશંકરે પૂજ્યશ્રીને ધનલક્ષ્મીને સાજી કરવા પ્રાર્થના કરીઅને ત્યારે પૂજ્ય શ્રી બાપજીએદત્તબાવનીની રચના કરીહતી.

**વિષયવસ્તુ**

શ્રી રંગ અવધૂત મહારાજ રચિત દત્તબાવની માંથી ઘણા બધા માનવીય મૂલ્યો જોવા મળ્યા છે. જેમકે **ભક્તિ નું મૂલ્ય, શ્રદ્ધા નું મૂલ્ય, વિશ્વાસ નું મૂલ્ય, સેવા ભાવનું મૂલ્ય, આકર્ષણ નું મૂલ્ય, ધાર્મિક મૂલ્ય , આધ્યાત્મિક મૂલ્ય , સર્વ ધર્મ સમાન નું મૂલ્ય** વગેરે જેવા માનવીય મૂલ્યો દત્તબાવની માંથી મળી આવે છે તેમાંથી કેટલાક માનવીય મૂલ્ય ની ચર્ચા શોધક એનીચે પ્રમાણે કરી છે.

1. **એકનિષ્ઠભક્તિનું મૂલ્ય**

**નિમેષમાત્રે તંતુક એક, પહોંચાડ્યો શ્રી શૈલે દેખ !**

આ પ્રમાણે થાય છે કે હે દત્ત પ્રભુ! તંતુક નામના એક ભક્તને તે પલવારમાં શ્રી શૈલ પર્વત ઉપર પહોંચાડી દીધો .આમ આ પંક્તિમાં ભક્તિના મૂલ્યો વિશે વાત કરવામાં આવી છે આજના સમયમાં ભક્તિની જો વાત કરું તો વ્યક્તિ એ ફક્ત પોતાના જ સ્વાર્થ માટે અને દેખાદેખી માટે જ ભક્તિ કરતો હોય છે ન કે ભગવાનને પ્રસન્ન કરવા.

- વાર્તા

શ્રી ગુરુ ને ખબર પડી તેથી તંતુક જ્યારે ગુરુને વંદન કરવા આવ્યો ત્યારે શિવરાત્રીના દિવસે ગુરુએ તંતુક પાસે તેમની પાદુકા પકડાવી અને નિમેશ માત્રે એટલે કે આંખના પલકારામાં શ્રી ગુરુતંતુકને શ્રી શૈલ પર્વત પર મલ્લિકાર્જુન દર્શન માટે લઈ ગયા તંતુક દર્શન કરવા માટે ત્યાં મલ્લિકાર્જુનના દર્શનમાં પણ તંતુકને શ્રી ગુરુ સ્વામીના જ દર્શન થયા ત્યાર પછી ફરીથી ગુરુએ તંતુક પાસે પોતાની પાદુકા પકડાવીને આંખના પલકારેફરીથી ગામમાં આવી ગયો તંતુકની શ્રી ગુરુ તરફની એકનિષ્ઠા ભક્તિ હતી તેથી જ તંતુક શ્રી શૈલ પર્વત પર મલ્લિકાર્જુન દર્શન કરી શક્યો .

2. શ્રદ્ધાનુંમૂલ્ય/વિશ્વાસ નું મૂલ્ય

**જર્જેર વંધ્યા કેરા સ્વપ્ન, કર્યા સફળ તે સૂતના કૃત્સ્ન.**

ઉપરોક્ત પંક્તિનો અર્થ આપ્રમાણે છેકે હેદત્તપ્રભુ ! તમે ઘરડી વંધ્યાસ્ત્રીના સંતાન પ્રાપ્તિના બધાજ સ્વપ્નોસ ફળકર્યા. આ પંક્તિમાં વિશ્વાસઅને શ્રદ્ધા નું મૂલ્ય જોવા મળે છે આજના સમયની જો હું વાત કરું તો આધુનિકીકરણ ના કારણે આજનો માનવી એ ભગવાન કરતાં પણ વધુ વિશ્વાસ અને શ્રદ્ધા મશીનો ઉપર રાખતો થઈ ગયો છે

- વાર્તા

ગણગાપુર માં સોમનાથ નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તેની પત્નીનું નામ ગંગા હતું . ૬૦ વર્ષના નિ:સંતાન વૃદ્ધ દંપતીને સંતાન પ્રાપ્તિની ઈચ્છા હતી. તેથી પત્ની ગંગા , શ્રી નૃસિંહ સરસ્વતી સ્વામીના ચરણોમાં આવી. તેમના કહેવા મુજબ તેણે શ્રદ્ધાપૂર્વક પીપળાની પૂજા કરી. તેથી સ્વામી મહારાજની કૃપાથી 60 વર્ષની ઉંમર પછી તેને એક પુત્ર અને એક પુત્રી થતાં અને માતા બનવાનો સ્વપ્ન સફળ થયું.

તમને ભગવાન પર વિશ્વાસ હશે તો જ તમે તેની ભક્તિ કરશો અને જેટલી ભક્તિ કરશો તેટલી જ તમારામાં સકારાત્મક ઉર્જા દાખલ થશે

- ફલિતાર્થો
- વ્યક્તિએ જ્યારે પોતાના પર વિશ્વાસ રાખે પણ તેની સાથે તેણે ભગવાન પર પણએટલો જ વિશ્વાસ હંમેશા રાખવો જોઈએ.
- આપણે હંમેશા નિસ્વાર્થ ભાવે ભગવાનની ભક્તિ કરવી જોઈએ.
- ભગવાનમાં શ્રદ્ધા, વિશ્વાસ રાખનાર અને ભક્તિ કરનાર એક્યારેય એકલો પડતો નથી.

ઉપસંહાર

શ્રી રંગ અવધૂત મહારાજ રચિત દત્તબાવની માંથી આપણને ઘણા બધા માનવીય મૂલ્યો જોવા મળે છે.અને આ માનવીય મૂલ્યોનેજો વ્યક્તિ પોતાના જીવનમાં ઉતારશે તો તે સકારાત્મકઊર્જા વાળું જીવન જીવી શકશે અને શ્રેષ્ઠ માનવી બની શકશે. શ્રેષ્ઠ માનવી બનવા માટેના જે માનવીય મૂલ્યો છે તે આપણને દત્ત બાવની ની આ 52 લીટી માં જોવા મળે છે દત્તબાવની એ ફક્ત સાંભળવા માટે જ બની નથી તેના એક એક શબ્દ એક એક લીટીમાં એટલી શક્તિઓ રહેલી છે કે જે માનસિક શાંતિ આપે છે જેવી રીતે આપણે પોતાના ડર અને દુઃખને દૂર કરવા માટે હનુમાન ચાલીસા નું પઠન કરીએ છે તેવી જ રીતે આ દત્ત બાવની પઠન કરવાથી પણ આપણા ડર અને દુઃખનો સામનો કરવા માટેની આપણનેશક્તિ મળે છે. એક પ્રકારનો સહારો મળે છે. અને આપણે જાણીએ જ છીએ કે હાલના સમયના માનવીને કેટલી બધી માનસિક પીડા દુઃખ અને એકલતા ધરાવતો જોવા મળ્યો છે તેના માટે આદતબાવની સહારો પૂરો પાડે છે.

સંદર્ભ

- દેસાઈ નિરીક્ષાજસપાલ,(તા. ૨/૧/૨૦૨૦),"દત્તબાવની પૂર્ણ સ્વરૂપે (સચિત્ર-સાર્થ)", અજય ઓફસેટ-બંસીધર એસ્ટેટ બારડોલપુરા, અમદાવાદ (પ્રથમ આવૃત્ત)

**Peer Reviewed Refereed Journal** **ISSN : 2278 – 5639**
**Global Online Electronic International Interdisciplinary Research Journal (GOEIIRJ)**
**{Bi-Monthly} Volume – XII Special Issue – IV October – 2023**

# ભારતીય તત્વજ્ઞાની સ્વામી વિવેકાનંદના વિચારોમાં દર્શાવેલ માનવમૂલ્યો

**પટેલ માનસીકુમારી પ્રકાશભાઈ**
*બી.એડ. તાલીમાર્થી, દ્વિતીય વર્ષ*
*શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા*

**સારાંશ:**

***જ્યારે પણ આપણે ભારતીય સંસ્કૃતિના ગતિવિધિઓને યાદ કરીશું ત્યારે સ્વામી વિવેકાનંદનું નામ મોખરે આવશે. સ્વામી વિવેકાનંદ ફક્ત સન્યાસી જ નહીં પરંતુ ઉચ્ચ કોટિના દેશભક્ત પણ હતા. સ્વામી વિવેકાનંદ બાળપણથી જ નિર્ભય, બહાદુર અને સત્યનિષ્ઠ રહ્યા હતા અને તેના કારણે જ તેમના વ્યક્તિત્વમાં એક અલગ નિખાર આવ્યો હતો અને જેનો લાભ આપણા સમગ્ર દેશને અને આપણા દેશની સંસ્કૃતિને મળ્યો હતો. ઘણા પુસ્તકોમાં સ્વામી વિવેકાનંદ ના વિવિધ પ્રસંગોનો ઉલ્લેખ જોવા મળે છે. જેના દ્વારા હાલની પેઢીઓને જીવનમાં જરૂરી એવા મૂલ્યોનું જ્ઞાન મળી રહે છે. અહીં આ લેખમાં મેં કેટલાક ગુણોના અને તેના પ્રસંગોને વર્ણવવાનો પ્રયાસ કર્યો છે. હાલના સમયમાં સ્વામી વિવેકાનંદના આ ગુણોને જીવનમાં ઉતારવાની જરૂર છે. સ્વામી વિવેકાનંદના જીવનપ્રસંગો ફક્ત આધ્યાત્મિક વિકાસ માટે નહીં પરંતુ સાંસારિક જીવનના વ્યવહારમાં જરૂરી એવા ગુણો પણ આજના માનવીને શીખવી શકે છે.***

**ચાવીરૂપ શબ્દો:** સંસ્કૃતિ, તત્વજ્ઞાની

**પ્રસ્તાવના:**

સ્વામી વિવેકાનંદનો જન્મ 12 જાન્યુઆરી, ૧૮૬૩ના રોજ કલકત્તામાં થયો હતો. એમનું બાળપણનું નામ નરેન્દ્રનાથ દત્ત હતું. તેમના પિતાનું નામ વિશ્વનાથ દત્ત અને માતાનું નામ ભુવનેશ્વરી દેવી હતું. તેમની માતા ભુવનેશ્વરી દેવી ખૂબ જ બુદ્ધિશાળી અને આધ્યાત્મિક હતા. તેમના દ્વારા સ્વામી વિવેકાનંદને સંસ્કારો પ્રાપ્ત થયા. માતા પાસેથી તેમને સત્યનિષ્ઠા અને પિતા પાસેથી તેમને દયાભાવનાનાં ગુણો પ્રાપ્ત થયા હતા. તેમના માતાપિતા દ્વારા તેમને આત્મસન્માનનો ગુણ પણ પ્રાપ્ત થયો હતો. તેઓ બાળપણથી બહાદુર હતા, નેતૃત્વ અને ત્યાગની ભાવના પણ તેમનામાં હતી. સાથે જ કંઈક શીખવાની અને જાણવાની તીવ્ર ઉત્કંઠા તેમનામાં બાળપણથી જ હતી અને તે દિશામાં પ્રગતિ કરતા, તેમણે અનેક ઉતાર-ચઢાવોને પાર કરતા તેઓ તેમના ગુરુ શ્રી રામકૃષ્ણ પરમહંસને મળ્યા હતા. તેમણે તેમની પણ પરીક્ષા કર્યા વિના ગુરુ માન્યા ન હતા. જ્યાં સુધી તેમને તેમનામાં પૂરેપૂરી શ્રદ્ધા ન બેઠી, ત્યાં સુધી તેમણે તેમને પોતાના ગુરૂ ન માન્યા. પરંતુ જ્યારે તેમને તેમના જ્ઞાન અને વ્યક્તિત્વમાં પુરેપુરી શ્રદ્ધા જાગી ત્યારે તેમણે તેમને પોતાના ગુરુનો દરજ્જો આપ્યો અને તેમના શિષ્ય બન્યા. અને જીવન પર્યંત તેમની સેવા કરી અને તેમના ઉપદેશો માન્ય સ્વામીજીએ સમગ્ર જીવનકાળ દરમિયાન અનુસર્યા. વિશ્વ સમક્ષ ભારતની સંસ્કૃતિની રજૂઆત કરી છે. ભારતની સંસ્કૃતિમાં રહેલા આધ્યાત્મિકતાની પશ્ચિમના દેશો સમક્ષ જરા પણ સંકોચ વિના રજૂ કરી છે. તેમના માટે દરેક ભારતીયે પોતાની સંસ્કૃતિ અને પોતાના દેશ પર ગર્વ રાખવો જોઈએ

**વિષયવસ્તુ:**

“ભલે તમને તમારા પુરાણના 33 કરોડ દેવતાઓમાં શ્રદ્ધા , ભલે તમને પરદેશીઓએ અવારનવાર તમારામાં ધુસાડેલા બધાય દેવતાઓમાં શ્રદ્ધા હોય, પણ જો તમને તમારા ફોટામાં શ્રદ્ધા નહીં હોય તો તમારા માટે મુક્તિની કોઈ આશા નથી.” - સ્વામી વિવેકાનંદ

**સત્યનિષ્ઠા:**

સ્વામી વિવેકાનંદ નરેન્દ્રનાથના બાળપણનો પ્રસંગ છે, વિના દોષે તેમને શાળામાં શિક્ષા સહન કરવી પડી હતી. એક શિક્ષકે પૂછેલ પ્રશ્નનો સાચો ઉત્તર આપવા છતાં શિક્ષકને તે ઉત્તર ખોટો લાગ્યો અને નરેન્દ્રનાથે પોતાના ઉત્તર માટે પક્ષ લેતા, શિક્ષકને ગુસ્સો આવ્યો અને તેમણે નિર્દયતાથી નરેન્દ્રનાથને સોટીથી માર્યા. આ વાતની જાણ ઘરે જઈ નરેન્દ્રનાથે રડતા-રડતા તેમની માતા સમક્ષ રજૂ કરી. તેમની માતાએ તેમને સાંત્વના આપતાં કહ્યું, “બેટા જો તારાથી

ભૂલ ન થઈ હોય તો તું જેને સત્ય સમજે છે, તેના પર હંમેશા અદગ રહેજે." આવો જ ઉપદેશ તેમને તેમના ગુરુદેવ શ્રી રામકૃષ્ણ દેવ તરફથી પણ મળ્યો હતો કે, સત્ય જ કલિયુગની તપસ્યા છે." અને સ્વામી વિવેકાનંદે સમગ્ર વિશ્વ સમક્ષ કહ્યું છે કે, "સત્યમાંથી બધું છોડી શકાય, પરંતુ બધા માટે સત્યને છોડી શકાય નહીં." એમણે એવું પણ કહ્યું હતું કે, "જીવતા કે મરેલા પોતાની વાતને વળગી રહો." આ વાસ્તવિકતા અને તેમને જાણી અને જીવનભર અનુસરી હતી.

**બ્રહ્મચર્ય અને એકાગ્રતા:**

સ્વામી વિવેકાનંદ વિશ્વભરમાં સૈનિક સંત તરીકે પ્રખ્યાત છે. તેઓ પ્રભાવશાળી વ્યક્તિત્વ માટે પણ પ્રખ્યાત છે અને તેમના વ્યક્તિત્વનો એક મહત્વનો ગુણ એટલે બ્રહ્મચર્ય. સ્વામી વિવેકાનંદ એટલે કે નરેન્દ્રનાથમાં નેતૃત્વ એટલે કે ત્યાગ બાળપણથી જ હતો .

**આત્મસન્માન:**

"તારામાં જ બધી શક્તિ છે. ઓ ,શક્તિશાળી આત્મા! તારા સર્વશક્તિમાન સ્વભાવને આહવાન આપ, એટલે આખું જગત તારા ચરણોમાં આવશે." -સ્વામી વિવેકાનંદ

સ્વામી વિવેકાનંદના બાળપણના પ્રસંગોમાંથી આપણને આત્મસન્માનનાં ગુણો શીખવા મળે છે. આત્મસન્માન માટે સ્વામીજી કહે છે કે ,આપણે પોતાને કોઈ પણ બાબતમાં અન્યોથી ઉતરતા ગણવાની જરૂર નથી. આપણે પોતાની શક્તિ-સામર્થ્ય પર વિશ્વાસ, શ્રદ્ધા અને ગર્વ રાખવો જોઈએ. આપણે અન્ય સાથેના વ્યવહાર દરમિયાન પોતાના સન્માનને જાળવવું જોઈએ. અહીં એક પ્રસંગ વર્ણવતા આનંદ થશે.એક વાર જ્યારે સ્વામીજી ટ્રેનમાં મુસાફરી કરતા હતા ત્યારે એક બંગાળી સજ્જન પણ મુસાફરી કરતા હતા. અચાનક અંગ્રેજી ટિકિટચેકર આવ્યા અને તેમને ટ્રેનમાંથી ઉતરી જવા માટે જણાવ્યું. તેમને જણાવી રહ્યા હતા કે તેઓ પણ રેલવેના અધિકારી છે અને તેમણે કંઈક પણ ગુનો કર્યો નથી અથવા કંઈ પણ ખોટું કર્યું નથી. પરંતુ તે અંગ્રેજ ટિકિટચેકર કંઈક પણ સાંભળવા માટે તૈયાર ન હતા અને તેમની વચ્ચેની દલીલો વધી ગઈ. તેથી સ્વામીજીએ તેમની વચ્ચે મધ્યસ્થી થવા વિચાર્યું પરંતુ તે અંગ્રેજ ટિકિટચેકરએ તેમને સામાન્ય સન્યાસી સમજીને તેમને, "તું શા માટે બોલે છે?" એમ કહીને ધમકાવી નાખ્યા. આ વખતે સ્વામીજી, "તું કહીને કેમ બોલાવે છે? તમે યાત્રીઓનું ધ્યાન રાખવાનું કામ કરો છો. સ્વામી વિવેકાનંદે આજ રીતે અનેકવાર વિદેશીઓ સમક્ષ પોતાનું અને ભારતીયોનું આત્મસન્માન જાળવ્યું છે.

**કરુણા:**

સ્વામી વિવેકાનંદમાં પ્રભાવશાળી વ્યક્તિત્વમાં અન્ય ગુણ પણ છે જે છે કરુણા. સ્વામી વિવેકાનંદ કરુણાથી ભરપૂર હતા અને એ ગુણ એમને તેમના પિતા દ્વારા મળ્યો હતો. તેમના પિતાશ્રી એ તેમને દરેક વ્યક્તિમાં ઈશ્વરને જોવાનો ઉપદેશ આપ્યો હતો. સ્વામીજીએ જ્યારે તેમના ગુરુદેવને પોતાના મોક્ષ પ્રાપ્તિ માટેનો માર્ગ મેળવવા માટેના જ્ઞાન માટે પૂછ્યું હતું ત્યારે તેમણે કહ્યું હતું કે, શું સન્યાસી બન્યા, સંસારનો ત્યાગ કર્યો, તેનાથી શું પોતાનો જ સ્વાર્થ પૂરો કરવો? પોતાનો જ મોક્ષ મેળવવો? તો શું આ સન્યાસ લેવાનો કોઈ લાભ ખરો? આપણી આસપાસના સમગ્ર વિશ્વમાં જુઓ કેટલા લોકો છે, તેમની પરિસ્થિતિ જુઓ, સન્યાસ લીધો છે અને સંસારનો ત્યાગ કર્યો છે તો પોતાના જીવનનો અન્યની સેવા કરવામાં ઉપયોગ કરી તેને સફળ બનાવવું જોઈએ. આમ, ઘણા પ્રસંગોના વર્ણન પરથી જાણવા મળે છે કે સ્વામી વિવેકાનંદ કરુણ અને દિન – દુઃખીયાની વાતોનું વર્ણન સાંભળીને જ રડી પડતા હતા.

**જીજ્ઞાસા:**

હાલ પણ આપણે જાણીએ છીએ કે જીજ્ઞાસા જ્ઞાનની જનની છે. આ વાત આપણને સ્વામી વિવેકાનંદના જીવનના પ્રસંગોમાંથી પણ જાણવાની મળે છે, "મનમાં તીવ્ર ઉત્કંઠા હોય તો, બધું પ્રાપ્ત કરી શકાય છે- પહાડોને પણ અણુ જેવડા કરી શકાય છે." અહીં એમના જીવનનો એક પ્રસંગ જણાવતા આનંદ થશે. સ્વામી વિવેકાનંદ એક વખત અભ્યાસ માટે વિખ્યાત વિદ્વાનને મળે છે અને તેમની પાસે પાણીનીની અષ્ટાધ્યાયી ભણવાનો નક્કી કરે છે

**બંધુત્વની ભાવના:**

સ્વામી વિવેકાનંદ ધર્મભેદ અને જાતિભેદ ખુલ્લેઆમ વિરોધ કર્યો છે. તેઓ ક્યારેય પણ જાતિ કે ધર્મના આધારે

લોકોને મુલવતા ન હતા. તેઓ દરેક વ્યક્તિને એક વ્યક્તિના સ્વરૂપમાં જ જોતા હતા. તેમના અનુસાર જીવન જીવવા માટેની એક શૈલી જ હતી. વ્યક્તિને તેમના કર્મ અને વિચારો દ્વારા મુલવતા હતા. એક વખતની વાત છે જ્યારે સ્વામી વિવેકાનંદ રેલવે સ્ટેશન પર હતા અને તેમના આવવાની જાણ થતાં જ ત્યાંના લોકો સ્વામી વિવેકાનંદ પાસે જ્ઞાન મેળવવા માટે આવ્યા હતા, પોતાની સમસ્યાના ઉકેલ મેળવવા માટે આવ્યા હતા અને તેમની સાથેના આ વાર્તાલાપમાં ત્રણ દિવસ સુધી સ્વામી વિવેકાનંદને જરા પણ આરામ ન મળ્યો. તેઓ તેમની પાસે માર્ગદર્શન મેળવવા માટે અને જ્ઞાન મેળવવા માટે આવનાર વ્યક્તિઓ સાથે વાતચીતમાં મગ્ન થઈ ગયા હતા. એકવાર સ્વામીજી એક મુસ્લિમ વકીલને ત્યાં રોકાયા હતા અને તેમને ત્યાં ખેટડીના મહારાજાના સેક્રેટરી જગમોહનલાલ તે વકીલને ત્યાં આવ્યા અને ત્યારે સ્વામીજીને જોયા. તો તેમણે કહ્યું કે, "તમે હિંદુ સન્યાસી છો તો પછી મુસલમાનને ત્યાં શા માટે રોકાયા છો?." ધર્મ વગેરેનો ભેદભાવ સહન ન થયો અને તેઓ તેમના ઉપર ગુસ્સે થઈને કહ્યું, " હું સન્યાસી છું. હું તમારા બધા વિધિ નિષેધથી પર છું.

**નિર્ભયતા:**

બાળપણથી જ બહાદુર હતા. તેઓ કોઈપણ બાબતને તપાસ્યા વિના સ્વીકારી લેતા ન હતા અને અન્યને પણ એમ જ કરવા જણાવતા. એક પ્રસંગ હતો. બાળપણમાં તેઓ તેમના મિત્રની ઘરે જતા. તેમના ઘરે એક જમવાનું ઝાડ હતું અને મિત્રોને એ ઝાડ પર ઊંધું લટકવું ગમતું. એ ઘરના વૃદ્ધને બીક હતી કે ક્યાં તો આ છોકરો ઝાડ પરથી પડશે અથવા તો ઝાડને નુકસાન કરશે જેથી તેમને ફૂલ મળશે નહીં. તેથી તેમણે નરેન્દ્રનાથને બ્રહ્મરાક્ષસના નામે વાતો કરીને તેમને ઝાડ પર ન ચડવા માટેની સમજણ આપી. નરેન્દ્રનાથે તેમની વાત ન માનીને ફરી એ ઝાડ પર ચડ્યા અને તેમના મિત્રોએ જ્યારે આ જોયું ત્યારે પૂછ્યું, "તને બ્રહ્મરાક્ષસની બીક નથી લાગતી?" ત્યારે તેમણે જણાવ્યું કે કોઈ કહે એટલે કોઈની વાત એમ માની ન લેવી જોઈએ, દાદાજીની વાત સાચી હોત તો મારી ગરદન અગાઉથી જ ભાંગી ગઈ હોત.સ્વામીજીએ કહ્યું છે,"સત્યને જાતે જ શોધો. એ જ સાક્ષાત્કાર છે."

**તાજેતરમાં સ્વામી વિવેકાનંદના વિચારોનું મહત્વ:**

તાજેતરના સમયમાં માનવી ઘણી સમસ્યાઓથી પીડાય છે, એમાં કોઈ શંકા નથી કે હાલના સમયમાં વિકાસ ખૂબ વધ્યો છે. પરંતુ એની સાથે જ સમસ્યાઓ પણ ઉદ્ભવી છે અને માનવી એ સમસ્યાઓના સમાધાન માટે સ્વામી વિવેકાનંદ ના ગુણો માનવીને ઉપયોગી છે. જેમ કે,

- વિવેકાનંદ તેમની સ્મરણશક્તિ અને વાંચનશક્તિ માટે પ્રખ્યાત છે તેમણે અનેક વખત જણાવ્યું છે કે તેમની આ સ્મરણશક્તિ અને વાંચનશક્તિ તેમના બ્રહ્મચર્ય અને એકાગ્રતાનું પરિણામ છે. બ્રહ્મચર્યના પાલનથી એકાગ્રતા પ્રાપ્ત થાય છે અને એકાગ્રતાથી વધે છે અને સ્મરણશક્તિમાં વધારો થાય છે. આ ઉપરાંત મનનું સંયમ બ્રહ્મચર્યના પાલન માટે મહત્વની ભૂમિકા ભજવે છે. તે પણ આપણને સ્વામી વિવેકાનંદના જીવન પરથી શીખવાનું મળે છે.
- વ્યક્તિને પોતાના જીવનમાં પોતાના ઉપર આત્મસન્માન મેળવવા માટે પણ વ્યક્તિનામાં સત્ય અને સ્થાન નિયમિતતા જેવા ગુણો હોવા આવશ્યક છે.
- આજના આધુનિક યુગમાં વ્યક્તિ ભોગવિલાસ પાછળ અને ભૌતિક સુખ-સમૃદ્ધિ પાછળ ઘેલો બન્યો છે. ત્યારે તેને માનસિક શાંતિની ઘણી જરૂરિયાત ઊભી થઈ છે. તેને ભૌતિક ચીજ વસ્તુઓ તો પ્રાપ્ત થાય છે. પરંતુ તેને શાંતિ પ્રાપ્ત થતી નથી. ત્યારે માનસિક શાંતિ માટે વ્યક્તિને ધ્યાન અને સંતોષ, મનનો સંયમ વગેરે જેવા ગુણો જ તેને માનસિક રીતે આનંદ અપાવી શકે છે
- તે જ રીતે આધુનિક યુગમાં જ્યારે વ્યક્તિઓ ભૌતિક ચીજવસ્તુઓ ભૌતિક સુખ-સમૃદ્ધિ પાછળ એ ડોટ મૂકે છે ત્યારે અન્ય વ્યક્તિઓ સમક્ષ એ ભૌતિક ચીજવસ્તુઓની આધારે પોતાની જાતને નીચી ગણવાની જરૂર નથી. આંતરિક શક્તિ અને આંતરિક સમૃદ્ધિ અને આંતરિક આનંદને જ સાચી સમૃદ્ધિ માનવી જોઈએ એ વાત પણ આપણને સ્વામી વિવેકાનંદ પરથી શીખવાની મળી રહે છે કારણ કે સ્વામી વિવેકાનંદ કોઈપણ પ્રકારની સંપત્તિ કે સમૃદ્ધિ વિના વિદેશમાં રહીને પણ આપણા દેશની સંસ્કૃતિનો પ્રચાર પ્રચાર કર્યો છે અને પોતાનામાં રહેલી આંતરિક સમૃદ્ધિ અને સંપત્તિનો સન્માન જાળવીને અને તેની કદર કરીને અને તેની જરૂરિયાત શું છે એ સમજીને વિદેશમાં રહેલા લોકોને પણ તે આંતરિક

સમૃદ્ધિ અને સંપત્તિ વહેંચી છે.

- બહાદુરી અને હિંમત તો વ્યક્તિને ડગલે અને પગલે જરૂરી જ છે. સાચી બહાદુરી સત્યની સાથે પોતાના જીવનમાં આવેલી મુશ્કેલીનો અડગ રીતે સામનો કરવામાં છે. પોતનો લાભ – ગેરલાભ જોયા વિના સત્યની સાથે ઊભા રહેવામાં છે.
- દરેક વ્યક્તિ આજના સમયમાં અન્ય વ્યક્તિને એક વ્યક્તિના સ્વરૂપમાં જુએ એ ખૂબ જ મહત્વનું છે. આજના આધુનિક યુગમાં પણ આપણને ધર્મ અને જાતિના આધારે થતા ઝઘડાઓ, ભેદભાવો અને હુમલાઓ, બળવાઓ, હુલ્લડો વિશે જાણવા મળે છે જે આપણા સૌ માટે ખૂબ જ શરમજનક બાબત છે. આપણે આપણી જાતને આ બાબતે તો પછાત કહેવા જ રહ્યા.
- સ્વામી વિવેકાનંદ માટે દેશભક્તિ એ સૌથી આગળ હતી. એમના અનુસાર આપણે અન્ય દેશોનો અને અન્ય દેશના નાગરિકોનો અન્યની સંસ્કૃતિનો સન્માન કરવું જોઈએ. પરંતુ તે પોતાના દેશ, પોતાના દેશના નાગરિકો અને પોતાની સંસ્કૃતિના ભોગે નહીં. જ્યાં આપણે આપણા દેશનું અને તેની સંસ્કૃતિનું સન્માન જાળવવાનું છે. ત્યાં આપણે તેના માટે આગળ આવવું જ રહ્યું અને તેના માટે આપણે કોઈની સામે લડવું પડે તો પણ સ્વામી વિવેકાનંદ તેના માટે તૈયાર રહેવા માટે જણાવ્યું છે.
- કરુણાએ માનવીનું માનવ હોવાને પ્રતીક છે. માનવ જીવ પ્રત્યે દયાભાવ કે કરુણા ન રાખે તો તે વ્યક્તિને માનવ તરીકે ઓળખાવવાનો હક નથી. આપણે આપણી શક્તિ અને સામર્થ્ય અનુસાર અન્યને થઈ શકતી મદદ કરીને તેમના દુઃખ ને દૂર કરવાનો પ્રયાસ કરવો જોઈએ. જો અન્યના દુઃખથી આપણને દુઃખ ન થાય તો તે ખૂબ જ ગંભીર બાબત છે

**ઉપસંહાર:**

અહીં આ લેખમાં મેં સ્વામી વિવેકાનંદના પ્રસંગોના વાંચન બાદ જાણવા મળેલ ગુણોનું વર્ણન કરવાનો પ્રયાસ કર્યો છે. આમ તો જીવનમાંથી શીખવા જેવી બાબતો ખૂબ જ છે. જેમાંથી કેટલીક બાબતોને મારા વિચારો અનુસાર દર્શાવવાનો પ્રયાસ કર્યો છે અને જેની ઘણી જરૂર છે હાલના જીવનમાં.

**સંદર્ભો:**

શ્રી રામકૃષ્ણ આશ્રમ (૧૯૯૩), " આપણા હાથમાં ભારતનું ભાવિ" , સ્વામી ધ્રુવેશાનંદ , રાજકોટ.
શ્રી રામકૃષ્ણ આશ્રમ(૨૦૦૨) , "સહુના સ્વામીવિવેકાનંદ", સ્વામી સર્વસ્થાનંદ, રાજકોટ.
સ્વામી વિવેકાનંદ(૧૯૮૪), "જ્ઞાનયોગ – ૧", સ્વામી વ્યોમાનંદ, રાજકોટ.
સ્વામી વિવેકાનંદ (૧૯૮૪), " જ્ઞાનયોગ – ૨", સ્વામી વ્યોમનંદ,

# ગાંધીજીના વિચારોમાં માનવીય મૂલ્યો

**ગાંગોડા વૈશાલીબેન જૈસીંગભાઈ**
***B.ED** તાલીમાર્થી*
*શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય,બીલીમોરા*

**સારાંશ:-**

સત્યના પ્રયોગો આત્મકથામાં ગાંધીજીએ તેમાં ઘણાં જીવનમૂલ્યો દર્શાવ્યા છે.તેમાંથી અહીં શાંતિનું મુલ્ય, સેવાવૃત્તિનું મૂલ્ય,બ્રહ્મચર્યનું મૂલ્ય અને સાદગીના મૂલ્ય દર્શાવ્યુ છે.આ મૂલ્ય આપણા જીવન માટે ખુબ જ ઉપયોગી છે.જો આપણે આપણા જીવનમાં આ મૂલ્ય થકી જીવન જીવીએ તો આપણું જીવન સુંદર રીતે આગળ ચાલે અને જીવન જીવવાની મઝા જ કંઈ અલગ હોય.આપણું જીવન એ સુંદર માર્ગ જેના પર આપણે એક પથિક છીએ અને આપણે આ મૂલ્યો થાકી આપણા "સ્વ"ને તો આનંદ થાય જ પણ આપણા જીવનથી બીજાને પણ પ્રેરણા મળે છે.ગાંધીજી બાપુ પોતે આ મૂલ્યો જીવનમાં અપનાવ્યા એમને ખૂબ જ સરસ રીતે એમનું જીવન વિતાવ્યું અને બાપુ પોતે આ મુલ્યો થકી જીવન વિતાવ્યું તો આપણે તો જીવવું જ જોઇએ. જેનાથી ભારતીય મૂલ્યોની જાળવણી તો થાય જ પણ માનવ ધોરણ બધા મૂલ્યો વિકસે અને માનવ નું જીવન એક ધારે એક જ દિશામાં પ્રયાણ કરે.માનવી-માનવી વચ્ચે સાતત્યતા કેળવાય મૂલ્યો નો વિકાસ થાય છે..

**ચાવીરૂપ શબ્દો:**- શાંતિ,સેવા,બ્રહ્મચર્ય, સાદગી,મૂલ્ય

**પ્રસ્તાવના :-**

ગાંધીજીની આત્મકથા " સત્યના પ્રયોગો" એમાં જીવન જરૂરી બાપુ એ પોતાના જીવનની આત્મકથા થકી માનવીય મૂલ્યોને ઉજાગર કર્યા છે.બાપુ એ આ આત્મકથા બાળપણથી શરૂ કરી અને ઈ.સ.૧૯૨૦ સુધીની પોતાની જીવનની કથા પોતે લખી તેનું એક પુસ્તક રચાયું છે.તેમની આત્મકથા લખવાની કામગીરી ઘણાં લાંબા સમય સુધી ચાલી.તેમના મિત્રોના આગ્રહથી આ પુસ્તક રચ્યું હતું.સત્યના પ્રયોગો પુસ્તકમાં કુલ પાંચ ભાગ જોવા મળે છે આ પાંચ ભાગમાં કુલ૧૭૭ પ્રકરણો છે.

આ પુસ્તક થકી બાપુનું જીવન સ્મરણ સચવાયેલું છે.આ આત્મકથા થકી આજે માનવીય મૂલ્યોનું જતન તો થયું જ છે તેની સાથે શાળા, મહાશાળા, સમાજ,કુટુંબ, સંસ્થા અને સમુદાયમાં આ મૂલ્યોને વિકસાવ્યાં છે.તેના વિકાસ માટે અભ્યાસક્રમમાં શાળા થી લઈ મહાશાળા અને કોલેજ કક્ષા સુધી આ મૂલ્યોને પ્રકરણમાં મુકી વિદ્યાર્થીઓમાં ધર્મ,મિત્રતા, પ્રામાણિકતા,સ્વાયત્તા ,સ્વતંત્રતા,સાદગી,સેવા,બ્રહ્મચર્ય,પ્રેમ,આનંદ જેવા અનેક મૂલ્ય આ પુસ્તકમાં જોવા મળે છે તો તેનો વિકાસ થાય તે ખુબ મહત્વનીઈ બાબત છે. ઘણાં બધાં મુલ્યો પુસ્તકમાં રહેલા છે,આ પુસ્તક મૂલ્યોથી ભરેલું છે,તે વિદ્યાર્થી માટે ખૂબ જ ઉપયોગી છે.જેથી તેનો અભ્યાસક્રમ ભણાવવામાં આવે તે યોગ્ય છે. સત્યના પ્રયોગો પુસ્તક થકી વિદ્યાર્થીઓને જીવન મૂલ્યો શીખવવા માટે ખૂબ જ જવાબદાર અને ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે,આ પુસ્તકમાં સત્યનો જય થાઓ ફલિતાર્થ જોવા મળે છે.

**શાંતિનું મૂલ્ય**

**શાંતિ:** - આ પ્રસંગમાં ગાંધીજી જયારે જે આફ્રિકામાં તોફાન થાય છે ત્યારથી ગાંધીજીનું જીવન ધીમે ધીમે યોગ્ય માર્ગ પર આવે છે એવું બાપુને લાગે છે.ત્યારબાદ અંગ્રેજો હુમલો કરે છે તે વખતે બાપુએ શાંતિથી આ મુસીબતને પાર પાડી. ત્યારપછી નાતાલના તહેવારની એડવર્ટાઇઝમેન્ટ માટે બાપુ એ ભાગ લીધો અને પછી તેમને અનેક સવાલો પૂછવામાં આવ્યાં અને બાપુ એ જવાબ આપવા માટે શાંતિ,ધીરજ પંસંદ કરી.પ્રશ્નોનાં ઉત્તર શાંતિથી આપ્યાં.આખા પ્રસંગમાં શાંતિથી કાર્યો કર્યા છે.

**"હું પ્રત્યેક ક્ષણે અનુભવું છું કે,**
**મૌન એ સર્વોતમ ભાષણ છે.**
**બોલવું જ પડે તો ઓછામાં ઓછું બોલો,**

**એક શબ્દથી ચાલે તો બે ન બોલો." -ગાંધીજી**

આ વિચાર થકી બાપુ આપણને જણાવે છે કે જીવનમાં આપણે શાંતિ જાળવવી જોઈએ જો આપણા સ્વ શાંતિ જાળવીશું તો બહારથી આપો આપ આપણું વ્યકિતત્વ શાંત જાશે. કારણ કે આજનો યુગ અતિ ઘોંઘાટ ભર્યો છે.જેમાં માનવી શાંતિનું મૂલ્ય જે ભૂલી ગયો છે.અમુક પરિસ્થિતિમાં આપણે ઓછું બોલીને પણ તેનો નિરાકરણ લાવી શકાય એવું જણાય ત્યા ઓછું બોલવું ,સ્પષ્ટ બોલવું ત્યાં વધુ બોલવાની જરૂર નથી ત્યાં બીજા બે શબ્દો બોલવા નથી. કારણ કે જો આપણે વધુ બોલીશું તો સામે વાળી વ્યકતિનેઆપણી વાત કંટાળાજનક અને નક્કામી લાગશે, પણ જો ઓછું અને સ્પષ્ટ ચોખ્ખુ બોલીશું તો સામેવાળી વ્યકતિ પણ આપણી સાથે યોગ્ય વ્યવહાર કરશે. તેથી આપણે કોઈપણ કાર્ય સારી રીતે કરી શકીશું.જો આપણે આપણા જીવનમાં શાંતિ રાખીશુ તો આપણું જીવન આપોઆપ સુંદર અને સૂવ્યવસ્થિત થઈ જશે

**સેવાવૃત્તિનું મૂલ્ય:-**

**સેવાવૃતિ:-**

આ પ્રસંગ એ ગાંધીજી જ્યારે એમના વકીલાત નોકરી સારી ચાલતી હતી ત્યારે એક અપંગ માણસ બાપુ પાસે આવે છે જે રક્તપિતથી પીડાતો હતો .બાપુએ તેના ઘા સાફ કર્યા અને ત્યાર પછી ગિરમીટિયાઓની સરકારી હોસ્પિટલમાં મોકલ્યો.પરંતુ બાપુને સંતોષ થયો નહી મનમાં એવું લાગ્યું કે પોતે એની કંઈ સેવા ના કરી શક્યો તેથી બાપુએ વકિલાત તો સાંભળી જ પરંતુ હોસ્પિટલમાં પણ તેમણે દવા બનાવવાનું અને દવા આપવાનું કામ કર્યું.

**"खुद को खोजने का,**
**सबसे अच्छा तरीका है।**
**खुद को दूसरों की,**
**सेवा में खो दो।"**
**-महात्मा गांधीजी**

આ પ્રસંગ દ્વારા બાપુ આપણને એમ શીખવે છે કે આપણે આપણી જાતને જો જાણવી હોય તો આપણી સેવામાં લગાવો તો પોતાને સમજાશે કે આપણે કેવા છીએ. જો આપણે બીજાની સેવા કરીશું તો આપણને પુણ્ય તો મળશે જ પરંતુ અંતર આત્માથી એક ખુશી પણ થશે કે બીજાની સેવા કરવા માટે હું સમર્થ છું.હું બીજાની સેવા કરવા માટે સક્ષમ છું.જો મને ભગવાને બધું જ આપ્યું છે તો હું બીજાની સેવા કરવા માટે મારામાં આટલી બધું ભગવાને આપ્યું છે તો હું બીજાની સેવા કેમ ન કરી શકું.તેથી આપણે એકબીજાની સેવા કરવી જોઈએ. સેવા એ નથી કે પૈસાથી જ થાય.

**બ્રહ્મચર્યનું મુલ્ય**

**બ્રહ્મચર્ય ૧-૨ :-**

ગાંધીજી બ્રહ્મચર્ય શું છે? અને તેનું પાલન કેવી રીતે કરવું? તે જણાવે છે પહેલા પ્રકરણમાં ગાંધીજી પર સ્ત્રી પ્રત્યે આકર્ષણ થાય તે પાપ ગણાવે છે.બાપુને અંગ્રેજ યુવતી ગ્લેડસ્ટટન પ્રત્યે આકર્ષણ થયું હતું. બાપુને રાયચંદભાઈની વાતની અસરનું પ્રાધાન્ય પડ્યું.ગાંધીજીની વિષયવાસના કાબુમાં રાખવા માટે તેઓએ ઘણી મદદ કરી હતી અને બાપુએ પણ પછી પ્રયત્ન કર્યા હતા. બીજા પ્રકરણમાં બાપુએ બ્રહ્મચર્યના વ્રતનું પાલન કર્યું હતું.ઈ.સ.1906 માં બાપુ એ બ્રહ્મચર્ય પાળવાનુ વ્રત્ત લીધું હતું.

અહીં આપણને બાપુ જણાવે છે "બ્રહ્મચર્ય એક માર્ગ છે અને તે આપણને ભગવાન તરફ દોરી જાય છે." પર સ્ત્રી પ્રત્યે પણ આકર્ષણ થાય તો તે પાપ છે.બાપુને પણ અંગ્રેજ સ્ત્રી પ્રત્યે આકર્ષણ થયું હતું ત્યારે રાયચંદભાઈએ તેમની વિષયાશક્તિ ને દૂર કરી હતી. તેમજ આજના આવું ઘણું ચાલી રહ્યું છે.

**સાદગીનું મૂલ્ય**

**સાદાઈ**:- આ પ્રસંગમાં ધોબી કપડાં ધોવા લાય જાય તો મોડે થી આપતો. તેથી ગાંધીજી ધોબી ને બદલે જાતેજ કપડાં સ્વચ્છ કરે, કપડાં પર અસ્ત્રી કરે અને સાદા પોશાક પહેરતાં અને પછી તો તેઓ માત્ર ધોતીયું જ પહેરતાં , હાથમાં એક લાકડી આમ તેઓ સાદું જીવન જીવતાં હતા.

**"સાદગી,સદાચાર અને સહિષ્ણુતાની**
**જીવતી જાગતી મૂર્તિ એટલે મહાત્મા ગાંધી"**
**"વ્યક્તિની ઓળખ તેના કપડાથી નહી**
**તેના ચારિત્ર્યથી થાય છે." -મહાત્મા ગાંધી**

શ્રીમંતોએ વધુ સરળ રીતે જીવન જીવવું જોઈએ જેથી ગરીબ વ્યક્તિ પણ સરળ જીવન જીવી શકે.કારણ કે ગરીબ વ્યક્તિઓ શ્રીમંતોને જોઈને જીવન જીવે છે.એ વિચારે છે કે અમીર માણસ આટલી મોંઘી વસ્તુઓનો ઉપયોગ કરે તો અમે પણ કરી શકીએ તે ભાવના તેઓ વિકસાવે છે.

અહીં આપણને એ શીખવા મળે છે કે આપણે જો સાદું જીવન જીવીએ તો ઘણું સારું જીવન જીવાય છે.આજના યુગમાં માણસ મોટી મોટી ગાડીમાં ફરે છે,મોંઘા મોંઘા વસ્ત્રો પેહરે છે,મોંઘો ખોરાક લે છે અને મોંઘી મોંઘી ચીજવસ્તુઓનો ઉપયોગ કરે છે. આ બધુ માનવી બીજાને દેખાડવામાટે કરે છે આ બધું નક્કામુ છે. પરંતુ શુ આ જીવન જીવવા માટે બધું ઉપયોગી છે ?નથી કારણ કે માનવી માત્ર સદા કપડાં સાદો ખોરાક અને સાદી સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ થકી જીવન જીવી શકાય છે જેનાથી ધન પણ યોગ્ય માત્રામાં ઉપયોગ થાય અને પૈસા નો બચાવ કરી શકીએ. છીએ. જીવન પણ સરળ રીતે જીવી શકાય.શાળામાં પણ બાળકો ને આ મૂલ્ય વિશે સમજ આપી આ મૂલ્ય વિદ્યાર્થીમાં વિકસાવી શકાય છે.

**તારણ:-**

(૧) કોઈ પણ કાર્ય શાંતિપૂર્વક કરવું જોઈએ.
(૨) આપણે જરૂરિયાતમંદ વ્યક્તિની સેવા કરવી જોઈએ.
(3) જીવનમાં બ્રહ્મચાર્યનું પાલન્ કરવું જોઈએ.
(૪) આપણે સાદાઈથી જીવન જીવવાનો આગ્રહ રાખવો જોઈએ.

**ઉપસંહાર**

આમ, ગાંધીજીના જીવન મૂલ્યો માંથી મને ઘણું બધું શીખવાનું મળ્યું.જેમાં પ્રથમ મને એ ગમ્યું ક આપણે જીવનમાં કોઈ પણ કાર્ય શાંતિપુર્વક્ કરવું જોઈએ.જ્યાં પણ જે કાર્ય ઓછા શબ્દોમાં પૂર્ણ થતું હોય તો ત્યા ઓછું જ બોલવું બીજા બે શબ્દો બોલવા.બીજા મૂલ્યમાંથી એ શીખવા મળ્યું કે બીજાની સેવા થાકી આપણે આપણી જાતને જાણી શકીએ છીએ.ત્રીજા મૂલ્યમાંથી એ શીખવા મળ્યું કે બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ અને ચોથાં મૂલ્યમાંથી એ બોધ છે ક સાદું જીવન એ સાચું જીવન છે સાદગી થકી આપણું જીવન સુવ્યવસ્થિત જીવી શકીએ છે.આમ,આપણને ઘણું બધું જીવન ઉપયોગી મૂલ્યો શીખવા મળે છે.

**સંદર્ભસૂચિ :-**

(1) ગાંધી મોહનદાસ કરમચંદ (1927) સત્યનાપ્રયોગો અથવા આત્મકથા,નવજીવન ટ્રસ્ટ અમદાવાદ.

# ઉપનિષદ અને માનવીય મૂલ્યો

**દ્રષ્ટિ વી. દોડિયા**
*બી.એડ. તાલીમાર્થી,*
*શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા*

*સારાંશ:*

***આજના સમાજમાં નવી પેઢી માટે મૂલ્ય શિક્ષણ ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે તે આપણને યોગ્ય બતાવવામાં મદદ કરે છે. મૂલ્ય શિક્ષણ આપણને મુક્તપણે અને વિવેચનાત્મક રીતે વિચારવાનું અને જવાબદારી, હિંમત અને સાથે કામ કરવાનું શીખવે છે. તે આપણી જાગૃતિ વધારે છે, સાથે સાથે આપણને શું કરવું અને શું ન કરવું તે શીખવે છે. આજકાલ મૂલ્ય આપણા આધુનિક સમાજમાં શિક્ષણની અતિ આવશ્યકતા છે કારણ કે અસામાજિક કાર્યોથી આપણું જીવન વધુ પ્રભાવિત થાય છે. વર્તમાન ભારતમાં માનવોના મૂલ્યોને બદલવાની જરૂર છે.જેમ આપણે જોઈએ છીએ કે સમાજમાં દિવસેને દિવસે મૂલ્યો ધીમે ધીમે અદૃશ્ય થઈ ગયા છે. વર્તમાન પ્રણાલી વધુ સ્પર્ધાત્મક બની છે જેથી નીતિશાસ્ત્રનો મુદ્દો પાછળ બાકી રહ્યો છે, આપણું ધ્યેય એ છે કે તે ખરેખર હાનિકારક છે કે કેમ તે વિશે વિચાર્યા વિના કોઈપણ રીતે સફળતા પ્રાપ્ત કરવી. આપણે જોઈએ તો એક પેઢી ના બધા લોકો વધુ ને વધુ સ્વાર્થી બની રહ્યા છીએ અને આ વલણ બીજી પેઢીમાં સમાંતર જોવા મળે છે. તેથી વર્તમાન પેઢીમાં મૂલ્યો કેળવવાના કાર્યક્રમો વિકસાવવા જરૂરી છે અને આ સંદર્ભમાં આપણા પ્રાચીન ગ્રંથો મહતની ભૂમિકા ભજવી શકે છે કારણ કે યોગ્ય જ્ઞાન તેમની મૂંઝવણમાં ફેરફાર કરશે.*** ચાવીરૂપ

**શબ્દો:-** માનવ મૂલ્યો, ઉપનિષદ

**પ્રસ્તાવના:-**

મૂલ્ય શિક્ષણ આપણા જીવનના દરેક પગલાં સાથે અતૂટ રીતે જોડાયેલું છે. તે વ્યક્તિના વ્યકિતત્વ અને ચારિત્ર્યના અભિવ્યક્તિમાં મદદ કરે છે અને એક સારો નાગરિક બનાવે છે. મૂલ્યો ધરાવતા નાગરિકો શાંતિપૂર્ણ સમાજનું નિર્માણ કરે છે. પણ પ્રશ્ન એ ઊભો થાય છે કે મૂલ્યોનો વિકાસ કઈ રીતે થઈ શકે? સામાન્ય રીતે શૈક્ષણિક સંસ્થાઓ એ એક પ્લેટફોર્મ છે જ્યાં વિદ્યાર્થીઓમાં મૂલ્યો આપવામાં આવે છે જે ખરેખર મહત્વપૂર્ણ છે.આ સંશોધન પત્રનો હેતુ માનવીય મૂલ્યોના વિકાસ માટે શાસ્ત્રોના મહત્વને સમજવાનો છે. વિવિધ વિદ્વાનોએ ઉલ્લેખ કર્યો છે કે શાસ્ત્રો વ્યક્તિમાં સકારાત્મકતા વધારે છે. પ્રાચીન ગ્રંથો જેમ કે ભગવદ્ ગીતા, ઉપનિષદ અને વેદો વગેરે મૂલ્યો કેળવવાના માર્ગને યોગ્ય રીતે સૂચવે છે. શાસ્ત્રોનું જ્ઞાન બાળકોમાં માનવતાને જાગૃત કરે છે, જીવનમાં સાચો માર્ગ બતાવે છે, તેમને પ્રામાણિક, મહેનતુ બનાવે છે.

**ઉપનિષદ અને માનવ મૂલ્યો:**

ઉપનિષદ એ એક પ્રાચીન ભારતીય ગ્રંથ છે જે વેદમાંથી ઉતરી આવ્યો છે. તેને વેદાંત પણ કહેવામાં આવે છે કારણ કે તે વેદનો છેલ્લો ભાગ છે. ઉપનિષદનો અર્થ છે ભક્તિ સાથે ગુરુની સામે બેસીને આત્મવિદ્યા અથવા બ્રહ્મવિદ્યા વિશે જ્ઞાન પ્રાપ્ત કરવું. તેને ગુપ્ત અથવા રહસ્ય વિદ્યા પણ કહેવામાં આવે છે. ઘણા ઉપનિષદો છે પણ માત્ર દસ મુખ્ય ઉપનિષદો છે: ઈશા, કેના, કથા, પ્રશ્ના, મુંડક, માંડુક્ય, તત્તિરીય, ઐતરેય, ચાંદોગ્ય અને બૃહદારણ્યક. ઉપનિષદો આપણને સાચો માર્ગ અપનાવવામાં મદદ કરે છે.

**પ્રશ્ન ઉપનિષદ:**

આ ઉપનિષદમાં ઋષિ પિપલાદ અને તેના 6 શિષ્યો વચ્ચેનો સંવાદ દર્શાવવામાં આવ્યો છે. અહીં , જ્યારે ઋષિ પીપલાદને તેના 6 શિષ્યો પ્રશ્નો પૂછે છે ત્યારે ઋષિ પીપલાદ કહે છે કે સૌ પ્રથમ તમારે મારી સાથે એક વર્ષ રહેવાનું અને પછી પ્રશ્ન પૂછવાનું અને ત્યારબાદ જો મને પ્રશ્નોનો ઉત્તર આવડતો હશે તો હું તમને કહીશ. આ પાછળ ઋષિ

પીપલાદના મનમાં હતું કે જો બાળકો મારી સાથે એક વર્ષ ગુરુકુળમાં વિતાવશે તો ગુરુકુળના માહોલથી તેમના નાના – નાના પ્રશ્નોના ઉત્તરો એમને સ્વયં જ મળી જશે. પરંતુ અહી રહી તેમના મનમાં મોટા પ્રશ્નો આવે અને એના ઉત્તર પામવાથી એમનું જીવન બદલાય જાય.

પ્રશ્ન ઉપનિષદમાં આ સંવાદ દ્વારા શીખવા મળે કે આપણે આપણો સમય આપણાથી જ્ઞાની અથવા આપણાથી વડીલો સાથે પસાર કરવું જોઈએ. તેથી આપણા પ્રશ્નોનું સ્તર વધશે, કારણ કે પ્રશ્નોનું સ્તર જેટલું વધુ હસે તેટલો જ ઉત્તર પણ મોટો મળશે.

**કઠ ઉપનિષદ:**

આ ઉપનિષદમાં એક નાના બાળકને નચિકેતની વાત કરવામાં આવે છે .અહીં, આ બાળક એમના પિતાને દાન કરતા જોયે છે તો એને જોવા મળે છે કે પિતા જે બધી વસ્તુઓનો ઉપયોગ થઈ ગયો છે અથવા ઉપયોગ માટેના અંતિમ દોરમાં હોય તેવી જ વસ્તુઓનું દાન કરે છે. ઉદાહરણ તરીકે પિતા જે ગાયોનું દાન કરે છે તે બધી મરણને આડે હોવાથી તેનું દાન કરે છે. બાળક નચિકેત પિતાને જોઈને સમજી જાય છે કે તેઓ પાખંડ કરે છે આ જોઈને નચિકેત તેમના પાસે જઈને કહે છે કે તમે ત્યાગ નામ પર પાખંડ કરી રહ્યા છે અને કહે છે કે શું મારો ઉપયોગ કર્યા પછી મને કોને આપશો? ત્યારે પિતા ગુસ્સેથી મૃત્યુને સોંપી દેવાની વાત કરે છે, ત્યારબાદ નચિકેત યમરાજ પાસે જાય છે અને કઠ ઉપનિષદમાં આ સંવાદ દ્વારા ઘણું બધું જ્ઞાન આપવામાં આવ્યું છે.

**ઈશ ઉપનિષદ:**

108 ઉપનિષદોમાં સૌથી પહેલું ઉપનિષદ છે ,જે ઘણું મહત્વનું છે. આનું મહત્વ દર્શાવતા ગાંધીજી કહે છે કે બધું સળગી જાય અને ઇશ ઉપનિષદ બચી જાય અથવા આ ઉપનિષદની પહેલી પંક્તિ પણ બચી જાય તો પણ હિન્દુ સનાતન વિચારધારા જીવંત રહેશે" . આ ઉપનિષદમાં સમજાવવામાં આવ્યું છે કે જે પણ આપણને જોવા મળી રહ્યું છે, જે પણ આ જગત છે ,સંસાર છે ,સમાજ છે તે બધું ઈશ્વરનું છે એને આપણે પ્રસાદ તરીકે ગ્રહણ કરવું જોઈએ નઈ કે માલિકીની રીતે જોવું જોઈએ. કારણકે જો આપણે માલિકીની રીતે જોઈશું તો આપણને ઈર્ષા થશે કે આ માણસ પણ આ વધારે છે, પેલા માણસ પણ પેલું વધારે છે પરંતુ સત્ય એ છે કે બધું જ ઈશ્વરનું છે અહીં, આ ઉપનિષદ દ્વારા આપણને શીખવા મળે છે કે આપણે કોઈના ધન કે મિલકતથી ઈર્ષા ના કરવી જોઈએ. આપણે આપણી મહેનતથી જ જે મળે તેને ઈર્ષા વગર ઈશ્વરના પ્રસાદ તરીકે ગ્રહણ કરવું જોઈએ, નઈ કે મિલકત તરીકે જોઈ બિન જરૂરિયાત સંગ્રહ કરવો જોઈએ.

**તૈત્તિરીય ઉપનિષદ:**

આ ઉપનિષદ યજુર્વેદનો ઉપનિષદ છે.જેમાં વૈદિક કાળમાં ગુરુકુળમાં અભ્યાસ કરતા શિષ્યોને નૈતિકતા પર શિક્ષા આપવામાં આવી છે તે દર્શાવવામાં આવ્યું છે. અહીં તૈત્તિરીય ઉપનિષદને ત્રણ ભાગમાં વહેંચવામાં આવ્યું છે .તેના ત્રણેય ભાગો એકબીજાથી અલગ અલગ છે તેથી દરેક ભાગોને વલ્લી એટલે કે ઘુમાવદાર શાખા તરીકે દર્શાવવામાં આવ્યો છે. આપણે જે વિચારને આત્મસાત કર્યો છે એ અતિથિ દેવોભવ તે આ જ ઉપનિષદમાંથી મળ્યું છે. તેમજ માતૃદેવો પિતૃ દેવો ભવ આચાર્ય દેવો ભવ અતિથિ દેવો પણ જોવા મળી છે ત્રીજી પંક્તિ કહે છે કે તમને લઈ ભલે બધી વસ્તુઓ જેવી કે તમારી વેશભૂષા, તમારો દેખાવ, તમારું રહેવાનું વગેરે. પરંતુ તમારું કાર્ય ક્યારેય નિંદનીય ના હોવું જોઈએ. ક્યારે પણ એવું કાર્ય ના કરું જેથી કોઈ તમારા પણ આંગળી ઉઠાવી શકે. ચોથી પંક્તિ કહે છે કે તમે પક્ષપાત વગર એટલે કે તેમના રંગ-રૂપ ,જાતિ, ગરીબી- અમીરી વગેરે કિનારે મૂકીને સામેવાળા સાથે એવી રીતે જ વર્તો કે જે રીતે તમે ઈચ્છો છો કે બીજા તમારી સાથે વર્તે.

**ઐતરેય ઉપનિષદ:**

તેમાં 33 મંત્રો જોવા મળે છે.જેને ત્રણ ભાગોમાં વહેંચવામાં આવ્યા છે .સંપૂર્ણ ઉપનિષદમાં સૃષ્ટિ નિર્માણ,આત્મ

,જન્મ અને મરણ વિશે જોવા મળે છે. આ ઉપનિષદનો 11 મો અધ્યાય છે કોદહિતી તેનો અર્થ થાય છે 'હું કોણ છું' . અત્યારે વર્તમાન સમયમાં જોઈએ તો જ્યારે જીવનમાં ઘણી બધી તકલીફો આવે છે અથવા એક પછી એક હાર જોવા મળે છે ત્યારે દરેકને આ પ્રશ્ન થાય છે કે હું કોણ છું અને મારા જીવનનો ઉદ્દેશ શું છે .આ બધી વસ્તુઓ આ ઉપનિષદમાંથી શીખવા મળે છે. ઉપનિષદો અનુસાર આપણે બધા એક અનંત આત્મા દ્વારા રચવામાં આવ્યા છે .આપણી આ અનંત સાગર દ્વારા સમજીએ તો જેમ સાગરમાં અલગ અલગ લહેરો ઉત્પન્ન છે .આ અલગ અલગ એ અનંત આત્મા દ્વારા રચાયેલ જીવ છે એટલે કે ઉપરથી અલગ અલગ દેખાય છે જેમકે તમારા માતા-પિતા .તમે. તમારું પાલતુ કુતરૂ. આ બધા ઉપરથી અલગ અલગ દેખાય છે પરંતુ બધા જ એક સાગરના પાણી છે. જ્યારે આપણે સમજી જઈએ છીએ ત્યારે આપણને આ લહેરો અલગ અલગ ના દેખાતા એક જ અનંતરૂપી સાગર દેખાય છે અને આપણને ખ્યાલ આવે છે કે આપણે એક લહેર નથી પરંતુ સાગર છે. ત્યાં જ આપણું વ્યક્તિત્વ પૂરું થઈ જાય છે. ત્યારે આપણી અસફળતા આપણી જ ના રહીને આખા સાગરને થઈ જાય છે અને જો આપણે એક સાગર છીએ તો એક લહેરની અસફળતાથી શું મુશ્કેલી? અને આ જ જ્ઞાન મોક્ષ છે.

**છાંદોગ્ય ઉપનિષદ:**

પ્રાચીન ઉપનિષદ અને મોટા ઉપનિષદમાંનું એક છે એમાં આઠ વચ્ચેનો છે અને દરેક પ્રવચન માં ઘણા વોલ્યુમ છે કારણ કે તે સામવેદનો ઉપનિષદ છે. તેથી તેમાં મંત્ર ઉચ્ચારના લાભ, સ્વર ,વાણી, ઓમકાર વગેરેની સંરચના પર ઊંડાણપૂર્વક સમજૂતી આપેલી છે પરંતુ તેની સાથે સાથે બ્રહ્માના ન જન્મ અને અંત, આંતરિક સ્વ અને અંતિમ વાસ્તવિકતા, આત્મા જેવા વિષયોને સારી રીતે સમજાવવામાં આવ્યું છે. અહીં વસ્તુને સરળ બનાવવા દરેક પ્રવચનમાં વાર્તાઓ અને કથાઓનો સહારો લેવામાં આવ્યો છે .પહેલા અધ્યાયના પહેલા પ્રવચનમાં બારમાં વોલ્યુમમાં કુતરાઓના જોડને લગતી એક કથા જોવા મળી છે. તેમાંથી આપણને ઘણું બધું શીખવા મળે છે કથામાં એક બક દાલભ્ય નામના ઋષિ જે છે એવા મંત્રીની શોધમાં છે કે જેના ઉચ્ચારણથી ખોરાક આપોઆપ તરત જાતે જ પ્રગટ થઈ જાય. તેથી તેઓ એક સારી જગ્યાએ જાય છે અને ગ્રંથો વાંચવા બેસી જાય છે. જ્યારે તેઓ ગ્રંથો વાંચન કરતા હોય છે ,ત્યારે તેમની સામે એક સફેદ કૂતરું આવીને ઊભુ થઈ જાય છે. થોડા સમય બાદ આ સફેદ કુતરાની પાછળ ઘણા બધા બીજા કૂતરાઓ આવી જાય છે, ત્યારે બધા કુતરાઓ આ સફેદ કુતરા ને કહે છે કે કંઈક મંત્ર ઉચ્ચારણ કરો કે જેથી અમને ખાવાનું મળી જાય કારણ કે અમે ઘણા ભૂખ્યા છે. તો સફેદ કુતરો એમની વાતો સાંભળી વિચારીને કહે છે કે તમે બધા કાલે સવારે આ જગ્યા પર આવી જજો. આ વાત ઋષિ સાંભળી લે છે કારણકે તેઓ પણ આ મંત્રની શોધમાં હતા.

**મુંડક ઉપનિષદ:**

મુંડક ઉપનિષદ અથર્વવેદનો ઉપનિષદ છે. આ ઉપનિષદમાં ઋષિ અંગિરા અને સૌનિક નામના માણસ વચ્ચેનો સંવાદ દર્શાવવામાં આવ્યો છે. સૌનક માણસ ગૃહસ્થ જીવન જીવતો માણસ હતો, જ્યારે ઋષિ અંગિરા એક પરમ જ્ઞાની હતા. આ સંવાદમાં સૌનક ઋષિ અંગિરા ને પૂછે છે કે તમે મને એવી કોઈ વસ્તુ કહો જેને જાણીને મને બધું આવડી જાય. ત્યારે ઋષિ અંગિરા સૌનકને બે વિદ્યા માટે કહે છે, એક ' પરા વિદ્યા ' અને બીજી ' અપરા વિદ્યા ' જેના વિશે આ ઉપનિષદમાં જણાવવામાં આવ્યું છે. વર્તમાન સમયમાં પરા વિદ્યા એટલે એવી વિદ્યા જેનાથી આપણે આપણા જીવનને ઉત્તમ બનાવી શકીએ . ઉ.દા.તરીકે જીવવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ખગોળશાસ્ત્ર વગેરે અલગ અલગ પ્રકારનું જ્ઞાન ,જે સારું જીવન જીવવા માટે ઉપાયોગી બને છે. પરંતુ આ પ્રકારની વિદ્યા બાદ પણ જીવનમાં કંઇકને કંઈ ખૂટતું જણાતું હોવાથી તેને અપરા વિદ્યા કહેવામાં આવે છે. જ્યારે બીજી વિદ્યા જે આપણને ચિંતા અને મૃત્યુના ભયથી મુક્ત કરી દે છે, આ વિદ્યાને પરા વિદ્યા કહે છે. આ પરમજ્ઞાન સ્વાર્થ વિનાનું બ્રહ્મજ્ઞાન છે.

**ફલિતાર્થ:**

- આપણે આપણો વધુ સમય જ્ઞાની લોકો અથવા વડીલો સાથે પસાર કરવું જોઈએ, જેથી આપણે પોતાના જ્ઞાનમાં વધારો કરી શકીએ.
- આપણા જીવનમાં બધાં કાર્યો **નીતિશાસ્ત્રને** ધ્યાનમાં રાખી કરવા જોઇએ અને અનૈતિક કામોથી દુર રહેવું જોઈએ.
- જીવનમાં જ્યારે નિર્ણય- **પ્રક્રિયામાંથી** પસાર થવાનું આવે ત્યારે આપણે આપણા મનને ગમતું હોય એ છોડી વાસ્તવમાં જે આપણા માટે સારી વસ્તુ છે તે કરવી જોઇએ.
- આપણે કોઈના ધન કે મિલકતથી ઈર્ષા ના કરવી જોઈએ અને પોતે જાત મહેનતથી જે મળે તેનો રાજીખુશીથી સ્વીકાર કરવો જોઈએ.
- એવું કામ ન કરો જેથી લોકો તમારી નિંદા કરે.
- સામેવાળા સાથે એવી રીતે વર્તો , જેવી રીતે તમે ઇચ્છો છો કે બીજા તમારી સાથે વર્તે.
- જીવનમાં વિવિધ સિદ્ધિઓ મેળવવા માટે અસફળતાને જોયા વગર નિષ્ઠાપૂર્વક આગળ વધવું જોઈએ.
- તમે જે કામ કરી રહ્યા છો, તેના વિશે તમારે સંપૂર્ણ જ્ઞાન રાખવું જોઈએ.
- દિવસમાં ઓછામાં ઓછું એક કાર્ય લાલચ કે સ્વાર્થ વગર નિઃસ્વાર્થભાવે કરવું જોઈએ.

**ઉપસંહાર:**

મૂલ્યો આપણા સમાજમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. મૂલ્યો સામાન્ય રીતે એક પેઢીથી બીજી પેઢીમાં ફેલાય છે. તેથી તે યોગ્ય મૂલ્યો પ્રાપ્ત કરવા અને આપણી યુવા પેઢી સુધી ફેલાવવાની દરેક વ્યક્તિની જવાબદારી છે. પ્રાચીન ભારતમાં ઘણા વિદ્વાનો તેમના જ્ઞાનમાં વધારો કરવા માટે વિવિધ દેશોમાંથી ભારતમાં આવ્યા હતા. આનો અર્થ એ થયો કે તત્યાંની પ્રાચીન ભારતની શિક્ષણ પ્રણાલીમાં અભૂતપૂર્વ શક્તિ હતી. આ જ કારણ છે કે પ્રાચીન શિક્ષણ પ્રણાલીએ શાસ્ત્રોના શિક્ષણ અને નૈતિક વિકાસ પર વિશેષ ભાર આપ્યો છે. નિષ્કર્ષમાં, એવું કહી શકાય કે મૂલ્યો સફળતા હાંસલ કરવામાં અને આપણી માનવતાને જાગૃત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેથી મૂલ્યો વિવિધ શાસ્ત્રોના શિક્ષણ દ્વારા વ્યક્તિમાં સંસ્કારિત કરવા જરૂરી છે.

**સંદર્ભ- સૂચિ:**

1. https://youtu.be/aVIB3JjpAwk?si=Ldq8sAE9V4LyFqoS
2. https://youtu.be/Q8eFYGNan0U?si=q-V4FdR_mJVGDhrW
3. https://upanishads.org.in/upanishads/3/1/3/14
4. Raju Roy(2021),RESEARCH ARTICLE On ANCIENT INDIAN SCRIPTURES AND HUMAN VALUES(IJAR).

# ભીષ્મ પિતામહના જીવનમાં રહેલા માનવીય મૂલ્યો

**ભાર્ગવકુમાર વી. રોહિત**
*તાલીમાર્થી*
*શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા*

***સારાંશ:***

***મહાભારતના યુદ્ધ પછી સૈયા પર સૂતેલા આ વ્યક્તિ પિતામહ: ભીષ્મ તરીકે ઓળખાય છે. માતા ગંગા અને મહારાજ શાંતનું ના ધર્મ અને કર્મની એક ઉજ્જવળ જ્યોત પ્રગટાવી છે.પિતાની ઈચ્છા માટે યુવરાજ પદ્ ત્યાગ કરી પિતાના પુનઃલગ્ન કરાવ્યા.પોતાના નાના ભાઈઓને રાજ્ય આપી દાસત્વનો સ્વીકાર કર્યો.બ્રહ્મચર્યનું પાલન કરી સમગ્ર જીવન નિર્વિવાહિત રહી રાજ્યની સેવામાં આપ્યું.શૌર્ય દાખવતા નાની વયે આક્રમણકારીઓને સરહદ થી પાછા વાળ્યા.કર્મોની સ્વીકૃતિ આપતાં યુદ્ધના અંતે દ્રોપદી સમક્ષ માફી માંગી.ધર્મપાલક તરીકે પોતાનો યુદ્ધ સમય પૂર્ણ થતા અર્જુનને બોલાવી શિખંડીને પોતાની ઢાલ બનાવવાનો આદેશ આપ્યો.કર્ણનો પ્રવેશ નિષેધ કર્યો કારણ કે તે પોતાના સેનાપતિ પ્રત્યે સમર્પણ ના દાખવ્યું.સ્વાભિમાની વ્યક્તિ પોતાના રાજાનું અપમાનનું પ્રતિશોધલેવા સ્વયંવરમાંથી કન્યાઓનું અપહરણ કર્યું હતું. યુદ્ધના અંતે પાંડવો અને દ્રોપદીને તેમના દ્વારા આપવામાં આવેલી શીખો અને વાતોને ' ભીષ્મ ગીતા' તરીકે ઓળખવામાં આવે છે.***

**ચાવીરૂપ શબ્દો:** આરૂઢ, બલિદાન-ત્યાગ,સમર્પણ, બ્રહ્મચર્યનું પાલન, શોર્ય

**પ્રસ્તાવના**

પિતામહ ભીષ્મ નું નામ લેતા જ આપ સૌની તેઓને બાણોની સૈયા પર સુતેલા છે એવું દ્રશ્ય દેખાઈ આવે છે.મહાભારત એટલે ઇતિહાસનું યુદ્ધનું એવું દ્રશ્ય કે જેમાં સમગ્ર ભારત વર્ષના લાખો કરોડો ની સંખ્યામાં નર સંહાર. પોતાની ક્ષમતા અને બુદ્ધિનો ઉપયોગથી સંયુક્ત રીતે પોતાના રાજ્ય અને પોતાનો ઉજવળ ભવિષ્યની કામના સાથે પાંડવ અને કૌરવ પક્ષે યુદ્ધમાં ભાગ લીધો અને લાખો કરોડો લોકો મૃત્યુ પામ્યા.ભારત દેશનો કોઈપણ રાજા મહાભારતના આ યુદ્ધ શિકાર બન્યો ન હોય એવું ન હતું.

આ મહાભારતના શરૂઆતના મુખ્ય આધાર અને સમગ્ર કુરુવંશમાં જ્યેષ્ઠ, સૌના પૂજનીય, તે સમયના ભારતના હસ્તિનાપુર રાજ્યના રાજા શાન્તનું અને ગંગાના નવમા પુત્ર દેવ વ્રત કે જેઓ પાછળથી ભીષ્મપિતામહ ના નામથી જાણીતા થયા.માતા ગંગાએ તેમને રાજનીતિના ગુરુદેવ બૃહસ્પતિ પાસે ચાર વેદોનું જ્ઞાન તથા ધનુર્વેદ ભણાવી, દેવરાજ ઇન્દ્રે અસ્ત્ર શસ્ત્ર આપ્યા. શ્રીહરિ વિષ્ણુના છઠ્ઠા અવતાર આવેશ અવતાર તરીકે પરશુરામ પાસેથી ધનુવિદ્યા શીખવી. માતા ગંગાએ તેને સર્વગુણ સંપન્ન તથા યુદ્ધમાં અજેય અપરાજિત બનાવીને પિતા શાન્તનું ને સોંપ્યો. તેઓ દિવ્ય શક્તિઓ સાથે સર્વગુણસંપન્ન હોવાથી તેમનું નામ દેવવ્રત પડ્યું હતું. મહાભારતના મુખ્ય પાત્રોમાંના એક ભીષ્મ અથવા દેવ્રત મહાપ્રતાપી મહાવીર અને મહાન વ્રત ધારી હતા. મહાભારતમાં યુદ્ધમાં તેમના ધ્વજ નું ચિન્હ સુવર્ણ શ્રીફળ વૃક્ષનું હતું તેઓ કૌરવો અને પાંડવોના ભીષ્મપિતામહ તરીકે ઓળખાતા હતા.

**સાહિત્ય:**

મહાભારત મહાકાવ્ય નું ખૂબ જ શક્તિશાળી અને તેજસ્વીપાત્ર એટલે પિતામહ ભીષ્મ. ગુરુ વંશના સર્વશ્રેષ્ઠ વ્યક્તિ માં એમની ગણના કરવામાં આવે છે. પોતે હસ્તિના પુરના રાજકુમાર હોવા છતાં પોતાનું સમગ્ર જીવન હસ્તિનાપુરના રાજસિંહાસનને સમર્પિત કરી રાજ્યના સામાન્ય સેવક તરીકે દાસત્વ સ્વીકાર્યું. પોતાના પિતાની ઈચ્છા માટે રાજગાદીનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા લેનાર મહાન વ્યક્તિત્વ એટલે પિતામહ ભીષ્મ.

ભારત વર્ષના સમગ્ર ઇતિહાસમાં ઝાંખતા એક એવું મહાન પાત્ર મળી આવે છે કે જેમણે પોતાના કર્મોને જ પોતાનો

ધર્મ ગણી ને 18 દિવસ સુધી કુરુક્ષેત્રના મેદાનમાં થયેલા ધર્મયુદ્ધમાં મસ્તીના પુર તરફથી યુવરાજ દુર્યોધનની અક્ષોની સેનાનું નેતૃત્વ નું પદ સેનાપતિ તરીકે 11 દિવસ સુધી શોભાવીને યુદ્ધ લડ્યા હતા. મહાભારતના ગ્રંથમાં એના પુરાવો મળે છે કે તેમણે તેમના જીવનના ગણતરીના અંતિમ યુદ્ધના 11 દિવસો આ યુદ્ધમાં સમર્પિત કર્યા હતા ત્યારબાદ બાકીનું જીવન લગભગ છ માહ જેટલું બાણોની સૈયા પર વિતાવ્યું હતું.

**પૂર્વ જન્મનું કથન**

સમયચક્રમાં ગોઠવાયેલા આ સમગ્ર સૃષ્ટિ તથા બ્રહ્માંડના આઠ વસુઓ પોતાની પત્ની સાથે વશિષ્ઠ ઋષિના આશ્રમમાં ગયા. આશ્રમમાં એક દિવ્ય ગાય હતી જેનું નામ હતું નંદિની. તેને જોઈ પ્રભાસ નામના વસુની પત્નીને ગાય મેળવવાની ઈચ્છા થઈ. પ્રભાસ ની પત્ની તેની આગળ તેની ઈચ્છા રજૂ કરી તેઓએ અન્ય વસુઓ સાથે મળીને વશિષ્ઠ ઋષિની આ ગાય ચોરી લીધી. વશિષ્ઠ ઋષિ ને ગાયની ચોરીની વાતની જાણ થઇ તેઓએ યોગ બળથી આ જાણી લીધું કે તેમની ગાય આ આઠ વસુઓએ ચોરી છે. તેમણે આ આઠ વસ્તુ અને પૃથ્વી પર જન્મ લેવા પડશે એવો શ્રાપ આપ્યો.ત્યારે પ્રભાસ નામક વસુને પૃથ્વી પર વધારે ભોગવવું પડશે. હવે આ ક્ષણે પ્રશ્ન એ હતો કે જ્યારે આ આઠ વસુઓ પૃથ્વી પર જન્મ લેશે ત્યારે એમની માતા કોણ બનશે? ત્યારે માતા ગંગાએ આ આઠ વસુઓની માતા બનવાનું દાયિત્વ સ્વીકાર્યું. ત્યારબાદ હસ્તિનાપુરના મહારાજ શાંતનુ અને માતા ગંગાના મિલનથી આ આઠ વસ્તુઓનો જન્મ થયો. બાળકનો જન્મ થતા જ તેમને નદીમાં વહેંડવામાં આવ્યા પરંતુ જ્યારે નવમાં બાળકને માતા ગંગાએ પાણીમાં વહેંડવાની ના પાડી અને પોતાની સાથે લઈ ગયા.

**ભીષ્મ પ્રતિજ્ઞા**

જ્યારે ભીષ્મ મોટા થયા ત્યારે તેમને હસ્તિનાપુરના યુવરાજ બનાવવામાં આવ્યા. આ સમય દરમિયાન મહારાજ શાંતનુ નાવિકની કન્યા સત્યવતીના પ્રેમમાં પડ્યા અને તેના પિતા પાસે લગ્નનો પ્રસ્તાવ મુક્યો. પરંતુ સત્યવતીના પિતાએ વિવાહ માટે શરત મુકી કે જો સત્યવતીનું સંતાન રાજા બને તો જ તેઓ પોતાની પુત્રી સત્યવતીને શાંતનુ સાથે પરણાવશે.

પોતાના પ્રિય પુત્ર ભીષ્મને યુવરાજ બનાવી ચુક્યા હોવાથી શાંતનુ આ શરતનો સ્વીકાર કરી શક્યા નહિં. પરંતુ તેઓ રાત-દિવસ ઉદાસ રહેવા લાગ્યા. ભીષ્મને આ વાતની ખબર પડતા તેમણે સત્યવતીના પિતાને વચન આપ્યું કે તેઓ રાજપદ જતું કરવા તૈયાર છે. આમ છતા જ્યારે સત્યવતીના પિતાએ ભવિષ્યની પેઢી પ્રતિ શંકા દર્શાવી તો ભીષ્મએ આ જીવન બ્રહ્મચર્યની કઠોર પ્રતિજ્ઞા લીધી. આવી કઠોર પ્રતિજ્ઞા કરવાને લીધે તેઓ દેવવ્રત ઉપરાંત ભીષ્મના નામે ખ્યાતિ પામ્યા. પુત્રના આવા મહાન બલિદાનથી શાંતનુ ખુબ પ્રભાવિત થયા અને ભીષ્મને ઇચ્છામૃત્યુનું વરદાન આપ્યું.

**વિચિત્રવિર્ય માટે કન્યા**

વિચિત્રવિર્ય માટે જ્યારે ઉત્તમ કન્યાની શોધ ચાલતી હતી ત્યારે, કાશીના રાજાની ત્રણ પુત્રીઓ,અંબા, અંબીકા તથા અંબાલીકા માટેનો સ્વયંવર ચાલતો હતો. ભીષ્મએ વિચિત્રવિર્યનું પ્રતિનીધિત્વ કરી સ્વયંવરમાં ત્રણેય રાજકુમારીઓ ને જીતી વિચિત્રવિર્ય સાથે પરણાવવા માટે લાવ્યા. પરંતુ અંબા પહેલેથી જ મનોમન રાજા શાલ્વ ને વરી ચુકી હોવાથી ફક્ત તેની નાની બહેનો અંબીકા તથા અંબાલીકાના જ વિચિત્રવિર્ય સાથે લગ્ન થયા.

અંબા ભીષ્મ પર ક્રોધિત થઇ ઋષિ પરશુરામ પાસે પોતાની વ્યથા કહી. પરશુરામે ભીષ્મને તેમની પાસે બોલાવ્યા પરંતુ ભીષ્મ ગયા નહી. આથી પરશુરામજી એ ભીષ્મને યુદ્ધ માટે લલકાર્યા પરંતુ, પરશુરામજી ભીષ્મના ગુરુ હોવાથી ભીષ્મએ યુદ્ધ મર્યાદાની વિરુદ્ધ જાણ્યું. પરંતુ, પરશુરામજીને જ્યારે ભીષ્મએ રથ વગર ના જોયા તો તેમણે પોતાના ગુરુ ને વિનંતી કરી કે તેઓ રથ પર આરુઢ થઇ અને કવચ ધારણ કરે. પરશુરામજી મલકયા અને ભીષ્મને દિવ્ય ચક્ષુ આપ્યા અને ફરી જોવા કહ્યું. ભીષ્મએ જયારે ફરી જોયું તો પરશુરામજી પૃથ્વીરુપિ રથ પર સવાર હતા જેના ચાર વેદરુપિ ઘોડા હતા, ઉપનિષદો લગામ હતી અને વાયુ સારથી તથા દેવીઓ તેમનું અભેદ કવચ હતા. ભીષ્મ રથ પરથી ઉતરીને પરશુરામજી પાસેથી યુદ્ધ માટેની આજ્ઞા માંગી.પરશુરામજી ભીષ્મના આ વિવેક થી ખુબ પ્રસન્ન થયા અને તેમને ભીષ્મને પોતાના ધર્મ તથા બ્રમ્હચર્યની રક્ષાના

આશીર્વાદ આપ્યા અને તેમણે કહ્યુંકે તેઓ પોતાનો અંબા પ્રતિ શરણાગત ધર્મ બજાવશે. આમ તેમણે આજ્ઞા આપી ત્યાર બાદ ખુબ ભયાનક સંગ્રામ ૨૩ દિવસ સુધી ચાલ્યો.. બન્ને યોદ્ધા પરમ પ્રતાપિ હોવા ઉપરાંત, પરશુરામજી ચિરંજીવી તથા ભીષ્મને ઇચ્છા મૃત્યુનું વરદાન હોવાથી હાર-જીતનો ફેસલો ન થઇ શક્યો. ૨૨માં દિવસે ભીષ્મએ કંટાળીને પોતાન પૂર્વજોને પ્રસન્ન કર્યા. પૂર્વજોએ ભીષ્મને એવું અસ્ત્ર આપ્યું કે જેની જાણ પરશુરામજીને ન હતી. વેદના નિયમ મુજબ જો યોદ્ધા યુદ્ધ દરમિયાન નિંદ્રાને વશ થાય તો તે મૃત ગણાય. યુદ્ધ દરમિયાન જ્યારે ભીષ્મએ આ અસ્ત્રનું અનુસંધાન કર્યું તો તેમની વિજ્ય નિશ્ચિત થઇ ગઇ. પરંતુ ભીષ્મએ તેનો પ્રયોગ મર્યાદાની વિરુદ્ધ જાણ્યો અને પોતે સ્વયં મેદાન પરથી હટી ગયા. અંતે પરશુરામજીએ અંબાને કહ્યું કે ભીષ્મને જીતવા શક્ય નથી પરંતુ તેમણે અંબાને શિવજીને પ્રસન્ન કરવા કહ્યું. આમ, અંબા નિરાશ થઇ, આવતા જન્મમાં ભીષ્મને મારવાની પ્રતિજ્ઞા સાથે વનમાં તપ કર્યું. ત્યારબાદ તેનો પુનર્જન્મ દ્રુપદ રાજાને ત્યાં શિખંડી તરીકે થયો જે ભીષ્મના મૃત્યુનું કારણ બન્યો.

**મહાભારતનાં યુદ્ધમાં**

યુદ્ધ અટકાવવાના તમામ પ્રયાસો નિષ્ફળ ગયા બાદ, દુર્યોધનની વિનંતીથી, ભીષ્મ પિતામહઃ મહાભારતના યુદ્ધમાં કૌરવ સેના ના પ્રધાન સેનાપતિ બન્યા. તેમણે દુર્યોધનને કહ્યું કે તેઓ રોજ દસ હજાર સૈનિકો નો વધ કરશે પરંતુ એક પણ પાંડવને મારશે નહીં. વળી તેમણે શરત મુકી કે તેઓની હાજરીમાં કર્ણ યુદ્ધમાં ભાગ લઇ શકશે નહી. યુદ્ધમાં તેમના અદ્વિતિય પરાક્રમને લીધે પાંડવોની સેના ખુબ ક્ષતિ પામી. આ યુદ્ધ દરમિયાન શ્રીકૃષ્ણએ નિ:શસ્ત્ર રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી ત્યારે ભીષ્મ પિતામહઃ એ કહ્યું કે,તેઓ પ્રતિજ્ઞા તોડાવીને જ રહેશે. ભીષ્મના તથા અર્જુનના ભયાનક યુદ્ધ દરમિયાન જ્યારે અર્જુન અત્યંત ઘવાયો ત્યારે કૃષ્ણએ પોતાનું સૂદર્શન ચક્ર ધારણ કરવુ પડ્યું. અર્જુને તેમને પ્રતિજ્ઞા યાદ અપાવી અને તેમને રોક્યા.

પિતામહઃ ભિષ્મને ઇચ્છામૃત્યુનું વરદાન હતું અને વળી તેમણે પ્રતિજ્ઞા લીધી હતી કે જ્યાં સુધી તેઓ હસ્તિનાપુરને સુરક્ષિત નહીં જાણે ત્યાં સુધી તેઓ દેહ ત્યાગ નહીં કરે. આમ તેઓ આવી ઘાયલ અવસ્થામા પણ પોતાના પ્રાણ ટકાવીને યુદ્ધના પરિણામની પ્રતિક્ષા કરવા લાગ્યા. તેમના પછી કૌરવોની સેનાના પ્રધાન સેનાપતિ દ્રોણને બનાવવામાં આવ્યા.શરત મુજબ કર્ણ હવે યુદ્ધમાં ભાગ લેવા માટે આવતા પહેલા તે ભીષ્મ પાસે આશીર્વાદ લેવા માટે આવ્યો. કર્ણ દુર્યોધનનો સૌથી પ્રિય મિત્ર હોવાથી ભીષ્મ પિતામહઃ એ કર્ણ ને કહ્યું કે તે દુર્યોધનને સમજાવે અને યુદ્ધ નો ત્યાગ કરે. પરંતુ કર્ણએ આમ કરવાની તથા દુર્યોધનનો સાથ નહીં છોડવાની વાત કરી. આમ છતાં ભીષ્મએ તેને આશીર્વાદ આપ્યા.લ

**ભીષ્મ ગીતા**

ભીષ્મ જ્યારે મૃત્યુ સૈયા પર હતા તે વખતે તેમણે યુધિષ્ઠિરને જે ઉપદેશ આપ્યો તે ભીષ્મ ગીતા તરીકે પ્રખ્યાત છે. જ્યારે પાંડવોનો પરાજય થાય તેવું લાગતું હતું તે વખતે દ્રૌપદીએ શ્રી કૃષ્ણને વંશનો નાશ ના થાય તે માટેનો ઊપાય જણાવવા કહ્યું. કૃષ્ણએ કહ્યું કે તું ભીષ્મનાં આશિર્વાદ લે. પરંતુ યુધ્ધનાં સમયમાં ભીષ્મ ને મળવું કઠીન હતું. કૃષ્ણએ દ્રૌપદીની સખીનો વેશ ધારણ કર્યો અને બંને ભીષ્મ પાસે પહોંચ્યા. ભીષ્મએ અખંડ સૌભાગ્યવતીનાં આશીર્વાદ આપી દીધા. પછી ખ્યાલ આવ્યો કે મારાથી આવી ભૂલ ના થાય નક્કી આ કૃષ્ણની જ ચાલ છે. તેથી તેમણે પુછ્યુ કે આટલી રાત્રે તું એકલી કેવી રીતે આવી? ત્યારે દ્રૌપદીએ કહ્યું, "ના, ના, મારી સખી છે ને મારી સાથે." ભીષ્મ જાણી ગયા કે આ સખી કૃષ્ણ જ છે. તે જ વખતે તેમણે વચન લીધું કે મારા મૃત્યુ સમયે તમે હાજર રહેશો. યુધિષ્ઠિર ને (અર્જુનને યુદ્ધ પહેલા જેવો પસ્તાવો થયો હતો તેવો) પસ્તાવો યુદ્ધ પછીથી થયો અને બહુ જ ખોટું થઇ ગયું એવી લાગણી થઇ. તે વખતે શ્રી કૃષ્ણ તેને ભીષ્મ પિતામહ પાસે લઇ ગયાં અને ભીષ્મએ તે સમયે તેને જે ઊપદેશ આપ્યો તે "ભીષ્મ ગીતા" તરીકે પ્રખ્યાત છે.

**મૂલ્યોઃ**

- **બલિદાન** : પિતાની ઈચ્છા માટે યુવરાજ પદ ત્યાગ કરી પિતાના પુનઃલગ્ન કરાવ્યા.
- **સમર્પણ :** પોતાના નાના ભાઈઓને રાજ્ય આપી દાસત્વનો સ્વીકાર કર્યો.

- **બ્રહ્મચર્યનું પાલન :** સમગ્ર જીવન નિર્વિવાહિત રહી રાજ્યની સેવામાં આપ્યું.
- **શોર્ય** : નાની વયે આક્રમણકારીઓને સરહદ થી પાછા વાળ્યા.
- **કર્મોની સ્વીકૃતિ** : યુદ્ધના અંતે દ્રોપદી સમક્ષ માફી માંગી.
- **ધર્મપાલક :** પોતાનો યુદ્ધ સમય પૂર્ણ થતા અર્જુનને બોલાવી શિખંડીને પોતાની ઢાલ બનાવવાનો આદેશ આપ્યો.
- **કર્ણનો પ્રવેશ નિષેધ કર્યો કારણ કે તે પોતાના સેનાપતિ પ્રત્યે સમર્પણ ના દાખવ્યું.**
- **સ્વાભિમાની :** પોતાના રાજાનું અપમાનનું પ્રતિશોધલેવા સ્વયંવરમાંથી કન્યાઓનું અપહરણ

**ઉપસંહાર:**

મહાભારત એટલે ઇતિહાસનું યુદ્ધનું એવું દ્રશ્ય કે જેમાં સમગ્ર ભારત વર્ષના લાખો કરોડો ની સંખ્યામાં નર સંહાર.પિતામહ ભીષ્મ નું નામ લેતા જ આપ સૌની તેઓને બાણોની સૈયા પર સુતેલા છે એવું દ્રશ્ય દેખાઈ આવે છે. તેમનું આ સમગ્ર જીવન વશિષ્ઠ ઋષિના શ્રાપને કારણે હતું. તેઓ ચાર વેદ તથા જાણકાર હતા ઉપરાંત તેમને અસ્તરશાસ્ત્ર સ્વયં દેવરાજ ઇન્દ્રય આપ્યા હતા તેથી તેઓ સર્વગુણ સંપર્ક અને તમામ દેવીશક્તિઓને ધારક હતા તેના કારણે તેમનું નામ દેવ વ્રત કર્યું હતું.ભીષ્મ પિતાના જીવનમાં આપણને ઘણા બધા માનવીઓ મૂલ્યો જોવા મળે છે. જે બધા ઉપરોક્ત દર્શાવ્યા છે. જેમના દ્વારા બલિદાન,સમર્પણ, બ્રહ્મચર્યનું પાલન વગેરે મૂલ્યો વિશે જાણવાનું અને શીખવાનું મળે છે.યુદ્ધ અંતે શ્રી કૃષ્ણ અને પાંડવોને ભીષ્મએ તે સમયે જે ઊપદેશ આપ્યો તે "ભીષ્મ ગીતા" તરીકે પ્રખ્યાત છે.

**સંદર્ભ સૂચિ:**

- વેદવ્યાસ રચિત મહાભારત ગ્રંથ
- https://youtube.com/shorts/3fU8tjT-veI?si=wayDYl1RjLNc6FOM
- https://youtube.com/shorts/pGiI7-V13X4?si=iK7NyjoJEye5eXVC

# સુંદરકાંડમાંરહેલા માનવીયમૂલ્યો

**રેણુકાકુમારી ભારતસિંહ ઠાકોર**
*તાલીમાર્થી*
*શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા*

*સારાંશ*

***સુંદર શબ્દ ફક્ત બાહ્ય બાબતન બતાવી આંતરિક મૂલ્યો વિકસાવી કઈ રીતે પોતાના કર્તવ્ય પર નિષ્ઠાવાન રહી,જુસ્સાપૂર્વક અને સૌથી અગત્યનું ઇન્દ્રિયોને પર કાબુ રાખીએ આપણે જે લક્ષ્ય નક્કી કર્યો છે, તેના પર આગળ વધવું જેવા વ્યક્તિગત મૂલ્યો રામાયણમાં રજૂ થયેલ પાંચમાં કાંડસુંદરકાંડમાં સરસ રીતે સમજ આપી છે.***

**ચાવીરૂપશબ્દો:-** હનુમાન, રાક્ષસી, લંકા, રાવણ, સીતા, સ્ત્રી, કામવાસના

**પ્રસ્તાવના:-**

આપણા ધાર્મિક ગ્રંથો અને કથાઓ જીવન જીવવા માટે જરૂરી દિશા સાથે મૂલ્ય પણ આપે છે. આ સંસારમાં કઈ રીતે જીવવું એ બાબત રામાયણમાંશ્રેષ્ઠરીતે રજૂ થયેલી છે. મૂલ્યો એટલે જેને આપણા જીવનમાં ઉતારી અન્યને પ્રેરણાઆપી વર્તનમાં પરિવર્તન લાવવું અને રામ ભગવાન, હનુમાનજી, સીતા માતા જેવા દરેક રામાયણના પાત્રમાં રહેલા મૂલ્ય આપવા ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. આ રામાયણમાં કુલઆઠકાંડ રજૂ થયેલ છે,જેબાલકાંડ,અયોધ્યાકાંડ,અરણ્યકાંડ, કિષ્કિન્ધાકાંડ,સુંદરકાંડ,લંકાકાંડ, ઉતરકાંડઅને લવકુશકાંડનોસમાવેશ થાય છે.

**વિષયવસ્તુ:-**

સુંદરકાંડ સંતોની ઉપાસનાનો કાંડ ગણાય છે. જેમાં હનુમાનજીના ચરિત્ર તથા વ્યક્તિત્વ પર પ્રકાશ આપ્યો છે , તેના શરૂઆતમાં મંત્ર લખ્યા છે. સુંદરકાંડની શરૂઆત હનુમાનજીના છલાંગથી થાય છેરામના જયજયકાર કરી પર્વત પર પગ મૂકતાં જ દબાયને તે પાતાળમાં ઉતરી જાય છે.

માર્ગમાં આગળ જતાં પ્રથમ વિઘ્ન આવે છે જે મૈનાક પર્વત છે તે સોનાનો પર્વત હોય છે.પુરાણો અનુસાર આ પર્વતને પાંખો હતી જીવ હતો તથા તે એક ગામથી બીજા ગામમાં જતો હતો પરંતુ તેમનો ત્રાસ વધતા ઈન્દ્રે વજ્ર ફેંકી તેની પાંખો કાપી નાખી.માત્ર મૈનાક પર્વત સિવાય બધા પર્વતોનો નાશ થયો. મૈનાકદરિયાની તળિયે સંતાય જતા બચી ગયો હતો. તેને સૂચના મળતા હનુમાનજીને આરામ આપવા માટે જાય છે હનુમાનજી બુદ્ધિથી ઉત્તર આપે છે મને આરામ રામકાર્ય જ આપે છે સોનું મળતા સૂવાનું છીનવાઇ જાય છે આમ કહી અપમાન ન કરી હાથ સ્પર્શકરી હવેતુ જા કહી તેને મોકલી આપે છે.

હવે રસ્તામાં બીજા નંબરનુંવિઘ્ન આવે છે સુરસા જે સર્પોની માતા છે તે આવીને કહે છે,આજે મને દેવતાએ ખોરાક આપ્યો છે અને હું તો ખાય જ જઈશ. ખૂબ દલીલ કરતા હનુમાનજી બુદ્ધિના પ્રતાપે અહીં પણ વિજય મેળવે છે , એમની ચતુરાઈથી સુરસા પણ પ્રભાવિત થઈ તેમને આશીર્વાદ આપે છે

ત્રીજુ એટલે કે છેલ્લું વિઘ્ન રાક્ષસી જે આકાશમાં ઉડતા પક્ષીના પડછાયા ને દબાવી તાંત્રિક રીતે પકડી નીચે પાડી તેનું ભક્ષણ કરતી હોય છે, જેવા હનુમાનજીના પડછાયાને દબાવે છે અને નીચે પડે છે તેવા જ હનુમાનજી તેના પર પ્રહાર કરી મારી નાખે છે.

હવે હનુમાનજી કિનારે પહોંચે અને અંદર જવા માટે ખૂબ જ નાના સ્વરૂપ ધારણ કરે છે , તો પણ લંકિની તેમને પકડી નાખે છે જેમને હનુમાનજી માથા પર પ્રહાર કરી મારી નાખે છે.પછી સીતા માતાની શોધમાં નીકળે છે દરેક સ્ત્રીને માં કરતા આ જાય છે અને સીતા માતાને શોધે છે. એક મકાનની દિવાલ પર ધનુષ બાણનું ચિત્ર હોય છે એટલે

હનુમાનજી સમજી ગયા કે કોઈ સજ્જન નું ઘર છે બે મહાપુરુષોનું મિલન થાય છે.પછી સીતા માતાને જોઈ છે અને ત્યાં રાવણનું અપમાન પણ સીતા માતા કરે છે. અહીં મંદોદરીના કહેવાથી રાવણ તલવાર મ્યાનમાં મૂકે છે અને સીતાને ત્રાસ આપવામાં માટે રાવણ આદેશ આપે છે. એક સ્ત્રી રાક્ષસી જેનું નામ ત્રિજટા હોય છે તેની પાસે સીતા માતા આગ માંગે છે, હનુમાનજી રામ સ્મરણ કરાવવા મુદ્રિકા મોકલે છે અને રામાયણની કથા કહી દુખ દૂર કરે છે સીતા માટે મુખ બતાવવા માટે કહે છે પરંતુ હનુમાનજી સામે આવતા જ મુખ ફેરવી જાય છે અને પ્રમાણ માંગે છે કે તું રામભક્ત છે તો મને પ્રમાણ આપ. બધા પ્રયત્નો નિષ્ફળ જતા છેલ્લે કરુણાનિધન કહી પ્રણામ કરે છે જેથી સીતા માતાને પ્રમાણ મળ્યું અને આશીર્વાદ આપે છે હનુમાનજી ને ખૂબ ભૂખ લાગતાં માતાને વિનંતી કરે છે માતાનીઆજ્ઞા લઇ ખાવા માટે નીકળે છે જ્યાં રાવણના દૂતો તો પકડવા આવે છે અને તેમને હનુમાનજી ખૂબ મારે છે પછી ઇન્દ્રજીતે બ્રહ્મસ્ત્રનો ઉપયોગ કરી હનુમાનજીને બાંધે છે અને તેને મૃત્યુદંડ આપવા કહે છે પરંતુ વિભીષણના વાત પ્રમાણે દંડ આપવા માટે તેની પૂંછડીમાં આગ લગાવવાનું કહે છે અને પરિણામે વિભીષણના ઘર સિવાય આખીલંકાનેસળગાવી દીધી. સીતા માતાને મળી ત્યાંથી નીકળી રામ પાસે ગયા. વિભીષણે સીતા માતાને પાછી મોકલી દેવાનું રાવણને સૂચન કર્યું જેનાથી રાવણ બહેકી ગયો અને લંકામાંથી કાઢી મૂક્યો. ત્યારબાદ તે રામજી પાસે જાય છે અને તેમનું રાજ્ય અભિષેક કરવામાં આવે છે, તેની પાછળ બે રાક્ષસો આવ્યા હોય છે જે રાવણના દૂતો હોય પરંતુ તેઓ રાવણને સંદેશો પહોંચાડી રામનું શરણનો સ્વીકાર કરે છે.
(અહીં હનુમાનજીનું જુસ્સાપૂર્વક વ્યક્તિત્વ પ્રસ્તુત થાય છે)

**તારણો:-**

આપણે આપણી ઈન્દ્રિયો પર કાબૂ રાખવું.જેમ કે ઇર્ષાને મારી નાખવી અને સોનુંથી મોહવવું નહીં. તેમજ ભેદબુદ્ધિ પણ ના રાખવી એટલે કે એક જ વિષય પર વ્યક્તિ માટેજુદા જુદાવિચાર રાખવા.
આપણે આપણા કામ પ્રત્યે નિષ્ઠા અને આત્મવિશ્વાસરાખીકોઈ પણ વિઘ્ન આવે તો પણ તેને પાર કરી કામ પૂરું કરવું.
કોઈ પણ કામ પૂરું થાય પછી જ આરામ કરવો.
મદદની વૃત્તિ હંમેશા રાખવી.

**પરિણામ:-**

આમ, આપણે આપણા કામ પ્રત્યે નિષ્ઠાવાન રહીશું અને લાલચ, ઇર્ષા જેવાથીપ્રભાવિતન થઈને સાથેપોતાનુંવ્યક્તિત્વસાચવીનેકોઈ પણ કામજુસ્સાસાથે કરશું તો આપણે સફળ થશું જ.

**ઉપસંહાર:-**

ભૌતિક સુવિધા ત્યાગ કરી સાધના કરવી એ બાબતો એ બતાવે છે કે વ્યક્તિઓને પોતાની ઇન્દ્રિયો પર કાબુ જ નથી જ્યારે સુંદરકાંડમાં હનુમાનજી દર્શાવે આટલી સુંદર મનમોહક સ્ત્રીની વચ્ચે સીતા માતાની શોધ કરતા હોય ત્યારે તેમના મનમાં એક વખત પણ કામવાસના ન જાગતા ફક્ત સીતા માતાને મળવાની પોતાના લક્ષને પામવું વધુ જરૂરી છે સમજી આગળ માર્ગમાં વધે છે.આમ, વ્યક્તિ પર વ્યક્તિત્વના મૂલ્યો કર્તવ્યપરાયણ,જુસ્સો ,ઇન્દ્રિયોપર કાબુ, આત્મવિશ્વાસ ચરિત્ર જેવા મૂલ્યો હાવી થાય તો વ્યક્તિ કોઈ પણ કાર્ય કરી શકે છે.

**સંદર્ભ સૂચિ:-**

૧. લેખક- શ્રીમધુસૂદનપાઠક, આવૃત્તિ વર્ષ -૨૦૦૧, પુસ્તક વાલ્મીકિ કૃત રામાયણ., પ્રકાશક: ભકિત વિકાસ ટ્રસ્ટ, સુરત, ગુજરાત, ભારત
૨. લેખક- શ્રી મોરારી બાપુ, આવૃત્તિ વર્ષ -૨૦૧૩, પુસ્તક – અમૃત રામાયણ, પ્રકાશક: પ્રવીણ પ્રકાશન, રાજકોટ

# પંચતંત્રની વાર્તામાંથી નિષ્પન્ન થતા માનવ મૂલ્યનો જીવનમાં વિનિયોગ

**Bhavinkumar Laxmanbhai Ahir**
*Trainee of B. Ed. College*
*Shrirang Shikshan Mahavidyalay, Bilimora.*

*સારાંશ*

***આપણે અહીં પંચતંત્રની વિવિધકથાઓને આધારે સારું કે ખરાબ તથા યોગ્ય કે અયોગ્ય કર્મ કોને કહેવાય તથા હકારાત્મક મૂલ્યો અને નકારાત્મકમૂલ્યોની ઓળખ તથા માનવવર્તન પરથી તે સારી રીતે જાણી શકાય છે. જો વ્યક્તિનું સારું વર્તન હોય તો પ્રસન્નતા તરફ દોરી જાય છે.અને ખરાબ વર્તન હોય તો દુઃખના ભાવો ઉભા થાય છે. પંચતંત્રના કથાપાત્રો માનવ જેવું જ વિચારે છે કે વર્તન કરે છે. આથી આ વિવિધ પાત્રો વચ્ચે કેવો સંઘર્ષ થાય છે તથા તે સંઘર્ષ ના પરિણામ કેવા આવતા હોય છે તેનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરીને સંઘર્ષ સર્જાતિ વિવિધ સમસ્યાઓ તેમાં પણ નૈતિકમૂલ્યોને ખાસ લગતી સમસ્યાઓ અને તેના ઉકેલને અહીં શોધવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. અહીં વાર્તાના પાત્રો એ માત્ર એક માધ્યમ છે જેના દ્વારા કહેવાય તથા તેનું નિર્માણ કઈ રીતે કરી શકાય તેનો અભ્યાસ કરવા માટેનું જરૂરી મૂલ્ય મળી રહે છે.***

**Key words:-**આદર, નમ્રતા, સેવા, દયા, પારધી, કબુતર , ક્રોધ, પંચતંત્ર

**પ્રસ્તાવના:**

2000 વર્ષોથી વધુ પ્રાચીન પંડિત વિષ્ણુ શર્મા દ્વારા રચાયેલ પંચતંત્રની વાર્તાઓનું વિશ્વ સાહિત્યમાં આદિત્ય અને અનોખું સ્થાન છે. લોક કથા સ્વરૂપે લખાયેલી આ વાર્તાઓ તેની અલગ ભાત પાડતી શૈલીના લીધે જગતમાં મસૂહર છે. આ વાર્તાઓ મનોરંજક તેમજ કુતુહલપેરક હોય છે પંચતંત્રની વાર્તાઓમાં પાત્ર તરીકે સિંહ ,હરણ ,વાઘ , ઊંટ વગેરે પ્રાણીઓ અને પક્ષીઓનું સમાવેશ થાય છે. માનવીય પાત્રો ઘણા ઓછા હોય છે. પરંતુ પાત્રોને લીધે રાજનીતિ, કુટનીતિ તથા સામાજિક ચેતના ઉજાગર થાય છે. પંચતંત્રની વાર્તાઓ માનવજીવનની તમામ અપેક્ષાઓ કરવામાં આવતી પ્રવૃત્તિઓ ને પ્રતિબિંબિત કરે છે. વાર્તાઓ ટૂંકી હોવા છતાં પણ એકબીજા સાથે સંબંધ ધરાવે છે. એમ કહેવાય છે કે પંચતંત્ર જેવો લોકપ્રિય સંસ્કૃત ગ્રંથ કદાચ કોઈ બીજો નહીં હોય. સંસ્કૃત પંચતંત્રની વાર્તાઓમાં ના શ્લોકો પહેલ પાડેલા કીમતી હીરાઓ જેવા હોય છે. પંચતંત્રની એક એક વાર્તાઓ જીવન જીવવાની ચાવી જેવી છે. પંચતંત્રની વાર્તાઓ બોધાયક હોવાની સાથે સાથે મનોરંજક પણ છે. સંસ્કૃત ગ્રંથની કથા શૈલી તેના ક્ષેત્રમાં અનુપમ છે. તમામ વાર્તામાં સાહિત્ય અને લોકવ્યવહારની રોજિંદી પ્રવૃત્તિઓનો સમન્વય સંધાયેલો છે. પંડિત વિષ્ણુશર્મા રચિત સંસ્કૃત પંચતંત્રનું સંપૂર્ણ ગુજરાતીમાં અનુવાદન વિનુભાઈ પટેલે કર્યું છે.

**શબ્દોની સમજ :**

સંશોધનમાં ઉપયોગી લેવાતા શબ્દો ખૂબ જ મહત્વના હોય છે. સંશોધન લેખમાં દરેક શબ્દનો ચોક્કસ અર્થ થતો હોય છે. સંશોધન સમસ્યા અને તેના ઉકેલને સમજવા માટે સમજણ ની જરૂર છે. તેનો ઉપયોગ વાચકોને સંશોધનમાં કયા સંદર્ભમાં શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે તેની સમજણ થાય છે.

**મૂલ્યોની સમજ:**

મૂલ્ય એટલે લોકોને એક અથવા બીજી રીતે કાર્ય કરવા માટે પ્રોત્સાહિત કરે છે. અનેતેઓને તેમની માન્યતા પ્રણાલીનો ભાગ છે તેઓ તેમનું વર્તન નક્કી કરે છે અને તેમની રુચિઓ અને લાગણીઓને વ્યક્ત કરે છે. સૌથી મહત્વપૂર્ણ મૂલ્યમાં માનવ મૂલ્યો છે. કારણ કે તેમની પાસે વિવિધ માન્ય જૂથો પર વધુ માન્યતા અને અસર છે. આ મૂલ્ય અન્ય

લોકોમાં આદર, દયા, સહિષ્ણુતા , એકતા ,મિત્રતા, પ્રમાણિકતા, પ્રેમ ,ન્યાય અને સ્વતંત્રતા સાથે સંબંધિત છે. ઉદાહરણ તરીકે સ્વતંત્રય માનવીનું મૂલ્ય છે જે બધા લોકોએ નિર્ણયો લેવા અને આપણી ભાવનાઓ અને અભિપ્રયોગ વ્યક્ત કરવા પડે છે.

**આદર :** ઓળખવાની સ્વીકારવાની મંજૂરી આપે છે કે બધા લોકો સમાન મહત્વપૂર્ણ છે.

**પ્રેમ:** તે આપણને દરેક વ્યક્તિ પાસે રહેલ આદર અને સ્વતંત્રતા દ્વારા સારામાંથી કાર્ય કરવા મદદ કરે છ

**નમ્રતા:** માફ કે અપરાધની લાગણી કર્યા વિના અમારી મર્યાદાઓ અને નબળાઈઓને ઓળખવાની ક્ષમતા.

**પ્રમાણિકતા:** આદર, વિશ્વાસ અને સત્ય કહેવાના આધારે સંબંધ સ્થાપિત કરવા તે મૂળભૂત મૂલ્ય છે.

**વાર્તાનું વિષયવસ્તુ:-**

જીવનની અવસ્થાઓ પ્રમાણે વાર્તાની વિષયવસ્તુ બદલાતી રહે છે. વાર્તા નું મનુષ્ય જીવનમાં વિશેષ મહત્વ છે. જ્યારે મનુષ્ય કોઈ માનસિક તાણ અનુભવતો હોય ત્યારે શાંત ચિતે કોઈ વાર્તા સાંભળવાથી તેની માનસિક તાણ જતી રહે છે. ભારતીય સાહિત્યમાં પંચતંત્રની વાર્તાઓ ના નિર્માણ પાછળ ખૂબ જ રોચક કથા હોય છે.

**પારધી અને કબૂતર ની વાર્તા**

પારધી શિકાર કરવાની દાનતથી જંગલમાં જાય છે. તે સ્વભાવે નિર્દય અને ગાતકી હતો. તે હાથમાં ઝાડ લાકડી અને પાંજર રાખતો હતો. એક દિવસે એક કબૂતરી ને પકડીને પાંજરામાં પૂરી દીધી હતી. થોડીવારમાં ખૂબ જ જોરથી વરસાદ આવવા લાગ્યો. વરસાદ ખૂબ ધોધમાર વરસી રહ્યો હતો. શિકારી ના ડર લાગવા માંડ્યો અને ઠંડી પણ લાગવા માંડી છે. તે વિચાર કરે કે હવે શું કરવું? થોડા સમયમાં વરસાદ બંધ થાય છે અને શિકારી 1,000 નીચે બેસે છે.ત્યાં એક ઝાડ પાસે પાંજરામાં રહેલી કબુતરીને પતિ ખૂબ વિલાપ કરતો જોવા મળે છે, હજુ મારી પત્ની આવી નથી આટલો બધો વરસાદ આવે છે ક્યાં હશે? થોડા સમય પછી તેની નજર પાંજરા પર પડે છે. તે વિચાર કરે છે કે શિકારીએ બંધી બનાવી છે. ત્યાં શિકારી નો અવાજ સંભળાય છે અહીં કોઈ છે કે મને મદદ કરે એવું મને ખૂબ ઠંડી લાગી રહી છે. ભુખ પણ ખૂબ લાગી છે. ફરી બૂમ મારે છે અહીં કોઈ છે! આ સાંભળી કબુતરી કબૂતરને કહે છે આપણા ઘરે મહેમાન આવ્યા છે. આપણા ઘર પાસે આવેલા શિકારીને પણ મહેમાન ગણવો જ જોઈએ. શિકારી માટે બધી વ્યવસ્થા કરો. કબુતર થોડા પાંદડા લાવે સળગાવે છે. શિકારી કહે છે મને ભૂખ પણ બહુ લાગે છે જમવામાં કંઈ છે. ત્યાં કબુતર જવાબ આપે છે મારા પાસે કંઈ ખાવાનું નથી. કબુતરી પિંજરામાંથી જવાબ આપે છે મહેમાનને જમવાનું તો આપવું જ જોઈએ. પત્નીનો આદેશ સાંભળીને કબુતર પોતે આગમાં કૂદી પડે છે. અને સ્વીકારીને કહે છે મારું ભોજન આરોગો. આ સાંભળી પારધી કબુતર પાંજરામાંથી ખોડી ખોલી મૂકે છે. કબુતરી કહે છે કે પતિ વગર સ્ત્રી કેમ જીવી શકે એમ કરીને તે પણ આગમાં છલાંગ લગાવી દે છે. શિકારી ખૂબ વૈરાગી બની જાય છે. આ દ્રશ્ય જેને હૃદય પરિવર્તન થઈ જાય છે અને પછી શિકાર છોડી દેવાની વાત કરે છે .અને વાર્તા નો અંત આવે છે આ વાર્તામાંથી સેવા, આદર, પ્રેમ અને પ્રાણ ત્યાગી જેવા મૂલ્ય પ્રાપ્ત થાય છે.

**ભારંડ પક્ષીની વાર્તા**

પંચતંત્રની વાર્તા ભારંડ પક્ષી વાર્તા દ્વારા ક્રોધ દ્વારા થયેલા પક્ષીના મૃત્યુ ની વાત કરવામાં આવી છે. આ વાર્તામાં ક્રોધ દ્વારા થતા નુકસાન વિશે વાત થઈ છે આ જ પ્રમાણે માની કોઈક વસ્તુ કે કોઈક નિષ્ફળતાથી ક્રોધિત થાય છે. તે ક્રોધમાં પોતાનો આપો ખોવાઈ ગઈ છે. ક્રોધ કરતી વખતે મામી પોતાની સમજશક્તિ ગુમાવી દેય છે. જેના કારણે તે પોતાની આસપાસ તે નકારાત્મક ભાવના અનુભવે છે અને તેનું મન ચંચળ બની જાય છે તેની વિચાર ક્ષમતા ક્રોધના કારણે નકારાત્મક બનતી જાય છે જેના કારણે તે કોઈપણ સારા વિચારો તે અનુભવતો નથી તેના કારણે તે પોતાના સંબંધો સમાજ સાથેના સંબંધો કે તેનું કાર્ય અસફળ થઈ જાય છે અને આ બધી જ વસ્તુઓના અંતમાં તેને પોતાને નુકસાન થાય છે. કારણ કે તે ગુસ્સામાં તેને સારા નશા કામો કે વાતોની સમજ હોતી નથી બસ તે બદલાની ભાવના રાખે

છે અને અંતે પોતાની નુકસાનના કારક કાર્ય કરી બેસે છે.

શેયચલ્લી બ્રહ્મણની વાર્તા

આજના યુગમાં વ્યક્તિઓ એકબીજાના દેખાદેખી થી વધુ ચાલતા હોય છે. માનવી વધુ પૈસા કે ધન પામવાની તેઓ ખોટા રસ્તે કે ખોટા વિચારને માન્ય આપતા થઈ જાય છે અને તેઓ લાલચમાં પોતાની જાતને વાસ્તવિકતા થી દૂર કરીને ભવિષ્યની ચિંતા કરી ને તેઓ ધન દોલત કમાવા આડા રસ્તે કમાવા જાય છે. લોભ ના કારણે માની બીજા માનવીને દુઃખ પણ પહોંચાડતો હોય છે પરંતુ તેણે આપેલું દુઃખ તેના કર્મોમાં સમાય છે અને તે કર્મ તેને આગળ જતા ભારે પડે છે. લાલચ લાલચમાં આજકાલના માંડી પોતાની જરૂરિયાતની સંતોષી પૂરી કરી શકતો જ નથી બસ તે જેટલું મળે છે તેનાથી વધુ મેળવવાની લાલચ રાખતો હોય છે.પરંતુ આ લોક કે લાલચ એ માનવીને છોડ કઠોળ અને તેના સ્વભાવને બદલીને સ્વાર્થી બનાવવાની દિશામાં દોરી જાય છે અને તેને કાર્ય દ્વારા તે પોતાના અહમને સંતોષ તો હોય છે.

**વાર્તામાંથી પ્રાપ્ત થતા માનવ મૂલ્યનો જીવનમાં વિનિયોગ**

માનવ મૂલ્યની આજના યુગમાં ખૂબ જ જરૂર છે. માનવ મૂલ્યનો
આધાર આપણી સંસ્કૃતિ પર રહેલો છે. જો આપણે સંસ્કૃતિ કે મૂલ્ય બદલાય તો બધું જ બદલાઈ
જાય છે. માનવીએ નિસ્વાર્થ ભાવે બીજાની સેવા કરવી જોઈએ કેમકે માનવસેવા એ જ પ્રભુ સેવા.
આપણી સંસ્કૃતિ પ્રમાણે ગુરૂ, માતા પિતા કે ઘરના વડીલોને આદર પ્રમાણે બોલાવવું જોઈએ.
નાના-મોટા વ્યક્તિઓ વચ્ચે માન સન્માન રાખવું જોઈએ. આપણા ઘરે મહેમાન આવે તો તેમને
પ્રેમથી અને આદરપૂર્વક બોલાવવા જોઈએ. માનવી માટે પશુ -પક્ષીઓ પ્રાણ ત્યજી શકતા હોય તો
આપણે તો માનવ છીએ આપણે પણ પશુ પક્ષીઓની સેવા કરવી જોઈએ. ઘરમાં પતિ પત્ની વચ્ચે
ઝઘડો ન કરી એકબીજાની વાતમાં સહમત થઈ નિર્ણય લેવો જોઈએ આ મૂલ્યોનો ઉપયોગ શિક્ષણ
જગતમાં પણ ખૂબ ઉપયોગી છે. આ મૂલ્યનું પાલન કરવું આપણી ફરજ બનાવી જોઈએ.

**ઉપસંહાર**

પંચતંત્રની વાર્તાઓ ભલે નાની હોય પણ ખૂબ જ રસપ્રદ હોય છે તેઓ જીવનમાં ક્યાંક ને ક્યાંક ઉપયોગી બની પડે છે. પંચતંત્રની આ મૂલ્યોની વાર્તાઓ બાળકોમા મૂલ્યનો બીજ વાવી શકે છે. માનવીના રોજિંદા જીવનમાં થતા બનાવો કે સંઘર્ષ નું મૂલ્ય બતાવવામાં આવે છે જીવન મા આજનો સમાજ માનસિક તણાવ અને હિંસા અંધકારમાં જઈ રહ્યો છે, ત્યારે આ પંચતંત્રની વાતો દ્વારા તે પ્રાણીઓના પાત્રોથી ઘડાયેલા કથાઓના વાંચન રીતે થોડા સમય માટે પ્રસન્નતા અને તેમાંથી મળતા બોર્ડને પોતાના દૈનિક જીવન માં અમલમાં મૂકે તો તેના જીવન મા પરિવર્તન પણ આવે છે આમ પંચતંત્રની કથા દ્વારા અભ્યાસક્રમ પણ રસપ્રદ અને બોધમય બનાવી શકાય છે. જેના દ્વારા વિદ્યાર્થીઓને માનવીય મૂલ્યો ની સમજણ નું જ્ઞાન પ્રાપ્ત કરાવી શકાય. આજના યુગમાં મૂલ્ય ભૂલતા જાય છે એટલે તેની જાળવણી કરવી ખૂબ જરૂર છે.

**સંદર્ભસૂચિ**

પટેલવિનુભાઈ એ (૨૦૧૨) "પંચતંત્રનીવાર્તાઓ",
એમ.એમ. સાહિત્યપ્રકાશન,આણંદ.

# હિન્દુ ધર્મમાં સાંસ્કૃતિક પ્રતીકોમાં માનવીય મૂલ્યો

**રાઠોડ પિનલ વિજયભાઈ**
*બી.એડ તાલીમાર્થી*
*શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા*

***સારાંશ***

***આપણી સાંસ્કૃતિક પ્રતિકોમાં માનવીય મૂલ્યો રહેલા છે .માનવી તેના પરથી પોતાના જીવનમાં કયા મૂલ્યોને અપનાવે છે એ જરૂરી છે આપણા ધાર્મિક પ્રતિકોમાં ઘણા સુચક હોય છે. જે માનવી પ્રતિકોની સન્માનની ભાવના નિહાળે છે એનો તાત્વિક અર્થ સમજે તો એને સન્માનભાવના દૃઢ બને તથા હૃદયતપેક થાય. આજના આધુનિક યુગમા લોકો પ્રત્યે સાંસ્કૃતિક પ્રતિકનુ મૂલ્ય ઘટતુ જોવા મળી રહ્યું છે.ૐ શાંતિનું પ્રતીક છે તેના દ્વારા માનવીના મનની એકાગ્રતા અને પોતાના સ્વને ઓળખવાનુ મૂલ્ય શીખે છે. શ્રીફળ એ આપણા આધ્યાત્મિક ચિન્હોમાં અગત્યનું સ્થાન છે. માનવીને મહેનત કરી સફળતા મેળવવા અંગેનું મૂલ્ય દર્શાવે છે પુરુષાર્થનું પ્રતીક એટલે સ્વસ્તિક સંસારમાં સાચી દિશા તરફ દોરે તે.સામાજિક મૂલ્ય શીખવે છે. વનસ્પતિ વૃક્ષનુ પ્રતીક માનવીને જતનનું મૂલ્ય શીખવે છે વિવિધ ઔષધી નો ખ્યાલ માનવી પોતાનામાં ધામિર્ક મૂલ્યો શીખે છે. દીપજ્યોતિ દીવો એ કર્મનું મૂલ્ય શીખવે છે માનવીના જીવનમાં કર્મ કરતા રહો નું મૂલ્ય શીખવે છે, દીવો એ જ્ઞાનનું પ્રતીક છે.***

**ચાવીરૂપ શબ્દો :** આધ્યાત્મિકતા, વ્યવહારિકતા , મુલાયમતા , સ્વસ્તિક, પુરુષાર્થ,ઉત્પત્તિ, યજ્ઞોપવીત

**પ્રસ્તાવના**

ૐ,સ્વસ્તિક, શ્રીફળ, દીવો, વૃક્ષ વનસ્પતિ ,કળશ, પંચામૃતમ,કર દર્શન,ગાય, ત્રિશૂળ, યજ્ઞોપવીત,આ પ્રતીકો પાછળ રહેલો સાંસ્કૃતિક મૂલ્ય માનવીના જીવનમાં એનું શું મહત્વ! આપણી સંસ્કૃતિના ભવ્ય પ્રતિકો પાછળ રહેલો ભાવ શું છે ? હિન્દુ સંસ્કૃતિમાં પ્રતિકોનો મહત્વ છે એ જ રીતે માનવ જીવનમાં પણ પ્રતિકો કેટલાક ચિન્હ પ્રતિનિધિત્વ કરે છે માનવ જીવનમાં સાંસ્કૃતિક પ્રતિકો એ જીવન મૂલ્યો આધ્યાત્મિક, મૂલ્યો પુરુષાર્થ ,નૈતિકતા, કર્મ, પ્રેરણા વગેરે મૂલ્યો સાંસ્કૃતિક પ્રતિકોને વિચારો અને ભાષાઓને સમજી શકે. સાંસ્કૃતિક પ્રતિકોની ઓળખ કરવી અને તેમની ઉત્પત્તિની તપાસ કરવી એ સંસ્કૃતિના પ્રતિકોનો ઇતિહાસ અને મૂલ્યોની માહિતી પ્રાપ્ત કરી શકે છે.

**હિદુ ધર્મમાં સાંસ્કૃતિક પ્રતિકોમાં માનવીય મૂલ્યો**

**1. ૐ**

ૐ શાંતિનું પ્રતીક છે, તેથી મંત્રો બોલ્યા બાદ પણ ત્રણ વખત ૐ ઉચ્ચાર કરવામાં આવે છે. ૐ દ્વારા પોતાના અંદર રહેલા પરમાત્મા સાથે મિલન થાય છે માનવીના મૂલ્યોમાં તેને પોતાના સ્વના આત્મા સાથે મિલન થાય છે. તે પોતાને સુંદર અને પ્રેમ ભર્યું જીવન જીવવાનું મૂલ્ય શીખવે છે આપણે જોઈએ છીએ કે ,ૐ દરેક ભગવાનના નામ આગળ પણ લગાડવામાં આવે છે ઉદાહરણ તરીકે...ૐ નમ: શિવાય ૐ ગણેશાય નમ: .ૐ દ્વારા માનવીના જીવનનુ ઘડતર કરે છે.

**2. શ્રીફળ**

શ્રીફળ એટલે વૈભવ લાવનારું ફળ. શ્રીફળ એ વૈભવ નું પ્રતીક શ્રીફળનો ઉપયોગ ધાર્મિક સાથે જીવન જરૂરિયાત તરીકે પણ ભરપૂર છે બાળકના જન્મ પછીના નામકરણ વિધિ ને લઈને મૃત્યુ સુધીના દરેક પ્રસંગે શ્રીફળ વગર ન ચાલે જેમકે વાસ્તુપૂજન ઓસગાઈ ની વિધિ, ખોળો ભરવાના પ્રસંગ ગૃહપ્રવેશ,મંદીરોમા દેવીઓનાપ્રસાદ ,ઉદ્ઘાટન, વિવાહ પ્રસંગે, દિવાળી વગેરે... આમ જોઈએ તો શ્રીફળ એ આપણી પૂજા નું અભિન્ન અંગ છે .અને આપણા બધાઆધ્યાત્મિક ચિન્હોમાં

તેનુ અગત્યનુ સ્થાન છે.

શ્રીફળ માનવીના મૂલ્યોમાં શીખવે છે કે બહારથી કડક અંદરથી પોચું બહારથી મજબૂત અંદરથી મુલાયમ આપણે વ્યવહારિક રીતે કડક હોવાનું અનુમાન આપે છે કુટુંબ કે સમાજમાં પોતાના સ્વભાવથી નમ્રતાથી વહાલ કરો.ધીરજ થી કામ લો.ઉદાહરણ તરીકે ઘરમાં આપણે જોઈએ છે કે આપણા પિતા શ્રીફળ જેવા જ હોય છે એમ કડક હોય છે અને આપણને એમનાથી ડર લાગે છે એમનું કોમળ હૃદય કેવું હોય છે એનો અહેસાસ દીકરીને પોતાના વિદાય થાય છે ઘણીવાર આપણને શ્રીફળ જેવુંરહેવું પડે છે ઉદાહરણ તરીકે શ્રીફળ છે .ઉદાહરણ તરીકે શ્રીફળ ની ઉપરની સપાટી કડક અને નીચેની સપાટી પોચી હોય છે એ આપણને શીખવે છે કે અહંકાર અને મુલાયમતા શીખવે છે.ભારતીય સંસ્કૃતિમાં ત્યાગનું પ્રતીક એટલે શ્રીફળ.

**3. સ્વસ્તિક**

સ્વસ્તિકને હિન્દુ ધર્મમાં શુભનું પ્રતીક માનવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિના ચાર આધારસ્તંભ તે ધર્મ, અર્થ, કામ ,અને મુક્ત, આ ચતુવિધે પુરુષાર્થનું પ્રતીક એટલે સ્વસ્તિક. હિન્દુ સંસ્કૃતિમાં દરેક શુભ કાર્યમાં સ્વસ્તિક દ્વારા થાય છે જેમ કે શ્રી ગણેશ ની પૂજા, લક્ષ્મી પૂજા, ઘરના ઉંમર પર, નવજાત શિશુના છઠ્ઠી ના લેખ ,વિવાહ વગેરે... આમ વસુધૈવ કુટુંબકમ ભાવના વિકસાવે છે. કોઈપણ ખોટું કામ કરતા આપણુ મન ખચકાય છે અને મનમાં શુદ્ધ ભાવ પ્રગટે છે. સ્વસ્તિક સાથે ધાર્મિક માન્યતા જોડાયેલી છે.

**4. વૃક્ષ -વનસ્પતિ**

“વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી પશુ છે, પંખી, પુષ્પો ,વનોની છે વનસ્પતિ” -ઉમાશંકર જોશી

વૃક્ષ અને વનસ્પતિ એ ભારતીય સંસ્કૃતિનું અવિભાજ્ય અંગ છે આપણા ઋષિઓએ વૃક્ષ વનસ્પતિનું પૂજન કર્યું છે તોઓએ ઘણા બધા વૃક્ષ વનસ્પતિને એક પ્રતિક તરીકે ઓળખાવી છે જેમકે, તુલસી,ઘાસના તૃણ , દાતણ, બીલીપત્ર ,પીપળો,વડ વગેરે...આપણા ધાર્મિક જીવનમાં આ બધા વૃક્ષો દ્વારા માનવીના જીવનમાં પરિવર્તન આવે છે જેમકે દુવાને જેટલી વખત ચૂંટો ફરીથી ઊગી નીકળે છે તેવી જ રીતે આપણને શીખવે છે કે જીવનમાં ગમે તેટલી વાર મુશ્કેલી આવે તો પણ ફરીથી પ્રયત્ન કરો સફળતા તમારા હાથ લાગશે.

**5. દીપજ્યોતિ-દીવો**

દીવો એક જ્ઞાનનું પ્રતીક છે જ્યાં પ્રકાશ આવ્યો કે અંધકાર ગાયક. પ્રાચીન કાળમાં ઋષિમુનિઓએ સમાજ કલ્યાણ માનવનું દાનવ થી રક્ષણ, આધ્યાત્મિક સાધનાને ,મોક્ષ પ્રાપ્તિ ,માટે હવન કરતા. કોડિયું એ આપણી ત્વચા છે વાટટ એ આપણો આત્મા છે. તેમાં કર્મરૂપી તેલ પૂરી વાટ દ્વારા સિંચીને પ્રજવલિત થતો દીવો એ આપણા જીવનને અજવાળે છે.ધાર્મિક જીવનમાં કોઈપણ શુભ કાર્યને શરૂઆત દીપ પ્રાગટ્યથી થાય છે જેમકે ,નવરાત્રી, હોળી, બાળકનો જન્મ થાય, વ્યક્તિ મૃત્યુ પામે, તુલસીનો ક્યારો વગેરે... જેથી માનવીને આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક મૂલ્યો ભારતીય સંસ્કૃતિમાં દીપ નું મૂલ્ય સમજાવે છે.

**તારણ**

ૐ ઉચ્ચાર દ્વારા માનવી પોતાના અંદર રહેલા સ્વ ઓળખી શકે છે.

સ્વસ્તિક આપણને કોઈપણ કાર્ય કરવા માટે પ્રેરણા મળે છે કારણ કે તે સકારાત્મક ઉર્જાનું પ્રતીક છે.

શ્રીફળ ફોડવાનો અર્થ એ છે કે તમે તમારા અહંકારને ભગવાન સમક્ષ સમર્પિત કરી રહ્યા છો.

વૃક્ષ આપણને કોઈ પણ પરિસ્થિતિમા તટસ્થ રહેતા શીખવે અને માનવીએ વૃક્ષનુ જતન કરવું એમને પ્રેરણા મળે છે.

આપણા જીવનમાં અધકાર તો હોય જ છે,પરંતુ એ અધકાર દૂર કરવા માટે દીવો પરથી શીખવું જોઈએ નાની નાની કોશિશ કરીને આપણે અધકાર દૂર કરી શકીએ.

**ઉપસંહાર**

આપણી સાંસ્કૃતિક પ્રતિકો દ્વારા માનવી ઘણા બધા મૂલ્યો શીખી શકે છે ધાર્મિક જીવનના પ્રતિકો દ્વારા જતન , પ્રેરણા, સમભાવ, આધ્યાત્મિક, કર્મ, વગેરે... મૂલ્યો માનવીના જીવનમાં ઉપયોગી છે સાંસ્કૃતિક પ્રતિકો પાછળનો ભાવ સમજે છે. સાંસ્કૃતિક પ્રતિકો પાછળનો ઇતિહાસ જાણે અને પોતાના જીવનમાં તેના મૂલ્યો શીખે છે ભારતીય સંસ્કૃતિના ચાર આધારસ્તંભો દ્વારા માનવી સામાજિક ,ધાર્મિક. રાષ્ટ્રીય, આર્થિક, શારીરિક વગેરે મૂલ્ય શીખે છે.

**સંદર્ભ સૂચિ**

1. પુરોહિત ઈશ્વર(૧૯૯૪).સંસ્કૃતિ સૌરભ: નવ ભારત સાહિત્ય મંદિર, અમદાવાદ.

## ગાંધીજીના વિચારમાં,વાણીમાં અને વર્તનમાં રહેલા માનવીય મૂલ્યો

**ચૌધરી હેમાનીબેન નાગીનભાઈ**
*તાલીમાર્થી,*
*શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય,બીલીમોરા*

*સારાંશ:*

***માનવીય મૂલ્યો એ મનુષ્યની મૂડી છે. જો મનુષ્યમાં માનવીય મૂલ્ય ન હોય તો એ માનવ તરીકે ઓળખાતો નથી. મનુષ્યમાં રહેલા માનવીય મૂલ્યો દ્વારા જ આપણે સારા સમાજ, સારું રાજ્ય અને સારા દેશનું ઘડતર કરી શકીએ છીએ. દરેક વ્યક્તિમાં અલગ અલગ પ્રકારના માનવીય મૂલ્યો રહેલા હોય છે. જેમાં આપણે સાચું બોલવું, પ્રમાણિકતાથી રહેવું, ચોરી ન કરવી, સંચય કે સંગ્રહ ન કરવો, કોઈને હિંસા ન કરવી જેવા અનેક મૂલ્યો મનુષ્યમાં જોવા મળે છે. તો એવી જ રીતે ગાંધીજીના વિચાર,વાણી અને વર્તનમાં પણ અનેક માનવીય મૂલ્યોના આપણને દર્શન થાય છે.જેમકે,સત્ય,અહિંસા,બ્રહ્મચર્ય,અપરિગ્રહ,અભય,જાતમહેનત અને આત્મનિર્ભર આવા અનેક મૂલ્યો આપણને ગાંધીજીના જીવનમાં અને તેમના વિચારોમાં જોવા મળ્યા છે. આ તમામ મૂલ્યો આપણા જીવનમાં આગવું સ્થાન ધરાવે છે. આ મૂલ્યોને આપણા જીવનમાં ઉતારવાથી, તેમનું આચરણ કરવાથી વ્યક્તિના ચરિત્રમાં ઘણો ફેરફાર જોવા મળે છે. માનવીય મૂલ્ય થકી આપણે વ્યક્તિનું સારું ઘડતર કરી શકીએ છીએ.***

**ચાવીરૂપ શબ્દો:** સત્ય,અહિંસા,બ્રહ્મચર્ય, નિર્ભયતા, મૂલ્યો

**પ્રસ્તાવના:**

ગાંધીજીના વિચારો,વાણી તેમજ વર્તનમાં અનેક માનવીય મૂલ્યો સમાયા છે. ગાંધીજીએ લખેલા પુસ્તકો જેમ કે , મંગળપ્રભાત, હિંદ સ્વરાજ, સત્યના પ્રયોગ,સર્વોદય અને રચનાત્મક કાર્યક્રમ જેવા પુસ્તકોમાં માનવીય મૂલ્યોની ઝલક અને ઝાંખી જોવા મળે છે. ગાંધીજીના વિચારો વાણી અને વર્તનમાં જે માનવીય મૂલ્યો આપણને અત્યારે જોવા મળે છે અથવા તો આપણે હવે આ માનવીય મૂલ્યો વિશે સમજતા થયા છીએ, પરંતુ આ માનવીય મૂલ્યો તો વર્ષોથી આપણા દેશના લોકોમાં રહેલા જ છે માત્ર આ મૂલ્યોને આપણી અંદર શોધવાની જરૂર છે, આપણા જીવનમાં વિકસાવવાની જરૂર છે, આપણા જીવનમાં, વર્તનમાં , વાણીમાં કે વિચારોમાં ઉતારવાની જરૂર છે. વર્તમાન સમયમાં ગાંધીજીમાં રહેલા માનવીય મૂલ્યોની વિશેષ પ્રમાણમાં જરૂરિયાત છે. વર્તમાન સમયના લોકો સત્ય એટલે માત્ર સાચું બોલવું, એટલું જ જાણે છે, પરંતુ સત્ય તો એનાથી પણ વિશેષ છે, હાલના લોકો અહિંસા એટલે માત્ર શારીરિક હિંસા ન કરવી, પણ અહિંસા એ શારીરિક હિંસા ન કરવી ત્યાં સુધી જ સીમિત નથી. સત્ય અને અહિંસા એ માનવીય મૂલ્યોની જનેતા છે. બધા જ માનવીઓ મૂલ્યોના મૂળમાં સત્ય અને અહિંસા સમાયા છે.

**ગાંધીજીના વિચાર,વર્તન અને વાણીમાં રહેલા માનવીય મૂલ્યો**

**સત્ય**

**અહિંસા**

**બ્રહ્મચર્ય**

**અપરિગ્રહ**

**અભય**

ઉપરોક્ત દર્શાવેલા મૂલ્યો એ ગાંધીજીના વિચાર,વાણી અને વર્તનમાં રહેલા મૂલ્યો છે.

**સત્ય** : આપણે બધા સત્યને ઓછા પ્રમાણમાં જાણીએ છીએ. આપણા મતે સત્ય એટલે માત્ર સાચું બોલવું. પરંતુ સત્યનો અર્થ સાચું બોલવા પૂરતો સીમિત નથી. આપણા વિચારમાં,વાણીમાં અને આચારમાં સત્ય હોય એ જ સત્ય છે. આપણે જો સત્યને સંપૂર્ણપણે પામી જઈએ,સમજી જઈએ,પચાવી જઈએ તો જીવનનું સરળ બની જાય છે. તેમજ,શું સાચું છે?શું ખોટું છે? શું યોગ્ય છે? શું અયોગ્ય છે? શું પ્રાપ્ત કરવા જેવું છે? શું ત્યાજ્ય છે ?શું તજી દેવા યોગ્ય છે? કઈ પ્રવૃત્તિ કરવા યોગ્ય છે ?તેની ખબર તુરંત જ થઈ જાય છે. સત્યને પાળવું, પાલન કરવું સહેલું નથી સત્યને પાળવા માટે અને પાલન કરવા માટે તપશ્ચર્યા કરવી પડે છે. એટલે જ્યારે આપણે સત્યનું પાલન કરીએ છીએ ત્યારે આપણે ઘણા દુ:ખો સહન કરવા પડે છે. તેથી સત્ય પાડતા થઈ જઈએ તો સ્વાર્થનો દુર્ગુણ આપણામાંથી આપોઆપ નીકળી જાય છે. સત્ય એ તો હરિનો,ભગવાનનો પથ છે,માર્ગ છે અને રસ્તો છે આ પથ પર કાયરતાને કોઈ સ્થાન નથી.

**અહિંસા:** અહિંસા અને સત્ય એક સિક્કાની બે બાજુઓ છે. સત્ય અને અહિંસાનો માર્ગ જેટલો સીધો છે એટલો જ કઠિન પણ છે. આ માર્ગ પર ચાલવા માટે એકાગ્રતાની ખૂબ જ આવશ્યકતા છે જો થોડી પણ એકાગ્રતાની ખોટ વર્તાય અથવા તો અસાવધાની આવે કે તરત જ આપણે આપણો રસ્તો ભટકી જઈએ છીએ. સત્ય અને અહિંસાની પ્રતિક્ષણ અને પ્રતિદિન સાધના કરવાથી જ તેના દર્શન કરી શકીએ છીએ. અહિંસા સાથે ધીરજ સંકળાયેલી છે. જો આપણામાં ધીરજ ન હોય તો આપણે જીવનમાં અહિંસાને પચાવી શકતા નથી. હવે આપણા જેવા સામાન્ય લોકો માટે અહિંસા એટલે કોઈને શારીરિક હિંસા ન કરવી. પરંતુ અહિંસા નો અર્થ શારીરિક હિંસા ન કરવી એ પૂરતો સીમિત નથી, એનાથી પણ વિશેષ છે. આપણા માટે હિંસા એટલે કોઈ વ્યક્તિને મારવું. પરંતુ ગાંધીજીના મતે હિંસાના પણ ઘણા પ્રકારો છે.

**બ્રહ્મચર્ય:** બ્રહ્મચર્ય એ સત્ય અને અહિંસા સાથે અનુબંધ ધરાવે છે. જો આપણે સત્ય અને અહિંસા થી પરિચિત નથી, તો બ્રહ્મચર્યનું પાલન કરી શકતા નથી. અથવા તો એમ કહીએ તો પણ ખોટું નથી કે બ્રહ્મચર્ય એ સત્ય અને અહિંસામાંથી જ ઉત્પન્ન થયું છે. દા.ત., કોઈ વ્યક્તિ સત્ય અને અહિંસાનું પાલન કરે છે,તેની આરાધના કરે છે અને તે વ્યક્તિની ઈચ્છા માત્ર સત્યના દર્શન કરવાની છે તો એ વ્યક્તિ ગૃહસંસાર ચલાવવામાં કેમ પડી શકે ? તે વ્યક્તિ ભોગવિલાસની ઈચ્છાઓ કેમ રાખી શકે? તેવી જ રીતે અહિંસા બ્રહ્મચર્ય વગર સંભવ નથી. સામાન્ય લોકોના મતે,બ્રહ્મચર્યનું પાલન કરવું હોય તો લગ્ન ન કરવા,પણ બ્રહ્મચર્ય નો અર્થ લગ્ન ન કરવા પૂરતો સીમિત નથી. સર્વવ્યાપી પ્રેમ અથવા તો સૌને પ્રેમ કરવો એટલે અહિંસા, તો જો કોઈ એક પુરુષ અને એક સ્ત્રી લગ્નજીવનમાં બંધાય છે અને તેઓ પોતાનો પ્રેમ એકબીજાને સમર્પિત કરે છે અને લગ્નગ્રંથીમાં જોડાયા પછી તેઓનું પોતાનું એક માનેલું કુટુંબ હોય છે,તો હવે જેટલી કુટુંબમાં વૃદ્ધિ થશે તેટલો જ સર્વવ્યાપી પ્રેમમાં વિક્ષેપ અથવા હસ્તક્ષેપ થશે. કારણ કે બ્રહ્મચર્ય માં તો આપણે આપણા સમાજ, આપણું ગામ,આપણા રાજ્ય અને આખા વિશ્વને પોતાનું કુટુંબ બનાવવાનું અને માનવાનું હોય છે.

**અપરિગ્રહ:** અપરિગ્રહને સમજતા પહેલા આપણે પરિગ્રહને સમજવું જરૂરી બને છે.પરિગ્રહ એટલે સંચય,ભેગું કરવું અથવા એકઠું કરવું.હવે જે વ્યક્તિ સત્ય અહિંસા અને બ્રહ્મચર્યનું પાલન કરે છે,એ વ્યક્તિ પરિગ્રહ ન જ કરે.કારણ કે,સત્ય,અહિંસા અને બ્રહ્મચર્યનું પાલન કરનાર વ્યક્તિ જાણે છે કે સંપૂર્ણ વિશ્વ એક કુટુંબ છે અને એ કુટુંબ પર વિશ્વાસ રાખે છે, અને ઈશ્વર અને પરમાત્મા ઉપર પણ વિશ્વાસ રાખે છે. તેઓના મત મુજબ,આપણને જોઈતી વસ્તુ ઈશ્વર રોજે-રોજ આપે છે.તેથી સંગ્રહ કરવાનો કોઈ અર્થ નથી. ગાંધીજીએ વસ્તુ, શરીર અને વિચાર ત્રણેના અપરિગ્રહની વાત કરી છે. તેઓ કહે છે કે "ઈશ્વર પરિગ્રહ કરતો નથી. રોજની આવશ્યકતા રોજેરોજ પેદા કરી પૂરી પાડે છે. તેના પર વિશ્વાસ રાખીએ તો આપણને સમજાશે કે આપણને જોઈતી વસ્તુ તે રોજ આપે છે, આપશે.

**અભય:** સત્ય અહિંસા અને બ્રહ્મચર્ય નું પાલન નિર્ભયતા અથવા તો અભયતા વગર શક્ય નથી. વર્તમાન સમયમાં તો સર્વત્ર ભય સ્થાયી થઈ રહ્યો છે. તેથી નિર્ભયતા અથવા અભયતાની કેળવણી અને તેના વિશેનું ચિંતન આવશ્યક છે. સામાન્ય રીતે અભય એટલે મોતનો ભય જાય એટલે બધા ભયો જીત્યા એમ કહી શકાય. કારણ કે મૃત્યુના ભય કરતા

બીજો કોઈ ભય મોટો નથી. તેવી જ રીતે જો આપણે ભય પર વિજય મેળવી શકીએ તો જ આપણે સત્ય અને અહિંસાનું પાલન કરી શકીએ છીએ. વ્યક્તિને કુટુંબથી છુટા પડવાનો ભય હશે,સંગ્રહ કરેલું ધન સાચવવામાં સમય પસાર કરશે, જગતની નિંદાથી ભય હશે અને આ રીતે જો અનેક ભય એ વ્યક્તિમાં હશે તો એ વ્યક્તિ ક્યારેય સત્ય અને અહિંસાનો પાલન ન કરી શકે. ભયમાંથી મુક્તિ તો એ જ વ્યક્તિને મળે જેને આત્મસાક્ષાત્કાર થયો હોય.પણ પ્રયત્ન કરવાથી અને આત્મા ઉપર શ્રદ્ધા રાખવાથી અભયની માત્રામાં વધારો થઈ શકે છે.

**ઉપસંહાર:**

ઉપરોક્ત દર્શાવેલા માનવીય મૂલ્ય સિવાય ગાંધીજીએ ઘણા બધા માનવીય મૂલ્યોની ચર્ચા કરી છે. અને આ બધા માનવીય મૂલ્યોની વર્તમાન સમયમાં ખૂબ જ જરૂરિયાત છે. સામાન્ય રીતે લોકો એવું વિચારે છે કે ગાંધીજીના માનવીએ મૂલ્યો માત્ર અંગ્રેજો સાથે સંબંધિત છે પણ આપણે ખોટું વિચારીએ છીએ. આ માનવીય મૂલ્યો આપણને સારૂં જીવન જીવવામાં મદદરૂપ થાય છે. વર્તમાન સમયના મનુષ્યને શાંતિની ખૂબ જ જરૂરિયાત છે અને શાંતિ આ મૂલ્યોને આચરવાથી આપણે મેળવી શકીએ છીએ.

**સંદર્ભ સૂચિ:**

ગાંધીજી (૧૯૩૦). મંગળપ્રભાત , નવજીવન પ્રકાશન મંદિર,અમદાવાદ

**Peer Reviewed Refereed Journal** **ISSN : 2278 – 5639**
**Global Online Electronic International Interdisciplinary Research Journal (GOEIIRJ)**
**{Bi-Monthly}** **Volume – XII** **Special Issue – IV** **October – 2023**

# वैदिकवाङ्मय: માં માનવીયમૂલ્યો

**સરસ્વતીબેન પી.રાઠોડ**
*તાલીમાર્થી*
*શ્રીરંગશિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા*

*સારાંશ*

***વૈદિકસાહિત્ય એ ભારતીય સાહિત્યનો એક મહત્વપૂર્ણ ભાગ છે. વૈદિક સાહિત્ય ભારતની સંસ્કૃતિ, ધર્મ, દર્શન, શિક્ષણ અને સમાજનેમળેલીમહત્વપૂર્ણ માહિતીઅને મૂલ્યોનો સ્ત્રોત છે. આ સાહિત્ય માં આધ્યાત્મિક ધ્યાન તોછે પરંતુ આધિભૌતિકજ્ઞાનપણ છે. માનવજીવનનું દર્શન માનવ મૂલ્ય છે.માનવવર્તનમાંમૂલ્યો-સાદું જીવન,સારું આચરણ, ઇન્દ્રિયો પર નિયંત્રણ,આત્મશુદ્ધિમાટેનુંજ્ઞાનદર્શાવવામાંઆવ્યુંછે.અહિંસા,સંતોષ,સત્ય,લોકકલ્યાણની લાગણીઓ માનવીય ગુણોમાં મૂર્તિમંત છે.આ સાહિત્યમાં મનુષ્યોએ પરમેશ્વરના વિજ્ઞાન અને વિદ્વાનોનાસંગથીબુદ્ધિપ્રાપ્ત કરવી, અન્યના સુખની કામના કરવી, અસત્ય શ્રવણન કરવું, મિથ્યાપ્રશંસા ન કરવી અને સંગઠિત ભાવના દર્શાવતાં માનવીય મૂલ્યો રજૂ થયા છે.***

**ચાવીરૂપશબ્દો:** વૈદિક સાહિત્ય, મનુષ્ય, રાષ્ટ્ર,સમાજ, દુ:ખ, જીવન, મન, આચરણ

**પ્રસ્તાવના**

વૈદિક સાહિત્યમાં'વેદ' શબ્દના મૂળમાં 'વિદ્'શબ્દ છે. 'વિદ્' એટલેજાણવું,જ્ઞાન મેળવવું. આના પરથી'વેદ' એટલે 'જ્ઞાન આપનારું સાહિત્ય' એવો થાય છે. એકપરંપરાગત શ્રદ્ધા અને માન્યતાપ્રાચીનયુગથી ચાલી આવે છે કે ભારતના સમગ્ર જ્ઞાન તથા સાહિત્યનું મૂળવેદોમાં છે, વેદોમાંપરમપ્રમાણરૂપ છે, વેદોઅપૌરુષેય છે.'અપૌરુષેય'એટલે કોઈ પુરુષવિશેષેનરચેલું પરંતુ અનેક પ્રાચીન ઋષિઓના હૃદયમાં પરમાત્માએપ્રેરેલુંસાહિત્ય. મનુ કહે છે કેवेदो अखिलोधर्ममूलम्।

પરમપ્રમાણરૂપમનાયેલચાર વેદો, બ્રાહ્મણો, આરણ્યકોઅને ઉપનિષદો હોય તે વેદ સાહિત્યને 'શ્રુતિ' કહેવામાં આવે છે,કારણ કેસદીઓસુધી આ સાહિત્ય શ્રવણપરંપરાથી ઉતરતું આવ્યું છે અને તેનો વારસો આજ સુધી સચવાઈ રહ્યોછે. જે વ્યક્તિ વૈદિકસાહિત્યનું જ્ઞાન ધરાવતી નથી તે ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યોને જાણી શકે નહીં?

ઉપનિષદોવેદના અંત ભાગમાંહોવાથી તેને વેદાંત પણ કહેવામાં આવે છે.ઉપનિષદગ્રંથોનું ચિંતન ઉત્કૃષ્ટ ફેલાયેલ છે. તેને દેશતથાકાળના બંધનનડતાનથી.શ્રીમદ્ભગવદ્ગીતા સ્વરૂપ અમૃતમય દૂધનું પ્રદાન કરનારીગાયો જ આ ઉપનિષદો છે. ઉપનિષદોની સંખ્યા 108 છે પણ 10ઉપનિષદો મુખ્ય ગણવામાં આવે છે.ઈશ, કેન, કઠ, પ્રશ્ન,મુંડક, માંડુક્ય તૈતિરીય,ઐતરેય, છાંદોગ્યઅને બૃહદારણ્ય આ10 પ્રમાણિક તેમજ પ્રાચીન ઉપનિષદો ગણાય છે. દર્શનગ્રંથોમાં સમય વિતતાજકંઈ વિચારણા કરવામાં આવી તે બધાનાં મૂળ ઉપનિષદ ગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે. આ કારણ થી ઉપનિષદ ગ્રંથો ભારતીય દર્શનનો આધાર છે તેમજ વૈદિક સાહિત્યનાશિરોમણિ સ્થાને બિરાજે છે.

આજના આધુનિક યુગમાં માનવીય મૂલ્યો ભૂસાતાગયા છે. એનાકારણે સમાજ અને સંસ્કૃતિની સામે સમસ્યાઓ ઉભી થઈ છે.તેથી માનવીય મૂલ્યો પ્રત્યેની ઉપેક્ષા એ સમાજનું સૌથી મોટુંસંકટ છે. ત્યારે આવા સંકટોમાં સમાજનેયોગ્ય દિશાએ લાવવામાટેવેદોમાં દર્શાવેલ માનવીય મૂલ્યોઘણો મહત્વનો ભાગ ભજવી જાય છે.વેદ એ પૃથ્વી પર મનુષ્યને આપેલી એક અમૂલ્ય ભેટ છે જેમાં જ્ઞાન અને વિજ્ઞાનની સંપૂર્ણ સંપત્તિ સમાયેલી છે.વૈદિક ઉત્કૃષ્ટ લાગણીઓ, આચરણના નિયમો, જીવો પ્રત્યે કરુણા, **वसुधैवकुटुम्बकम्**ની વિભાવના, વિશ્વ શાંતિ, કલ્યાણની લાગણીઓ વગેરે ભાવનાઓ છે જે મનુષ્યને ઉચ્ચ જીવન જીવવામાટેપ્રેરણા આપે છે.

**પદ્ધતિ / સાહિત્ય**

**વૈદિકવાઙ્મયમાંદર્શાવેલમાનવીયમૂલ્યોનીચેમુજબછે :**

स्वस्तिनइन्दोवृद्धश्रवाः स्वस्तिनः पूषाविश्ववेदाःવૈદિક સાહિત્યમાં દર્શાવેલ યજુર્વેદના આ મંત્રમાંમનુષ્ય જેમ પોતાનામાટેસુખ ઇચ્છે છે.તેમઅન્યોનેમાટે પણ સુખની કામના કરે. જેમકોઈ પણ મનુષ્ય પોતાના માટે દુ:ખ નથી ઇચ્છતો, તેમ અન્યોને માટે દુ:ખની કામના કરે નહી એવી ભાવના વ્યક્ત થઇ છે. કરીનેસર્વનાનિત્યરક્ષકબનવુંજોઈએ.

**भद्रंकर्णेभिः श्रुणुयाम देवा भद्रं पश्येमाक्षभिर्यजत्राः**આ મંત્રમાં નૈતિક મૂલ્યો દર્શાવતાકહ્યુંછેકેજો મનુષ્યો વિદ્વાનોના સંગથી વિદ્વાન બનીને સત્ય દેખે અને ઈશ્વરની સ્તુતિ કરે, તો તેઓ દીર્ઘાયુ બને. મનુષ્યોએઅસત્યશ્રવણ, ખરાબ દર્શન, મિથ્યા પ્રશંસા અને વ્યભિચાર કદી પણ ન કરવો જોઈએ.યજ્ઞદ્વારારાષ્ટ્રનીઉન્નતિની વાત કરતાં કહ્યું છે કે સ્વના વિકાસ સાથે સમાજ, રાષ્ટ્રનો વિકાસ પણ થવો જરૂરી છે. પોતાના જીવનને સમાજ અને રાષ્ટ્રની સેવામાં સમર્પિત કરવું. સમાજ અને રાષ્ટ્રથી પણ આગળ વધીને વિશ્વ માનવ બનવાનું છે. જેનરમાંથી નારાયણની દિશામાં અગ્રેસર છે,જેના હૈયામાં મુદિતા, કરુણા, સમભાવ છે, જેને ભોગના વિષયો લલચાવી શકતા નથી અન્યના દુખે દુ:ખી થાય - સંવેદનાયુક્ત હોય તેજમોક્ષનો અધિકારી બને છે.

વેદોમાં માનવજીવનની ઉન્નતિના સર્વોચ્ચ શિખરો સ્થાપિત થયાં છે તેમાં પણ યજુર્વેદના 34 માંઅધ્યાયનાतन्मेमनः **शिवसंकल्पमस्तु**- તે મારું મન શિવસંકલ્પ વાળુંથાઓઆભાવનારજૂકરતાછમંત્રોમાંમાનવ મનના અત્યંત સૂક્ષ્મ સ્વરૂપો, તેની શક્તિઓ નિરૂપાયેલ છે. કોઈ પણ રોગનું સાચું કારણ શોધવામાં આવે તો ત્યાં મન જસવિશેષ કારણભૂત હોય છે.**मनहीदेवतामनहीईश्वर, मनसेबड़ानाकोई।**મન,મનન શક્તિ દ્વારા અધ્યયન કરનાર, પૂજનીયોનો સત્કાર કરનારા, સમાજ, રાષ્ટ્રના ઉત્થાનમાં સંગઠન અને લોકોપકારના કાર્ય કરનારું હોવુંજોઈએ.તંદુરસ્તી પ્રાપ્ત કરવા મનને તંદુરસ્ત રાખવું જરૂરી છે. તેમાટે નિયમિતપણે વ્યાયામ,પ્રાણાયમ અને ધ્યાન- યોગનો માર્ગ અપનાવવો જોઈએ.सुषारथिरश्वानिथ– જીવી રીતે સારોસારથિ ઘોડાઓને દોરે છે તેવી રીતેજ મન માણસોને અતિશયપણે દોરે છે તથા સારો સારથિ જેમ લગામો વડે ઘોડાને કાબૂમાં રાખે છે તેમ મન માણસોને મન કાબૂમાં રાખે છે. તેથી એમન કલ્યાણકારી સંકલ્પવાળુંથાવ.

ઋગ્વેદમાં સંગઠનનું મૂલ્ય દર્શાવતા કહ્યુ છે કેसमानीव आकूतिः समानी हृद्यानिच -તમારા બધા વિચારો સમાન હોવા જોઇએ, બધા સંકલ્પ સમાન હોવા જોઇએ જેથી તમારા બધા કામો સંગઠિત રીતે કરી શકો.ત્યાગનું મૂલ્ય સમજાવતાईशावास्योपनिषदમાંકહ્યુંછેકે**तेनत्यक्तेनभुञ्जिथाः** - ત્યાગથીજ તેનોઉપભોગકર.બધું ઈશ્વરથી વ્યાપ્ત છે જગતમાં જે કાંઈદ્રષ્ટિગોચર થાય છે તે નાશવંત છે જેનો જન્મ તેનો વિનાશ અનુભવાય છે. માટેબધાનો ત્યાગથીઉપભોગકરવું. मा गृधः कस्यस्विद्धनम् -ઉપનિષદના આ વાક્યમાં કહેવામાં આવ્યું છે કે કોઈનુંપણ ધનનગ્રહણ કરો. પોતાની જેવી આર્થિક સ્થિતિ હોય તે મુજબ જ જીવન જીવવું જોઈએ.ક્યારેયપણ પારકાના ધનને મેળવવાની લાલસા ન રાખવી જોઈએ.

આ રીતે, વૈદિકસાહિત્યમાં ધાર્મિક સ્તુતિઓ તો છેજ પરંતુ બીજી તરફએ સ્તુતિઓમાં માનવીય મૂલ્યોનું પણ ઉચ્ચ ઉદાહરણ દર્શાવવામાં આવ્યું છે.

**તારણો**

**માનવીય મૂલ્યોના આધારે તારણો નીચે મુજબ છે:**

- પોતાના સુખની સાથે સાથે અન્યના સુખની પણ કામના કરવી.
- ધર્મનું આચરણ કરવું જોઈએ.
- મનુષ્યએ અસત્ય શ્રવણ ન કરવું.

- ખરાબ જોવુંન જોઈએ.
- પોતાના જીવનને સમાજ અને રાષ્ટ્રની સેવામાં સમર્પિત કરવું.
- મનને શિવસંકલ્પવાળું બનાવવું.
- સંગઠિત થઈને કાર્યકરવું.
- ત્યાગથી જ ઉપભોગ કરવો.
- ક્યારેય પણપારકાનાધનનેમેળવવાની લાલસા ના રાખવી.

**ફલિતાર્થો**

**માનવીય મૂલ્યોના તારણોના આધારે ફલિતાર્થો નીચે મુજબ છે:**

- ધર્મનું આચરણ - જેમાં માનવની ભક્તિ, અહિંસા, સત્ય, દયાએવા મૂલ્યોનું પાલન કરવાનું છે. આ બધાં મૂલ્યો ભૂલાઈ ગયા છેજ્યાં જોઈએ ત્યાં અસત્યઅને હિંસા જોવા મળે છે. તેથી આપણે ધર્મનું આચરણ કરવું જ જોઇએ.
- લોકો પોતાના દુ:ખથી દુ:ખી નથી પરંતુ બીજાનું સુખ જોઇને દુ:ખી થાય છે. તેથી મનુષ્યએ પોતાના સુખની સાથે અન્યના સુખની કામના કરવી .એનાથી તેઓબીજાના સુખથી દુ:ખી થશેનહિ.
- મનુષ્ય અસત્યસાંભળવું ન જોઈએ અને ખરાબ જોવું પણના જોઈએ કારણ કે વ્યક્તિ ખોટુંસાંભળી અને ખોટું જોઈને પોતાનું ચરિત્ર બગાડતો હોય છે તેથી હમેશાંસારુંજ જોવુંજોઈએ.
- આપણેઆપણાસમાજ અને રાષ્ટ્રનું માન રાખવુંઅને તેનું રક્ષણ કરવું જોઈએ.
- આપણું મનગમેત્યાંભટકતુંહોયછેઆપણેમન નચાવે તેમ નાચતા હોઈએ છીએતેથીસારથિ રૂપીજે મન છે એ શિવસંકલ્પવાળુંએટલે કે કલ્યાણકારી સંકલ્પવાળુંહોવુંજોઈએ.
- સંગમાં એવી શક્તિ હોય છે જે બીજે ક્યાંય હોતી નથી. એકતાથી આપણે બધું જ કાર્ય પાર પાડીશકીએછીએ. સંગઠિત થઈને કરવામાં આવતી પ્રાર્થના ભગવાન પાસે જલ્દી પહોંચે છે તેથી સંગઠિતથઈને કાર્ય કરવું જોઇએ.
- પારકનાધનનીલાલસા ન હોવી જોઈએ કારણ કે વ્યક્તિ લાલસાના કારણે માનસિકઅનેઆત્મિક સ્થિતિનેનષ્ટકરે છે. તેથી આપણી પાસે જે છે એમાંસંતોષમાનવોજોઈએ.

**સમાપન**

આ રીતે વૈદિક સાહિત્યમાં માનવીય મૂલ્યો ખુબજ સારી રીતે દર્શાવવામાં આવ્યાછે. આ વૈદિક સાહિત્યમાં માનવીય મૂલ્યોપરસંશોધન પેપર બનાવતા અધ્યેતાનેખૂબ જ મહત્વના મૂલ્યોનો અભ્યાસ કરવાની તક મળી આવાજ સંશોધનઆગળપણથવા જોઇએ જેમાં માનવીય મૂલ્યો દર્શાવ્યા હોય તેમજઅન્ય પુસ્તકોમાંરહેલામૂલ્યો પણ જાણવાજોઈએ જેનાથી આવનારી પેઢીપણ આ મૂલ્યોને સમજી શકે અને જીવન જીવવામાં એનોઉપયોગ કરી શકે.

**સંદર્ભ**

- वैदिकवाङ्मयः -यजुर्वेदःनियतांश–ईशावास्योपनिषद्

**Peer Reviewed Refereed Journal** **ISSN : 2278 – 5639**
**Global Online Electronic International Interdisciplinary Research Journal (GOEIIRJ)**
**{Bi-Monthly} Volume – XII Special Issue – IV October – 2023**

# મહાભારતમાં રહેલ માનવતાના મૂલ્યો

ટંડેલ ધર્મિષ્ઠા હરિશચંદ્ર
*તાલીમાર્થી*
*શ્રીરંગશિક્ષણ મહાવિદ્યાલ, ચબીલીમોર*

*સારાંશ:*

pervading like Akasa, without change, full of bliss, undividied and effulgent light itself. In it there resides no good or evil, rest or action , no past , present and future. Such is the incorporeal stage of Moksha. While communing on Brahama Sutra that which is real in the absolute sense, immutable , eternal, all penetrating like Akasa, exempt from all change, all satisfying undivided whose nature is to be its own light, in which neither good nor effect, nor past nor present nor future has any place, thus incorporeal is called liberation. The concept of Moksha is the contribution of Bhartiya wisdom because the whole word including all kinds of lives is after all devoured by death. Nothing of the word remains permanent therefore all human activity should be directed with this aim of Moksha, which is the highest value of life.

**Bhartiya Cultures of Contents. –**

**Influence of Indian Culture on Values**--- Bhartiya culture is complex in nature and with diversity in religion and their customs we live with unity. The two most important tenets of Bhartiya Culture are human values and Holism. Human values refer to moral, spiritual and ethical values while Holism means oneness or unity. Bhartiya culture is very rich and diverse and teaches us to be tolerant to others. Human values are inculcated from the vedic teachings to lead a peaceful integrated life. Bhartiya culture shows us evidences of development of values in life by training and experience. The bhagawad Gita is considered as the essence of the Vedas and Upanishads

**Vedas** --- A man duties and commitments in all stages of life. The Vedas teaches how to perform them. It contains entire range of knowledge veda is the source of all Dharma, religion, morality, righteousness and good conduct. It has the hightest authority over other materials of the past. According to the Vedas, the nobler vitue is truth and the follows other virtues.

**Bhagawad Gita ----** Thebhagwad Gita acts as powerful catalyst for change and renovation in one\s life. The verses from tis book contribute to improve self reflection, better the senses and expands one\s inner development, makes the life more active and joy at any circumstances, through attitudinal changes in the individuals. It offers us the tools to connect with our deepest insubstantial spirit and leads us to participate in the battle of life.

**Manusmriti** --- Dharma is essential for the individual’s happiness and for the family and the society.

**Ramayana---** Ramayana contains the universal human values and sense of morality which can regulate the code of society for the betterment of establishing peace. It is because, through various characters, social and moral values and displayed. There is an explanation in this from social value. Rama sacrificed all his pleasures for the welfare of subjects of his kingdom. He abandoned sita for the satisfaction of his criticizers.

**Kamasutr**a --- This book written by vatsyayana explores the quality of life in general and how o atain the level of sattva or goodness in a successful material and spiritual life. It also highlights culminates in the highest success of human existence.

**Jataka tales** --- Jataka Tales are an important part of Buddhist literature. Jatal stories represent former incarnation of Buddha and are intended to impart values of self- sacrifice, morality, honesty and other informative values to people.

**Dhammpadda** ---- Better know as the path of wisdom is concerned with establishment well-being and happiness in the immediately visible sphere a man to go in the path of light, and strengthen himself to fight the temptations of worldly pleasures.

**Bhartiya Moral life and Human values** ----Bhartiya culture is ,however the total attiude of an individual towards all life. The nobleness of this ,there is need to understand the concept of Bhartiya morality. Therefore, there is need to understand the concept of Bhariya morality. The concept of moral life in Indian culture has been elaborated in all the scriptures like the Vedas, Upanisads, Puranas, different kinds of darshan, and the great epics and in the utterances of great saints and thinkers of India. Bhartiya morality has always been dynamic and flexible and the great saints in the medieval age carried out this tradition with rational touch. It proves that the structure of Bhartiya morality is based on religious experiences, practical realizations and rationality.

It is true that Bhartiya morality on the one side is very strict about the practice of eternal moral values but at the same time it understood the difficulties of new situations and common man and prescribed exceptional moral code. This morality always took notice of weakness of man and his natural instincts. Manu the first social thinker of India in his 'Manavdharama Shastra' (Manu's Smriti) says, "There is no sin in eating meat or drinking wine nor in cohabitation because man is naturally inclined towards these pleasures, however, if these are avoided, one enjoys the highest fruit of life." It shows that Bhartiya thinkers were conscious towards the real and ideal, bodily pleasures and spiritual happiness, yoga and enjoyment, the tendency towards the secular and the sacred in human life. That is why in order to do justice to the total existence of human life they evolved four human values, for Ashramas and four Varnas as individual and social aspects of morality. This also proves that moral thinkers were quite awake towards human psychology. They realized that society which is without education, the rule of moral laws, service and proper care of total like, is like a crowd. They discovered man's life to be justice to all phases of human life. In that moral code there are duties not only towards human beings but also for beasts, fowls and all others living beings. The culture is the noble attitude towards all life.

**Reference** :-

Human Values and Education- R.A. Sharma
www.gktoday.in/role-of-indian-culture-in-inculcating-values/
www.geeksforgeeks.org/human-values-concept-importance/
https://egyankosh.ac.in

# ગર્ભઉપનિષદ નિહિત ગર્ભસંસ્કાર

ડૉ. સારીકા આર. પટેલ
*આસિ. પ્રોફેસર*
*આર. કે. દેસાઇ કૉલેજ ઓફ એજ્યુકેશન, વાપી*

*સારાંશ:*

***ગર્ભ ઉપનિષદમાં માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક વિકાસ માટેના વ્યવહારો અને આચરણમાં મૂકી શકાય તેવા પ્રયત્નો સૂચવેલા છે, જે આજના કાળમાં ખૂબ જ આવશ્યક છે આપણા શાસ્ત્રોમાં 16 સંસ્કારની વાત વૈજ્ઞાનિક રીતે આપેલી જ છે પરંતુ આજના કાળમાં સંસ્કારોની આવશ્યકતા સમજવી અને તેના માટે પ્રામાણિક પ્રયત્ન કરવું તે ભૂલાતું જાય છે ઈશ્વરે આપણને વિશિષ્ટ હેતુસર આ દુનિયામાં મોકલાવ્યા છે, તો એક બુદ્ધિશાળી માનવી તરીકે આપણે આપણા જીવનમાં આવા સંસ્કારોના સિંચન માટે પ્રયત્ન કરવો જોઈએ. જેથી આપણે પ્રભુને ગમે તેવું જીવન બનાવી પ્રભુનો આપણને આ દુનિયામાં મોકલવાનો હેતુ પૂરા કર્યા નો સંતોષ પ્રાપ્ત કરી શકીએ.***

***આપણે આપણા જન્મથી માના ઉદરમાંથી બહાર આવ્યા તે ગણીએ છીએ, પણ ખરેખર તો એ સમય પહેલા જન્મ થઈ ચૂક્યો હોય છે. આ મૂળ જન્મની એટલે કે માના ઉદર મા સ્ત્રી બીજ અને પુરુષ બીજ ના ફલીનીકરણ ની ક્ષણથી લઈને ઉદરમાંથી બહાર આવવાના સમયને ગર્ભકાળ કહેવાય છે. આ કાળને સમજવો અને ભીતર પાંગરતા જીવનો ઉત્તમ વિકાસ થાય એ માટે પ્રયત્ન કરવો એ ગર્ભઉપનિષદનોસાર છે.***

***કુદરતની અપાર લીલા જોવા,સમજવા અને અનુભવવા માટે ગર્ભવસ્થાને ઉત્તમ અવસ્થા મનાય છે. બાળક એ તમારી એવી પ્રતિકૃતિ છે જેને તમે તમારી અંદર નવ મહિના રાખો છો તમારા હાથમાં ત્રણ વર્ષ રાખો છો અને તમારા હૃદયમાં જીવો છો ત્યાં સુધી રાખો છો તે માટે તે શ્રેષ્ઠ પ્રકારનું સર્જન કરવા ગર્ભ ઉપનિષદ આપણા ઋષિમુનિઓએ આપણનેઆપ્યોછે. ગર્ભસંસ્કારનુંગર્ભઉપનિષદમાં આપેલું જ્ઞાન જે વિજ્ઞાનના આયુર્વેદના અન્ય સિદ્ધાંતોની જેમ જ સ્થળ અને કાળથીપરછે. જન્મ એ આકસ્મિક ઘટના નથી પરંતુ પ્રકૃતિએ કરેલું વ્યવસ્થિત આયોજન છે બીજમાં પડેલી સંભાવનાઓ અને ઉજાગર કરવાની પ્રક્રિયા છે.***

ચાવીરૂપ શબ્દો : ગર્ભઉપનિષદ, ગર્ભ સંસ્કાર

**પ્રસ્તાવના:**

"જનની જણ તો ભક્ત જણ કા દાતા કાસુર, નહીં તો રહેજે વાંઝણી મત ગુમાવીશનુર"

આમ આવા ગર્ભઉપનિષદ માંથી ફલિત થતા ગર્ભસંસ્કાર દ્વારા જ આપણી ભારતમાંઆવાઅનેકો ઉત્તમ આત્માઓઅવતરેલાછે. જે આપણને ઉપનિષદોનું મહત્વસમજાવેછે.

પ્રાચીન ભારતમાં નિર્બળ સંતાને જન્મ આપવો એ પાપ મનાતું હતું. માતા ધારે તેવા બાળકને જન્મી આપી શકતી. સદાચાર દ્વારા માતા દાનવીર,શૂરવીર,પરાક્રમી અને તેજસ્વી બાળકો લાવવા સમર્થ હતી. લોકો એ જાણતા હતા કે માતા-પિતા સંપૂર્ણ કાળજી રાખે સમાગમ થી લઈને પ્રસુતિ સુધીના દરેક નીતિ નિયમોનો શસ્ત્રોક્ત્ રીતે પાલન કરે તો નિર્બળ સંતાન જન્મે જનહિ. આમ, નબળા બાળકનો જન્મ થયો એ નસીબની વાત છે. એમ માનવું એ આપણી મૂર્ખતા બતાવે છે. ગર્ભઉપનિષદમાં ગર્ભ સંસ્કારનું જ્ઞાન એક ઉપમાનના આધારે સમજાવવામાં આવ્યું છે તે ઉપમા છે ખેડૂત દ્વારા પાકના સર્જનની પ્રક્રિયા જેમ શ્રેષ્ઠ ખેડૂત પોતાના બુદ્ધિ, આયોજન અને પરિશ્રમથી શ્રેષ્ઠ ખેતી કરી શ્રેષ્ઠ પાક લે છે, બસ તેમજ શ્રેષ્ઠ માતા પિતા ગર્ભસંસ્કારના જ્ઞાનથી શ્રેષ્ઠ સંતાનને જન્મ આપે છે.

સુશ્રુત સંહિતા કહે છે ઋતુ ક્ષેત્ર જળ અને બીજના સહયોગથી નિશ્ચિત સમયે અંકુર ફૂટે છે તેમ માનવ જીવનમાં

ગર્ભ જન્મે છે. એકસરખી જમીન, એકસરખા પાણી, પ્રકાશ અને વાતાવરણ તેમ છતાં પાકનાઉત્પાદનમાં ફરક શા માટે? તો આજ રહસ્ય છે એ રહસ્ય ગર્ભ ઉપનિષદમાં આપવામાં આવ્યું છે કે જેથી ઉત્તમ બાળકનો જન્મ થઈ શકે.

**ગર્ભની વ્યાખ્યા**

"શુક્રશોણિત જીવ સંયોગેતુંખલુંકુક્ષીગતે ગર્ભ સંજ્ઞા ભવતિ".અર્થાત ગર્ભાશયમાં શુક્ર, શોણીત અને જીવાત્માનો સયોગ થાય તો એને ગર્ભ સંજ્ઞા અપાય.

**સંસ્કારની વ્યાખ્યા:**

"સંસ્કારોહીનામ ગુણાન્તરા ધાનમ" એટલે કે એક ગુણને બીજા ગુણમાં રૂપાંતરિત કરવાની અથવા ગુણ ખિલાવવાની ક્રિયા એટલે સંસ્કાર. ઉદાહરણ તરીકે દૂધ હોય અને ખીર બનાવવી તે સંસ્કાર કર્યો કહેવાય.

**સંસ્કાર- જીવનની સાર્થકતા:**

ભારતીય સંસ્કૃતિમાં સંસ્કારોનું ખૂબ જ મહત્વ છે. આપણા ઋષિમુનિઓ જીવન વિજ્ઞાનમાં ખૂબ નિષ્ણાંત હતા,એટલે જ એમણે માનવ જીવનમાં 16 સંસ્કારોનું મહત્વ સ્થાપિત કર્યું છે। હીરાની ખાણમાંથી જ હીરો પ્રગટે પણ એને પરિશુદ્ધ કરીને પહેલ પાડવાથી જ એ હીરો ચમકી ઉઠે છે. એ જ રીતે આ પૃથ્વી ઉપર જન્મ લેનાર માનવ એ અમૂલ્ય હીરા સમાન જ હોય છે. પણ જો એ હીરાને સંસ્કારના ઓપ આપવામાં આવે તો જ એ હીરો સદગુણો રુપી મૂલ્યોથી સભર બની રહે છે.

સંસ્કારોની શરૂઆત શાળાથી નહીં પરંતુ માતાના ઉદરમાંથી થઈ જાય છે. અને એથી પણ વિશેષ એ શરૂઆત લગ્નમંડપથી થઈ જાય છે. દાંપત્ય જીવનની સાર્થકતા સુખ સગવડ કે સાધનોના ઢગલામાં નથી દાંપત્ય જીવનની સાર્થકતા પતિ પત્ની વચ્ચેના દિવ્ય પ્રેમમાં અને એ પ્રેમના પ્રતિક રૂપે સદગુણી અને પ્રતિભાવાન પ્રજાના સર્જનમાં છે પ્રસન્ન અને પ્રેમ પૂર્ણ દંપતીના મન સાત્વિક ભાવથી ભરેલા હોય અને સ્વયં માતા પિતા પણ સંસ્કારી હોય તો એમના મહાન સંકલ્પમય જીવનનો જબરો પ્રભાવ એમના શરીરમાં ઉત્પન્ન થતા બીજ ઉપર પડતો હોય છે. એટલે જ ભારતીય ઋષિમુનિઓ પવિત્ર અને સંસ્કારી દાંપત્ય જીવનને અતિ મહત્વનું ગણે છે.

બાળક જ્યારે માતાના ઉદરમાં હોય ત્યારે માતાની અને ગર્ભસ્થ શિશુની ખૂબ જ કાળજી લેવાની જરૂર હોય છે માતાના આહાર, વિહાર, વિચાર અને આજુબાજુના વાતાવરણની ગર્ભસ્થ બાળક ઉપર જબરી અસર પડતી હોય છે. આ સંદર્ભમાં ગર્ભ ઉપનિષદમાં ખૂબ ઊંડાણપૂર્વક ની છણાવટ કરેલ છે. જે સંસ્કાર સભર પ્રતિભાવના પ્રજાને પ્રાપ્ત કરવાની મહેચ્છા ધરાવતા માતા-પિતા માટે આશીર્વાદરૂપ છે.

આ ઉપનિષદમાં આયુર્વેદ સાથે ભારતીય મૂલ્યોનો પણઆગ્રંથમાં સમાવેશ થયો છે, તેથી સમગ્ર સમાજમાં સંસ્કારો દ્વારા દિવ્યતા પ્રગટાવવા માટે આ ઉપનિષદ પ્રયોગાત્મક રીતે યોગ્ય માર્ગદર્શન પૂરૂં પાડે છે. દરેક માતા પિતાને મનમાં મહેચ્છા હોય છે કે અમારે ત્યાં સંસ્કારી, તેજસ્વી અને પ્રતિભાશાળી બાળકો પ્રગટે. તો આવામાતા પિતાની મનોરથોને પૂર્ણ કરનાર જો કોઈ ઉપનિષદ હોય તો તે છે ગર્ભ ઉપનિષદ.

**ગર્ભસંસ્કારની જરૂરિયાત:**

ગર્ભ સંસ્કાર શબ્દ સાંભળી આપણને પ્રશ્ન થાય કે ગર્ભ સંસ્કાર એટલે શું? અને તેની જરૂરિયાત શા માટે ?

પહેલાના જમાનામાં ઘરની વહુઓ કે સ્ત્રીઓ મોટાભાગે ઘરમાં વડીલોની હાજરીમાં જ રહેતી, જેથી ખાવા-પીવા અને પહેરવા ઓઢવા બાબતની પાયાની સમજણ,સંદ, ગ્રંથોનું વાંચન, કામકાજમાં સાવચેતી વગેરેનું અનુભવ જન્ય જ્ઞાન સતત ગૃહસ્થ વડીલ સ્ત્રીઓ પાસેથી મળી રહેતું. આમ, સ્વસ્થ બાળકના જન્મ માટેનું જે પાયાનું વિજ્ઞાન હોય તે ઘર રૂપી શાળામાં દાદીમાં, સાસુમાં અને નાનીમા પાસેથી જ મળી રહેતું. પરંતુ આજનો જમાનો પહેલાના જમાના કરતા અનેક રીતે અલગ છે. આજે મોટાભાગે બધી સ્ત્રીઓ વર્કિંગ વુમન છે. દિવસના લગભગ ૮ થી ૧૦ કલાક ઓફિસ કે વ્યવસાયમાં

વિતાવે છે. વળી મોટાભાગના દંપતિઓ નોકરી ધંધા માટે મા બાપથી દૂર રહે છે. આમ, વિભક્ત કુટુંબ પ્રથા હવે સામાન્ય બની ગઈ છે. આવા સંજોગોમાં સ્વસ્થ સંતાનો માટે પાયાનું સચોટ અને અનુભવ જન્ય જ્ઞાન આપણા માટેતોદુર્લભ જ છે. આથી ઋષિમુનિઓએ લખેલા શાસ્ત્રો પરથી અને આપણા વડીલોના અનુભવના નીચોડ રૂપે આજે ગર્ભસંસ્કારની આવશ્યકતા ખૂબ જ વધી ગઈ છે.

**ગર્ભસંસ્કારના કારણે તેજસ્વી થયેલા સંતાનો**:

- વેદ,પુરાણો, અનેઉપનિષદમાંઅનેકઉદાહરણોજોવામળેછે.
- સીતા,મંદોદરી,દ્રૌપદી, ગાર્ગી, મૈત્રી, તારામતી, સાવિત્રી, અહલ્યા જેવી સતીશિરોમણી.
- પ્રહલાદ,ધ્રુવ, નારદ, નરસિંહમહેતા,તુકારામ, એકનાથજેવાભક્તરાજો.
- યુધિષ્ઠિર,હરીશચંદ્ર,નળ,ગાંધીજી જેવા સત્યનિષ્ઠ.
- અર્જુન,ભીષ્મ,અભિમન્યુ,શિવાજી,મહારાણાપ્રતાપ,પરશુરામ,નેપોલિયનજેવાવીરયોદ્ધાઓ.
- કાલિદાસ,બાણ,ભવભૂતિ,વેદવ્યાસજેવાપુરાણકાલીનમહર્ષિઓકેગોવર્ધનરામત્રિપાઠી,કનૈયાલાલમુનશીપન્નાલાલપટેલજેવાઅર્વાચીનકવિકેલેખકો.
- સચિનજેવારમતવીર,ધીરુભાઈઅંબાણીજેવાઉદ્યોગપતિકેરતનતાતાજેવાઉદ્યોગસાહસિક.
- તબલા વાદક ઝાકીર હુસેન ને કેમ ભુલાય........

**ગર્ભ ઉપનિષદમાં વર્ણવેલો ગર્ભનો ક્રમિક વિકાસ:**

ઉપનિષદોની શ્રેણીમાં ગર્ભ ઉપનિષદમાં ગર્ભના ક્રમિક વિકાસનું વર્ણન મહર્ષિ પીપલાદે કર્યું છે. આજે તો વૈજ્ઞાનિક સાધનોનો એટલો વિકાસ થયો છે કે ગર્ભમાં રહેલા બાળકની તસ્વીરો પણ ખેંચી શકાય છે. જ્યારે પ્રાચીન કાળમાં ઋષિમુનિઓ પાસે આવા વૈજ્ઞાનિક સાધનો ન હતા છતાં તેમણે ગર્ભનો વિકાસ ક્રમ એટલી સચોટ રીતે વર્ણવ્યો છે, કે આપણને આશ્ચર્ય થયા વિનાના રહે.

ગર્ભપનિષદમાં લખ્યું છે ઋતુ કાર્ય માં સમ્યક પ્રકારે ગર્ભતાં થતાં એક રાત્રીમાં શુક્ર અને શોણિતના સહયોગથી કલાલ બને છે.સાત રાત્રિમાં તે બુંદ બુંદ અર્થ પરપોટા જેવો બને છે. એક પક્ષમાં એટલે કે 15 દિવસમાં તેનો પિંડ બંધાય છે, જે એક માસમાં કઠિન થાય છે. બે મહિનેમાં તેનું માથું બને છે, ત્રણ મહિનામાં પગ બને છે, તે પછી ચોથા મહિને પગના ધૂંટણ પેટ કટી પ્રદેશ તૈયાર થાય છે. પાંચમા મહિને પીઠની કરોડરજ્જુ તૈયાર થઈ જાય છે. છઠ્ઠા મહિને મુક નાસિકા નેત્ર અને કર્ણ બને છે. સાતમા મહિને ગર્ભ જીવથી યુક્ત બને છ., આઠમા મહિને તે દરેક લક્ષણોથી પૂર્ણ બની જાય છે. પિતાના શુક્રની અધિકતાથી પુત્ર અને માતાના રુધિરની અધિકતાથી પુત્રી તથા શુક્ર અને શોણીત બંને સમાન હોય તો નપુસક સંતાન ઉત્પન્ન થાય છે. વ્યાકુળ ચિત્તે સમાગમ કરવાથી કદરૂપો,ખોડુ અને ભટકું સંતાન ઉત્પન્ન થાય છે. આજકાલ મંદબુદ્ધિ બાળકોના જન્મ કંઈક વધારે થતા જોવા મળે છે. બાળક મંદબુદ્ધિનો આવે તેની પાછળના કારણો પૈકી એક મુખ્ય કારણ સમાગમ વખતે માતા-પિતાની ચિંતા, વ્યાકુળતા, હતાશા અને ટેન્શન પણ છે.

આયુર્વેદ સમાગમ વખતે આનંદ અને હર્ષનીભાવના મનમાં હોવી જોઈએ તેમ કહે છે. અને ગર્ભઉપનિષદમાં મહર્ષિ પીપલાદે પણ વ્યાકુળચિતે સમાગમ કરવાના આ પરિણામો બતાવ્યા છે. ઋષિ કહે છે પરસ્પર વાયુના સંઘર્ષથી શુક્ર બે ભાગમાં વહેંચાઈ જાય છે, તેનાથી જોડિયા સંતાન ઉત્પન્ન થાય છે. શરીર સમર્થ અને સ્વસ્થ હોય તો ચેતનામાં પંચ જ્ઞાનેન્દ્રિયત્મક બુદ્ધિ હોય છે, તેમાં ગંધ, રસ વગેરેનું જ્ઞાન થાય છે. તે અવિનાશી ઓમકારનું ચિંતન કરે છે, ત્યારે આ એકાક્ષરને જાણીને તે જ ચેતનાથી શરીરમાં આઠ પ્રકૃતિઓ અર્થાત પ્રકૃતિ તત્વ અહંકાર અને પાંચ તન્મયાત્રાઓ ઉપરાંત પાંચ જ્ઞાનેન્દ્રિય પાંચ કર્મેન્દ્રિય પાંચ સ્થૂળભુત તથા મન થાય છે.

તે પછી માતાએ ગ્રહણ કરેલું અન અને જળ નાળીઓના સૂત્ર દ્વારા ગર્ભસ્થ શિશુના પ્રાણ ને તૃપ્ત કરે છે. તેના

પગલે નવમા મહિને તે જ્ઞાનેન્દ્રિય વગેરે દરેક લક્ષણોથી પૂર્ણ બની જાય છે ત્યારે પોતાના પૂર્વ જન્મનો સ્મરણ કરે છે. તેના શુભ અશુભ કર્મ પણ તેની સામે આવે છે. આ રીતેગર્ભ ઉપનિષદમાં બાળકનોક્રમિક વિકાસનોવિસ્તારથીઉલ્લેખ કરેલો છે.

**સમાપન :**

25 -50 હજારની નોકરી મેળવવા આપણે 20 -25 વર્ષ ભણ્યા પોતાના ક્ષેત્રમાં નિપુણતા મેળવવા આપણે વર્ષો સુધી સખત અને સતત પુરુષાર્થ કર્યો. દિવસ અને રાત હંમેશા એનું જ ચિંતન હવે જરા વિચારીએ થોડા પૈસા માટે થોડી નિપુણતા માટે આપણે આટલો પુરુષાર્થ કર્યો, પણ એક સાચા માતા-પિતા બનવા માટે એક નવા જીવનના સર્જન માટે આપણે કેટલું ભણ્યા? આપણને ગર્ભ સંસ્કાર અને બાળ ઉછેર નું જ્ઞાન કેટલું? લાયકાત વિના માતા-પિતા બની જવાનું? શું આપણું હૃદય આ વાત કબુલતું નથી? શું આપણેચિલાચાલુ સંતાનોના જ માતા પિતા બનવા માંગીએ છીએ? પૂર્વ તૈયારી વિના જ પારણું બાંધવાનું?

મનુષ્ય તેને જે જોઈએ છે તે મેળવે છે. એક ધોતિયું લેવા એક માટલું લેવા, એક ફ્રીઝ લેવા ટૂંકમાં ટાંકણીથી લઈને ગાડી સુધી તે પાકી ખાતરી કરીને વસ્તુ મેળવે છે, પરંતુ એક જ બાબતે આંધળો છે. ફાવે ત્યાં લગ્ન કરે છે અને આવીશ પશુ થઈ જેમ વાસનાની તૃપ્તિ કરે છે અને એ અજ્ઞાની પ્રવૃત્તિથી કેવા બાળકો જન્મશે તેનો તે વિચાર જ કરતો નથી. તેથી આવા સમયમાં ગર્ભ ઉપનિષદના જ્ઞાનના આધારે એક સંસ્કારી મૂલ્યવાન બાળક ને જન્મઆપી શકાય છે. તેથી દરેક માતા-પિતા ઈચ્છુક વ્યક્તિએ ગર્ભઉપનિષદનો અભ્યાસ જરૂરકરવોજોઈએ.

**સંદર્ભ સૂચિ**

1. ગર્ભ સંસ્કાર (ડૉ. દેવાંગી જોગલ) પ્રથમ આવૃત્તિ ૨૦૧૭ પ્રકાશક : ચેતન સાંગાણી
2. ગર્ભ સંસ્કાર (સુરેશ - અલકા પ્રજાપતિ)

# ઉપનિષદોમાં વ્યક્ત થતું જીવન મૂલ્ય.

ડૉ. ગીતાબેન અંબેલાલ પટેલ.
*આસિસ્ટન્ટ પ્રોફેસર,*
*કોલેજ ઓફ એજ્યુકેશન, દમણ.*

*સારાંશ*

***ઉપનિષદોભારતીય આધ્યાત્મિક ચિંતનનોમૂલાધારછે.જેને'બ્રહ્મવિદ્યા'ના નામથી પણ ઓળખવામાં આવે છે. વૈદિકવાડમય સાહિત્યમાં વેદ સંહિતા બ્રાહ્મણ આરણ્યક અને ત્યાર પછી ઉપનિષદોનું સ્થાન છે. વેદોનો સાર એ જ ઉપનિષદોનો વિષય છે. સંસ્કૃત સાહિત્યમાં108 ઉપનિષદોની સંખ્યા માનવામાં આવે છે. આમ છતાં11 ઉપનિષદો મુખ્ય છે. જેમાં ઇશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, માંડુક્ય, તૈતરીય, ઐતરિય, છાંદાગ્યોઅને બૃહદારણયક ઉપનિષદોનો સમાવેશ થાય છે. આ ઉપનિષદોના અધ્યયન થી ઈશ્વરનુંઅને જીવનનું મહ્ત્વ તેમજ જીવનનું લક્ષ્ય મનુષ્યને પ્રાપ્ત થાય છે. માનવ જીવનને માટે જે કંઈ શ્રેષ્ઠ કલ્યાણ કરી અને આદર્શ છે,તે જીવન મૂલ્ય કહેવાય છે. જેનાથી માનવ જીવનનો સંપૂર્ણ વિકાસ થાય છે. આ ઉપનિષદોમાં માનવ જીવનને માટે અત્યંત મહ્ત્વના એવા જીવન મૂલ્યો સમાયેલા છે. આ ઉપનિષદોના ચિંતનથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થોનુંપણ વર્ણન કરવામાં આવ્યું છે, જેનાથી સમસ્ત માનવ જીવન આનંદમય બની મોક્ષ પ્રાપ્ત કરી શકેછે.***

**ચાવીરૂપ શબ્દો:** ઉપનિષદ, જીવન મૂલ્ય, ધર્મ, ત્યાગ

**પ્રસ્તાવના:**

સંસ્કૃત ભાષામાં વિરચિત સંપૂર્ણવાડમય સાહિત્યમાં વેદ, સંહિતા, બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદોનો સમાવેશ થાય છે. વેદ અને ઉપનિષદમાં વર્ણિત જીવન મૂલ્યો મનુષ્યને સંપૂર્ણ શાંતિ પ્રદાન કરે છે. કારણ ભારતીય જીવન દર્શન સંતુષ્ટી અને માનસિક શાંતિમાં જ પરમ આનંદ અનુભવે છે. વાડમય સાહિત્યમાં વર્ણિત જીવન મૂલ્યોના આચરણથી પરમ આનંદની સ્થિતિ પ્રાપ્ત થાય છે અને મનુષ્ય જીવનનું એ જગંતવ્ય સ્થાન છે.

ઉપનિષદોભારતીય આધ્યાત્મિક ચિંતનનોમૂલાધારછે.જેને'બ્રહ્મવિદ્યા'ના નામથી પણ ઓળખવામાં આવે છેવૈદિકવાડમય સાહિત્યમાં વેદ સંહિતા બ્રાહ્મણ આરણ્યક અને ત્યાર પછી ઉપનિષદોનું સ્થાન છે. વેદોના અંતે લખાયેલા હોવાથી તેને વેદાંત પણ કહે છે.વેદોનો સાર એ જ ઉપનિષદોનો વિષય છે.સંસ્કૃત સાહિત્યમાં108 ઉપનિષદોની સંખ્યા માનવામાં આવે છે. આમ છતાં 11 ઉપનિષદો મુખ્ય છે. જેમાં ઇશ,કેન,કઠ, પ્રશ્ન,મુંડક,માંડુક્ય,તૈતરીય,ઐતરિય,છાંદાગ્યોઅને બૃહદારણયક ઉપનિષદોનો સમાવેશ થાય છે. આ ઉપનિષદોના અધ્યયન થી ઈશ્વરનુંઅને જીવનનું મહ્ત્વ તેમજ જીવનનું લક્ષ્ય મનુષ્યને પ્રાપ્ત થાય છે. માનવ જીવનને માટે જે કંઈ શ્રેષ્ઠ કલ્યાણ કરી અને આદર્શ છે,તે જીવન મૂલ્ય કહેવાય છે. જેનાથી માનવ જીવનનો સંપૂર્ણ વિકાસ થાય છે.આ ઉપનિષદોમાં માનવ જીવનને માટે અત્યંત મહ્ત્વના એવા જીવન મૂલ્યો સમાયેલા છે.આ ઉપનિષદોના ચિંતનથી ધર્મ, અર્થ,કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થોનુંપણ વર્ણન કરવામાં આવ્યું છે, જેનાથી સમસ્ત માનવ જીવન આનંદમય બની મોક્ષ પ્રાપ્ત કરી શકેછે.

**ઉપનિષદ નો અર્થ:**

उप + नि+सदઅહીંउपએટલે પાસે, निએટલે નિષ્ઠાપૂર્વક અનેसदએટલે બેસવું. અર્થાત ગુરૂની પાસે નિષ્ઠાપૂર્વક બેસીને મેળવેલું જ્ઞાન એટલે ઉપનિષદ.આ ઉપનિષદોને વેદાંત નાનામે પણ ઓળખાવામાં આવે છે કારણ આ ઉપનિષદો વેદના અંત ભાગમાં લખાયેલા છે. આ ઉપનિષદોને બ્રહ્મવિદ્યા ના નામથી તેમજ પ્રસ્થાનત્રયી તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ઉપનિષદો ભારતીય આધ્યાત્મિક ચિંતનનો મુલાધાર છે, જ્ઞાનનો ભંડાર છે. ઉપનિષદના જ્ઞાનથી આત્માનો

પરમાત્મા સાથે સાક્ષાતકાર સંભવ છે. મનુષ્યને એના જીવનના વાસ્તવિક મર્મથી પરિચિત કરાવવામાં તે સહાયક છે. ઉપનિષદમાં જે પ્રાર્થના કરવામાં આવી છે એમાં પ્રકાશ અને જ્ઞાનની ઈચ્છા કરવામાં આવી છે. બુરાઈ થીભલાઈ તરફ અને અંધકારથી પ્રકાશ તરફ મનુષ્યને લઈ જવાની કામના કરવામાં આવે છે.શાસ્ત્રોમાં જણાવ્યા અનુસાર84 લાખ યોનીનીનૈયા પાર કર્યા પછી આ દુર્લભ એવુંમનુષ્ય જીવન પ્રાપ્ત થાય છે, છતાં એ મનુષ્ય જીવનનો મર્મ સમજવાનો આપણે પ્રયાસ કરતા નથી જેનું કારણ છે મનુષ્યમાં રહેલ સત્યના જ્ઞાનનો અભાવ.જો મનુષ્ય પોતે મોક્ષ પ્રાપ્ત કરવા ઈચ્છે તો એને એ જ્ઞાન ઉપનિષદોમાંથી પ્રાપ્ત થાય છે અને મનુષ્ય જીવનમાંથી એને મુક્તિ મળેછે.

**ઉપનિષદ નો ઉદ્દેશ્ય:**

ઉપનિષદનો મુખ્ય ઉદ્દેશ્ય મનુષ્યના આત્મિક જ્ઞાનને વધારવાનો છે.દરેક મનુષ્યને પોતાના જીવનનું વાસ્તવિક જ્ઞાન થાય મનુષ્ય સ્વયં જાણી શકેકેતેનો જન્મ કયા ઉદ્દેશ્યથી થયો છે.એના મનમાંઉઠતીજિજ્ઞાસાઓ અને પ્રશ્નનો ઉત્તર એને મળે છે. એની જિજ્ઞાસા શાંત થાય છેઅનેમનુષ્યજીવન અનેમૃત્યુનાઆ વાસ્તવિક ચક્રને સમજી શકે એવા શુભ આશયસાથે ઉપનિષદોની રચના થઈ છે. આ ઉપનિષદ વેદનો જ્ઞાનકાંડછે, જે નિરંતર પ્રદીપ જ્ઞાનદીપક છે,જે સૃષ્ટિના આદિથી પ્રકાશમાન શાશ્વત-સનાતન અક્ષર છે.

**ઉપનિષદોમાં દૃષ્ટિગોચર થતાં માનવીય જીવન મૂલ્ય:**

**મૂલ્યનો અર્થ**: સામાન્ય અર્થ માં મૂલ્ય એટલે દામ પરંતુ અહીં મૂલ્ય એટલે .કિંમત એવો અર્થ થાય છે ,માનવ જીવન માટે જે કંઈ પણ શ્રેષ્ઠ કલ્યાણકારી અને આદર્શ છે તેને જીવન મૂલ્ય કહેવાય છે .જેનાથી માનવ જીવનનો સંપૂર્ણ વિકાસ થાય છે. ઉપનિષદોના ચિંતનમાં ધર્મ,અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થોમાં માનવ જીવનના મૂલ્યો સમાવિષ્ટ થયેલા છે.મનુષ્યનુંધર્માચરણ , શ્રેષ્ઠ જ્ઞાન,સત્ય,તપ ,દાન ત્યાગ અને લોભ માંથી નિવૃત્તિ છે. ક્ષમા,ધૈર્ય, કર્મનિષ્ઠાપરિશ્રમ , આ જીવનના ઉત્તમ મૂલ્ય છે. તે મનુષ્ય જીવનને આનંદમય બનાવે છે.

**ધર્મનું આચરણ:**

અહીં ધર્મ શબ્દ કોઈ જ્ઞાતિ જાતિ માટે વપરાયો નથી,પરંતુ ધર્મ એટલે કર્તવ્ય પાલન. મહાભારતના વન પર્વમાં એક શુદ્ર વ્યાધ્રનુંઆખ્યાન એનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. જે માંસ વેચવાનો વ્યવસાય કરતો હતો.પરંતુ તેણે બ્રાહ્મણ કૌશિકીને ઉપદેશ આપી એ સિદ્ધ કર્યું કે સંસારમાં સ્વધર્મનો આચરણ એ જ શ્રેષ્ઠ છે અન્ય કશું જ નથી.જેનું આચરણ એ જ માનવ માટે પરમ ઉત્કૃષ્ટ ધર્મ છે. ઉદાહરણ: શિક્ષકનો ધર્મબાળકને શ્રેષ્ઠ શિક્ષણ પ્રદાન કરવાનો છે.સિવિલ એન્જિનિયરનો ધર્મ શ્રેષ્ઠ મકાન, બ્રિજ જેવા કાર્યો કરવાનો છે. લીડરનો ધર્મ દરેક વ્યક્તિને યોગ્ય રીતે લીડ કરવાના છે.રાજાનો ધર્મ છે પ્રજાનું યોગ્ય રીતે લાલન પાલન કરવું. રાજ્યમાં ક્યાંક કોઈ અરાજકતા ફેલાય તો તેને દૂર કરવી. ડૉક્ટરનો ધર્મ છે તેની પાસે આવનાર દર્દીની યોગ્ય સારવાર કરી તેને સ્વસ્થ રાખવા. બ્રાહ્મણનો ધર્મ છે લોકોને યોગ્ય જ્ઞાન આપવાનો ,તેણે યોગ્ય વિધિ વિધાન સાથે પૂજા અર્ચના કરાવવી.અને શાસ્ત્રની યોગ્ય સમજ આપવી , ક્ષત્રિયનો ધર્મ છે સમય આવે પોતાના રાષ્ટ્રનું રક્ષણ કરવું. વૈશ્યનો ધર્મ છે નીતિમત્તાથી વ્યાપાર ધંધો કરવો અને શુદ્રનો ધર્મ છે સેવાનો.

**ત્યાગભાવના:**

મનુષ્યને જીવંત રહેવા માટે જેમ શ્વાસ અને આહાર જરૂરી છે તે જ પ્રમાણે ત્યાગની ભાવના પણ જરૂરી છે. આ શરીરમાં શ્વાસની પ્રક્રિયા24 કલાક અત્યંત સહજ ભાવથી ચાલ્યા કરે છે, એ જ રીતે મનુષ્ય સહજ ભાવથી આહાર પણ લે છે.આ શ્વાસ અને આહારનો જેમ મનુષ્ય સ્વીકાર કરે છે, તેમ શરીર કોઈને કોઈ રૂપે એનો પરિત્યાગ પણ કરે છે. જો એ એનો પરીત્યાગન કરે તો એ એના શરીર માટે હાનિકારક સિદ્ધ થાય છે. એ જ રીતે મનુષ્ય જે કંઈ પણ ભેગું કરે છે તેનો ત્યાગ પણ જરૂરીછે.જ્યારે આપણે આપણી જરૂરિયાતોની ઉપેક્ષા કરી જરૂરિયાતમંદ વ્યક્તિને એ વસ્તુઓ આપીએ તો તે

ત્યાગ કહેવાય છે.આ માટે **કઠોઉનિષદમાં કહ્યું છે**: न कर्मणा न प्रजया घनेन, त्यागेनैकेन अमृतत्त्व मानसुः અર્થાત્ કર્મ,સંતાન અને ધનથી મનુષ્ય અમૃત તત્વ કે પરમ આનંદની સ્થિતિ પ્રાપ્ત કરી શકતા નથી,માત્ર ત્યાગના માધ્યમથી જ એને પ્રાપ્ત કરી શકાય છે.ધન થી મનુષ્યને ક્યારેય તૃપ્તિ થતી નથી.ઉ.દા. મહાભારતમાં રાજા શિબીએ એક કબૂતરની રક્ષા માટે પોતાનું શરીર કાપીને બાજ પક્ષીને તે માંસ ખવડાવ્યું હતું. મહર્ષિ દધીચીએ વૃતાસુરના સંહાર માટે પોતાના શરીરનેદાનમાં આપ્યુંહતું. જેનાથીવ્રજાસ્ત્રનું નિર્માણ કરવામાં આવ્યું હતું. દાનવીર કર્ણ એ જન્મજાત કવચઅનેકુંડળ દાનમાં આપી પોતાની ત્યાગ ભાવનાનો પરિચય કરાવ્યો હતો. જીવનને આનંદમય બનાવવા માટે ત્યાગની ભવના સાથે મન વાણી અને કર્મથી મનુષ્યેલોભ લાલચ ક્યારેય પણ કરવીનજોઈએ.

**સ્વાવલંબન**:કઠોપનિષદમાંકહ્યું છે,**उत्तिष्ठत्** जाग्रत प्रापय वरान् निबोघत् ।અર્થાતઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્ત કરો. આ વાક્ય પોતાના જીવનમાં આત્મસાત કરી સ્વામી વિવેકાનંદે સંપૂર્ણ ભારત વર્ષની યુવા શક્તિને સ્વાવલંબી અને સ્વાભિમાની બનવા પ્રેરિત કરી છે.ઉપનિષદમાં દર્શાવાયેલ આ જીવન મૂલ્ય દરેક વ્યક્તિને સ્વાવલંબી બનવા માટે પ્રેરિત કરે છે.

**જ્ઞાનનું મહત્વ**:

મુંડકોપનિષદ કહ્યું છે:**क्षुरसय** घारा निषिघा दुर्गम पथ तत कवयो वदनतिઅર્થાત જ્ઞાન પ્રાપ્તિ નો માર્ગ અસ્ત્રાની ધાર જેવો તીવ્ર છે એમ કવિઓ કહે છે. તલવાર પર ચાલવું મનુષ્ય માટે મુશ્કેલ હોય છે, ક્યાંક પણ જો નજર ચુકી જાય તો મનુષ્યનું આવી બને એ જ રીતે વિદ્યા પ્રાપ્તિનો માર્ગ પણ ઘણો કપરો છે એમાં ખૂબ જ સાચવીને મનુષ્ય આગળ વધવાનુંહોય છે.

**પરિશ્રમનું મહત્વ**:

મનુષ્યનો સૌથી મોટો શત્રુ આળસ છે અને મનુષ્યનો સૌથી મોટો મિત્ર પરિશ્રમ છે ,કારણ પરિશ્રમ કરનાર ક્યારેય દુઃખી થતા નથી.આ સંદર્ભે કહ્યું છેઃ आलस्यंहि मनुष्याणां शरीरस्थ महान रिपुःनस्त्युधमसमो बनघुः कृतवा यं नावसीदति।।પરિશ્રમનો મહત્વ સમજાવતા વધુ એક શ્લોકમાં કહ્યું છે કે,

उघमेन हि सिध्यन्ति कार्याणि न ही मनोरथैः। न ही सुप्तस्य सिंहस्य प्रविशनति मुखे मृगाः ।।

અર્થાત પરિશ્રમથી જકાર્યસિદ્ધ થાય છે,માત્ર વિચારોથી નહીં.સૂતેલા સિંહના મુખમાં આપમેળે મૃગ આવીને પ્રવેશતા નથી.જીવનમાં દરેક વ્યક્તિએ સફળ થવા માટે પરિશ્રમ કરવો જ પડે છે માત્ર મનોરથો કે ઈચ્છાઓ સેવવાથી આપણે તે કાર્યને પૂર્ણ કરી શકતા નથી. આ માટે અહીં ખુબ જ સરસ જંગલના રાજા સિંહનું ઉદાહરણ આપવામાં આવ્યું છે. સિંહ એ જંગલનો રાજા છે, આમ છતાં એણે પોતાના ખોરાક માટે પરિશ્રમ કરવો જ પડેછે.

**બ્રહ્મજ્ઞાન:**

मा कुरू घनजनयौवनगर्वं, **हरति निमेषातकालः सर्वमायामयमिदमखिलं हितवा ब्रह्मपदं तवं प्रविश विदितवा।।**

અથાર્ત ધન, સ્વજન અને યૌવનનો ગર્વ તું ન કર એ બધા તો આંખના પલકારામાં હણાય જાય છે.આ સર્વજગતનેમાયા મય છે ,તું બ્રહ્મ પદને જાણીને તેમાં પ્રવેશ કર અને બ્રહ્મમયથા. અહીં સર્વ માયા મય જગતને અનિત્ય અને નાશવંત સમજીને એનો પરત્યાગ કરવાનો અને બ્રહ્મ તેમજ આત્માનેઅભેદ ભાવે પ્રાપ્ત કરવાનો ઉપદેશ આપતા કહ્યું છે, કે સેવા કરનારા મનુષ્યો કે સ્વજનો વૈવિધ્યભર સંપત્તિ અને આકર્ષક જણાતુંયૌવન આ બધું જ વીજળીના ઝબકારા જેવું ક્ષણ ભંગુર છે. માટે સ્વજનો કે સેવકનો,દ્રવ્યનો અને યુવાવસ્થાનો સમજુ વ્યક્તિએ ગર્વ કરવો નહીં. અનિત્ય અને નાશવંત એવું આ બધું ક્યાં સુધી મનુષ્યને સાથ આપી શકે તેમ છે.જેઆપણું થઈને રહેવાનું જ નથી તેનો ગર્વ કેવો?સૌથી બળવાન તો સમય જ છે. સમર્થ કાળઆવતા જ આ બધાનો આંખના પલકારા જેટલા અલ્પ સમયમાં નાશ થાય છે.આ દ્રશ્ય જગત માયારૂપ છે અને તેથી જ તો તે મિથ્યા છે. માટે તેમાં રહેલી આશક્તિને ત્યજીનેપરમ તત્વમાં પ્રવેશ કરવાનો

છે.મનુષ્ય આ રીતે અન્ય પ્રાણીઓથી ભિન્ન અને શ્રેષ્ઠ છે માત્ર આહારવિહાર ભય ઉપભોગમાં જ અન્ય જીવોની જેમ આયુષ્ય પૂરું કરવાનું નથી.આત્માનું મુખ્ય ધ્યેય તો પરમાત્મામાંથી અલગ થઈને દેહમાં પ્રવેશ્યો છે ત્યાંથી મુક્ત થઈને ફરી બ્રહ્મમય બનવાનું છે.આ બ્રહ્મ ભાવ પ્રાપ્ત કરીને મુક્તિ મેળવવાની છે' ब्रह्म पदं प्राविशाशु विदितवा ' અર્થાત્બ્રહ્મ સ્વરૂપ જાણીને તેમાંશીઘ્પ્રવેશકર. પ્રશ્નો ઉપનિષદમાં ઋષિ પીપલાદ કહે છે, બ્રહ્મચર્ય તથા શ્રદ્ધા જેવા ગુણોથી સંપન્ન શ્રેષ્ઠ મનુષ્ય બ્રહ્મ પદની પ્રાપ્તિ કરી શકે છે. તૈતરીયઉપનિષદમાં ઋષિવરુણપોતાના પુત્ર ભૃગુ ને ઉપદેશ આપતા કહે છે, अननं ननिन्धयात,अननं न परिचक्षीतઅર્થાત્અન્નઆદિ સમગ્ર ખાવાના પદાર્થોની નિંદા અને ત્યાગ ન કરવો. મનુષ્યની શારીરિક પુષ્ટતાનો આધારઆ ભોગ્યપદાર્થો છે.આજના વર્તમાન સમયે મોટા મોટા સમારંભો,લગ્ન પ્રસંગો અને પાર્ટીઓમાં વર્તમાન પેઢી દ્વારા અન્નનો જે નિરાદર થાય છે તે યોગ્ય નથી. मातृ देवो भव पितृ देवो भव,आचार्य देवो भव ।।ઉપનિષદનું આ વાક્ય માતા-પિતા ગુરુ અને અતિથિને દેવતુલ્ય માને છે.ઉપનિષદમાં વર્ણવાયેલઆ શ્રેષ્ઠ મૂલ્યોનુંજો મનુષ્ય આચરણ કરે તો પરિવાર અને સમાજનું વાતાવરણ શ્રેષ્ઠ બનાવી શકાય છે. सत्यम वद धर्मम चरस्वाध्यायत न **प्रमदितव्यम** | આ સૂત્ર દ્વારાજીવનમાંસત્યનું પાલન,ધર્મનું આચરણ અને સ્વાધ્યાયમાં મનુષ્ય ક્યારેય પણ આળસ ન કરવી જોઈએએવો વેદ ઋષિ મનુષયને ઉપદેશ આપે છે. આ માટે દરેક મનુષ્યે આત્મનિરીક્ષણ કરતા રહેવું જોઈએ. આત્મનિરીક્ષણનો ત્યાગ ક્યારેય પણ ન કરવો જો દરેક વ્યક્તિ હંમેશા આત્મનિરીક્ષણ કરતો રહે તો આ પૃથ્વી પર સર્વત્ર શાંતિનું વાતાવરણ બની રહે અને મનુષ્ય યશસ્વી બને.આ માટે દરરોજ રાત્રે પથારીમાં જતા પહેલા મનુષ્ય આજે પોતે કયા કયા કાર્યો કર્યા તે યાદ કરવા અને ક્યાંક પોતાનાથી કાંઈ ખોટું તો નથી થયું ને તેનું નિરીક્ષણ કરવું જોઈએ.બૃહદારણ્યકઉપનિષદમાં પ્રજાપતિ દ્વારા દમન અર્થાત્આત્મનિયંત્રણ, દાનની ભવના તથા દયા અને કરુણાની ભાવના ને ચિરંતન મૂલ્ય સ્વરૂપેસ્વીકારયાછે.આજકાલ વ્યક્તિની પ્રતિષ્ઠા તેનીધન દોલતથીમાપવામાં આવે છે.અહીં ઉપનિષદના ઋષિઓનું કહેવું છે: કે વ્યક્તિનું મૂલ્યાંકન તેના જીવન મૂલ્યથી કરવું જોઈએનહીં કે ધન દોલત થી.આ જીવન મૂલ્યો જ લોકકલ્યાણ અને વિશ્વ બંધુત્વની ભાવનાને ચરિતાર્થકરે છે.ઉપનિષદોમાં વર્ણિત આ સ્વર્ણિમ ચિંતન પાશ્ચાત્ય જગતના મોટા મોટા તત્વજ્ઞાનીવિદ્વાનોને પ્રભાવિત કરે છે.દાર્શનિક ટ્રેનનાશબ્દોમાં ઉપનિષદોનુંગૂઢજ્ઞાન એકાત્મકતાનો સંદેશ આપે છે.મહાન દાર્શનિકશોપર હાવર કહે છે,મૃત્યુના ભયથી બચવા, મૃત્યુની પૂરી તૈયારી કરવા બ્રહ્મ જાણવા ઈચ્છુક જિજ્ઞાસુ વ્યક્તિઓ માટે ઉપનિષદ સિવાય અન્ય કોઈ માર્ગ નથી.ઉપનિષદોમાં વર્ણિત આ સ્વર્ણિમ મૂલ્યોનો હું હંમેશાઋણી રહીશ. સ્વામી વિવેકાનંદ કહે છે-જ્યારે જ્યારે હું ઉપનિષદ વાચુંછુંત્યારે મારી આંખોમાંથી અશ્રુવહેવા લાગે છે.આ ઉપનિષદો એક શક્તિ છે જેનું ચિંતન જીવનમાં તેજસ્વીતાનો સંચાર કરે છે.એટલે જ તો કહ્યું છેઃઉઠો જાગો અને આ ચિંતન- મનનથી પોતાના બંધનો કાપી નાખો. શારીરિક સ્વાધીનતા માનસિક સ્વાધીનતા અને આત્મિક સ્વાવલંબન એ ઉપનિષદોનો મૂળ મંત્ર છે. ઉપનિષદોના આજીવન મૂલ્યથી જશાશ્વતશાંતિ અને આનંદની પ્રાપ્તિ થઈ શકે છે.

वसुधैव कुटुंबकम्:

વસુદેવ કુટુંબ ની ભાવના ચરિતાર્થ કરતાવૈદિક ઋષિઓએ કહ્યું છે :अयम निजः परो वेति लधु चेतसाम,उदारचरितानां तु वसुधैव कुटुमबकम | અર્થાત આ મારું છે,આ તારું છે એવા વિચાર સંકુચિત વિચાર ધરાવતા લોકોના હોય છે એનાથી ઉલટુંઉદારવિચારવાળા વ્યક્તિ માટે આ સમગ્ર પૃથ્વી/ધરા એક પરિવાર સમાન હોય છે અને એ આ સમગ્ર ધરા ઉપર વસવાટ કરતા લોકોને એક પરિવાર સમાન સમજીને જીવન વ્યતિત કરે છે.

ઉપસંહાર:

સાંપ્રત સમયે વ્યક્તિ પાસે ભૌતિક સુખ સંપતિ અને અનેક પ્રકારના ભોગો છે, આમ છતાં મનુષ્ય જે શૂન્યતાનો અનુભવ કરે છે તેનાથી જો તે મુક્ત થવા ઈચ્છે છે તો એના માટે વૈદિક સાહિત્યમાં વર્ણવેલા આજીવન મૂલ્યોને નિષ્ઠા

સાથે અપનાવવા અન્યથા મનુષ્ય પાસે બીજો કોઈ વિકલ્પ નથી. આજની આ વર્તમાન યુવા પેઢી જ્યાં સુધી વિજ્ઞાનના આકર્ષક ભ્રમજાળ અને પશ્ચિમી સભ્યતાથી સ્વયં ને મુક્ત ન કરી શકે તો તેના માટે શાંતિ મૃગતૃષ્ણાજ બની રહે છે. આ સત્યને સમજાવતા અમૃત બિંદોપનિષદમાં કહ્યું છેઃ मन्येव मनुष्याणाम् कारणम् बन्ध मोक्षयोः बन्धाय विषयासक्तम् मुक्तैय निर्विषयम् स्मृतम् | मनस्स शान्तिरेवश्यात् मानवानाम् विशेषतः । शिवम् चैव शुभम् भूयात लौकिके पारलौकिके ।। અર્થાત્ મન એજ મનુષ્યના બંધન અને મોક્ષ નું કારણ છે .માં બંધાયેલો રહે છે વિષયોથી આશક્ત મનુષ્ય મોહ માયા . જયારે વિષયોમાંથી વિરક્ત મનુષ્ય મોક્ષને પ્રાપ્ત કરે છેજે આ લોક અને પરલોક .મનુષ્ય માટે મનની શાંતિ જરૂરી છે . .માટે શુભ અને કલ્યાણકારી છે

अस्तु

**સંદર્ભ:**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટઅમદાવાદ ,

મોહમુદ્ ગારસ્ત્રોત્ર,ડૉ.પુનિતા નાગરજી દેસાઈ(1966 ),પ્રકાશકઅશ્વિનકુમાર બી.શાહ,અમદાવાદ.

https://gu.m.wikipedia.org

# હિન્દુધર્મ, જૈનધર્મ, ઈસ્લામ, બૌદ્ધ, શીખ ધર્મ અને ખ્રિસ્તીધર્મના માનવીય મૂલ્યો.

ડૉ. ભાવિનાબેન આર. દેસાઈ
*પી.એચ.ડી. માર્ગદર્શક*
*શિક્ષણભારતીકોલેજ ઓફ એજ્યુકેશન, વેસુ ભગવાન મહાવીર યુનિવર્સિટી, સુરત*

*સારાંશ:-*

***આપણે સૌ એક પરિવાર છીએ. મનુષ્ય આ વૈશ્વિક ભાવથી દીક્ષિત થાય તો તેને પારકાના ભલામાં પોતાનું શ્રેય જણાશે. તેનો અહમનો કોશેટો તૂટી જશે. ધર્મ (ધૃ) નો અર્થ ધારણ કરવું એવો થાય છે તે બધાને ટકાવે છે, એક કરેછે અધોગતિ થવા દેતો નથી.***

**માનવીય મુલ્યો.**

આ મારું, આ તારું છે, આ પારકા છે. અને આ પોતાના છે' એ તો સંકુચિત દ્રષ્ટિએ જણાય છે. પણ વિશાળ દ્રષ્ટિ એ જોઈએ તો સમગ્ર વિશ્વ એક કુટુંબ જ છે એ વેદ વાક્ય વૈશ્વીકરણના આ યુગમાં વધુ સાર્થક થતું જણાય છે. અત્યારના આ યુગમાં વિશાળ દ્રષ્ટિ ખીલવવાની ઘણી આવશ્યકતા છે જેથી વિવિધતાભર્યા આ વિશ્વ સમુદાયમાં આપણે ખુલ્લા દિલે હળી-મળી શકીએ અને એકબીજાની સંસ્કૃતિમાં રહેલા ઉત્તમ ગુણોનું અવલોકન કરી વિશ્વબધુત્વ, ભાઈચારની ભાવના કેળવી શકીએ માનવ સંસ્કૃતિના વિકાસક્રમમાં અવારનવાર મહાપુરુષો જન્મ છે. અને સમય-સંજોગો અનુસાર જે તે કાળ અને પરીસ્થિતિ હિસાબે- ધર્માચરણ શીખવી માર્ગદર્શન આપે છે, જેથી જુદા-જુદા ધર્મોના વિવિધતા જણાય છે.

આપણે સૌ એક પરિવાર છીએ. મનુષ્ય આ વૈશ્વિક ભાવથી દીક્ષિત થાય તો તેને પારકાના ભલામાં પોતાનું શ્રેય જણાશે. તેનો અહમનો કોશેટોતૂટી જશે. ધર્મ (ધૃ) નો અર્થ ધારણ કરવું એવો થાય છે તે બધાને ટકાવે છે, એક કરેછે અધોગતિ થવા દેતો નથી.

एकी सद विप्रा वहुधा वदन्ति|એક સત્યને વિજ્ઞાનો વિવિધ રીતે વ્યક્ત કરે છે.

ધર્મ એટલે કોઇપણ જીવને
કોઈપણ પ્રકારે સુખ આપવું તે.
અને કોઈપણ જીવને કોઈપણ પ્રકારે, દુઃખ આપવું ને અધર્મ.

-દાદાભગવન

વિશ્વના દરેક દેશોની પ્રજા કોઈક ને કોઈક ધર્મના આસ્થા રાખે છે એ દરેક પ્રજા માટે પોતાના ધર્મની વ્યાખ્યા અને સમજ અલગ-અલગ હોવાથી ભારત એક બિનસાંપ્રદયિક રાષ્ટ્ર છે. જાતી, ધર્મ, સંપ્રદાય, ભાષા, પરંપરા, વાતાવરણ વગેરે દ્રષ્ટિએ ભારતદેશમાં વૈવિધ્યતા છે.તેમ છતાં વિવિધતા એકતાનો દેશગણવામાં આવે છે. ભારતદેશને -૨૦ સંમેલન માટેનું પદ સોપવામાં આવ્યું.એની ત્રીજા પણ 'વાસુધેવ કુટુંમ્બકમ, ONE EARTH ONE FAMILY, ONE FYTYRE રાખવામાં આવી હતી.ધર્મ એ સમાજના ધારકચાલક અને કારક છે. ભારતદેશમાં હિંદુ, મુસ્લિમ,બૌદ્ધ, ખ્રિસ્તી, જૈન, શીખ, પારસી, યહૂદી, વગેરે ધર્મો પાડવામાં આવે છે આ બધા- ધર્મોના અનુયાપીઓના મતે ધર્મનું સ્વરૂપ અલગ-અલગ છે. સમાજને સમાજ બનાવવામાં, ખરેખર તો પ્રાચીન કાળથી જ સમાજની રચના કરવામાં ધર્મનો ફાળો રહ્યો છે.

ધર્મની વ્યાખ્યા આપવી ખુબ મુશ્કેલ છે. ધર્મનો ખ્યાલ સમયે–સમયે બદલાનો રહે છે. સમયે-સમયે જે તે સામાજિક ધોરણોને અનુસરીને વિવિધ ધાર્મિક રૂઢીઓ, વિચારો અને રિવાજોમાં પરિવર્તન આવતું રહે છે.

ધર્મ શબ્દની વ્યુત્પત્તિ સંસ્કૃતના ધૃ ધાતુમાંથી થઈ છે. ધૃ' એટલે ધારણ કરવું કે ધારણ કરનારના સંદર્ભમાં

વિચારી શકાય ધર્મ માટે અંગ્રેજી શબ્દ RELIGION જે ધાતુ ઉપરથી નીકળ્યો છે. તેનો અર્થ બાંધવું થાય. પંથ, સંઘ, ગરછ, ફિરકા, સંપ્રાદાય ભિન્ન હોવા છતાં સર્વને એક સૂત્રે બાંધે તે ધર્મ- વેદ, તોરાહ, ઝન્દ અવસ્તા, ત્રિપિટક, બાઈબલ, કુરાન બધા સત્યના એક તાંતણે બંધાઈ જવા જોઈએ.

'મનુસ્મૃતિ' માં કહેવાયું છે કે (**आधार परमो धर्म।**) (આચરણ પરમ ધર્મ છે.)

મહાભારત માં પણ ધર્મ વિશે કહેવાયું છે કે नास्ति सयंम सम तप:।

नास्ति धर्ममा सम धक्षे:।

દરેક ધર્મની અલગ- અલગ સમજ છે થતા છે.

હિન્દુ સંપ્રદાય ધર્મના આ રીતે સમજાવે છે કે માનવીએ જ કેટલીક બાબતો સ્વીકારી ધારણ કે આત્મસાત રીતે ધર્મ, મુસ્લિમ સંપ્રદાય ધર્મને રોજા, હજ, નમાજ કે ભાઈચારો ધર્મ ગણે છે.

ખ્રિસ્તી સંપ્રદાયનાં મને પ્રેમ, દયા, અને માનવો વચ્ચેના સંબધોને ધર્મ કહે છે બીજીરીતે કહીએ તો જે ક્યાંથી સમાજનું બંધારણ તાકીએ છે એકમનું નામ છે- ધર્મ

ધર્મ એટલે ફરજ, કર્તવ્ય કે સર્વસ્વીકૃતમત.

મનુષ્યની ભગવાનમાં આસ્થાનું પ્રતિક એટલે ધર્મ. મનુષ્યને પશુમાંથી માનવ બનાવે તે ધર્મ મનુષ્યને ઈશ્વરસાથે જોડી રાખતી કડી એટલે ધર્મ આમ ધર્મ શબ બહુજ વ્યાપક છે.

**વિવિધ ધર્મો અને માનવીય મુલ્યો:-**

❖ **વિવિધ ધર્મો અને માનવ ઉન્નતિમાં ફાળો:-**

હિન્દુ ધર્મ:- સંસારના બધા જ ધંધામાં હિન્દુધર્મ સૌથી પુરાણો ધર્મ છે.જેના મૂળ ઋણવેદમાં જોવા મળે છે.હિંદુધર્મનું સરિતત્વ પ્રસ્થાનત્રથીમાં આવી જાય છે પ્રસ્થાનત્રયી એટલે બહ્મસૂત્ર, ઉપનિપદે અને શ્રીમદ ભગવદ્ ગીતા. હિન્દુધર્મમાં નિ:ગુણ અને નિરાકારની ઉપાસના કરવાનું કહ્યું છે. તો સગુણ અને સાકારની પણ ઉપાસના કરવાનું કહેવામાં આવ્યું છે.

- હિન્દુધર્મમાં કર્મના સિધ્ધાંત ઉપર ખાસ ભાર મુકવામાં આવ્યો છે જેવું કર્મ તેવું ફળ આ સિધ્ધાંતમાં હિંદુ ધર્મ માને છે.
- હિંદુ ધર્મના પ્રખ્યાત ધર્મગ્રથોમાં રામાયણ મહાભારત યોગવિષ્ઠઅને દર્શનશાસ્ત્રનો પણ સમાવેશથાય છે.
- વાલ્મિકીએ રામાયણની રચના કરી હતી. રામાયણ ભારતના ઘરેઘરમાં વારંવારવંચાતું- મહાકાવ્યચગે તેના મુખ્યબોધનીચે મુજબ છે, જે હિંદુધર્મ સ્વીકાર્ય અપનાવ્યા છે.

(૧) ક્રોધ પાપનું મૂળ છે → મનુષ્ય એ ક્રોધ ન કરવો જોઈએ.

(૨) ક્ષમા બધા માટે ભૂષણ સમાન છે → કોઈ ભૂલ કરે તો તેને ક્ષમા આપવી જોઈએ.

(૩) નિરપરાધીની હિંસા કરવી નહિ .હિંસા ન કરવી , અહિસક બનવું.

(૪) સત્ય સૌથી શ્રેષ્ઠ છે ઈશ્વર છે → હમેશા સત્ય બોલવું જોઈએ.

(૫) દરેક મનુષ્ય પ્રત્યે પોતાના જેવા જ ભાવ રાખવા અને દરેક-પ્રાણી પ્રત્યે કરુણા રાખવી એવું શીખવે છે.

(૬) વેદ વ્યાસે મહાભારતની રચના કરી હતી.એના દ્વારા આપણને એ સમજાવે છે કે ધર્મના માર્ગ ઉપર ચાલવાથી જ જીવનમાં વિજય પ્રાપ્ત થાય છે. ધર્મનો માર્ગ કયો છે તો તેમણે કહ્યું કે અહિંસા,સત્ય, અક્રોધ, તપસ્યા, દાન, મન અને ઈન્દ્રિયોનો સંયમ, શુધ્ધ બુદ્ધિ, કોઈનો દોષ- ન જોવો અને ઉત્તમશીલ સ્વભાવ જ ધર્મ છે.

૭) હિંદુ ધર્મ દરેક, પ્રત્યે સહિષ્ણુતા અને અન્ય તમામ ધાર્મિક- વિચારધારાઓ પ્રત્યે સમભાવ રાખવાનો ઉપદેશ આપે છે તે 'सर्वधर्म समवाद'માં માને છે.

૮) હિન્દુ ધર્મ આત્મા અને પરમાત્માનાએકાત્મતાના સિધ્ધાંત માં માને છે.

9) **હિન્દુ ધર્મ** મનુષ્યને ઈશ્વરની અલગ નથી માનતો પણ તેને ઈશ્વર નો જ એક અંશ ગણે છે. અને આધર્મ 'આત્મસાકારત્મક દ્વારા ઈશ્વરની પ્રાપ્તિ ના માર્ગનું શિક્ષણ આપે છે. અને તેનું ધર્મ પૂરતા 'શ્રીમંદ ભગવતગીતા'છે.

આમ, હિન્દુધર્મ મનુષ્યને મુશ્કેલી વખતે ધીરજ, અપરાધીને ક્ષમા આપવી , ચોરી ન કરવીઈઈન્દ્રિયો ને કાબુમાં રાખવી, સત્યનું પાલન કરવું ક્રોધ ન કરવો અને સર્વધર્મ, પ્રત્યે સમભાવ રાખવાનું શિક્ષણ આપે છે. હિન્દુધર્મના ઉત્સવો, તહેવારો ઉજવણી દ્વારા પણ માનવીય મુલ્યો જેવા કે સત્ય અહિંસા, પ્રેમ, સદાચાર, મહિષ્ણતા, બધુત્વ નિષ્ઠા, સર્જન, પરિવર્તન, શિસ્ત, પ્રામાણિકતા, સહાનુભૂતિ જેવા ગુનો કેળવવાનું શીખવી જાય છે.

❖ **જૈનધર્મ:-**

**જૈન ધર્મ** ખુબ પ્રાચીન સમયથી ચાલ્યો આવે છે જૈન ધર્મનું વર્તમાન- સ્વરૂપ મહાવીર સ્વામી એ પ્રબોધેલું છે. જે 'જૈન' ના અનુયાપી છે. તેઓને જૈન તરીકે ઓળખવામાં આવે છે, જિન એટલેજીતવાવાળો જેણે પોતાના મનને પોતાની વાણીને પોતાની કાયાને જીતી લીધી છે એ જિન જૈન ધર્મના સિદ્ધાતો અને આદર્શો વૈજ્ઞાનિક પાયાપર રચાયેલા છે અને રાષ્ટ્રીય એકતાની ભાવનાને ખરા અર્થમાં પોષે છે.

➢ જૈન ધર્મનાથી પ્રસ્થાપિતથતામાનવીય મુલ્યો:-

- જૈન ધર્મમાં વ્યકિતએ પ્રાણીએ પ્રત્યેઅ હિંસા નોભાવરાખવો જોઈએ અને તેમના પ્રત્યે કાળજી રાખવી જોઈએ એવું સૂચવે છે.
- દરેક વ્યક્તિતેમજ પ્રાણીઓ પ્રત્યેએ કસમાનઅને નિષ્કાર વર્તન સરખું તથા કોઈ પણજીવની હિંસા ન કરવી.
- કોઈને પણબીજાનું જીવન લેવાનો અધિકાર નથી.
- જૈન ધર્મના કહેવાયું છેકે હુંસર્વજીવોનેખમાવું છું, સર્વજીવો મને ક્ષમા આપો, હું સર્વ જીવ સત્થે મૈત્રી ઉચ્ચારું છ્હુ મારેકોઈ સાથે વેર નથી.
- મોટી વ્યકિતઓ પ્રત્યેઆ દરથીવર્તવું, દીનઅનેદુ: ખી લોકો પ્રત્યેક રુણાની ભાવના રાખવી અનેબને ત્યાંસુધી તેમનેસુખ-પહોચાડવાનો પ્રયત્ન કરવો.

આમ, **જૈન ધર્મ** માને છે કે કર્મ બંધ નથી છુટકારો પામવા માટે એક જ ઉપાય છે, રાગદ્વેષ છોડો- વિતરાગ બનો. જૈન ધર્મના પાંચ વ્રતોનું પાલન કરો, જેમ કે, સત્ય, અહિંસા, અસ્તેય, બ્રહ્ચાર્ય અપરિગ્રહ,

એ મનુષ્ય કરુણા સત્યનુંપાલન ભાતૃભાવ, સંપતિની સમાન- વહેચણી શિષ્ટાચાર ના ઉપદેશો આપે છે. જેથી માનવની સારી ઉન્નતી થાય છે.

**જૈન ધર્મના મુખ્ય સિદ્ધાંતો-**

૧. જગત અનાદિઅનંત છે.

૨. આત્મા અજર, અમર છે.

3. આત્મા અનંત છે,

૪. આત્મા જ પરમાત્મા છે.

૫. આત્મા ચૈતન્ય છે

૬. કર્મ જડ છે

૭. આત્માની અશુદ્ધ સ્થિતિએ સંચાર

૮. આત્માની સંપૂર્ણ શુદ્ધઅવસ્થાએ મોક્ષ

૯. આત્માની શુભ પ્રવૃત્તિ એ પુણ્ય

૧૦. વિશુદ્ધ વીતરાગ ભાવ એ શ્રેષ્ઠ ધર્મ છે.

૧૧. ધર્મ- સાધના માં જાતી- ગોત્ર નો કોઈ ભેદ નથી.

૧૨. આત્માની અશુભ પ્રવૃતિએ પાપ

૧૩. અહીંસાજ ઉત્કુષ્ટ માનવધર્મ છે.

૧૪. સ્પાવાદ જૈન દર્શનનો મુખ્ય આધાર

તેના સ્યાદવાદ, અનેકાંત, અહિંસા અને કર્મ સિધ્ધાંત પર છે.

❖ ઈસ્લામધર્મ :-

ઈસ્લામ શબ્દ જે મૂળ ધાતુમાંથી લ્યો છે નેનો અર્થ થાય છે, 'શાંતિ' એટલે કે અમન.' ઈસ્લામ ધર્મમાં માનવાવાળાઓને મુસ્લિમ તરીકે ઓળખવામાં આવે છે તેઓ જ્યારે એકબીજાને મળે છે ત્યારે બોલે છે. 'અસ્સલામો આલુકેમ' જેનો અર્થ થાય છે – આપને શાંતિ મળે 'કુરાને શબ્દ' કેરોથી બન્યો છે, તેનો અર્થ છે જાહેર કરવું કે વાંચવું કુરાનની આયાતો વેદોની ત્રક્ચાની જેમ છે.

- **ઈસ્લામધર્મમાંથી નિષ્પન થતા માનવીય મુલ્યો:-**
  - ઈસ્લામ ધર્મએ કેશ્વરમાંમાને છે.
  - કુરાનમાં અનેક કલમો સરળ ભાષામાં લખાયેલી છે. તેમાં આ કલમો મહત્વની છે.
  - અલાહ એક છે અને મહંમદ તેના પયંગબર છે.હજરતમહંમદપયંગબર સાહિલ નું આખું જીવન તેના ઉપદેશોની પ્રતિકૃતિ આપે છે.
  - બધાજ લોકો સાથે ભાઈચારાની ભાવના રાખી તે પ્રમાણેનો સરખો વ્યવહાર કરવો જોઈએ, કારણકે અલ્લાહની નજરમાં બધા જ સરખા છે.
  - ઈ
  - ઈસ્લામ ધર્મમાં ગરીબોની દાન આપવાનું, અનાથો અને વિવિધતાઓને મદદ કરવાનું કહેવામાં આવ્યું છે.
  - ઈસ્લામ ધર્મમાં શીખવે છે કે સદાચાર, ભાઈચારો, સાચું બોલવું, કોઈની નિંદાન કરવી, ઈમાનદારી પૂર્વક જીવવું એવો ઉપદેશ ઈસ્લામ ધર્મ આપે છે.
  - શરાબ ન પીવો, બેઈમાની ના કરવી, વ્યાજન લેક કોઈનો માલ હડપન કરવો, બધા સાથે સત્ય-પ્રેમ કરુણાપૂર્વક વ્યવહાર કરવો જોઈએ.
  - વિશ્વમાં તમામ ધર્મોમાં સૌથી છેલ્લે અસ્તિત્વમાં આવેલ ધર્મતે મુસ્લિમ જગતમાંઘણાસાચાધર્મોછે, અને ઈસ્લામ તેમનો એક છે.

  -કુરાન

  હજરત મહમંદ પયંગબર જણાવ્યું છે કે અન્ય ધર્મના નાગરિકોની ધાર્મિક ક્રિયાઓ માં કોઈપણ અડચણ ઉભી નહિ કરાય અને તેમના ધાર્મિક હક્કો સલામ રહેછે. આમ ઈસ્લામ ધર્મ ત્યાગ, સેવા, પ્રેમ, તપસ્યા, ભાઈચારો, મહોબ્બત, શિસ્ત, સયંમ, પવિત્રતા, શાંતિ, રહેમ,(દયા) ખિદમત નો સંદેશો ચારેબાજુ ફેલાવ્યો જેનાથી માનવઉજાતિ સદગતિ થાય છે,

❖ બુદ્ધ ધર્મ:-

બૌદ્ધધર્મની સ્થાપના ભગવાન બુદ્ધે કરી હતી જગતના સર્વ- બૌદ્ધધર્મીઓ માટે આમ વૈશાખી પૂર્ણિમાનો દિવસ

ખુબ અગત્યનો અને પવિત્ર છે.

બિલકુલ પાપ ન કરવું કુશલધર્મઅર્થાતપુણ્યોનોસારાંશકરવીઅનેઆપણું ચિત પરિશુદ્ધ રાખવું એ બૌદ્ધોની શિક્ષા છે

- બૌદ્ધ ધર્મ મૂળભૂત રીતે નિરીસ્વરવાદી છે.

ગૌતમ બુધ્ધે અહિંસા, સમાનતા, પ્રેમ, કરુણા, મુક્તિ, અને ભાવુભાવનો સંદેશ આપ્યો.

❖ બૌદ્ધ ધર્મના ઉપદેશના મૂળભૂત તત્વો નીચે મુજબના છે.

➢ બૌદ્ધધર્મ માંથી નિષ્પન્ન થતા માનવીય મુલ્યો:-

૧) સત્ય બોલવું

૨) અહિંસાનું પાલન કરવું

૩) પ્રાણી પ્રત્યેનો પ્રેમ

૪) વેરને બદલે નિવેર

૫) ક્ષમા આપવી

- ભગવાન બુદ્ધ ના અહિંસા ના માર્ગે ચાલી મનુષ્ય કલેશ અને વિ: સંવાદો ટાળી શકે છે.
- બૌદ્ધધર્મ સાંપ્રત સમયમાં વિશ્વમાં એકતા, સુખ અને શાંતિ સ્થાપીં શકાય તેવા ઉપદેશો આપે છે.
- ક્રોધને પ્રેમથી જીતો, ક્રોધ નો દોષ ન જુઓ બ્રહ્મચર્યનું પાલન કરો, દાન કરો એવો ઉપદેશ બૌદ્ધ ધર્મ આપે છે.
- ગૌતમ બુદ્ધના ઉપદેશ આપણને વિશ્વશાંતિ સ્થાપવામાં અને વૈશ્વિક એકતાનું નિર્વાણ કરવામાં ઉપયોગી છે,
- સંઘની રચના દ્વારા ગૌતમ બુદ્ધ લોકશાહીના આદર્શોને ઉત્કૃમનમૂનોશીખવીગયાછેમાનવને સત્ય, અહિંસા પ્રેમ કરૂણા સેવા અને ત્યાગથી ભરપુર જીવન જીવવું એવો સંદેશો આપી વિશ્વના કરોડો માનવીને પોતાના જીવન દ્વારા ધર્મનો માર્ગ સીધીને માનવ જીવનને ઉજાત બનાવવાનું શીખવી ગયા છે.

❖ **શીખ ધર્મ :-**

'સિક્ખ' (શીખ) સંસ્કૃત 'શિષ્ય' ઉપરથી આવેલો છે. શીખધર્મ પણ ભારતમાં તમામ ધર્મોમાં સૌથી છેલ્લે અસ્તિત્વમાં આવેલો છે તેની સ્થાપના ગુરુ નાનક થાકી ઈશ્વરના સીધા સંકેત મળવાથી ૧૬માં સકાની શરૂઆતમાં થયેલી.

શીખ ધર્મ હિન્દુ અને મુસ્લિમ ધર્મના સમવય રૂપે અસ્તિત્વમાં આવ્યો છે

ગુરૂનાનકે એમના જીવનની સત્યના નીચેની પંક્તિ દ્વારા રજુ કરી છે.

'રામકી ચિડીયા, ચમકા ખેત |

ખાલે ચિડિયા, ભરભર પેટ.

ગુરુગ્રંથ સહેલ કહે ગુરુવાણી પ્રમાણે ચાલવાથી મનુષ્યનું કરવામાં થશે,

❖ **શીખ ધર્મ માંથી પ્રસ્થાપિત થતા માનવીય મુલ્યો:-**

- માનવે નાવજાતના ભેદભાવ વગર ઈશ્વરની ભક્તિ કરવી,
- મૂર્તિપુજા કરવી નહિ.
- દરેક વ્યકિત એક સમાન છે.
- માનવતા અને બંધુત્વનો સ્વીકાર કરવો.

- શીખ ધર્મ ભારતની પ્રજાને શૌર્ય, શાસ્કાં અને સાહસના પાઠ શીખવે છે. ભગવાનની કથા અને કીર્તન, નામ, જાય, વેદપાઠ અને ગ્રંથપાઠ આ બધાનું એક જ વાક્ય છે કે હૃદય શુદ્ધ થાય મનનોર્મલ દુર થાય છે.
- એકેશ્વરવાદ, સમાનતા, બધુત્વનો ઉપદેશ આપે છે. ભારતની રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને સલામતી માટે આ ધર્મ એ શરૂઆતથી જ બલિદાનો આપ્યા છે. જેથી આ ધર્મ માનવીને ત્યાગ, બલિદાનની ભાવના શીખવી જાય છે. શીખોનું ધર્મ પુસ્તક 'જપુજી' તે નાનકદેવની રચના છે.

❖ **ખ્રિસ્તી ધર્મ:- બાઈબલ એ ખ્રિસ્તીદ્જ્હ્ર્મનો મુખ્ય ગ્રંથ છે ,**

જેમાં ગિરીપ્રવચનો (SERMONS ON THE MOUNT)ઘણા પ્રસિદ્ધ છે. સૌ માટે ઉપયોગી સુંદર જીવન મુલ્યો નિર્દેશ કરે છે ખ્રિસ્તી ધર્મ માને છે કે, પરમેશ્વર છે અને તેઓ એક માત્ર છે તેઓ સમગ્ર જગતના પિતા છે. તેઓ સર્વજ્ઞ છે, સર્વ શક્તિમાન છે પરમ થાયી અને પરમ કરુણામય છે ખ્રિસ્તીધર્મની સ્થાપના યહૂદી-ધર્મના અનુસંધાનમાં ભગવાન ઈસુ ખ્રિસ્તી દ્વારા થઈ છે.

❖ **ખ્રિસ્તીધર્મ માંથી પ્રસ્થાપિત થતા માનવીય મુલ્યો:-**

→ પ્રેમ, સેવા એજ બંધુત્વનો સંદેશ,

→ જનસેવા એજ, પ્રભુસેવા અને તાસ પડોશીને એટલોજ પ્રેમ કર જેટલો તું તારી જાતને કરે છે જેવો ઉપદેશ

→ મનુષ્ય દ્વારા અન્ય મનુષ્યનો હિંસાનો વિરોધ કર્યો હતો.

→ ઈશ્વરમાં પિતા, પુત્ર, પવિત્ર આત્માની ત્રિપુટીનો સંગમ.

→ ખ્રિસ્તીધર્મ માનવ ઉજિત માટે જણાવે છે કે-

→ એકબીજા પ્રત્યે, પ્રેમ રાખો, શત્રુને પણ પ્રેમ કરો,

→ અપરાધીને ક્ષમા કરો

સિદ્ધાતોનો ઉપદેશ આપે છે વિશ્વમાં માનવનો વયોચિત વિકાસ કરવામાં આ ધર્મની વિસ્તૃતતા ખુબ છે.

આમ વિશ્વમાં ધર્મોની ભારત એક એવો દેશ છે જેમાં સૌથી વધુ ધર્મો પાડવામાં આવે છે દરેક ધર્મો પાછળનું રહસ્ય અલગ-અલગ છે. દરેક ધર્મનો અંતિમ આશય માનવનો વિકાસ કરવાનો છે માનવીય મૂલ્યોનું હિત દરેક ધર્મની પ્રથમ ફરજ છે.

આમ બધા જ ધર્મો એ માનવી મૂલ્યોની જાળવણી કરવી એના ઉપર ભાર મુક્યો છે સર્વધર્મ એજ સાચો ધર્મ છે, બધા જ ધર્મો પોતપોતાના દ્રષ્ટિબિંદુ એ કરીને સાચા છે, પણ સરખાનથી દરેક ધર્મો માનવ ભલાઈ તરફ લઈ જનારા છે વિશ્વના વિદ્યમાન પ્રમુખ ધર્મોનો એકજ સાર છે કે દયા, કરુણા ભાઈચારો, પ્રેમ સત્ય, નિષ્ઠા પવિત્રતા કોઈપણ ધર્મ ખરાબ બાબતો શીખવતો નથી. બદલાતા જતા સમય ના પ્રવાહમાં માનવની ઉદવગતિ વિકાસ, પ્રગતિ કરવા વિવિધ ધર્મનો અસાધારણ ફાળો છે. અંતે તો આપણે એટલું જરૂર કહીએ કે જગતના લોકોમાં સર્વ ધર્મ સમભાવની ભાવના કેળવાય ત્યારે સાચા અર્થમાં વિવિધ ધર્મો માનવીય મુલ્યો કેળવવામાં વિશ્વ ને એક પરિવાર ની ભાવનાથી જોઈ શકશે.

**સંદર્ભ સૂચી**

૧) દેસાઈ ભાવિના, નિહારિકા પટેલ, ડૉ અખિલેશ નાયક. વિકાસમાન ભારતીય સમાજમાં શિક્ષક પ્રમુખ પ્રકાશન, અમદાવાદ અદ્યતન આવૃત્તિ -૨૦૧૪

૨) પરમાર જી. એસ. શિક્ષણના સિધ્ધાંતો, ન્યુ પોપ્યુલર પ્રકાશનપ્રથમ આવૃત્તિ-૨૦૧૨-૨૦૧૩, સુરત